# सिद्धहेमचन्द्रशब्दानुशासनम्
## गुर्जरविवरणम्
अध्याय १/३

अर्हं

सिध्दि : स्याद्वादात्

औदन्ता : स्वरा :

अनवर्णा नामी

एक - द्वि - त्रिमात्रा ह्रस्व - दीर्ध - प्लुता :

समाना :

मुनि संयमप्रभविजय

0226 7e

17-03

।। श्रीमद्विजयरामचन्द्र-भद्रंकर-जिनप्रभसूरीश्वरेभ्यो नमो नमः।।

कलिकालसर्वज्ञ-आचार्यदेवश्रीमद्विजयहेमचन्द्राचार्यविरचितम्

बृहद्वृत्ति-बृहन्न्यास-लघुन्यास संवलितम्

# श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनम्

અધ્યાય-૧, પાદ-તૃતીય

બૃહદ્વૃત્તિ-બૃહન્ન્યાસ-લઘુન્યાસ

ગુર્જર વિવરણ

**:: વિવરણકર્તા ::**

માર્મિક પ્રવચનકાર પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી **યુગપ્રભવિજયજી** મ.સા.ના શિષ્ય

મુનિ **સંયમપ્રભવિજય**

**:: પ્રકાશક ::**

સ્યાદ્વાદ પ્રકાશન

**:: આર્થિક સહયોગ ::**

શ્રીમતી ચંદ્રાવતી બાલુભાઈ ખીમચંદ રીલીજીયસ ટ્રસ્ટ

મલાડ (રત્નપુરી)ની જ્ઞાનખાતાની ઉપજમાંથી

| | | |
|---|---|---|
| ગ્રંથ નામ | : | સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ (૧/૩ બૃહદ્વૃત્તિ-બૃહન્ન્યાસ-લઘુન્યાસ વિવરણ) |
| ગ્રંથકાર | : | કલિકાલસર્વજ્ઞ પ.પૂ. આ.ભ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા |
| બૃહદ્વૃત્તિ-બૃહન્ન્યાસકાર | : | કલિકાલસર્વજ્ઞ પ.પૂ. આ.ભ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા |
| લઘુન્યાસકાર | : | મનીષિ પ.પૂ. આચાર્યપ્રવર શ્રી કનકપ્રભસૂરીશ્વરજી મહારાજા |
| વિવરણકર્તા | : | મુનિ સંયમપ્રભવિજય |
| પૃષ્ઠ સંખ્યા | : | Vii + ૨૪૪ |
| વિષય | : | વ્યાકરણ |
| પ્રકાશક | : | સ્યાદ્વાદ પ્રકાશન |
| પ્રથમ સંસ્કરણ | : | વી.સં. ૨૫૩૮, વિ.સં. ૨૦૬૮, ઈ.સ. ૨૦૧૨ |
| પ્રતિ | : | ૧૦૦૦ |
| મૂલ્ય | : | ૧૨૫ રૂ. |
| સેટનું મૂલ્ય | : | ૫૦૦ રૂ. |
| © | : | Syādvāda Prakashan |


## નિમ્નોક્ત પ્રાપ્તિસ્થાનથી પુસ્તક સ્વયં મેળવવા

## :: પ્રાપ્તિસ્થાન ::

મુંબઈ

દીપકભાઈ એ. દોશી,
બીજા માળે, ફ્લેટ નં.૨,
383/A , ભાવેશ્વર વિહાર,
S.V.P. રોડ, મુંબઈ-4
મો. 98201 56851

જયંતિલાલ એન. વોરા (ટીનાભાઈ),
A-73, આશિયાના એપાર્ટમેન્ટ,
સોડાવાલા લેનના નાકે, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ-92
Ph. 22227174, 28910522,
મો. 93222 27174

સુરત : નરેશભાઈ શાંતિલાલ શાહ,
5-D/C-બિલ્ડીંગ, સિદ્ધચક્ર કોમ્પ્લેક્સ, સરગમ શોપિંગ સેન્ટર પાસે,
ઉમરા, સુરત. ફોન : 3058211, 3063764, મો. 93747 15811

અમદાવાદ : રશ્મિભાઈ બી. શાહ,
વસંતકુંજ સોસાયટી, 404, જય એપાર્ટમેન્ટ, સુખીપુરા બસ સ્ટેન્ડ સામે,
નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ, ફોન : 26642994, મો. 93762 75999


અક્ષરાંકન/મુદ્રક : આશુતોષ કમ્પ્યૂટર્સ, સૂરત (099092 83158) / તાલાળા (ગીર) (094283 77237)
જેતપુર (રાજકોટ) (099251 46223)


**સૂચન :-** પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી પ્રકાશિત થયેલ છે, તેથી ગૃહસ્થે પુસ્તકની માલિકી અથવા વપરાશ કરવો હોય તો જ્ઞાનખાતામાં યોગ્ય રકમ ભરપાઈ કરવી.

# ॥ ગ્રન્થ સમર્પણમ્ ॥



* જેમની મુખમુદ્રા વૈરાગ્ય, અંતર્મુખતા, એકાગ્રતા અને સાધકતાના દર્શન કરાવતી.
* જેઓ સોળ ભાવનાઓથી ભાવિત હૃદયવાળા, હિત-મિત-પથ્ય વચનને બોલનારા અને પ્રભાવશાળી વ્યક્તિત્વને ધરાવનારા હતા.
* જેઓ સદા શુભભાવોમાં મગ્ન રહેનારા અને કષાયની અતિમંદતાને પામેલા હતા.
* 'સૂરિ રામ' ના ૧૨૧ શિષ્યોમાં જેમનો સૌથી મોટો શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવાર જેઓના ગુણપ્રકર્ષ અને પુણ્યપ્રકર્ષે વર્તી રહ્યો છે.

એવા અધ્યાત્મયોગી પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી <u>ભદ્રંકર વિજયજી મહારાજા</u> ના કરકમલમાં આ ગ્રન્થનું સબહુમાન સમર્પણ.

# :: ઉપકાર સ્મૃતિ ::

* દીક્ષામાર્ગ જ્યારે સુના વગડા જેવો વેરાન બની ગયેલો, ત્યારે પોતાનો પ્રચંડ પુરૂષાર્થ ફોરવી તેને નંદનવન સમો બનાવનારા તથા 'દીક્ષા એ જ સાચા સુખનો માર્ગ છે' આવું લોકમાનસમાં બરાબર ઠસાવનારા ગીતાર્થશિરોમણી - સંઘસન્માર્ગદર્શક - સુવિશાલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.**

* નમસ્કાર મહામંત્ર જેમનો પ્રાણ હતો, જેઓનું અંતઃકરણ મૈત્ર્યાદિભાવોથી પાવન હતું, જેઓને ધ્યાન અને સમાધિ સહજ હતી એવા અધ્યાત્મયોગી પ.પૂ. **પંન્યાસપ્રવર શ્રીભદ્રંકરવિજયજી મહારાજા.**

* જેઓમાં પરોપકારવૃત્તિ પરાકાષ્ઠાએ હતી, ત્યાગ-વૈરાગ્ય અને ક્ષમા વિગેરે ગુણોથી જેઓ સમૃદ્ધ હતા, અમારા કુટુંબમાં પહેલવહેલી દીક્ષા લેવા દ્વારા જેઓએ અમારા માટે દીક્ષામાર્ગ ખૂલ્લો કર્યો એવા (સંસારીપક્ષે કાકા) પ.પૂ.આ.ભ. **શ્રીમદ્વિજય જિનપ્રભસૂરીશ્વરજી મહારાજા.**

* જેમનું જીવન જીવતું જાગતું ચારિત્ર હતું , સંસ્કારનો વારસો આપવા દ્વારા જેઓ અમને ચારિત્રમાર્ગ સુધી ખેંચી લાવ્યા એવા (સંસારીપક્ષે દાદા) પ.પૂ. **મુનિરાજશ્રી વારિષેણ વિજયજી મહારાજા.**

* જેમની છત્રછાયામાં અમે સુંદર આરાધના કરવા ભાગ્યશાળી બન્યા છીએ, જેમની સરળતા, આત્મલક્ષિતા અને હિતબુદ્ધિ હૃદયને સ્પર્શે એવી છે એવા (સંસારીપક્ષે મોટાભાઈ) ગુરુદેવ પ.પૂ. **પંન્યાસપ્રવરશ્રી યુગપ્રભવિજયજી મ.સા.**

# :: અનુક્રમણિકા ::


| વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|
| સંકેત સૂચિ | iii |
| પ્રસ્તાવના | V |
| સૂચન | Vii |
| ગ્રન્થ પ્રારંભ | ૧ |

| સૂત્ર ક્રમાંક | પૃષ્ઠ | સૂત્ર ક્રમાંક | પૃષ્ઠ | સૂત્ર ક્રમાંક | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧.૩.૧ | ૧ | ૧.૩.૨૩ | ૬૮ | ૧.૩.૪૫ | ૧૪૨ |
| ૧.૩.૨ | ૬ | ૧.૩.૨૪ | ૭૨ | ૧.૩.૪૬ | ૧૪૫ |
| ૧.૩.૩ | ૮ | ૧.૩.૨૫ | ૭૫ | ૧.૩.૪૭ | ૧૫૧ |
| ૧.૩.૪ | ૧૧ | ૧.૩.૨૬ | ૭૯ | ૧.૩.૪૮ | ૧૫૪ |
| ૧.૩.૫ | ૧૪ | ૧.૩.૨૭ | ૮૧ | ૧.૩.૪૯ | ૧૫૮ |
| ૧.૩.૬ | ૧૬ | ૧.૩.૨૮ | ૮૫ | ૧.૩.૫૦ | ૧૬૦ |
| ૧.૩.૭ | ૨૦ | ૧.૩.૨૯ | ૮૯ | ૧.૩.૫૧ | ૧૬૩ |
| ૧.૩.૮ | ૨૨ | ૧.૩.૩૦ | ૯૨ | ૧.૩.૫૨ | ૧૬૬ |
| ૧.૩.૯ | ૨૫ | ૧.૩.૩૧ | ૯૫ | ૧.૩.૫૩ | ૧૬૮ |
| ૧.૩.૧૦ | ૨૯ | ૧.૩.૩૨ | ૯૯ | ૧.૩.૫૪ | ૧૭૩ |
| ૧.૩.૧૧ | ૩૧ | ૧.૩.૩૩ | ૧૦૬ | ૧.૩.૫૫ | ૧૭૪ |
| ૧.૩.૧૨ | ૩૩ | ૧.૩.૩૪ | ૧૦૭ | ૧.૩.૫૬ | ૧૭૫ |
| ૧.૩.૧૩ | ૩૬ | ૧.૩.૩૫ | ૧૦૯ | ૧.૩.૫૭ | ૧૭૬ |
| ૧.૩.૧૪ | ૩૭ | ૧.૩.૩૬ | ૧૧૧ | ૧.૩.૫૮ | ૧૮૦ |
| ૧.૩.૧૫ | ૪૩ | ૧.૩.૩૭ | ૧૧૩ | ૧.૩.૫૯ | ૧૮૨ |
| ૧.૩.૧૬ | ૪૬ | ૧.૩.૩૮ | ૧૧૫ | ૧.૩.૬૦ | ૧૮૪ |
| ૧.૩.૧૭ | ૪૭ | ૧.૩.૩૯ | ૧૧૮ | ૧.૩.૬૧ | ૧૯૧ |
| ૧.૩.૧૮ | ૫૧ | ૧.૩.૪૦ | ૧૨૪ | ૧.૩.૬૨ | ૧૯૪ |
| ૧.૩.૧૯ | ૫૬ | ૧.૩.૪૧ | ૧૨૮ | ૧.૩.૬૩ | ૧૯૫ |
| ૧.૩.૨૦ | ૫૮ | ૧.૩.૪૨ | ૧૩૨ | ૧.૩.૬૪ | ૧૯૮ |
| ૧.૩.૨૧ | ૬૧ | ૧.૩.૪૩ | ૧૩૭ | ૧.૩.૬૫ | ૧૯૯ |
| ૧.૩.૨૨ | ૬૩ | ૧.૩.૪૪ | ૧૩૮ | | |

| વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|
| પરિશિષ્ટ-૧ : અકારાદિક્રમે '૧-૩' પાદની સૂત્રસૂચિ. | ૨૦૧ |
| પરિશિષ્ટ-૨ : પ્રથમ અધ્યાય તૃતીય પાદનો બૃહન્ન્યાસ તેમજ લઘુન્યાસ. | ૨૦૨ |
| પરિશિષ્ટ-૩: વિવરણમાં વપરાયેલા ન્યાયોનો અકારાદિક્રમે સૂચિ + સૂત્રસ્થળનિર્દેશ. | ૨૩૫ |
| પરિશિષ્ટ-૪ : વિવરણગત લૌકિક ન્યાયો તથા નિયમોની સૂચિ + સૂત્રસ્થળનિર્દેશ. | ૨૩૭ |
| પરિશિષ્ટ-૫ : ૧.૩ પાદના સૂત્રોની સામે પાણિનિ વ્યાકરણમાં વર્તતા સૂત્રોનો અનુક્રમ. | ૨૩૮ |
| પરિશિષ્ટ-૬ : વિવરણમાં ઉલ્લેખિત અન્ય વૈયાકરણો અને ગ્રન્થકારોના નામોનો અકારાદિ અનુક્રમ તથા અન્ય વ્યાકરણના સૂત્રો. | ૨૪૧ |
| પરિશિષ્ટ-૭ : સંદર્ભ ગ્રંથ સૂચિ. | ૨૪૨ |

# સંકેત સૂચિ

1) અમ.કો. - અમરકોષ
2) આ.બો. - આનંદબોધિની (સિદ્ધહેમ વ્યા.ટીકા)
3) ઈ. દ્વ. - ઈતરેતર દ્વન્દ્વ
4) ઉ. - ઉદ્દ્યોત (મહાભાષ્યપ્રદીપ-ટીકા)
5) ઉણા. - ઉણાદિ સૂત્ર
6) કર્મ. - કર્મધારય
7) કા.વિ.પ. - કાશિકા વિવરણ પંજિકા (જિનેન્દ્ર બુદ્ધિ ન્યાસ)
8) કા. - કાણ્ડ
9) જિ. બુ. ન્યા. - જિનેન્દ્ર બુદ્ધિન્યાસ (કાશિકા-ટીકા)
10) ત.સં. - તર્કસંગ્રહ
11) તત્ત્વા. - તત્ત્વાલોક (મહાભાષ્ય-પ્રદીપ-ઉદ્દ્યોત-ટીકા)
12) તર. - તરંગ
13) દ્વિ. એ. વ. - દ્વિતીયા એકવચન
14) ધા.પા. - ધાતુપાઠ
15) નञ् તત્. - નञ् તત્પુરુષ
16) નપું. પ્ર. - નપુંસકલિંગ પ્રકરણ
17) ન્યા. કો. - ન્યાયકોષ
18) ન્યા. બો.- ન્યાયબોધિની (તર્કસંગ્રહ-ટીકા)
19) ન્યા. સં. - ન્યાયસંગ્રહ
20) ન્યા.સ. - ન્યાસસારસમુદ્ધાર (લઘુન્યાસ)
21) ન્યા. સમુ. - ન્યાય સમુચ્ચય
22) ન્યાસાનુ. - ન્યાસાનુસંધાન
23) પ. મં. - પદમંજરી (કાશિકા-ટીકા)
24) પં. - પંક્તિ
25) પરિ. શે. - પરિભાષેન્દુશેખર
26) પા. સૂ. - પાણિનીય વ્યાકરણ સૂત્ર
27) પાણિ.પ્રત્યા.સૂ. - પાણિનીય પ્રત્યાહાર સૂત્ર
28) પૃ. - પૃષ્ઠ
29) પ્ર. એ. વ. - પ્રથમા એકવચન
30) પ્ર. ચરિ. - પ્રભાવક ચરિત્ર
31) પ્ર. - પ્રદીપ (મહાભાષ્ય-ટીકા)
32) પ્રક. - પ્રકરણ
33) બહુ. - બહુવ્રીહિ
34) બૃ. ન્યાસ - બૃહન્ન્યાસ
35) બૃ. વૃતિ - બૃહદ્વૃતિ
36) મ.વૃ. અવ. - મધ્યમવૃત્તિ અવચૂરી
37) મ.વૃ. - મધ્યમવૃત્તિ (સિદ્ધહેમ વ્યા.ટીકા)
38) મ.ભા. - મહાભારત
39) મ. ભાષ્ય - (વ્યાકરણ) મહાભાષ્ય
40) લ. ન્યાસ - લઘુન્યાસ
41) લ. શ. શે. - લઘુશબ્દેન્દુશેખર
42) લા. સૂ. - લાવણ્ય સૂરિ

43) લિ. - લિંગાનુશાસન

44) લિઙ્ગા. - લિઙ્ગાનુશાસન

45) વા.પ. - વાકયપદીય

46) વા. - વાર્તિક

47) વિશ્વ. - વિશ્વકોષ

48) વૈ. સિ. કૌ. - વૈયાકરણ સિધ્ધાન્ત કૌમુદી

49) વૈ.સિ.કૌ. સર. - વૈયાકરણ સિધ્ધાન્ત કૌમુદી સરલા ટીકા

50) વ્યા. પરિ. પા. - વ્યાડીપરિભાષા પાઠ

51) વ્યા.શા.લૌ. ન્યા. ઉ. - વ્યાકરણશાસ્ત્રે લૌકિક ન્યાયાનામ્ ઉપયોગ

52) વ્યા.મ.ભાષ્ય - વ્યાકરણ મહાભાષ્ય

53) શ. ન્યા. - શબ્દમહાવાર્ણન્યાસ (બૃહન્ન્યાસ)

54) શ્લો. - શ્લોક

55) ષ. તત્ - ષષ્ઠી તત્પુરુષ

56) ષ. દ્વિ. વ. - ષષ્ઠી દ્વિવચન

57) સ. તત્. - સપ્તમી તત્પુરુષ

58) સ. દ્વ. - સમાહાર દ્વન્દ્વ

59) સ. દ્વિ. વ. - સપ્તમી દ્વિવચન

60) સમા. દ્વ. - સમાહાર દ્વન્દ્વ

61) સમ્બો. - સંબોધન

62) સીરદેવ બૃ. પરિ. વૃ. - સીરદેવકૃત બૃહત્ પરિભાષા વૃત્તિ

63) સૂ. ક્ર. - સૂત્રક્રમાંક

64) સૂ. - સૂત્ર

65) સૂ. મ. સા. - સૂરિ મહારાજ સાહેબ

# પ્રસ્તાવના

દુનિયાના વ્યવહારો 'ભાષા' વિના ચાલવા અતિ મુશ્કેલ છે. અનુભૂતિઓનું આદાન-પ્રદાન કરવા માટે ભાષા એ શ્રેષ્ઠતમ સાધન છે. ભાષાનાં જ્ઞાન દ્વારા જ વ્યક્તિ બીજાનું કથયિતવ્ય પૂર્ણપણે સમજી શકે છે અને પોતે પણ પોતાના વિચારો બીજા સુધી પહોંચાડી શકે છે.

વ્યાકરણ એ ભાષાનું વિવેચન કરનાર શાસ્ત્ર છે. જેઓ વ્યાકરણનું અધ્યયન નથી કરતા, તેઓ શાસ્ત્રકથિત ગર્ભિતાર્થ-ગૂઢાર્થને પામવામાં ઊણા ઊતરે છે. વ્યાકરણ રૂપી પ્રદીપ જેમના હાથમાં છે, તે અંતિમ રહસ્યોનું અન્વેષણ કરી શકે છે. પદાર્થને પૂર્ણરૂપે સમજી શકે છે.

વિધવિધ ભાષાઓમાં નિયમબદ્ધ, મનોજ્ઞ અને અલંકારિક ભાષા હોય તો તે સંસ્કૃત ભાષા છે, તેથી તે સૌથી શ્રેષ્ઠ છે. વળી, જૈનદર્શનના આગમો અને શાસ્ત્રો તથા ભારતીય દર્શનોનું સાહિત્ય પણ મોટે ભાગે સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં રચાયેલું છે. તેથી આત્મકલ્યાણના અર્થી માટે આ ભાષાના ઊંડાણ સુધી પહોંચવું ખૂબ જરૂરી છે.

સંસ્કૃત-પ્રાકૃત ભાષાના વ્યાકરણમાં અદ્વિતીય વ્યાકરણ જો કોઈનું હોય તો તે કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજા રચિત સિદ્ધહેમશબ્દાનુશાસન છે. ભિન્ન ભિન્ન વિષયોનું વિભાગવાર નિરૂપણ, સૂત્રોની સુંદર સંકલના, લાઘવયુક્તતા, સમજવામાં સરળતા ; આ બધી વિશેષતાઓ સિદ્ધહેમ વ્યાકરણમાં જોવા મળે છે. તેથી જ બીજા અનેક વ્યાકરણો અકાળે અપ્રસિદ્ધ થવા છતાં સિદ્ધહેમ વ્યાકરણ આજે પણ પોતાનો પ્રભાવ ફેલાવી રહ્યું છે.

કલિકાલસર્વજ્ઞશ્રી એ એક એવું પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ હતું કે જેમણે ન્યાય, વ્યાકરણ, કાવ્ય, કોશ, છંદ, સ્તોત્ર, યોગ, ઈતિહાસ કે રાજનીતિ જેવા દરેક સાહિત્યક્ષેત્રોમાં યોગદાન કર્યું છે. પોતાના જીવનકાળ દરમિયાન સાડા ત્રણ ક્રોડ શ્લોકોની જેઓશ્રીએ રચના કરેલ છે. એમાં વ્યાકરણશાસ્ત્રોની રચના પાછળ તેઓ શ્રીમદે પોતાના જીવનનું અમૂલ્ય એવું એક વર્ષ પણ આપેલું છે. એ વરસમાં એમણે લઘુવૃત્તિ, મધ્યમવૃત્તિ, બૃહદ્વૃત્તિ અને લગભગ ૮૪,૦૦૦ શ્લોકપ્રમાણ 'શબ્દમહાર્ણવ' નામે બૃહન્ન્યાસ વિગેરે અનેક કૃતિઓ રચી છે. આજે સદ્નસીબે લઘુવૃત્તિ, મધ્યમવૃત્તિ અને બૃહદ્વૃત્તિ વિગેરે સંપૂર્ણપણે મળતી હોવા છતાં આપણા કમનસીબે બૃહન્ન્યાસનો ઘણો ભાગ મળતો નથી. તેનો કેટલોક અંશ જ આજે મળે છે.

આજથી કેટલાક વર્ષો પૂર્વે હું અને મારા શિષ્ય મુનિશ્રી પ્રશમપ્રભવિજયજી બૃહન્ન્યાસ વાંચતા હતા ત્યારે અમને ખૂબ આનંદ આવ્યો. અમને થયું કે બૃહન્ન્યાસના પદાર્થો જાણ્યા વિના વ્યાકરણના મર્મ સુધી પહોંચવું અશક્યપ્રાયઃ છે. જ્યારે હાલ એવી પરિસ્થિતિ વર્તી રહી છે કે વ્યાકરણનો અભ્યાસ કરનારાઓમાંથી

મોટાભાગના અભ્યાસુઓને બૃહન્ન્યાસ જેવી કલિકાલસર્વજ્ઞશ્રીની કોક કૃતિ છે, એનો ખ્યાલ પણ નથી હોતો, ત્યાં તેને વાંચવાની તો વાત જ ક્યાં ? આથી વિચાર્યું કે બૃહન્ન્યાસને જગત સામે એવા સ્વરૂપે મૂકવો જોઈએ કે જેથી વિદ્વાન્ એવો અભ્યાસુવર્ગ એ વાંચવા પ્રેરાય. તેથી આ ગ્રન્થનું ગુજરાતીમાં સુગમ એવું વિવરણ કરવાનો પ્રારંભ કર્યો. પ્રથમ અધ્યાયના પહેલાં-બીજા અને ચોથા પાદના બૃહન્ન્યાસનું (સાથે સાથે લઘુન્યાસમાં આવતા પદાર્થોનું પણ) વિવરણ અમે બન્નેએ મળીને કર્યું છે. એમાં ૧.૩ નું વિવરણ મેં, ૧.૪ નું વિવરણ મુનિશ્રી પ્રશમપ્રભ વિજયજીએ અને ૧.૧ નું વિવરણ અમે બન્નેએ કર્યું છે. પછીના અધ્યાયોનું પણ વિવરણ વ્યાકરણવિદોએ કરવા જેવું છે, જેનાથી પૂ. કલિકાલસર્વજ્ઞશ્રીની પરમભક્તિ કરેલી થશે. આવું ભગીરથ કાર્ય એક-બે વ્યક્તિ દ્વારા અનેક જવાબદારીઓ વચ્ચે કરવું ખૂબ દુષ્કર છે. વળી ડગલે ને પગલે એવી કઠિન પંક્તિઓ આવતી રહે છે કે જેનો અર્થ બેસાડવા અનેક વ્યાકરણોના અને દર્શનના ગ્રન્થોનું ઊંડાણથી અવલોકન કરવું પડે.

વિશેષે આ કાર્ય કરવામાં મારા સૌથી વધુ ઉપકારી, મારી દીક્ષા થવામાં પ્રબળ નિમિત્તભૂત અને સ્વાધ્યાયાદિ દરેક ક્ષેત્રે અનુકૂળતા કરી આપી આગળ વધારનારા મારા ગુરૂદેવ પ.પૂ. પંન્યાસપ્રવરશ્રી **યુગપ્રભ વિજયજી મ.સા.** નો ઉપકાર ભૂલાય એવો નથી.

સાથે લઘુવૃત્તિનો ૩.૨ અધ્યાય સુધીનો અભ્યાસ જેઓની પાસે કરવા દ્વારા વ્યાકરણ જગતમાં અમારો પ્રવેશ થયો એવા પંડીતવર્ય શ્રી **રાજુભાઈ સંઘવી** (ડીસા) પણ આ અવસરે સ્મરણમાં આવે છે.

તેમજ પ્રસ્તુત ૧.૩ ના વિવરણમાં પંડીતવર્ય **મયુર કોઠારી** (બોરીવલી) ના પ્રાપ્ત થયેલા સહયોગને પણ અનુમોદીએ છીએ.

પ્રાન્તે, આ શબ્દશાસ્ત્રને સાધન બનાવી સમ્યગ્ શાસ્ત્રના પરમાર્થને પામવા દ્વારા સહું કોઈ મુક્તિ પામે એ જ મંગળકામના.

**મુનિ સંયમપ્રભવિજય**

# સૂચન

* સાધનિકામાં લોપ થયેલા પ્રત્યયાદિનો જો સ્થાનિવદ્ભાવ થશે તો તેને ( ) આવા કૌંસમાં બતાવાશે.
* સાધનિકામાં જે પ્રયોગની નીચે '↓' આવું તીરનું ચિહ્ન કર્યું હોય તે પ્રયોગને માટે તીરને સમાંતર દર્શાવેલું સૂત્ર છોડી દેવું.
* '(1) , (2) , (3)' આ પ્રમાણેના નંબરો બૃ. વૃત્તિની કઈ પંક્તિના આધારે વિવરણ ચાલે છે તેને સૂચવવા માટે છે. તે નંબરો બૃ.વૃત્તિની પંક્તિઓ ઉપર તેમજ વિવરણમાં એમ બન્ને સ્થળે દર્શાવ્યા છે.
* દૃષ્ટાંતો **'i, ii, iii, iv...'** એમ રોમન લેટર્સમાં દર્શાવ્યા છે.
* વિરુદ્ધ દૃષ્ટાંતો **'a, b, c...'** એમ સ્મોલ લેટર્સમાં દર્શાવ્યા છે.
* ટિપ્પણો **'A, B, C...'** એમ કેપિટલ લેટર્સમાં બતાવી છે.

* **સાધનિકામાં નિમ્નોક્ત સૂત્રોનો ઉપયોગ નહીં કરવામાં આવે, તેથી સ્વયં કરી લેવો ::**

1. औदन्ताः स्वराः १.१.४ આદિ સ્વર, વ્યંજન, નામી, અઘોષ વિગેરે સંજ્ઞા કરનારા સૂત્રો.
2. स्यौ-जसमौ० १.१.१८
3. स्त्यादिर्विभक्तिः १.१.१९
4. तदन्तं पदम् १.१.२०
5. अधातुविभक्तिवाक्यमर्थवन्नाम १.१.२७
6. शिर्घुट् १.१.२८ તેમજ पुं-स्त्रियोः स्यमौजस्-१.१.२९
7. स्वरादयोऽव्ययम् १.१.३० વિગેરે અવ્યય સંજ્ઞાના પ્રાપક સૂત્રો.
8. अप्रयोगीत् १.१.३७
9. अनन्तः पञ्चम्याः प्रत्ययः १.१.३८
10. समानानां तेन दीर्घः १.२.१
11. क्रियाहेतुः कारकम् २.२.१
12. स्वतन्त्रः कर्ता २.२.२ વિગેરે કર્તા, કર્મ આદિ કારક સંજ્ઞાના પ્રાપક સૂત્રો.
13. नाम्नः प्रथमैकद्वि-बहौ २.२.३१ વિગેરે સ્યાદિ વિભક્તિના પ્રાપક સૂત્રો.
14. ऐकार्थ्ये ३.२.८
15. वृद्धिरारैदौत् ३.३.१
16. गुणोरेदोत् ३.३.२
17. क्रियार्थो धातुः ३.३.३
18. कर्तर्यनद्भ्यः शव् ३.४.७१ વિગેરે શવ્ આદિ વિકરણ પ્રત્યયના પ્રાપક સૂત્રો.

# શ્રીસિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનમ્

## *પ્રથમ અધ્યાય – તૃતીયપાદના બૃહદ્વૃત્તિ–બૃહન્ન્યાસ અને લઘુન્યાસ ઉપર વિવરણ પ્રારંભ*

।। ॐ नमः पार्श्वनाथाय।।

।। ऐँ नमः ।।

कलिकालसर्वज्ञ-आचार्यदेवश्रीमद्विजय

हेमचन्द्राचार्यविरचिते

# श्री-सिद्धहेमचन्द्रशब्दानुशासने

## बृहद्वृत्ति-बृहन्न्यास-लघुन्यासानां गुर्जर-विवरणम्

## तत्र प्रथमाध्यायस्य तृतीयः पादः

### (1) तृतीयस्य पञ्चमे ।। १.३.१ ।।

बृ.वृ.-'(2) वा' इति, 'पदान्ते' इति, 'अनुनासिकः' इति चानुवर्तते, (3) वर्गतृतीयस्य पदान्ते वर्तमानस्य वर्गपञ्चमे परे वाऽनुनासिको भवति, (4) स्थान्यासन्नः। (5) वाङ् ङवते, वाग् ङवते; वाङ्ञकारः, वाग्ञकारः; वाङ् णकारीयति, वाग् णकारीयति; वाङ् नयति, वाग् नयति ; वाङ्मधुरा, वाग्मधुरा; एवम्–षण् नयाः, षड् नयाः; तन्नयनम्, तद्नयनम्; ककुम्मण्डलम्, ककुब्मण्डलम्। (6) तृतीयस्येति किम्? स्वर्नयति, हल्मात्रम्। (7) पदान्त इत्येव? विद्मः। (8) पञ्चम इति किम्? वागत्र, षड् गच्छन्ति। (9) केचित् तु व्यञ्जनस्य स्थानेऽनुनासिके परे वाऽनुनासिकमिच्छन्ति, तस्य तु "ह्रस्वान्ङ-ण-नो द्वे" (१.३.२७) इति द्वित्वं च नेच्छन्ति, तन्मते-त्वङ्ँ इति, त्वगँ इति; श्वलिणँ इति, श्वलिड्ँ इति; तनँ इति, तदँ इति; हल्मात्रम्, हल्माँत्रम्। (10) ननु 'षड् नयाः' इत्यादौ "अदीर्घाद् विरामैकव्यञ्जने" (१.३.३१) इत्यनेन तृतीयस्य द्वित्वे कृतेऽन्त्यस्यानुनासिके च तृतीयस्यापि श्रुति प्राप्नोति, नैवम्–अनुनासिके कृते पश्चाद् द्वित्वस्य भावात्, तेन 'षण्ण् नयाः, षड्ड् नयाः' इत्यादि सिद्धम् ।।१।।

---

**सूत्रार्थ :-** પદાન્તે વર્તતા વર્ગીય તૃતીય વ્યંજનનો, જો તેની પરમાં વર્ગનો પાંચમો વ્યંજન આવે તો વિકલ્પે સ્થાનિનો આસન્ન (= તૃતીય વ્યંજનના વર્ગ સંબંધી) અનુનાસિક થાય છે.

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** સૂત્રમાં तृतीयस्य ને બદલે वर्गस्य શબ્દનું ગ્રહણ કરવું જોઈએ, જેથી માત્રાકૃતલાઘવ થાય. આમે ય तृतीयस्य કહો કે वर्गस्य કહો, પરમાર્થથી બન્ને એક જ છે. કારણ वर्गस्य શબ્દથી વર્ગનાં દરેક વર્ણનું ગ્રહણ થતું હોવા છતાં 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી તે વર્ણનો તૃતીય થઈ જ જવાનો. તેથી 'वर्गस्य पञ्चमे' એવું સૂત્ર બનાવવું જોઈએ.

**સમાધાન :-** અહીં तृतीयस्य નું ઉપાદાન 'ततो हश्चतुर्थः १.३.३' સૂત્રને લક્ષ્યમાં રાખીને કર્યું છે. જો આ સૂત્રમાં वर्गस्य નું ઉપાદાન કરત તો 'ततो हश्चतुर्थः' સૂત્રમાં તેની અનુવૃત્તિ ચાલી આવતા प्राङ् हसति સ્થળે ङ् એ વર્ગીય વર્ણ હોવાથી ह નો घ થતા प्राङ्घसति એવો અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવત. પરંતુ આ સૂત્રમાં

तृतीयस्य નું ઉપાદાન કરવાથી તેની અનુવૃત્તિ ચાલવાના કારણે प्राङ् हसति એવો યથાર્થ પ્રયોગ થશે, કારણ ङ् એ તૃતીયવર્ણ નથી.

(2) આ સૂત્રમાં પૂર્વપાદમાં રહેલાં 'सौ नवेतौ १.२.३८' સૂત્રથી वा (नवा) ની, 'एदोतः पदान्ते० १.२.२७' સૂત્રથી पदान्ते પદની અને 'अ-इ-उवर्णस्या० १.२.४१' સૂત્રથી अनुनासिक પદની અનુવૃત્તિ ચાલુ છે, તેથી બૃહદ્વૃત્તિમાં 'वा इति, पदान्ते इति, अनुनासिकः इति' પંક્તિ લખીને સૂત્રાર્થ દર્શાવ્યો છે. અહીં જો કે '१.२.३८' અને '१.२.२७' સૂત્રોથી ક્રમશઃ नवा પદની અને पदान्ते પદની અનુવૃત્તિ વચ્ચે તૂટતી હોવાથી ન આવી શકે, પરંતુ તે '***अपेक्षातोऽधिकारः***' ન્યાયથી લેવામાં આવી છે.

(3) વર્ગ એટલે વર્ણોનો સમૂહ. તેમાં કોક વર્ણ પહેલો હોય, કોક વર્ણ બીજો હોય તો કોક ત્રીજો, ચોથો કે પાંચમો હોય. કેમકે પહેલો-બીજો-ત્રીજો વિગેરે વર્ગનો (સમૂહનો) ધર્મ છે. આમ સૂત્રમાં तृतीयस्य અને पञ्चमे લખ્યું એટલે સહજ વર્ગનો જ ત્રીજો અને વર્ગનો જ પાંચમો વર્ણ ઉપસ્થિત થાય. આથી બૃ. વૃત્તિમાં સૂત્રના તે શબ્દોનો અર્થ સ્પષ્ટ કરતાં 'वर्गतृतीयस्य' અને 'वर्गपञ्चमे परे'આમ લખ્યું છે.

(4) અહીં 'आसन्नः ७.४.१२०' પરિભાષાથી સ્થાનકૃત આસન્નતા લેવાની છે. તેથી સ્થાની (કાર્યી) સ્વરૂપ તૃતીયવ્યંજન જે વર્ગનો હોય તે વર્ગનો અનુનાસિક કરવો.

(5) <u>દૃષ્ટાંત</u> -

**(i) वाङ् ङ्वते — * 'दिद्युद्० ५.२.८३' → वक्तीत्येवंशीला = वाच् + क्विप् (०) + सि, * 'दीर्घ-ङ्याब्० १.४.४५' → वाच्, * 'च-जः० २.१.८६' → वाक्, * 'धुटस्तृतीयः २.१.७६' → वाग् ङ्वते, * 'तृतीयस्य० १.३.१' → वाङ् ङ्वते, * વિકલ્પ પક્ષે → वाग् ङ्वते।**

| | (ii) षण् नयाः | (iii) तन्नयनम् | (iv) ककुम्मण्डलम् |
|---|---|---|---|
| | | | ककुभां + मण्डलम् |
| | षष् + जस् | तद् + सि | ककुभ् + मण्डलम् |
| * 'डतिष्णः० १.४.५४' → | षष् | ↓ | ↓ |
| * 'अनतो० १.४.५९' → | ↓ | तद् | ↓ |
| * 'धुटस्तृतीयः २.१.७६' → | षड् नयाः | तद् नयनम् | ककुब् + मण्डलम् |
| * 'तृतीयस्य० १.३.१' → | षण्(A) नयाः। | तन्नयनम्। | ककुम्मण्डलम्। |
| * 'વિકલ્પ પક્ષે' → | षड् नयाः। | तद्नयनम्। | ककुब्मण्डलम्। |

(A) षण् नयाः અવસ્થામાં આમ તો ण् થી પરમાં રહેલા न् નો 'तवर्गस्य० १.३.६०' સૂત્રથી ण् આદેશ થતાં षण् णयाः પ્રયોગ થવાની પ્રાપ્તિ આવે, પરંતુ 'पदान्ताट्टवर्गात्० १.३.६३' સૂત્રથી ण् આદેશનો નિષેધ થવાથી षण् नयाः પ્રયોગ થયો છે.

वाङ्ञकारः[A], वाग्ञकारः, वाङ् णकारीयति[B], वाग् णकारीयति; वाङ् नयति, वाग् नयति; वाङ्मधुरा[C], वाग्मधुरा વિગેરે પ્રયોગોની સાધનિકા वाङ् ङ्वते પ્રમાણે સમજવી.

**શંકા :-** तन्नयनम् સ્થળે 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી द् નો द् કરવાની જરૂર શું ? જેનું કોઇ ફળ ન હોય તેવી પ્રવૃત્તિ શા માટે કરવી ?

**સમાધાન :-** 'धुटस्तृतीयः' થી द् નો द् કરવાનું ફળ મળે છે. કારણ તે સૂત્ર અસદ્ અધિકારમાં કહેલું હોવાથી તેનાથી કરાયેલું द् કાર્ય અસત્ થવાથી, તેના (द् ના) સ્થાને આ સૂત્રથી થયેલો न् પણ અસત્ થશે. તેથી 'नाम्नो नोऽनह्नः २.१.९१' સૂત્રથી न् લોપનું કાર્ય નહીં થાય. આથી त नयनम् આવું અનિષ્ટ રૂપ નહિ થાય. આમ तन्नयनम् પ્રયોગની સિદ્ધિ માટે 'धुटस्तृतीयः' સૂત્રની પ્રવૃત્તિ જરૂરી છે.

**શંકા :-** ककुम्मण्डलम् પ્રયોગમાં 'तौ मु-मो० १.३.१४' સૂત્રથી म् નો અનુસ્વાર થઇ ककुंमण्डलम् પ્રયોગ પણ થશે ને ?

**સમાધાન :-** ककुंमण्डलम् એવો અનિષ્ટ પ્રયોગ નહીં થાય. 'કેમ નહીં થાય ?' એનું સમાધાન અમે જુદી-જુદી ત્રણ રીતિએ આપીએ છીએ. તે પૈકી ગમે તેના આધારે એ પ્રયોગની અસિદ્ધિ થઇ શકશે.

**(a)** 'अञ्वर्गात्० १.२.४०' સૂત્રમાં જે असत् પદ છે, તેનો અધિકાર પ્રયોજનવશ 'तौ मु-मो० १.३.१४' સૂત્રમાં લેવાથી ककुम्मण्डलम् નો म् અસત્ મનાવાથી (અર્થાત્ ब् મનાવાથી) તેનો અનુસ્વાર નહીં થાય.

**(b)** લક્ષણ એટલે સૂત્ર. જે વર્ણાદિ કો'ક સૂત્રથી ફેરફાર થવાનાં કારણે અમુક સ્વરૂપે પ્રાપ્ત થતા હોય તેમને લાક્ષણિક કહેવાય અને જે વર્ણાદિ મૂળથી જ અમુક સ્વરૂપે હોય તેઓ પ્રતિપદોક્ત કહેવાય. ककुम्मण्डलम् સ્થલીય म् પ્રસ્તુત સૂત્રથી ब् ના સ્થાને ફેરફાર થઇ નિષ્પન્ન થયો હોવાથી તે લાક્ષણિક કહેવાય, જ્યારે वहंलिहः સ્થળે થયેલો म् આગમ (= અનુસ્વાર) મૂળથી જ म् સ્વરૂપે હોવાથી પ્રતિપદોક્ત કહેવાય.

હવે, ***'लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्'***[D] ન્યાયાનુસારે 'तौ मु-मो० १.३.१४' સૂત્રથી અનુસ્વાર આદેશ અર્થે લાક્ષણિક ककुम् ના म् નું ગ્રહણ ન થતાં वहंलिहः વિગેરે સ્થળના પ્રતિપદોક્ત म् નું જ ગ્રહણ થતું હોવાથી ककुम्मण्डलम् સ્થળે म् નો અનુસ્વાર નહીં થાય.

---

**(A)** ✲ '७.२.१५६' → ञ एव = ञकारः, ✲ वाचो ञकारः = वाङ्ञकारः।

**(B)** ✲ '७.२.१५६' → ण एव = णकारः, ✲ '३.४.२३' → णकार + क्यन्, ✲ '४.३.११२' → णकारीय + ति, ✲ '३.४.७१' → णकारीय + शव् + ति, ✲ '२.१.११३' → णकारीय् + शव् + ति = णकारीयति।

**(C)** वाचा मधुरा = वाङ्मधुरा આમ તૃતીયા તત્પુરુષ સમાસ સમજવો અથવા માત્ર સંધિ કરેલી સમજવી.

**(D)** લાક્ષણિક અને પ્રતિપદોક્ત બન્નેનું ગ્રહણ સંભવતું હોય તો પ્રતિપદોક્તનું જ ગ્રહણ કરવું.

અથવા બીજી રીતે કહીએ તો લક્ષણ એટલે ચિહ્ન. સૂત્રમાં કોઇ ચિહ્ન મૂકીને અમુક વર્ણાદિનું ગ્રહણ કરાવ્યું હોય તો તે વર્ણાદિ લાક્ષણિક કહેવાય અને સૂત્રમાં સાક્ષાત્ શબ્દ મૂકીને જો તે તે વર્ણાદિનું ગ્રહણ કરાવ્યું હોય તો તે વર્ણાદિ પ્રતિપદોક્ત કહેવાય. પ્રસ્તુતમાં ककुम्मण्डलम् સ્થળે થયેલો ब् નો म् આદેશ આ સૂત્રમાં અનુનાસિક આદેશરૂપે ગ્રહણ કરાવ્યો હોવાથી અનુનાસિક ચિહ્નથી ગ્રહણ કરાતો તે લાક્ષણિક કહેવાય. જ્યારે वहंलिहः સ્થળે 'खित्यनव्ययाऽरुषो मोऽन्तो० ३.२.१११' સૂત્રથી થયેલા म् આગમ (= અનુસ્વાર) ને તે સૂત્રમાં સાક્ષાત્ मः પદ મૂકી ગ્રહણ કરાવ્યો હોવાથી તે પ્રતિપદોક્ત કહેવાય. *'लक्षण-प्रतिपदोक्तयोः०'* ન્યાયાનુસાર 'तौ मु-मो०' સૂત્રથી અનુસ્વાર આદેશ કરવા અર્થે वहंलिहः જેવા સ્થળે વર્તતા પ્રતિપદોક્ત म् નું જ ગ્રહણ થઇ શકવાથી ककुम्मण्डलम् સ્થળના લાક્ષણિક म् નો અનુસ્વાર આદેશ નહીં થાય.

(c) 'तौ मु-मो० १.३.१४' સૂત્રમાં નિમિત્ત તરીકે પદાન્ત म् અને કોઇ પણ વ્યંજનની પરવર્તિતા અપેક્ષિત છે, જ્યારે આ સૂત્રમાં નિમિત્ત તરીકે પદાન્ત એવો વર્ગનો તૃતીય વ્યંજન અને વર્ગીય પાંચમાં વ્યંજનની પરવર્તિતા અપેક્ષિત છે. તેથી બહુનિમિત્તક આ સૂત્રથી થતું કાર્ય બહિરંગ ગણાય અને અલ્પનિમિત્તક 'तौ मु-मो०' સૂત્રથી થતું કાર્ય અંતરંગ ગણાય. ककुम्मण्डलम् સ્થળે આ સૂત્રથી બહિરંગ એવું ब् નો म् આદેશરૂપ કાર્ય થયા બાદ 'तौ मु-मो०' સૂત્રથી म् નો અનુસ્વાર આદેશરૂપ અંતરંગ કાર્ય કરવાના અવસરે *'असिद्धं बहिरङ्गमन्तरङ्गे'*(A) ન્યાયાનુસાર આ સૂત્રથી થયેલ બહિરંગ ब् નો म् આદેશરૂપ કાર્ય અસિદ્ધ થવાથી અર્થાત્ તે ब् રૂપે મનાવાથી 'तौ मु-मो०' સૂત્રથી અનુસ્વાર આદેશ નહીં થઇ શકે.

(6) વર્ગના તૃતીય વ્યંજનને જ આ સૂત્રનું કાર્ય થાય એવું કેમ ?

(a) स्वर्नयति → સ્વર્ગમાં લઇ જાય છે. (b) हल्मात्रम् → हल् मात्रा अस्य = हल्मात्रम्।

અહીં स्वर् નો र् અને हल् નો ल् વર્ગીય તૃતીય વ્યંજન નથી, માટે ક્રમશઃ વર્ગીય પાંચમાં વ્યંજન न् અને म् પરમાં વર્તતા આ સૂત્રથી તેમનો અનુનાસિક આદેશ ન થયો.

(7) પદાન્તે વર્તતા જ વર્ગના તૃતીય વ્યંજનનો અનુનાસિક આદેશ થાય એવું કેમ ?

(a) विद्मः — * विद् (१०९९) + मस् = विद्मस् * 'सो रुः २.१.७२' → विद्मर्, * 'रः पदान्तो० १.३.५३' → विद्मः।

અહીં द् પદને અંતે ન હોવાથી તેનો આ સૂત્રથી न् અનુનાસિક આદેશ ન થયો.

(A) અંતરંગ કાર્ય કરવાનું હોય ત્યારે બહિરંગ કાર્ય અસિદ્ધ (અસત્) થાય છે. (અંતરંગ-બહિરંગ કોને કહેવાય ? તે માટે આ પુસ્તકના પેજ ૧૭૧ ઉપર ટિપ્પણ A જુઓ.

**(8)** વર્ગનો પાંચમો વ્યંજન પરમાં હોય તો જ સૂત્રકાર્ય થાય એવું કેમ ?

**(a)** वाग् अत्र , **(b)** षड् गच्छन्ति –

અહીં ક્રમશઃ પરમાં વર્તતા अ અને ग् વર્ગના પાંચમાં વ્યંજન નથી, માટે તેમની પૂર્વમાં રહેલા ક્રમશઃ પદાન્ત ग् અને ड् નો આ સૂત્રથી અનુનાસિક આદેશ ન થયો.

**૭ વિશ્રાન્ત વિદ્યાધર, પાણિનિ; શાકટાયન** અને **દેવનંદી**(A) વિગેરે કેટલાક વ્યાકરણકારો એવું માને છે કે 'કોઈપણ અનુનાસિક પરમાં હોતે છતે પૂર્વના વ્યંજનનો વિકલ્પે અનુનાસિક થાય છે.' તેથી તેઓના મતે ઉપર બતાવેલાં દૃષ્ટાંતો સહિત અન્યસ્થળે પણ અનુનાસિક કાર્ય થશે. જેમકે- **(a)** त्वङ्ँ इति - त्वग् + ऊँ इति અવસ્થામાં ऊँ અનુનાસિક પરમાં છે, તેથી ग् નો વિકલ્પે ङ् થવાથી त्वङ् + ऊँ इति = त्वङ्ँ इति પ્રયોગ થશે અને વિકલ્પે પક્ષે त्वगूँ इति પ્રયોગ થશે.

એવી જ રીતે **(b)** श्वलिड् + ऊँ इति, અહીં ड् નો વિકલ્પે ण् થતા श्वलिणूँ इति, श्वलिडूँ इति। **(c)** तद् + ऊँ इति, અહીં द् નો વિકલ્પે न् થતા तनूँ इति, तदूँ इति। અને **(d)** हल् + मात्रम्, અહીં म् અનુનાસિક પર છતાં ल् નો વિકલ્પે लँ् થતા हलँ्मात्रम्(B), हल्मात्रम् આવા પ્રયોગ પણ થશે. આ બધા પ્રયોગો લોકવ્યવહારમાં જોવા મળતા ન હોવાથી ગ્રન્થકારશ્રીએ તેની ઉપેક્ષા કરી છે.

**શંકા :-** त्वङ् + ऊँ इति, આ અવસ્થામાં 'ह्रस्वान् ङ-ण-नो द्वे १.३.२७' સૂત્રથી ङ् નું દ્વિત્વ થતાં त्वङ्ङूँ इति આવો પ્રયોગ નહીં થાય ? એ જ પ્રમાણે श्वलिण्णूँ इति અને तन्नूँ इति પ્રયોગો થવાની આપત્તિ નહીં આવે ?

**સમાધાન :-** ના. ત્યાં ङ्, ण् અને न् અસત્ થવાથી તેઓ ક્રમશઃ ग्, ड् અને द् રૂપે મનાશે. તેથી 'ह्रस्वान्० १.३.२७' સૂત્રથી દ્વિત્વ નહીં થાય.

**શંકા :-** કેચિત્કારના મતે જે દૃષ્ટાંતો બતાવ્યાં, તેમાં વર્ગના ત્રીજા વ્યંજનનો અનુનાસિક આદેશ થતા પ્રયોગો જ કેમ બતાવ્યા છે ? અન્ય વ્યંજનના અનુનાસિક આદેશ ન થાય ?

**સમાધાન :-** ન થાય. કેમકે પદને અંતે વર્તતા વર્ગના પહેલાં, બીજા અને ચોથા વ્યંજનનો, તેમજ ष् નો 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી વર્ગના ત્રીજા વ્યંજનરૂપે આદેશ થઈ જાય છે. य्, ल् અને व् નો મોટાભાગે પદને અંતે પ્રયોગ જ થતો નથી અને ક્યાંક થતો હોય તો તેને લગતું हलँ्मात्रम् દૃષ્ટાંત ઉપર આપી જ દીધું છે. વળી પદાન્ત श् નો 'यज-सृज० २.१.८७' સૂત્રથી ष् આદેશ, પદાન્ત स् નો 'सो रुः २.१.७२' સૂત્રથી र् આદેશ અને પદાન્ત

(A) જુઓ 'पा.सू. ८.४.४५', 'शाक० १.१.१०६', 'जैनेन्द्र० ५.४.१२५' વિગેરે સૂત્રો.

(B) हल् च तत् मात्रं च = हलँ्मात्रम् અથવા हल् मात्राऽस्य = हलँ्मात्रम्।

ह् નો 'हो धुट्० २.१.८२' સૂત્રથી ढ् આદેશ થાય છે. તેથી તે આદેશના બળથી ત્યાં અનુનાસિક આદેશ ન થઇ શકે અને र् ને તો કોઇ અનુનાસિક આસન્ન જ નથી, તેથી આ સૂત્રમાં પદાન્ત र् સ્થાની (આદેશી) રૂપે પ્રાપ્ત થઇ શકતો જ નથી. માટે કેચિત્કારના મતે વર્ગના ત્રીજા વ્યંજનનો જ અનુનાસિક આદેશ થતા હોય તેવા પ્રયોગો બતાવ્યા છે.

**શંકા :-** र् તો મૂર્ધન્ય સ્થાનને લઇને ण् અનુનાસિકને આસન્ન છે, તો કેમ 'र् ને કોઇ અનુનાસિક આસન્ન નથી' એમ કહો છો ?

**સમાધાન :-** કેચિત્કારના મતે 'आसन्नः ७.४.१२०' પરિભાષાથી સ્થાનને લઇને આસન્ન આદેશ કરવો હોય તો ભેગો આસ્યપ્રયત્નને લઇને પણ આસન્નભાવ હોવો જરૂરી છે. અર્થાત્ બન્ને પ્રકારના આસન્નભાવનો મેળ પડે તો જ સ્થાનને લઇને આસન્ન આદેશ થઇ શકે. પ્રસ્તુતમાં र् એ ण् અનુનાસિકને મૂર્ધન્યસ્થાનને લઇને ભલે આસન્ન હોય, પરંતુ આસ્યપ્રયત્નને લઇને વિચારતા र् ઇષત્સ્પૃષ્ટ આસ્યપ્રયત્નવાળો છે, જ્યારે ण् સ્પૃષ્ટ આસ્ય-પ્રયત્નવાળો છે. આમ આસ્યપ્રયત્નને લઇને આસન્નતામાં મેળ પડતો નથી. માટે 'र् ને કોઇ અનુનાસિક આસન્ન નથી' એમ કહ્યું છે. આ માટે વિશેષ જાણવા 'हयवरट् (पाणि० प्रत्या० सू० ५)' સૂત્ર ઉપરનો જિનેન્દ્રબુદ્ધિ ન્યાસ જુઓ.

**(10) શંકા :-** षड् नयाः વિગેરે સ્થળોએ આ સૂત્ર દ્વારા षण् नयाः કર્યા બાદ 'अदीर्घाद्० १.३.३२' સૂત્રથી षण्ण नयाः કરાય છે. ખરેખર તો 'अदीर्घाद्०' પરસૂત્ર હોવાથી તેની પ્રવૃત્તિ પહેલાં થવી જોઇએ. તેમ કરતા षड्ड् नयाः થઇ પ્રસ્તુત સૂત્રથી ड् નો ण् થતા षड्ण् नयाः આવો અનિષ્ટ પ્રયોગ સિદ્ધ થવાથી ઉચ્ચારણ વખતે અનિષ્ટ ड् વર્ણ પણ સંભળાશે.

**સમાધાન :-** એવું નથી. 'अदीर्घाद्०' સૂત્રમાં अनु નો અધિકાર આવે છે. તેથી પહેલાં પ્રસ્તુત સૂત્રથી અનુનાસિક કાર્ય પ્રવર્તશે અને પછી 'अदीर्घाद्०' સૂત્રથી દ્વિત્વ થશે. તેથી षण्ण् नयाः કે षड्ड् नयाः પ્રયોગ સિદ્ધ થશે, માટે ड् ના શ્રુતિની આપત્તિ નથી ।।१।।

## प्रत्यये च ।। १.३.२ ।।

**बृ.वृ.–पदान्ते वर्तमानस्य तृतीयस्य स्थाने (1)पञ्चमादौ प्रत्यये परेऽनुनासिको भवति। (2)नित्यार्थं वचनम्। (3)वाङ्मयम्, गुडलिण्मान्, षण्णाम्। (4)पदान्त इत्येव? यज्ञः, सद्मः। (5)चकार उत्तरत्र विकल्पानुवृत्त्यर्थः ।।२।।**

**સૂત્રાર્થ :-** પદાન્તે રહેલાં વર્ગીય તૃતીયવ્યંજનને સ્થાને તેના પરમાં પ્રત્યય સંબંધી પંચમ વ્યંજન આવે તો સ્વ (તૃતીય વ્યંજન) વર્ગનો અનુનાસિક નિત્ય થાય છે.

विवरण :- (1) આગળના સૂત્રમાંથી અહીં पञ्चमे ની અનુવૃત્તિ આવે છે અને તે 'प्रत्यये' શબ્દનું વિશેષણ બનતા 'सप्तम्या आदिः ७.४.११४' થી 'પંચમવર્ણ છે આદિમાં જેના એવો પ્રત્યય પરમાં હોતે છતે' એવો અર્થ પ્રાપ્ત થશે. તે અર્થ જણાવવા વૃત્તિમાં पञ्चमादौ प्रत्यये परे એવા શબ્દ છે.

(2) वा ની અનુવૃત્તિ આ સૂત્રમાં નથી લેવાની, કારણ જો તે લેવાની હોત તો પ્રસ્તુત સૂત્ર નિરર્થક બનત. આગલા સૂત્રથી જ સૂત્રકાર્ય થઈ જાત. આ સૂત્ર જુદું એટલા માટે રચ્યું છે કે અહીં નિત્ય અનુનાસિક કાર્ય કરવું છે.

(3) દૃષ્ટાંત -

**(i) वाङ्मयम्**

(A)वाचां विकारोऽवयवो वा

* 'एकस्वरात् ६.२.४८' → वाच् + मयट्
* 'चजः कगम् २.१.८६' → वाक् + मयट्
* 'धुटस्तृतीयः २.१.७६' → वाग् + मयट्
* 'प्रत्यये च १.३.२' → वाङ्मय + सि
* 'अतः स्यमो० १.४.५७' → वाङ्मय + अम्
* 'समानादमो० १.४.४६' → वाङ्मय + म्

= वाङ्मयम्।

**(ii) गुडलिण्मान्**

गुडं लेढीति क्विप्

* 'क्विप् ५.१.१४८' → गुडलिह्
* 'तदस्या० ७.२.१' → गुडलिह् + मतु
* 'हो धुट्० २.१.८२' → गुडलिढ्(B) +मतु
* 'धुटस्तृतीयः २.१.७६' → गुडलिड् + मतु
* 'प्रत्यये च १.३.२' → गुडलिण्मत् + सि
* 'ऋदुदितः १.४.७०' → गुडलिण्मन्त् + सि
* 'दीर्घङ्याब् १.४.४५' → गुडलिण्मन्त्
* 'पदस्य २.१.८९' → गुडलिण्मन्
* 'अभ्वादे० १.४.९०' → गुडलिण्मान्।

**(iii) षण्णाम्** — * षष् + आम् * 'संख्यानां० १.४.३३' → षष् + नाम्, * 'धुटस्तृतीयः २.१.७६' → षड् + नाम्, * 'प्रत्यये च १.३.२' → षण् + नाम्, * 'तवर्गस्य० १.३.६०' → षण्णाम्(C)।

---

(A) वाच आगतम् અર્થમાં 'नृहेतुभ्यो० ६.३.१५६' સૂત્રથી પણ मयट् પ્રત્યય લાગી શકે.

(B) गुडलिढ् + मत्; અહીં मत् નો म् પાંચમાં સિવાયના વર્ગીય વ્યંજન ढ् થી પરમાં છે, તેથી 'माऽवर्णान्तो० २.१.९४' સૂત્રથી તેનો व् આદેશ થવાની પ્રાપ્તિ છે. પરંતુ 'हो धुट्० २.१.८२' સૂત્રથી થયેલો ह् નો ढ् અસત્ થાય છે, અર્થાત् ह् રૂપે મનાય છે, તેથી म् વર્ગીયવ્યંજનથી પરમાં ન ગણાતા તેનો व् આદેશ થતો નથી.

(C) 'पदान्ताट्टवर्गात्० १.३.६३' સૂત્રમાં 'अनाम्-नगरी-नवतेः' પદ મૂકી नाम् પ્રત્યયને તે સૂત્રના વિષયમાંથી બાકાત રાખ્યો છે, તેથી ण् આદેશનો નિષેધ ન થઈ શકતા 'तवर्गस्य० १.३.६०' સૂત્રથી नाम् ના न् નો ण् આદેશ થયો છે.

(4) તૃતીય વ્યંજન પદાન્તે વર્તતો હોય તો જ સૂત્રકાર્ય થાય, એવું કેમ ?

| (a) यज्ञः | | (b) सद्म | |
|---|---|---|---|
| | यज् (९९१) | | षद् (९६६) |
| ✻ 'यजि-स्वपि० ५.३.८५' → | यज् + न | ✻ 'षः सोऽष्ट्यै० २.३.९८' → | सद् |
| ✻ 'तवर्गस्य० १.३.६०' → | यज् + ञ + सि | ✻ 'मन् (उणा० ९११)' → | सद् + मन् + सि |
| ✻ 'सो रुः २.१.७२' → | यज्ञर् | ✻ 'अनतो० १.४.५९' → | सद्मन् |
| ✻ 'रः पदान्ते० १.३.५३' → | यज्ञः। | ✻ 'नाम्नो नो० २.१.९१' → | सद्म। |

અહીં यज् + न અને सद् + मन् અવસ્થામાં વર્ગીય પંચમવર્ણ આદિમાં હોય તેવા ક્રમશઃ न અને मन् પ્રત્યય પરમાં છે, પરંતુ વર્ગના તૃતીય વ્યંજન ज् અને द् પદને અંતે નથી, માટે આ સૂત્રથી તેમનો અનુનાસિક આદેશ ન થયો.

(5) 'तृतीयस्य पञ्चमे १.३.१' સૂત્રમાં કહેવાયેલી વાતોમાં કેટલીક શેષ (બાકી) રહી ગયેલી વાત આ સૂત્રમાં કહેવાય છે, એવું च કારથી પ્રતિપાદિત થાય છે. તેનાથી એ સૂચિત થાય છે કે वा નો આ સૂત્રમાં સંબંધ ન કરતા ઉત્તરસૂત્રોમાં તેની અનુવૃત્તિ લઇ જવી. ટૂંકમાં અહીં च નું ગ્રહણ આગળના સૂત્રોમાં वा ની અનુવૃત્તિ લઇ જવા માટે છે ।।૨।।

## ततो हश्चतुर्थः ।। १.३.३।।

**बृ.वृ.–पदान्ते वर्तमानात् (1)ततस्तृतीयात् परस्य हकारस्य स्थाने (2)प्रत्यासत्त्या पूर्वसवर्गश्चतुर्थो वा भवति। (3)वाग्घीनः, वाग्हीनः; अज्-झलौ, अज्-हलौ; षड्ढलानि, षड्हलानि; तद्धितम्, तद्हितम्; ककुब्भासः, ककुब्हासः। (4)तत इति किम्? प्राङ् हसति, भवान् हरति ।।३।।**

---

**सूत्रार्थ :-** પદાન્તે વર્તતા તૃતીયવ્યંજનથી પરમાં રહેલા ह् ને સ્થાને પૂર્વના તૃતીય વ્યંજનના વર્ગનો ચતુર્થ વ્યંજન વિકલ્પે થાય છે.

<u>વિવરણ :-</u> (1) **શંકા** :- આગળથી ચાલી આવતી तृतीयस्य શબ્દની અનુવૃત્તિને '*अर्थवशाद् विभक्तिपरिणामः*' (A) ન્યાયથી तृतीयात् રૂપે આ સૂત્રમાં લઇ શકાય છે, તેથી સૂત્રમાં तृतीयात् ને સૂચવવા ततः કર્યું છે તે ગૌરવભૂત છે.

---

(A) અર્થાનુસાર વિભક્તિનું પરિવર્તન થાય છે.

**સમાધાન :-** એવું નથી. જો અહીં ततः ન કરીએ તો આગળના સૂત્રથી ચાલી આવતી तृतीयस्य ની અનુવૃત્તિને લઈને કોઈ हकारात् परस्य तृतीयस्य... (= પદાન્તે વર્તતા ह् થી પરમાં રહેલ તૃતીય વ્યંજનનો...) એવો અર્થ કરી બેસે.

**શંકા :-** પદાન્તે ह् હોય એવું તો ક્યારેય સંભવે જ નહીં, કારણ 'हो धुट्-पदान्ते ૨.૧.૮૨' સૂત્રથી ह् નો ढ् થઈ જાય. તેથી તમે કહો છો એવો અર્થ કોઈ કેવી રીતે કરે ?

**સમાધાન :-** '*भूतपूर्वकस्तद्वदुपचारः*[A] ન્યાયથી ढ् ને ह् સ્વરૂપ માનીને તેવો અર્થ કોઈ કરી શકે છે. તે ન થાય માટે સૂત્રમાં ततः નું ગ્રહણ છે.

**(2) શંકા :-** ह् વર્ણ કંઠ્ય હોવાથી અને તેને આસન્ન ચતુર્થવર્ણ घ् હોવાથી ह् નો घ् જ થશે, झ्, ढ्, ध् કે भ् નહીં. તેવું ન થઈ જાય માટે સૂત્રમાં चतुर्थः ને બદલે पूर्वचतुर्थः કરવું જોઈએ, જેથી પૂર્વેના તૃતીય વ્યંજનના વર્ગનો ચતુર્થ વર્ણ થવા રૂપ કાર્ય થાય.

**સમાધાન :-** જો સૂત્રકારને ह् ના સ્થાને घ् જ કરવો ઈષ્ટ હોત તો चतुर्थ ને બદલે घ् લઈને 'ततो हो घः' એવું લાઘવયુક્ત સૂત્ર બનાવત. चतुर्थः શબ્દને લઈને તેમણે ગૌરવ કર્યું છે તે જ બતાવે છે કે चतुर्थ શબ્દની પ્રત્યાસત્તિ (સંબંધ) પૂર્વના શબ્દ (તૃતીય વ્યંજન) સાથે છે. તેથી 'પૂર્વમાં રહેલ તૃતીય વ્યંજનના વર્ગનો ચતુર્થ' એવો અર્થ પ્રાપ્ત થશે. એ અર્થને જણાવવા વૃત્તિમાં 'प्रत्यासत्या पूर्वसवर्गश्चतुर्थः' શબ્દ છે.

**(3) <u>દૃષ્ટાંત</u> -**

**(i) वाग्घीनः**

**वाचा हीनः =**

| | |
|---|---|
| * 'ऊनार्थपूर्वाद्यैः ३.१.६७' → | वाच् + हीन |
| * 'चजः कगम् २.१.८६' → | वाक् + हीन |
| * 'धुटस्तृतीयः २.१.७६' → | वाग् + हीन |
| * 'ततो हश्० १.३.३' → | वाग् + घीन + सि |
| * 'सो रुः २.१.७२' → | वाग्घीनर् |
| * 'रः पदान्ते० १.३.५३' → | वाग्घीनः। |
| * 'વિકલ્પ પક્ષે' → | वाग्हीनः। |

**(ii) अज्झलौ**

**अच्[B] च हल् च =**

| | |
|---|---|
| * 'चार्थे द्वन्द्वः० ३.१.११७' → | अच् + हल् |
| * 'धुटस्तृतीयः २.१.७६' → | अज् + हल् |
| * 'ततो हश्० १.३.३' → | अज् + झल् + औ |
| | = अज्झलौ। |
| * 'વિકલ્પ પક્ષે' → | अज्हलौ। |

(A) જેનું સ્વરૂપ વર્તમાનમાં બદલાયું છે, તેવા શબ્દ કે ધાતુને ઉપચારથી પૂર્વે જેવો હતો તેવા સ્વરૂપે માનીને કાર્ય કરવું.

(B) अच् એટલે 'સ્વર' અને हल् એટલે 'વ્યંજન', આ પાણિનિ વ્યાકરણમાં વપરાતી સંજ્ઞાઓ છે.

**શંકા :-** अच् + हल् અવસ્થામાં તમે 'चजः कगम् २.१.८६' સૂત્રથી च્ નો क् આદેશ કેમ નથી કરતા ?

**સમાધાન :-** પાણિનિ વ્યાકરણમાં સ્વરોને જણાવવા જેમ अच् સંજ્ઞાશબ્દ વપરાય છે, તેમ સમાન સ્વરોને જણાવવા अक् સંજ્ઞાશબ્દ વપરાય છે. હવે અર્થનું પ્રત્યાયન (બોધ) કરાવવું એ શબ્દનું પ્રયોજન હોય છે. શબ્દના સ્વરૂપમાં ફેરફાર થવાથી જો અર્થ પ્રત્યાયન રૂપ પ્રયોજન ન સરતું હોય તો શબ્દસ્વરૂપમાં ફેરફાર ન કરાય. તેથી જો 'चजः कगम् २.१.८६' સૂત્રથી अच् ના च् નો क् આદેશ કરવામાં આવે તો તે 'સ્વર' અર્થને બદલે અનિષ્ટ એવા 'સમાન સ્વર' નું પ્રત્યાયન કરાવે. માટે અમે अच् ના च् નો क् આદેશ નથી કરતા.

શબ્દનું પ્રયોજન અર્થ પ્રત્યાયન કરાવવાનું છે. આથી જ 'सिजद्यतन्याम् ३.४.५३' સ્થળે પણ सिच् ના च् નો 'चजः कगम् २.१.८६' સૂત્રથી क् કરવા દ્વારા सिक् નથી કર્યો. અન્યથા એવો અર્થ પ્રતીત થાત કે - અદ્યતનીના પ્રત્યય પરમાં હોતે છતે ધાતુને ઉણાદિનો सिक् પ્રત્યય કરવો.

**(iii) षड्ढलानि**

षट् च हलानि च =

* 'संख्या समाहारे० ३.१.९९' → षष् + हल

* 'धुटस्तृतीयः २.१.७६' → षड् + हल

* 'ततो हश्० १.३.३' → षड् + ढल + जस्

* 'नपुंसकस्य शिः १.४.५५' → षड्ढल + शि

* 'स्वराच्छौ १.४.६५' → षड्ढलन् + शि

* 'नि दीर्घः १.४.८५' → षड्ढलान् + शि

= षड्ढलानि।

* 'વિકલ્પ પક્ષે' → षड्हलानि।

**(iv) तद्धितम्**

तस्मै हितम् =

* 'हितादिभिः ३.१.७१' → तद् + हित

* 'ततो हश्० १.३.३' → तद् + धित + सि

* 'अतः स्यमो० १.४.५७' → तद्धित + अम्

* 'समानादमो० १.४.४६' → तद्धित + म्

= तद्धितम्।

* 'વિકલ્પ પક્ષે' → तद्हितम्।

**(v) ककुब्भासः** — * 'षष्ठ्ययत्नाच्० ३.१.७६' → ककुभां हासः = ककुप् + हास, * 'धुटस्तृतीयः २.१.७६' → ककुब् + हास, * 'ततो हश्० १.३.३' → ककुब् + भास + सि, * 'सो रुः २.१.७२' → ककुब्भासर्, * 'रः पदान्ते० १.३.५३' → ककुब्भासः। * 'વિકલ્પ પક્ષે' → ककुब्हासः।

(4) તૃતીય વ્યંજનથી જ પરમાં હ્ નો આદેશ થાય એવું કેમ ?

(a) प्राङ् हसति

प्राञ्चतीति क्विप् =

✽ 'क्विप् ५.१.१४८' → प्राञ्च् + क्विप् (०)
✽ 'अञ्चो० ४.२.४६' → प्राच् + सि
✽ 'अचः १.४.६९' → प्रान्च् + सि
✽ 'दीर्घङ्याब्० १.४.४५' → प्रान्च्
✽ 'पदस्य २.१.८९' → प्रान्
✽ 'युजञ्च० २.१.७१' → प्राङ् हसति।

(b) भवान् हरति

भवत् + सि

✽ 'ऋदुदितः १.४.७०' → भवन्त् + सि
✽ 'न्स्महतोः १.४.८६' → भवान्त् + सि
✽ 'दीर्घङ्याब्० १.४.४५' → भवान्त्
✽ 'पदस्य २.१.८९' → भवान् हरति।

આ બન્ને સ્થળે પદાન્ત ङ् અને न् વર્ગના તૃતીય વ્યંજન નથી, માટે તેઓથી પરમાં રહેલા ह् નો આ સૂત્રથી ક્રમશઃ घ् અને ध् આદેશ ન થયો ।।૩।।

## प्रथमादधुटि शश्छः ।। १.३.४ ।।

**बृ.वृ.–पदान्ते वर्तमानात् प्रथमात् परस्य शकारस्य स्थानेऽ[1]धुटि परे छकारादेशो वा भवति। [2]वाक्छूरः, वाक्शूरः, वाक्छ्लक्ष्णः, वाक्श्लक्ष्णः, तच् छ्वेतम्, तच् श्वेतम्, उच्छ्मश्रुः, उच्श्मश्रुः तच् छ्मीलति, तच् श्मीलति; षट्छ्यामाः, षट्श्यामाः; त्रिष्टुप्छ्रुतम्, त्रिष्टुप्श्रुतम्। [3]प्रथमादिति किम्? प्राङ् शूरः, भवाञ् शोभनः। [4]अधुटीति किम्? वाक् श्च्योतति ।।४।।**

**सूत्रार्थ :-** પદાન્તે વર્તતા પ્રથમ વ્યંજનથી પરમાં રહેલા श् ના સ્થાને, તેની પરમાં धुट् સિવાયનો વર્ણ આવે તો વિકલ્પે छ् આદેશ થાય છે.

**सूत्रसमास :-** ◆ न धुट् = अधुट् (नञ् तत्०), तस्मिन् = अधुटि।

<u>વિવરણ :-</u> (1) नञ् બે પ્રકારના હોય છે; પર્યુદાસ नञ् અને પ્રસજ્યપ્રતિષેધ नञ्. એમાં પ્રસજ્યપ્રતિષેધ नञ् કેવળ નિષેધકૃત હોય છે, તેથી સૂત્રગત अधुटि સ્થળે જો તેની વિવક્ષા હોય તો धुटि परे न भवति (धुट्वर्ण પરમાં હોય તો श् નો छ् ન થાય) એવો અર્થ થશે. તેથી वाक्श् સ્થળે श् થી પરમાં धुट्वर्ण ન હોવાથી આ સૂત્રથી श् નો छ् થવાનો અનિષ્ટ પ્રસંગ આવે. પર્યુદાસ नञ् '**तद्भिन्नः तत्सदृग्ग्राही**' હોય છે. अधुटि સ્થળે જો તેની વિવક્ષા હોય તો धुट्भिन्ने वर्णे परे भवति (ધુટ્ભિન્ન સ્વર, અન્તસ્થા કે અનુનાસિક પરમાં હોતે છતે श् નો छ् થાય) એવો અર્થ પ્રાપ્ત થાય કે જે ઇષ્ટ છે. તેથી अधुटि સ્થળે પર્યુદાસ नञ् સમજવો, જેનાથી સ્વર-અન્તસ્થા કે અનુનાસિક વર્ણ છે પરમાં જેને એવો श કાર આ સૂત્રમાં સ્થાનીરૂપે પ્રાપ્ત થશે.

(2) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) वाक्छूरः | (ii) वाक्छ्लक्ष्णः |
|---|---|---|---|
| | | वाचा शूरः | वाचा श्लक्ष्णः |
| ✻ 'ऊनार्थपूर्वाद्यैः ३.१.६७' | → | वाच् + शूरः | वाच् + श्लक्ष्णः |
| ✻ 'चजः कगम् २.१.८६' | → | वाक् + शूरः | वाक् + श्लक्ष्णः |
| ✻ 'धुटस्तृतीयः २.१.७६' | → | वाग् + शूरः | वाग् + श्लक्ष्णः |
| ✻ 'अघोषे प्रथमो० १.३.५०' | → | वाक् + शूरः | वाक् + श्लक्ष्णः |
| ✻ 'प्रथमादधुटि० १.३.४' | → | वाक्छूरः। | वाक्छ्लक्ष्णः। |
| ✻ 'વિકલ્પ પક્ષે' | → | वाक्शूरः। | वाक्श्लक्ष्णः। |

| | | (iii) तच्छ्वेतम् | (iv) उच्छ्मश्रुः | (v) तच् छ्मीलति |
|---|---|---|---|---|
| | | तत् + श्वेतम् | उद्गतानि श्मश्रूणि यस्य = | तत् + श्मीलति |
| ✻ 'एकार्थं चाने० ३.१.२२' | → | ↓ | उद् + श्मश्रुः | ↓ |
| ✻ 'धुटस्तृतीयः २.१.७६' | → | तद् + श्वेतम् | उद् + श्मश्रुः | तद् + श्मीलति |
| ✻ 'तवर्गस्य० १.३.६०' | → | तज् + श्वेतम् | उज् + श्मश्रुः | तज् + श्मीलति |
| ✻ 'अघोषे प्रथमो० १.३.५०' | → | तच् + श्वेतम् | उच् + श्मश्रुः | तच् + श्मीलति |
| ✻ 'प्रथमादधुटि० १.३.४' | → | तच्छ्वेतम्। | उच्छ्मश्रुः। | तच् छ्मीलति। |
| ✻ 'વિકલ્પ પક્ષે' | → | तच्श्वेतम्। | उच्श्मश्रुः। | तच् श्मीलति। |

| | | (vi) षट्छ्यामाः | (vii) त्रिष्टुप्छ्रुतम् |
|---|---|---|---|
| | | षण्णां श्यामा = | त्रिष्टुभः श्रुतम् |
| ✻ 'षष्ठ्ययत्नाच्० ३.१.७६' | → | षष् + श्यामाः | त्रिष्टुभ् + श्रुतम् |
| ✻ 'धुटस्तृतीयः २.१.७६' | → | षड् + श्यामाः | त्रिष्टुब् + श्रुतम् |
| ✻ 'अघोषे प्रथमो० १.३.५०' | → | षट् + श्यामाः | त्रिष्टुप् + श्रुतम् |
| ✻ 'प्रथमादधुटि० १.३.४' | → | षट्छ्यामाः। | त्रिष्टुप्छ्रुतम्। |
| ✻ 'વિકલ્પ પક્ષે' | → | षट्श्यामाः। | त्रिष्टुप्श्रुतम्। |

**શંકા :-** वाक्छूरः વિગેરે પ્રયોગમાં સર્વત્ર તૃતીયવર્ણનો 'अघोषे प्रथमोऽशिटः १.३.५०' સૂત્રથી પ્રથમ વર્ણ કર્યા બાદ પ્રસ્તુત સૂત્રથી પરમાં રહેલા श् નો छ् કરાય છે, તેને બદલે તૃતીયવર્ણ હોય ત્યારે જ श् નો छ् કરી દેવાય તો આ સૂત્રમાં प्रथमाद् લખવાની જરૂર ન રહે અને तृतीयात् ના ચાલી આવતા અધિકારથી (અનુવૃત્તિથી) કામ સરે.

**સમાધાન :-** 'अघोषे प्रथमोऽशिटः १.३.५०' એ પરસૂત્ર હોવાથી પહેલાં તૃતીયવર્ણનો પ્રથમવર્ણ કરવો પડે. તેથી તૃતીયવર્ણ ન બચતા श् નો छ् આદેશ થાય શી રીતે ? માટે સૂત્રમાં प्रथमाद् નું ઉપાદાન જરૂરી છે.

**શંકા :-** 'अघोषे प्रथमोऽशिटः' સૂત્રમાં अनु નો અધિકાર ચાલી આવે છે, તેથી તે સૂત્રનું કાર્ય સૌથી છેલ્લે થશે. માટે તૃતીયવર્ણ બચતા ઉપર અમે કહ્યું તેમ प्रथमाद् પદની સૂત્રમાં જરૂર નથી.

**સમાધાન :-** प्रथमाद् પદ ન લખતા तृतीयाद् ની અનુવૃત્તિ લઇને જો તૃતીય વ્યંજનથી પર રહેલા श् નો छ् કરવામાં આવે તો તૃતીયવર્ણથી પરમાં श् ના छ् આદેશના વિધાનના બળથી તૃતીય વ્યંજનનો પછીથી 'अघोषे० १.३.५०' સૂત્ર દ્વારા પ્રથમ વ્યંજન ન થઇ શકે. તેથી वाग्छुरः આવો અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવે. જેમકે- 'ड्नः सः त्सोऽश्चः १.३.१८' સૂત્રમાં षड् त्सीदन्ति સ્થળે ड् થી પરમાં રહેલાં स् નો त्स् આદેશ કરે છતે, પછીથી 'अघोषे० १.३.५०' સૂત્રથી ड् નો ट् નથી થઇ શકતો.

વળી, દરેક વખતે તૃતીય વ્યંજનનો જ 'अघोषे०' સૂત્રથી પ્રથમ વ્યંજન થાય છે, તેવું નથી. જેમકે- प्राङ्क् છેતે, सुगण्ट् છેતે. અહીં ङ्-णोः कटा० १.३.१७' સૂત્રથી क् અને ट् નો આગમ થયો છે. ત્યાં તૃતીય વ્યંજનનો અભાવ હોવાથી श् નો छ् ન થવાની આપત્તિ આવે. भवाञ् छूरः (જુઓ - नः शि ञ् १.३.१९) સ્થળે પણ મૂળથી अञ्च् નો च् હોવાથી તેની પરમાં श् નો छ् ન થઇ શકે.

(3) વર્ગીય પ્રથમવર્ણથી જ પરમાં श् નો વિકલ્પે छ् થાય એવું કેમ કહ્યું ?

**(a) प्राङ् शूरः**

| | | |
|---|---|---|
| | | प्राञ्चतीति क्विप् = |
| * 'क्विप् प्र. ५.१.१४८' | → | प्राञ्च् + क्विप्(०) |
| * 'अञ्चो० ४.२.४६' | → | प्राच् + सि |
| * 'अचः १.४.६९' | → | प्रान्च् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | प्रान्च् |
| * 'पदस्य २.१.८९' | → | प्रान् |
| * 'युजञ्च० २.१.७१' | → | प्राङ् शूरः। |

**(b) भवाञ् शोभनः**[A]

| | | |
|---|---|---|
| | | भवत् + सि |
| * 'ऋदुदितः १.४.७०' | → | भवन्त् + सि |
| * 'न्स्महतोः १.४.८६' | → | भवान्त् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | भवान्त्। |
| * 'पदस्य २.१.८९' | → | भवान्। |
| * 'तवर्गस्य० १.३.६०' | → | भवाञ् शोभनः। |

આ બન્ને સ્થળે પદાન્ત ङ् અને ञ् વર્ગીય પ્રથમવર્ણ નથી, તેથી તેમની પરમાં રહેલાં श् નો આ સૂત્રથી छ् આદેશ ન થયો.

(A) शोभत इत्येवंशीलः शोभनः। 'इङितो व्यञ्जना० ५.२.४४' इत्यनः।

(4) ધુટ્‌ભિન્ન જ વર્ણ પરમાં હોય તો श् નો વિકલ્પે छ् થાય, એવું કેમ કહ્યું ?

**वाक् श्च्योतति — ✻ वाच् श्च्योतति, ✻ 'चजः कगम् २.१.८६' → वाक् श्च्योतति, ✻ 'धुटस्तृतीयः २.१.७६' → वाग् श्च्योतति, ✻ 'अघोषे प्रथमो० १.३.५०' → वाक् श्च्योतति।**

અહીં વર્ગના પ્રથમ વ્યંજન પદાન્ત क् થી પરમાં રહેલા श् ની પરમાં રહેલ च् ધુટ્‌ભિન્ન વર્ણ નથી, માટે આ સૂત્રથી તેનો छ् આદેશ ન થયો ।।૪।।

## रः कख-पफयोः ≍ क-)(पौ ।।१.३.५।।

**बृ.वृ.–पदान्ते वर्तमानस्य रेफस्य क[(1)]-खे प-फे च परे यथासंख्यं ≍क-)(पौ जिह्वामूलीयोपध्मानीयावादेशौ[(2)] वा भवतः। ककार[(3)]-पकारा-ऽकारा उच्चारणार्थाः। क[(4)] ≍ करोति, क≍ खनति, क)(पचति, क)(फलति, अन्त ≍ करोति, अन्त)(फलति; पक्षे "रः पदान्ते विसर्गस्तयोः" (१.३.५३) इत्यनेन विसर्गः–कः करोति, कः खनति, कः पचति, कः फलति, अन्तः करोति, अन्तः फलति। विसर्गापवादो[(5)]ऽयम्, एवमुत्तरावपि ।।५।।**

---

**सूत्रार्थ :-** પદાન્તે રહેલાં र् નો, જો તેની પરમાં क् કે ख् હોય તો ≍(જિહ્વામૂલીય) આદેશ અને प् કે फ् હોય તો )( (ઉપધ્માનીય) આદેશ વિકલ્પે થાય છે.

**सूत्रसमास :-** ◆ कश्च खश्च = कखम् (स.द्व.), पश्च फश्च = पफम् (स.द्व.), कखं च पफं च = कखपफौ (इ.द्व.), तयोः = कख-पफयोः।

<u>વિવરણ :-</u> (1) સૂત્રમાં कख-पफयोः સ્થળે સૂત્રસમાસમાં બતાવ્યું તેમ कखम् અને पफम् દ્વન્દ્વસમાસો છે ગર્ભમાં જેના એવો દ્વન્દ્વસમાસ છે. આથી બૃ. વૃત્તિમાં અંતર્વર્તી દ્વન્દ્વસમાસને નજરમાં લઇને 'कखे पफे च' આમ બે-બેની જોડી બતાવી છે.

(2) ≍क અને )( प ને પૂર્વાચાર્યોએ પાડેલી સંજ્ઞાનુસાર જિહ્વામૂલીય અને ઉપધ્માનીય કહેવામાં આવે છે. આથી બૃ. વૃત્તિમાં તેમના માટે 'जिह्वामूलीयोपध्मानीयावादेशौ...' પંક્તિ લખી છે.

(3) સૂત્રગત ≍क અને )( प માં ક્રમશઃ કકાર અને પ કાર ઉચ્ચારણાર્થે છે. તથા क, ख, प અને फ માં અકાર ઉચ્ચારણાર્થે છે.

**(4) દૃષ્ટાંત -**

| | (i) क ≍ करोति | (ii) क ≍ खनति | (iii) क )( पचति | (iv) क )( फलति |
|---|---|---|---|---|
| | किम् + सि | किम् + सि | किम् + सि | किम् + सि |
| ✻ 'किमः क० २.१.४०' → | क + स् | क + स् | क + स् | क + स् |
| ✻ 'सो रुः २.१.७२' → | कर् करोति | कर् खनति | कर् पचति | कर् फलति |
| ✻ 'रः कख० १.३.५' → | क ≍ करोति। | क ≍ खनति। | क )( पचति। | क )( फलति। |
| ✻ 'વિકલ્પ પક્ષે' → | कः[(A)] करोति। | कः खनति। | कः पचति। | कः फलति। |

| | (v) अन्त ≍ करोति | (vi) अन्त )( फलति |
|---|---|---|
| | अन्तर् करोति | अन्तर् फलति |
| ✻ 'रः कख० १.३.५' → | अन्त ≍ करोति। | अन्त )( फलति। |
| ✻ 'વિકલ્પ પક્ષે' → | अन्तः करोति। | अन्तः फलति। |

**શંકા :-** 'रः पदान्ते० १.३.५३' સૂત્રમાં रः એમ નિરનુબંધ र् નો નિર્દેશ હોવાથી अन्तर् વિગેરે શબ્દના નિરનુબંધ र् નો વિસર્ગ થાય તે બરાબર છે, પરંતુ સાનુબંધ रु (र्) નો વિસર્ગ શી રીતે થાય ? કારણ ન્યાય છે કે ***'निरनुबन्धग्रहणे न सानुबन्धकस्य'***[(B)] તેથી 'रः पदान्ते०' સૂત્રથી कः करोति વિગેરે પ્રયોગ ન થઇ શકે, કારણ ત્યાં 'सो रुः २.१.७२' સૂત્રથી થયેલો स् નો સાનુબંધ रु (र्) છે.

**સમાધાન :-** તમારી વાત સાચી છે, પરંતુ નિરનુબંધ र् થી र् નું જ ગ્રહણ થતું હોત અને સાનુબંધ रु (र्) નું ગ્રહણ ન થતું હોત તો 'अरोः सुपि रः १.३.५७' એવું સૂત્ર ન બનાવતા 'सुपि रः' એવું સૂત્ર બનાવત. કારણકે તે સૂત્રમાં 'रः पदान्ते० १.३.५३' સૂત્રથી નિરનુબંધ र् ની અનુવૃત્તિ ચાલી આવે છે. અનુવૃત્ત र् થી નિરનુબંધ र् નું જ ગ્રહણ થતું હોત તો अरोः શબ્દ દ્વારા ત્યાં रु (र्) નું વર્જન શા માટે કરત ? છતાં ત્યાં रु (र्) નું વર્જન કર્યું છે, તે જ બતાવે છે કે ***'निरनुबन्धग्रहणे सामान्यग्रहणम्'***[(C)] એવો ન્યાય પણ છે. તેથી कर् करोति વિગેરે સ્થળે रु (र्) હોવા છતાં 'रः पदान्ते०' સૂત્રથી વિસર્ગ થઇ कः करोति વિગેરે પ્રયોગ થશે.

**(5)** 'रः पदान्ते० १.३.५३' સૂત્રથી र् ને વિસર્ગની પ્રાપ્તિ હતી. પ્રસ્તુત સૂત્ર તથા હવે પછીના બે સૂત્ર; એમ ત્રણ સૂત્ર (१.३.५ થી १.३.७ સુધીના) 'रः पदान्ते०' સૂત્રના અપવાદસૂત્ર સમજવા. તેથી પહેલાં આ સૂત્રોની પ્રવૃત્તિ થશે અને વિકલ્પપક્ષે 'रः पदान्ते०' સૂત્રની પ્રવૃત્તિ થશે ।।५।।

---

**(A)** અહીં 'रः पदान्ते० १.३.५३' સૂત્રથી વિસર્ગ થયો છે. આગળ પણ તેમ સમજવું.

**(B)** અનુબંધરહિત કોઇ શબ્દનો સૂત્રમાં ઉચ્ચાર કરીને જે કાર્ય કહ્યું હોય, તે કાર્ય જો નિરનુબંધ શબ્દનું ગ્રહણ સંભવતું હોય તો તેનાથી થાય છે, સાનુબંધ શબ્દથી નહીં.

**(C)** સૂત્રમાં નિરનુબંધ શબ્દનું ગ્રહણ હોય તો સામાન્યરૂપે (અર્થાત્ સાનુબંધ-નિરનુબંધ એ બન્નેનું) ગ્રહણ કરવું.

# श-ष-से श[1]-ष-सं वा ।।१.३.६।।

**बृ.वृ.–पदान्ते वर्तमानस्य रेफस्य श-ष-सेषु परेषु [2]यथासंख्यं 'श ष स' इत्येते आदेशा वा भवन्ति। [3]कश्शेते, कः शेते; कष्षण्डः कः षण्डः; कस्साधुः, कः साधुः; अन्तश्शेते, अन्तः शेते; मातष्षण्डे!, मातः षण्डे!, पयस्सु, पयःसु। [4]कथं गीर्षु, धूर्षु? अरो रेफस्य सुपि रेफो वक्ष्यते। '[5]कः श्शकार' इत्यादिषु त्वघोषे शिट्परे विसर्जनीयस्य विधानाद् रेफ एव नास्तीति न भवति; एवं पूर्वोत्तरयोरपि योगयोर्द्रष्टव्यम्–वासः क्षौमम्, अद्भिः प्सातम्, असेः त्सरुः। [6]नवाधिकारे वाग्रहणमुत्तरत्र विकल्पनिवृत्त्यर्थम् ।।६।।**

---

**सूत्रार्थ :-** પદાન્તે રહેલાં र् નો, જો તેની પરમાં श् , ष् કે स् આવે તો અનુક્રમે श् , ष् કે स् આદેશ વિકલ્પે થાય છે.

**सूत्रसमास :-** ◆ शश्च षश्च सश्च = शषसम् (स.द्व.), तस्मिन् = शषसे। ◆ शश्च षश्च सश्च = शषसम् (स.द्व.)

<u>**વિવરણ :-**</u> **(1) શંકા :-** આ સૂત્ર श-ष-से सो वा એવું બનાવી માત્ર स् આદેશનું વિધાન કરવામાં લાઘવ છે, કારણ कश्शेते, कष्षण्डः વિગેરે સ્થળે જ્યાં श् કે ष् કરવો ઇષ્ટ છે ત્યાં આ સૂત્રથી થયેલાં स् નો 'सस्य शषौ १.३.६१' સૂત્રથી श् કે ष् થઇ શકશે.

**સમાધાન :-** હા, પરંતુ આ પછીના '१.३.७' અને '१.३.८' સૂત્રમાં च-ट-त ના યોગમાં ક્રમશઃ र् અને न् ના श्-ष्-स् આદેશ કરવા ઇષ્ટ છે, જેથી कश्चरति, कष्टीकते, भवाँश्चरति, भवाँष्टीकते વિગેરે પ્રયોગો સિદ્ધ થઇ શકે, તેથી તે બે સૂત્રો માટે પ્રસ્તુત સૂત્રમાં सः ના બદલે श-ष-सम् પદ મૂક્યું છે. અહીં એ વાત ધ્યાનમાં રાખવી કે જો આ સૂત્રમાં सः પદ મૂકી 'चटते० १.३.७' સૂત્રમાં श-ष-सम् પદ મૂકત તો स પદનું બે વાર ગ્રહણ થવાથી ગૌરવ થાત.

**શંકા :-** '१.३.७' અને '१.३.८' સૂત્રોમાં પણ આ સૂત્રથી सः પદની અનુવૃત્તિ લઇ જો र् અને न् નો स् આદેશ જ કરવામાં આવત તો પણ कश्चरति વિગેરે સ્થળે 'सस्य शषौ १.३.६१' સૂત્રથી स् નો श् અને ष् આદેશ થઇ સર્વ પ્રયોગ યથાયોગ્ય સિદ્ધ થઇ જ જાત. તેથી પછીના સૂત્રો માટે પણ પ્રસ્તુત સૂત્રમાં श-ष-सम् પદની જરૂર નથી.

**સમાધાન :-** कश्शेते, अन्तश्शेते ઇત્યાદિમાં 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી તૃતીયવર્ણ થઇ कज्शेते, अन्तज्शेते એવા અનિષ્ટ પ્રયોગ ન થઇ જાય માટે સૂત્રમાં श्, ष् નું પૃથક્ વિધાન છે. જેથી તેમના વિધાન સામર્થ્યથી તેમાં કોઇ ફેરફાર ન થઇ શકે.

**શંકા :-** कश्शेते, अन्तश्शेते વિગેરે સ્થળે 'धुटस्तृतीयः' સૂત્રની પ્રવૃત્તિ શક્ય જ નથી કે જેથી श्, ष् નું પૃથક્ વિધાન કરવું પડે. कश्शेते વિગેરે સ્થળે 'धुटस्तृतीयः' સૂત્રની પ્રવૃત્તિ કરવામાં 'सो रुः २.१.७२' સૂત્રથી થયેલો रु (र्) અસત્ મનાવાથી र् નો થયેલો श् પણ અસત્ મનાશે, તેથી 'धुटस्तृतीयः' સૂત્રથી श् નો ज् થવાનો પ્રશ્ન જ નહીં રહે.

अन्तश्शेते સ્થળે अन्तर् ના र् નો પ્રસ્તુત સૂત્રથી श् કરવો એ બહુનિમિત્તક(A) કાર્ય હોવાથી બહિરંગ કાર્ય છે. જ્યારે 'धुटस्तृतीयः' સૂત્રથી श् નો ज् કરવો એ અલ્પનિમિત્તક(B) કાર્ય હોવાથી અંતરંગ કાર્ય છે. ***'असिद्धं बहिरङ्गमन्तरङ्गे'***(C) ન્યાયથી श् નો ज् કરવા રૂપ અંતરંગ કાર્ય કરવામાં, र् નો श् કરવા રૂપ બહિરંગ કાર્ય અસિદ્ધ (અસત્) મનાય. આમ श् અસત્ થવાથી ત્યાં 'धुटस्तृतीयः' ની પ્રવૃત્તિ નહીં થાય.

**સમાધાન :-** તમારી વાત સાચી છે કે સૂત્રમાં श् કે ष् ની જરૂર નથી. છતાં સૂત્રમાં તેનું ગ્રહણ કર્યું છે, તે એવું જણાવવા માટે કે ***'असिद्धं बहिरङ्गमन्तरङ्गे'*** ન્યાય અનિત્ય છે.

એ ન્યાય અનિત્ય હોવાથી જ बभूवुषा પ્રયોગમાં ऊ નો उव् થઈ શક્યો છે. તે આ રીતે - **भू + क्वसु(वस्) > भू भू + वस् > बभू + वस् + टा * 'क्वसुष्मतौ च २.१.१०५' → बभू + उष् + टा, * 'धातोरिवर्णो० २.१.५०' → बभुव् + उष् + टा, * 'भुवो वः० ४.२.४३' → बभूव् + उष् + टा = बभूवुषा।**

અહીં वस् નો उष् કરવો એ પ્રત્યયાશ્રિત કાર્ય હોવાથી બહિરંગ કાર્ય છે, જ્યારે 'धातोरिवर्णो०' થી बभू ના ऊ નો उव् કરવો એ પ્રકૃત્યાશ્રિત કાર્ય હોવાથી અંતરંગ કાર્ય છે. उव् કરવા રૂપ અંતરંગ કાર્યમાં બહિરંગ उष् અસત્ ન થતા वस् નહીં, પરંતુ उष् જ મનાશે. તેથી उष् (સ્વર) પરમાં હોતે છતે ऊ નો उव् થશે. જો બહિરંગ उष् કાર્ય અસત્ મનાત તો અંતરંગ ऊ નું उव् કાર્ય ન થઈ શકત. પરંતુ ***'असिद्धं बहिरङ्ग०'*** ન્યાય અનિત્ય હોવાથી उव् થઈ શક્યો. આમ એ ન્યાયની અનિત્યતા સૂત્રગત श् , ष् થી જણાવી છે.

વળી, સૂત્રમાં श् , ष् , स् નું ગ્રહણ એટલા માટે છે કે જેથી એ કાર્ય કર્યા બાદ એનાથી વિલક્ષણ એવું કાર્યાન્તર (બીજું કાર્ય) ન થાય. તેથી अन्तश्शेते, मातष्षण्डः ઇત્યાદિ સ્થળે 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી श् અને ष् નો અનુક્રમે ज् અને ड् નહીં થાય. (અહીં ખ્યાલમાં રાખવું કે ***'असिद्धं०'*** ન્યાય અનિત્ય છે, તેથી ज् અને ड् કાર્યની પ્રાપ્તિ હતી.)

---

**(A)** र् પદાન્તે હોય અને श् પરમાં હોય, એ બે નિમિત્તની ત્યાં જરૂર હોવાથી બહુનિમિત્તક કાર્ય છે.

**(B)** श् પદને અંતે હોય એ એક જ નિમિત્તની જરૂર હોવાથી અલ્પનિમિત્તક કાર્ય છે.

**(C)** અંતરંગ કાર્ય કરવાનું હોય ત્યારે બહિરંગકાર્ય અસિદ્ધ (અસત્) થાય છે. અંતરંગ કોને કહેવાય ? અને બહિરંગ કોને કહેવાય ? એ માટે જુઓ પેજ નં.૧૭૧ ની ટિપ્પણ- A.

**શંકા** :- આ સૂત્રથી श्, ष् કે स् કાર્ય કર્યા બાદ જો એનાથી વિલક્ષણ કાર્યાન્તર ન થતું હોય તો सर्पिष्षु માં 'सस्य शषौ' સૂત્રથી स् નો ष् કેમ કર્યો ? સાધનિકા → **सर्पिस् + सुप् (सु)**, ✻ **'सो रुः २.१.७६'** → **सर्पिर् + सु**, ✻ **'शषसे शषसं वा १.३.६'** → **सर्पिस् + सु**, ✻ **'नाम्यन्तस्था० २.३.१५'** → **सर्पिस् + षु**, ✻ **'सस्य शषौ १.३.६१'** → **सर्पिष् + षु = सर्पिष्षु।**

**સમાધાન** :- 'વિલક્ષણ કાર્યાન્તર ન થાય' એનો મતલબ એ કરવાનો છે કે श्, ष् કે स् નો તેમના સિવાયનો તૃતીય વિગેરે વર્ણ ન થાય. બાકી श्, ष् કે स् ગમે તે થઈ શકે. તેથી सर्पिष्षु માં स् નો ष् થઈ શકશે.

(2) આ સૂત્રમાં નિમિત્ત અને આદેશના વાચક ક્રમશઃ शषसे અને शषसम् આ બન્ને પદસ્થળે સમાહારદ્વન્દ્વ સમાસ યથાસંખ્યના લાભ માટે છે. આશય એ છે કે યથાસંખ્ય અન્વયનો લાભ ***'यथासङ्ख्यमनुदेशः समानाम्'*** ન્યાયથી થાય છે. તે ન્યાય તો પ્રવર્તે, જો જેમનો યથાસંખ્ય અન્વય કરવાની ભાવના હોય તેમના વચ્ચે સંખ્યાનું સામ્ય હોય અને તે બન્નેના વાચક પદો વચ્ચે વચનની સમાનતા હોય. પ્રસ્તુતમાં નિમિત્ત અને આદેશ બન્નેની ૩-૩ સંખ્યા સમાન છે. હવે તેમના વાચક પદો વચ્ચે વચનનું સામ્ય પણ જળવાઈ જાય તો યથાસંખ્ય અન્વયનો લાભ થઈ શકે. માટે બન્ને સ્થળે સમાહારદ્વન્દ્વ સમાસ કર્યો છે.

(3) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) **कश्शेते** | (ii) **कष्षण्डः** | (iii) **कस्साधुः** | (iv) **अन्तश्शेते** |
|---|---|---|---|---|---|
| | | किम् + सि | किम् + सि | किम् + सि | अन्तर् शेते |
| ✻ 'किमः क० २.१.४०' | → | क + स् | क + स् | क + स् | ↓ |
| ✻ 'सो रुः २.१.७२' | → | कर् शेते | कर् षण्डः | कर् साधुः | ↓ |
| ✻ 'श-ष-से० १.३.६' | → | कश्शेते। | कष्षण्डः। | कस्साधुः। | अन्तश्शेते। |
| ✻ 'વિકલ્પ પક્ષે' | → | कः शेते। | कः षण्डः। | कः साधुः। | अन्तः शेते। |

| | | (v) **मातः षण्डे!** |
|---|---|---|
| | | मातृ + सि (સંબો.) |
| ✻ 'हस्वस्य गुणः १.४.४१' | → | मातर् षण्डे! |
| ✻ 'श-ष-से० १.३.६' | → | मातष्षण्डे! |
| ✻ 'વિકલ્પ પક્ષે' | → | मातः षण्डे! |

| | | (vi) **पयस्सु** |
|---|---|---|
| | | पयस् + सुप् (सु) |
| ✻ 'सो रुः २.१.७२' | → | पयर् + सु |
| ✻ 'श-ष-से० १.३.६' | → | पयस्सु। |
| ✻ 'વિકલ્પ પક્ષે' | → | पयःसु। |

(4) શંકા :- गीर्षु , धूर्षु વિગેરે પ્રયોગમાં પ્રસ્તુત સૂત્રની પ્રવૃત્તિ કેમ ન થઇ ?

**સમાધાન :-** गीर् + सु તથા धूर् + सु અવસ્થામાં આ સૂત્રથી र् નો स् થવાની પ્રાપ્તિ હતી, પરંતુ 'अरोः सुपि रः १.३.५७' સૂત્રથી गीर् અને धूर् ના र् નો र् થાય છે, જે કાર્યાન્તરનો બાધક હોવાથી આ સૂત્રથી र् નો स् નહીં થાય.

| (i) गीर्षु | | (ii) धूर्षु | |
|---|---|---|---|
| | गिरतीति क्विप् | | धूर्वतीति क्विप् |
| * 'गॄपॄ० (उणा० ९४३)' → | गॄ + क्विप् (०) | * 'गॄपॄ० (उणा० ९४३)' → | धूर्व् + क्विप् (०) |
| * 'ऋतां क्ङितीर् ४.४.११६' → | गिर् + सुप् (सु) | * 'राल्लुक् ४.१.११०' → | धुर् + सुप् (सु) |
| * 'पदान्ते २.१.६४' → | गीर् + सु | * 'पदान्ते २.१.६४' → | धूर् + सु |
| * 'अरोः सुपि रः १.३.५७' → | गीर् + सु | * 'अरोः सुपि रः १.३.५७' → | धूर् + सु |
| * 'नाम्यन्तस्था० २.३.१५' → | गीर् + षु | * 'नाम्यन्तस्था० २.३.१५' → | धूर् + षु |
| | = गीर्षु। | | = धूर्षु। |

(5) कः शशकारः[(A)] ઇત્યાદિ સ્થળે અઘોષ વ્યંજન (श्) થી પરમાં રહેલો એવો શિટ્વર્ણ (श्) પરમાં હોતે છતે र् નો 'शिट्यघोषात्[(B)] १.३.५५' સૂત્રથી વિસર્ગ થઇ જતો હોવાથી र् નું (કાર્યીનું) અસ્તિત્વ જ ન રહેવાથી પ્રસ્તુત સૂત્રથી ત્યાં र् ને श् કાર્ય નથી થતું. એ જ રીતે वासः क्षौमम्, अद्भिः प्सातम् વિગેરે સ્થળે પૂર્વસૂત્ર 'रः कख० १.३.५' સૂત્રથી र् ને ક્રમશઃ જિહ્વામૂલીય અને ઉપધ્માનીય કાર્ય તથા असेः त्सरुः વિગેરે સ્થળે ઉત્તર સૂત્ર 'चटते० १.३.७' થી र् ને स् વિગેરે કાર્ય પણ થતું નથી.

<u>પ્રશ્ન</u> - कः शशकारः માં शशकार શેનું રૂપ છે ?

<u>જ.</u> - मातुश्शकारः, पितुश्शकारः ઇત્યાદિ વાક્ય અસ્પષ્ટ સંભળાવાથી શ્રોતા વાક્યના એકદેશ शशकार ને લઇને પૂછે છે કે 'कः शशकारः', એ રીતે થયેલો એ પ્રયોગ છે.

(6) શંકા :- नवा નો અધિકાર ચાલે છે, છતાં સૂત્રમાં वा નું ગ્રહણ કેમ કર્યું છે ? કેમ કે नवा અને वा બન્ને શબ્દ 'વિકલ્પ' એવા સમાન અર્થને જણાવે છે.

---

(A) कः शशकारः, वासः क्षौमम् વિગેરે પ્રયોગોની સાધનિકા બૃ.ન્યાસમાં જોવી.
(B) આમ તો कः शशकारः, वासः क्षौमम् વિગેરે સ્થળે 'रः पदान्ते० १.३.५३' સૂત્રથી વિસર્ગ સિદ્ધ જ હતો, છતાં 'शिट्यघोषात् १.३.५५' સૂત્રનું નિર્માણ નિયમ માટે છે. તેથી *'सिद्धे सत्यारम्भो नियमार्थः'* ન્યાયથી આ સૂત્રના વિષયમાં વિસર્ગકાર્ય જ થશે, અન્ય સૂત્રથી પ્રાપ્ત કાર્ય નહીં થાય.

**સમાધાન :-** નવા દ્વારા સૂચિત 'વિકલ્પ' સામર્થ્યથી સૂત્રકાર્યની વિકલ્પે પ્રવૃત્તિ અને વિકલ્પે નિવૃત્તિ સૂચવે છે. પ્રસ્તુત સૂત્રમાં कश्शेते વિગેરે સ્થળે આ સૂત્રપ્રાપ્ત श्-ष्-स् આદેશરૂપ કાર્યની પ્રવૃત્તિ અને कः शेते વિગેરે સ્થળે આ સૂત્રપ્રાપ્ત श्- ष्- स् આદેશરૂપ કાર્યની નિવૃત્તિ થાય છે. જે કાળે પ્રસ્તુત સૂત્રની પ્રવૃત્તિ કે નિવૃત્તિ પ્રવર્તે, તે વખતે 'रः पदान्ते० ૧.૩.૫૩' એ પર (અન્ય) સૂત્રકાર્યની પણ ક્રમશઃ નિવૃત્તિ કે પ્રવૃત્તિ પ્રવર્તે છે. આમ જે સ્વસૂત્રની પ્રવૃત્તિ-નિવૃત્તિ તેમ જ પરસૂત્રની પ્રવૃત્તિ-નિવૃત્તિ થાય છે, તે તો નવા ના ચાલી રહેલાં અધિકાર દ્વારા જ પ્રાપ્ત છે. છતાં આ સૂત્રમાં वा નું ગ્રહણ કરવામાં આવ્યું છે, તે નિરર્થક થવા દ્વારા જ્ઞાપન કરે છે કે નવા ના કારણે અત્યાર સુધીના સૂત્રોમાં જે સ્વસૂત્રકાર્યની તથા પરસૂત્રકાર્યની પ્રવૃત્તિ-નિવૃત્તિ ચાલતી હતી, તે અટકે છે અને પોતે (वा શબ્દ) આ સૂત્રમાં જોડાયો હોવાથી આ સૂત્ર પૂરતી જ સ્વસૂત્ર અને પરસૂત્રની પ્રવૃત્તિ-નિવૃત્તિને ખુલ્લી કરે છે અને તે હવે પછીના સૂત્રમાં અનુવર્તતો નથી ।।૬।।

## चटते सद्वितीये ।।१.३.७।।

**बृ.वृ.-पदान्ते वर्तमानस्य रेफस्य (1) चटतेषु सद्वितीयेषु परेषु (2) यथासङ्ख्यं श ष स इत्येते आदेशा भवन्ति। चछयोः शः – (3) कश्चरति, कश्छादयति, अन्तश्चरति, अन्तश्छादयति। टठयोः षः – कष्टीकते, कष्ठकारेण, पुनष्टीकते; पुनष्ठकारेण। त-थयोः सः-कस्तरति, कस्थुडति, अन्तस्तरति, अन्तस्थुडति ।।७।।**

---

**સૂત્રાર્થ :-** પદાન્તે રહેલાં र् નો, જો તેની પરમાં च् કે छ् આવે તો श् , ट् કે ठ् પરમાં આવે તો ष् અને त् કે थ् પરમાં આવે તો स् આદેશ નિત્ય થાય છે.

**સૂત્રસમાસ :-**
- ◆ चश्च टश्च तश्च एतेषां समाहारः = चटतम् (स.द्व.) तस्मिन् = च-ट-ते।
- ◆ सह द्वितीयेन = सद्वितीयम् (सहा.बहु.), तस्मिन् = सद्वितीये।

<u>વિવરણ :-</u> **(1)** આ સૂત્રમાં સદ્વિતીય च-ट-त ને નિમિત્તરૂપે કહ્યાં છે, ત્યાં ગમે તે વર્ગના દ્વિતીય વ્યંજન સહિત च-ट-त ને નિમિત્તરૂપે નથી લેવાતા, પરંતુ 'आसन्नः ૭.૪.૧૨૦' પરિભાષાનુસાર સ્થાન અને ગુણ(A) (= આસ્યપ્રયત્ન) ને લઈને આસન્ન બનતા વર્ગીય દ્વિતીય વ્યંજન સહિત તેઓ નિમિત્તરૂપે લેવાય છે. માટે च्-छ्, ट्-ठ અને त्-थ् આમ જોડી બને છે.

---

(A) 'आसन्नः ૭.૪.૧૨૦' પરિભાષાથી જેને સ્થાનને લઈને આસન્ન ગણવો હોય તેમાં ગુણાશ્રિત (= આસ્યપ્રયત્નને લઈને) આસન્નભાવ પણ હોવો જરૂરી છે. માટે જ र् એ ट વર્ગને મૂર્ધન્ય સ્થાનને લઈને આસન્ન હોવા છતાં તેમાં આસ્યપ્રયત્નને લઈને આસન્નભાવ ન હોવાથી તેનો 'आसन्नः ૭.૪.૧૨૦' પરિભાષાનુસાર ક્યાંય ट વર્ગ રૂપે આદેશ નથી થતો. र् ઈષદ્ સ્પૃષ્ટ આસ્યપ્રયત્નવાળો છે, જ્યારે ट વર્ગ સ્પૃષ્ટ આસ્યપ્રયત્નવાળો છે.

**(2) શંકા :-** चटते सद्वितीये એવું સૂત્ર બનાવવાના બદલે च-छ-ट-ठ-त-थे એવું સૂત્ર બનાવ્યું હોત તો માત્રાલાઘવ થાત અને સૂત્રાર્થ સમજવામાં પણ સરળતા રહેત.

**સમાધાન :-** *'यथासङ्ख्यमनुदेशः समानाम्'*(A) એવો ન્યાય છે. હવે જો चछटठतथे એવું સૂત્ર કરાય તો યથાસંખ્ય સંબંધ ન થઈ શકે. કારણકે ત્યાં સ્થાની 'श् ष् અને स्' એમ ત્રણ જ છે, જ્યારે નિમિત્તની સંખ્યા છ થઈ જાય છે. આમ સંખ્યાની અસમાનતા હોવાથી યથાસંખ્ય અન્વય ન થઈ શકે.

પરંતુ चटते सद्वितीये એવું ગુરુસૂત્ર બનાવવા છતાં સ્થાની અને નિમિત્ત (સદ્વિતીય એવા च्-ट्-त्) ની સંખ્યા ૩-૩ એમ સમાન થવાથી યથાસંખ્ય સંબંધ થઈ શકશે. અહીં ધ્યાનમાં રાખવું કે સૂત્રકારે छ् , ठ् અને थ् ને सद्वितीय પદ મૂકી ક્રમશઃ च्, ट् અને त् ના વિશેષણ બનાવી ત્રણની સંખ્યા જાળવી છે.

**શંકા :-** 'चटते सद्वितीये' આવું વિશેષણ-વિશેષ્યભાવવાળું સૂત્ર બનાવવાથી તો એવી શંકા થશે કે चछ, टठ કે तथ; એવો સમુદાય પરમાં હોય તો જ સૂત્રકાર્ય થાય.

**સમાધાન :-** એવી શંકાનું કારણ નથી, કારણ કે એકલાં च વિગેરે હોય ત્યાં પ્રસ્તુત સૂત્રનું કાર્ય થયેલાં એવા સૂત્રો વ્યાકરણમાં જોવા મળે છે. જેમકે- 'उदश्चरः साप्यात् ३.३.३१', 'चरेष्टः ५.१.१३८', 'व्रीह्यादिभ्यस्तौ ७.२.५' ઇત્યાદિ સૂત્રની રચનામાં च्, ट् કે त् પરમાં હોતે છતે र् નો ક્રમશઃ श्, ष् કે स् થયેલો જોવા મળે છે. માટે તે સૂત્રોને જોવાથી તમે કહેલી શંકાને સ્થાન નહીં રહે.

**(3) <u>દૃષ્ટાંત</u> -**

| | (i) कश्चरति | (ii) कष्टीकते | (iii) कस्तरति |
|---|---|---|---|
| | किम् + सि (स्) | किम् + सि (स्) | किम् + सि (स्) |
| * 'किमः क० २.१.४०' → | क + स् | क + स् | क + स् |
| * 'सो रुः २.१.७२' → | कर् चरति | कर् टीकते | कर् तरति |
| * 'चटते० १.३.७' → | कश्चरति। | कष्टीकते। | कस्तरति। |

कश्छादयति, कष्ठकारेण અને कस्थुडति ની સાધનિકા ક્રમશઃ ઉપરોક્ત ત્રણ સાધનિકા પ્રમાણે જાણવી.

| | (iv) अन्तश्चरति | (v) पुनष्टीकते | (vi) अन्तस्तरति |
|---|---|---|---|
| | अन्तर् + चरति | पुनर् + टीकते | अन्तर् + तरति |
| * 'चटते० १.३.७' → | अन्तश्चरति। | पुनष्टीकते। | अन्तस्तरति। |

अन्तश्छादयति, पुनष्ठकारेण અને अन्तस्थुडति ની સાધનિકા ક્રમશઃ ઉપરોક્ત ત્રણ સાધનિકા પ્રમાણે જાણવી ।।૭।।

(A) સ્થાની અને નિમિત્તની સંખ્યા જો સરખી હોય અને બન્નેના વાચક પદોના એકવચન વિગેરે **વચન પણ સરખા** હોય તો યથાસંખ્ય (અનુક્રમે) સંબંધ થાય છે.

## (1)नोऽ(2)प्रशानोऽनुस्वारा-ऽनुनासिकौ च (3)पूर्वस्या(4)धुट्परे ।।१.३.८।।

**बृ.वृ.–पदान्ते वर्तमानस्य प्रशान्वर्जितशब्दसम्बन्धिनो नकारस्य स्थाने च-ट-तेषु सद्वितीयेष्वधुट्परेषु परेषु यथासंख्यं 'श, ष, स' इत्येते आदेशा भवन्ति, अनुस्वाराऽनुनासिकौ च पूर्वस्य-अनुस्वार आगमोऽनुनासिकश्चादेशः पूर्वस्य क्रमेण भवत इत्यर्थः। (5)भवाँश्चरति, भवांश्चरति; भवाँश्छादयति, भवांश्छादयति; भवाँष्टीकते, भवांष्टीकते; भवाँष्ठकारेण, भवांष्ठकारेण; भवाँस्तरति, भवांस्तरति; भवाँस्थुडति, भवांस्थुडति। (6)अप्रशान इति किम्? प्रशाञ् चरति, प्रशाण् टीकते, प्रशान् तरति। (7)अधुट्पर इति किम्? भवान् त्सरुकः। (8)पदान्त इत्येव? भवन्तः। (9)विरामे प्रतिषेधस्य वक्ष्यमाणत्वादिह न भवति-भवान् चरति, भवान् टीकते, भवान् तरति ।।८।।**

---

**સૂત્રાર્થ :-** प्रशान् સિવાયના અન્ય શબ્દના પદાન્તે વર્તતા न् ના સ્થાને, જો તેની પરમાં च् કે छ्, ट् કે ठ् અને त् કે थ् હોય અને તેની (च् વિગેરેની) પરમાં ધુટ્‌ભિન્ન વર્ણ હોય તો અનુક્રમે श्, ष् અને स् આદેશ થાય છે. તેમજ ત્યારે न् ની પૂર્વના સ્વરને અનુક્રમે અનુસ્વારનો આગમ અને અનુનાસિક આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ न प्रशान् = अप्रशान् (नञ् तत्.), तस्य = अप्रशानः। ◆ न धुट् = अधुट् (नञ् तत्.) अधुट् परोऽस्मात् सोऽधुट्परः (बहु.), तस्मिन् = अधुट्परे। ◆ अनुस्वारश्च अनुनासिकश्च = अनुस्वारानुनासिकौ।

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રમાં नः એ भवान् ઈત્યાદિ પ્રયોગમાં રહેલાં न् નું અનુકરણ છે અને અનુકરણ પણ ધાતુ, વિભક્તિ કે વાક્ય સિવાયની અર્થવાળી વસ્તુ હોવાથી 'अधातु० १.१.२७' સૂત્રથી નામ ગણાતા તેને ષષ્ઠીવિભક્તિનો પ્રત્યય કરાયો છે.

**શંકા :-** અહીં अस्मद् ના આદેશ नस् નું ગ્રહણ છે, એવું કેમ ન મનાય ?

**સમાધાન :-** अस्मद् ના नस् ને લઈને આ સૂત્રનું શું ફળ મળી શકે ?

**શંકા :-** કેમ ! अस्मद् ના नस् સ્થળે પણ स् નો र् થતા આ સૂત્રથી તેનો श्-ष्-स् આદેશ તેમજ પૂર્વના સ્વરને અનુસ્વાર આગમ કે અનુનાસિક આદેશરૂપ ફળ મળી શકે એમ છે.

**સમાધાન :-** જો એ नस् નું અહીં ગ્રહણ હોત તો તેને ષષ્ઠીવિભક્તિ લાગતા नसः એવું રૂપ સૂત્રમાં કર્યું હોત.

**શંકા :-** नस् એ अस्मद् નો વિભક્ત્યન્ત એવો પ્રયોગ છે. અનુકરણમાં તેને પુનઃ વિભક્તિનો પ્રત્યય લાગવાથી સૂત્રમાં नसः નો નિર્દેશ હોવો જોઈએ એ વાત સાચી. પરંતુ અનુકાર્ય-અનુકરણના ભેદની અવિવક્ષા

કરીએ અર્થાત્ અભેદ માનીએ તો અનુકાર્યની જેમ અનુકરણ પણ વિભક્ત્યન્ત મનાવાથી તે નામ નહીં મનાય. તેથી તેને ષષ્ઠી વિભક્તિ ન થવાથી नसः એવો પ્રયોગ ન થતા नस् એવો પ્રયોગ થશે. માટે સૂત્રમાં नः એવો પ્રયોગ કર્યો છે.

**સમાધાન :-** છતાં અહીં अस्मद् આદેશ नस् નું ગ્રહણ નથી. કારણ જો તેનું ગ્રહણ હોય તો સૂત્રમાં प्रशान् નું વર્જન વ્યર્થ થાય. नस् ના ગ્રહણથી प्रशान् નું ગ્રહણ જ ક્યાં થાય છે કે જેથી તેનું વર્જન કરવું પડે ? प्रशान् નું વર્જન જ બતાવે છે કે અહીં न કારાન્ત શબ્દનો न् લેવા માંગે છે, नस् નહીં.

**(2)** સૂત્રગત अप्रशान् સ્થળે મૂળ શબ્દ प्रशम् છે, છતાં તેના પ્રથમાન્ત રૂપ प्रशान् નું અનુકરણ કરી સૂત્રમાં ષષ્ઠયન્ત अप्रशानः રૂપ કર્યું છે. બાકી प्रशम् શબ્દને લઈને ષષ્ઠ્યન્ત રૂપ अप्रशामः થાય.

**(3)** पूर्वस्य એમ ષષ્ઠી વિભક્તિ એકની એક હોવા છતાં અર્થથી તે અહીં બે પ્રકારે ભેદ પામે છે. અનુસ્વારની અપેક્ષાએ पूर्वस्य માં અવયવ-અવયવીભાવ અર્થમાં ષષ્ઠી સમજવી. કારણકે સ્થાન અને ગુણ (= આસ્યપ્રયત્ન) ની અપેક્ષાએ 'અનુસ્વાર' એ કોઈ વર્ણને આસન્ન નથી કે જેથી પૂર્વવર્ણને આસન્ન એવો 'અનુસ્વાર' આદેશ થાય. તેથી ત્યાં 'પૂર્વ અવયવી સ્વરને અનુસ્વાર અવયવનો આગમ થાય છે' એ અર્થ જણાવનાર અવયવ ષષ્ઠી છે. જેને આગમ થાય તેનો તે (આગમ) અવયવ ગણાય એ *'आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते'*(A) એ ન્યાયથી જાણવું.

જ્યારે 'અનુનાસિક' એ સ્થાન અને ગુણ વિગેરેની અપેક્ષાએ તે તે વર્ણને આસન્ન છે. જેમકે - ङ् એ क વર્ગીય વર્ણને આસન્ન છે. ञ् એ च વર્ગીય વર્ણને આસન્ન છે. अँ ને अ ને આસન્ન છે ઈત્યાદિ. તેથી અનુનાસિકની અપેક્ષાએ पूर्वस्य સ્થળે સ્થાનષષ્ઠી સમજવી. જેથી અર્થ એવો થશે કે - 'પૂર્વ વર્ણના સ્થાને તેને આસન્ન એવો અનુનાસિક આદેશ થાય છે.'

**(4)** अधुट्परे સમાસનો વિગ્રહ બે રીતે સંભવે છે **(i)** પર્યુદાસ नञ् ની વિવક્ષાએ વિગ્રહ કરીએ તો - अधुट् परो यस्माद् = अधुट्परः, तस्मिन् = अधुट्परे। (અર્થ-धुट् સિવાયનો વર્ણ પરમાં છે જેને) અને **(ii)**પ્રસજ્ય नञ् ની વિવક્ષા કરીએ તો - धुट् परो यस्माद् = धुट्परः, न धुट्परः = अधुट्परः, तस्मिन्, अधुट्परे। (અર્થ-धुट् પરમાં નથી જેને).

બીજા પ્રકારના (પ્રસજ્ય नञ् ની વિવક્ષાવાળા) વિગ્રહથી એવો અર્થ પ્રાપ્ત થાય છે કે - 'च વગેરેની પરમાં धुट्વર્ણ ન હોવો જોઈએ.' મતલબ કે તેમની પરમાં વર્ણાભાવ હોય તો ચાલે. તેથી भवान् त्, અહીં સૂત્રકાર્ય

---

**(A)** પ્રકૃતિના ગ્રહણથી એના અવયવ બનેલા આગમનું પણ ગ્રહણ થાય છે.

થતા भवाँस्त्, भवांस्त् એવા અનિષ્ટપ્રયોગ થાય. માટે અહીં પ્રસજ્ય नञ् ની વિવક્ષા ન કરતા પર્યુદાસ नञ् ની વિવક્ષાપૂર્વક સમાસ વિગ્રહ કરવો, જેથી 'च् વગેરેની પરમાં ધુટ્‌ભિન્ન વર્ણ હોવો જોઇએ' એવો અર્થ પ્રાપ્ત થતા भवान् + त् વિગેરે અનિષ્ટસ્થળે त् વિગેરેની પરમાં ધુટ્‌ભિન્ન વર્ણ ન હોવાથી સૂત્રકાર્ય નહીં થાય.

**શંકા :-** સૂત્રમાં पर શબ્દનું ગ્રહણ શા માટે કરવું જોઇએ ? अधुटि એવું કહે તો ય 'અધુટ્‌વર્ણ જેના પરમાં છે તેવા च વિગેરે પરમાં હોતે છતે પદાન્ત न् ના श् વિગેરે આદેશો થાય છે' એ અર્થ સમજાઇ જાય છે.

**સમાધાન :-** તમે કહ્યો એવો જ અર્થ એમાંથી નીકળે છે એવું નથી. 'च વિગેરે જેના પરમાં છે, તેવો અધુટ્‌વર્ણ પરમાં હોતે છતે પદાન્ત न् ના श् વિગેરે આદેશો થાય છે' એવો અર્થ પણ તેમાંથી નીકળે છે. એ અર્થ કરવામાં આવે તો भवान् + आचरति વિગેરે અનિષ્ટ સ્થળોએ સૂત્રકાર્ય થશે. કારણ અધુટ્ આ વર્ણથી પરમાં च् આવેલો છે અને भवान् + चरति વિગેરે ઇષ્ટ સ્થળોએ સૂત્રકાર્ય નહીં થાય. આ આપત્તિ વારવા સૂત્રમાં पर શબ્દનું ગ્રહણ કર્યું છે.

**શંકા :-** એ આપત્તિ તો पर નું ગ્રહણ કરવા છતાં ય આવશે. કારણ બહુવ્રીહિની અપેક્ષાએ (A)અંતરંગ એવા તત્પુરુષ સમાસની ત્યાં પ્રવૃત્તિ થવાથી अधुटः परः इति अधुट्परः, तस्मिन् એવો સમાસ થશે. જેનો 'અધુટ્‌વર્ણથી પરમાં રહેલા च વિગેરે પરમાં હોતે છતે...' એવો અર્થ થશે, જે આપત્તિકારક છે.

**સમાધાન :-** માત્ર अधुटि ના ગ્રહણથી જે આપત્તિ આવતી હતી, તે વારવા સૂત્રમાં पर શબ્દનું ગ્રહણ છે, તે જ જણાવે છે કે - 'અહીં અંતરંગ એવા તત્પુરુષનો બાધ કરી બહિરંગ એવા બહુવ્રીહિનો આશ્રય કરવો.' અન્યથા એ જ આપત્તિ જો આવવાની હોય તો पर શબ્દનું ગ્રહણ નિરર્થક ઠરે. આમ पर ના ગ્રહણથી બહુવ્રીહિ સમાસ કરતા 'અધુટ્ વર્ણ છે પરમાં જેના, એવા च વિગેરે પરમાં હોતે છતે..' એવો અર્થ પ્રાપ્ત થશે. જેથી પૂર્વોક્ત આપત્તિ નહીં આવે.

**(5) <u>દૃષ્ટાંત</u> -**

| | (i) भवांश्चरति/भवाँश्चरति | (ii) भवांष्टीकते/भवाँष्टीकते | (iii) भवांस्तरति/भवाँस्तरति |
|---|---|---|---|
| | भवत् + सि | भवत् + सि | भवत् + सि |
| * 'ऋदुदितः १.४.७०' → | भवन्त् + सि | भवन्त् + सि | भवन्त् + सि |
| * 'अभ्वादे० १.४.९०' → | भवान्त् + सि | भवान्त् + सि | भवान्त् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' → | भवान्त् | भवान्त् | भवान्त् |
| * 'पदस्य २.१.८९' → | भवान् चरति | भवान् टीकते | भवान् तरति |
| * 'नो प्रशानो० १.३.८' → | भवांश्चरति/भवाँश्चरति। | भवांष्टीकते/भवाँष्टीकते। | भवांस्तरति/भवाँस्तरति |

(A) તત્પુરુષ સમાસમાં પૂર્વ અને ઉત્તર એમ બે પદાર્થ હોય છે, આમ તે અલ્પનિમિત્તક હોવાથી અંતરંગ છે. જ્યારે બહુવ્રીહિમાં પૂર્વ, ઉત્તર અને અન્ય એમ ત્રણ પદાર્થ હોવાથી તે બહુનિમિત્તક છે, તેથી બહિરંગ છે.

भवांश्छादयति વિગેરે દૃષ્ટાંતોની સાધનિકા યથાયોગ્ય રીતે भवांश्चरति વિગેરે પ્રમાણે સમજવી.

**(6)** આ સૂત્રથી प्रशान् શબ્દ સંબંધી न् થી ભિન્ન न् ને જ श् આદિ આદેશરૂપ કાર્ય થાય છે. એવું કેમ કહ્યું ?

| | (a) प्रशाञ् चरति | (b) प्रशाण् टीकते | (c) प्रशान् तरति |
|---|---|---|---|
| | प्रशाम्यतीति क्विप् | प्रशाम्यतीति क्विप् | प्रशाम्यतीति क्विप् |
| * 'क्विप् ५.१.१४८' → | प्रशम् + क्विप् (०) | प्रशम् + क्विप् (०) | प्रशम् + क्विप् (०) |
| * 'अहन्पञ्च० ४.१.१०७' → | प्रशाम् + क्विप् | प्रशाम् + क्विप् | प्रशाम् + क्विप् |
| * 'मो नो म्वो० २.१.६७' → | प्रशान् + सि | प्रशान् + सि | प्रशान् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' → | प्रशान् चरति | प्रशान् टीकते | प्रशान् तरति। |
| * 'तवर्गस्य० १.३.६०' → | प्रशाञ् चरति। | प्रशाण् टीकते। | |

ઉપરોક્ત ત્રણે સ્થળે આ સૂત્રમાં વર્જેલો प्रशान् શબ્દ હોવાથી તેના न् ના ક્રમશઃ श्-ष्-स् આદેશ ન થયા.

**(7)** च વિગેરેની પરમાં અધુટ્વર્ણ હોય તો જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે, અન્યથા નહીં. **(a)** भवान् त्सरुकः ; અહીં त् ની પરમાં રહેલો स् અધુટ્ નથી, પણ ધુટ્વર્ણ છે, તેથી સૂત્રપ્રવૃત્તિ ન થઈ અને भवान् त्सरुकः આવો પ્રયોગ થયો છે.

**(8)** न् પદાન્તે રહેલો હોય તો જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

**(a) भवन्तः — * भवत् + जस्, * 'ऋदुदितः १.४.७०' → भवन्त् + जस्, * 'सो रुः २.१.७२' → भवन्तर्, * 'रः पदान्ते० १.३.५३' → भवन्तः।**

અહીં त् પરમાં હોવા છતાં न् પદને અંતે ન હોવાથી તેને स् આદેશાદિ કાર્ય થતું નથી.

**(9)** 'વિરામમાં સંધિ થતી નથી' એમ સંધિનો પ્રતિષેધ 'न सन्धिः १.३.५२' સૂત્રમાં કહેવાશે. તેથી भवान् વિગેરે પદ પછી વિરામની વિવક્ષા હોય ત્યારે સંધિ ન થવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ન થતા न् નો श् આદેશાદિ ન થવાથી भवान् चरति, भवान् टीकते, भवान् तरति આવા પ્રયોગ થાય છે ।।८।।

## (1) पुमोऽशिट्यघोषेऽख्यागि रः ।।१.३.९।।

**बृ.वृ.–पुमिति पुम्सोः कृतसंयोगान्तलोपस्यानुकरणम्, अधुट्परेऽघोषे शिट्ख्याग्वर्जिते परे पुमित्येतस्य (2) रोऽन्तादेशो भवति, अनुस्वारा-ऽनुनासिकौ च पूर्वस्य। (3) पुंस्कामा, पुँस्कामाः; पुंस्कोकिलः, पुँस्कोकिलः; पुंस्खातम्, पुँस्खातम्; पुंश्चली, पुँश्चली; पुंश्छत्रम्, पुँश्छत्रम्; पुंष्टिट्टिभः, पुँष्टिट्टिभः; पुंस्पुत्रः, पुँस्पुत्रः; पुंस्फलम्, पुँस्फलम्। (4) अशिटीति किम्? पुंशरः। (5) अघोष इति किम्? पुंदासः, पुंगवः। (6) अधुट्परे इत्येव? पुंक्षुरः, पुंक्षारः। (7) अख्यागीति किम्? पुंख्यातः, पुंख्यातिः ।।९।।**

**સૂત્રાર્થ :-** પુમ્ ના મ્ નો, અધુટ્વર્ણ પરમાં છે જેને એવો શિટ્ અને ख्याग् (ख्या) વર્જિત અઘોષવ્યંજન પરમાં આવતા र् થાય છે અને ત્યારે પૂર્વના उ ને અનુક્રમે અનુસ્વારનો આગમ અને અનુનાસિક આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ न शिट् = अशिट् (नञ् तत्.), तस्मिन् = अशिटि। ◆ न विद्यते घोषो यस्य स = अघोषः (बहु.), तस्मिन् = अघोषे। ◆ न ख्याग् = अख्याग् (नञ् तत्.), तस्मिन् = अख्यागि।

<u>વિવરણ :-</u> (1) સૂત્રગત પુમ્ શબ્દ पुंस् (पुम्स्) શબ્દના સંયુકતવ્યંજનના અન્ત્ય स् નો લોપ થયા પછીના બાકી રહેલા પુમ્ નું અનુકરણ છે.

વળી પુમઃ એમ ષષ્ઠી વિભક્તિ છે, તેથી 'षष्ठ्याऽन्त्यस्य ૭.૪.૧૦૬' પરિભાષાથી પુમ્ ના અન્ત્ય म् નો જ र् આદેશ થાય છે, પુમ્ આખાનો નહીં.

**(2) શંકા :-** પુમ્ ના મ્ નો र् આદેશ કરવાને બદલે स् આદેશ કરવો જોઇએ, જેથી પ્રક્રિયા લાઘવ થાય. કારણ કે म् નો र् કર્યા પછી 'पुंसः ૨.૩.૩' સૂત્રથી દરેક र् નો स् તો કરવો જ પડે છે.

**સમાધાન :-** એમ કરત તો पुंश्चली, पुंष्टिट्टिभः ઇત્યાદિ પ્રયોગ સિદ્ધ ન થાત.

**શંકા :-** કેમ સિદ્ધ ન થાત ? ત્યાં स् નો 'सो रुः ૨.૧.૭૨' સૂત્રથી रु (र्) કરી 'चटते० ૧.૩.૭' સૂત્રથી रु નો ક્રમશઃ श् અને ष् કરતા पुंश्चली અને पुंष्टिट्टिभः વગેરે પ્રયોગ સિદ્ધ થઇ જાત.

**સમાધાન :-** स् વિધાનના સામર્થ્યથી તેનો रु (र्) ન થઇ શકત. તેથી ઉપરોકત પ્રયોગ સિદ્ધ ન થાત. માટે म् નો स् આદેશ ન બતાવતા र् આદેશ બતાવ્યો છે.

**(3) <u>દષ્ટાંત</u> -**

**(i) पुंस्कामा/पुँस्कामा**

| | | |
|---|---|---|
| | | कम् (७८९) |
| * 'कमेर्णिङ् ३.४.२' | → | कम् + णिङ् |
| * 'ञ्णिति ४.३.५०' | → | काम् + णिङ् |
| | | पुमांसं कामयते = |
| * 'शीलि० ५.१.७३' | → | पुम्स् कामि + ण |
| * 'ङस्युक्तं० ३.१.४९' | → | पुम्स् + कामि + ण |

**(iv) पुंश्चली/पुँश्चली**

| | | |
|---|---|---|
| | | चलन्तं प्रयुङ्क्ते |
| * 'प्रयोक्तृ० ३.४.२०' | → | चल् + णिग् |
| | | पुमांसं चालयति |
| * 'कर्मणोऽण् ५.१.७२' | → | पुम्स् चलि + अण् |
| * 'ङस्युक्तं० ३.१.४९' | → | पुम्स् + चलि + अण् |
| * 'णेरनिटि ४.३.८३' | → | पुम्स् + चल् + अण् |

| | |
|---|---|
| ✻ 'णेरनिटि ४.३.८३' → | पुम्स्+काम्+ण |
| ✻ 'आत् २.४.१८' → | पुम्स्+काम+आप् |
| ✻ 'पदस्य २.१.८९' → | पुम्+काम+आप् |
| ✻ 'पुमो शिट्य०१.३.९' → | पुंर्/पुँर्+काम+आप् |
| ✻ 'पुंसः २.३.३' → | पुंस्/पुँस्+काम+आप् |
| ✻ 'समानानां० १.२.१' → | पुंस्कामा/पुँस्कामा+सि |
| ✻ 'दीर्घङ्याब्० १.४.४५' → | पुंस्कामा/पुँस्कामा। |

| | |
|---|---|
| ✻ 'अणञे० २.४.२०' → | पुम्स्+चल+ङी |
| ✻ 'पदस्य २.१.८९' → | पुम्+चल+ङी |
| ✻ 'पुमो शिट्य०१.३.९' → | पुंर्/पुँर्+चल+ङी |
| ✻ 'चटते० १.३.७' → | पुंश्चल/पुँश्चल+ङी+सि |
| ✻ 'अस्य ङ्याम्० २.४.८६' → | पुंश्चल/पुँश्चल्+ङी+सि |
| ✻ 'दीर्घङ्याब्० १.४.४५' → | पुंश्चली/पुँश्चली। |

**(ii) पुंस्कोकिलः/पुँस्कोकिलः**

पुमांश्चासौ कोकिलश्च =

| | |
|---|---|
| ✻ 'विशेषणं० ३.१.९६' → | पुम्स् + कोकिल |
| ✻ 'षष्ठ्ययत्नात्० ३.१.७६' → | ↓ |
| ✻ 'पदस्य० २.१.८९' → | पुम् + कोकिल |
| ✻ 'पुमो शिट्य० १.३.९' → | पुंर्/पुँर् + कोकिल |
| ✻ 'पुंसः २.३.३' → | पुंस्/पुँस् + कोकिल + सि |
| ✻ 'सो रुः २.१.७२' → | पुंस्कोकिलर्/पुँस्कोकिलर् |
| ✻ 'रः पदान्ते० १.३.५३' → | पुंस्कोकिलः/पुँस्कोकिलः। |
| ✻ 'अतः स्यमो० १.४.५७' → | |
| ✻ 'समानादमो० १.४.४६' → | |

**(iii) पुंस्खातम्/पुँस्खातम्**

पुंसः खातम् =

↓

पुम्स् + खात

पुम् + खात

पुंर्/पुँर् + खात

पुंस्/पुँस् + खात + सि

↓

पुंस्खात/पुँस्खात + अम्

पुंस्खात/पुँस्खात + म्

= पुंस्खातम्/पुँस्खातम्।

**(v) पुंश्छत्रम्/पुँश्छत्रम्**

पुंसः छत्रम् =

| | |
|---|---|
| ✻ 'षष्ठ्ययत्नात्० ३.१.७६' → | पुम्स् + छत्र |
| ✻ 'पदस्य० २.१.८९' → | पुम् + छत्र |
| ✻ 'पुमो शिट्य० १.३.९' → | पुंर्/पुँर् + छत्र |
| ✻ 'चटते० १.३.७' → | पुंश्छत्र/पुँश्छत्र |
| ✻ 'पुंसः २.३.३' → | ↓ |
| ✻ 'अतः स्यमो० १.४.५७' → | पुंश्छत्र/पुँश्छत्र + अम् |
| ✻ 'समानादमो० १.४.४६' → | पुंश्छत्रम्/पुँश्छत्रम्। |

**(viii) पुंस्फलम्/पुँस्फलम्**

पुंसः फलम् =

पुम्स् + फल

पुम् + फल

पुंर्/पुँर् + फल

↓

पुंस्फल/पुँस्फल + सि

पुंस्फल/पुँस्फल + अम्

पुंस्फलम्/पुँस्फलम्।

| | | (vi) पुंष्टिट्टिभः/पुँष्टिट्टिभः | (vii) पुंस्पुत्रः/पुँस्पुत्रः |
|---|---|---|---|
| | | पुमांश्चासौ टिट्टिभश्च = | पुंसः पुत्रम् = |
| * 'षष्ठ्ययत्नात्० ३.१.७६' | → | ↓ | पुम्स् + पुत्र |
| * 'विशेषणं० ३.१.९६' | → | पुम्स् + टिट्टिभ | ↓ |
| * 'पदस्य २.१.८९' | → | पुम् + टिट्टिभ | पुम् + पुत्र |
| * 'पुमो शिट्य० १.३.९' | → | पुंर्/पुँर् + टिट्टिभ | पुंर्/पुँर् + पुत्र |
| * 'चटते० १.३.७' | → | पुंष्टिट्टिभ/पुँष्टिट्टिभ + सि | ↓ |
| * 'पुंसः २.३.३' | → | ↓ | पुंस्पुत्र/पुँस्पुत्र + सि |
| * 'सो रुः २.१.७२' | → | पुंष्टिट्टिभर्/पुँष्टिट्टिभर् | पुंस्पुत्रर्/पुँस्पुत्रर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | पुंष्टिट्टिभः/पुँष्टिट्टिभः। | पुंस्पुत्रः/पुँस्पुत्रः। |

**(4)** पुम् ના म् ની પરમાં शिट् વર્ણ ન હોવો જોઈએ એવું કેમ ?

**(a) पुंशरः — * 'षष्ठ्ययत्नात्० ३.१.७६' → पुंसः शरः = पुम्स् + शर, * 'पदस्य २.१.८९' → पुम् + शर, * 'तौ मुमो० १.३.१४' → पुंशर + सि, * 'सो रुः २.१.७२' → पुंशरर्, * 'रः पदान्ते० १.३.५३' → पुंशरः।**

અહીં पुम् ના म् ની પરમાં शिट् એવો श् છે, માટે श् ની પરમાં अघुट् વર્ણ अ હોવા છતાં આ સૂત્રથી म् નો र् આદેશ નથી થતો.

**(5)** पुम् ના म् ની પરમાં વર્તતો शिट् અને ख्याग् સિવાયનો વર્ણ અઘોષ જ હોવો જોઈએ એવું કેમ ?

| | | (a) पुंदासः | (b) पुंगवः |
|---|---|---|---|
| | | पुंसो दासः = | पुमांश्चासौ गौश्च = |
| * 'षष्ठ्ययत्नात्० ३.१.७६' | → | पुम्स् + दास | ↓ |
| * 'विशेषणं० ३.१.९६' | → | ↓ | पुम्स् + गो |
| * 'पदस्य २.१.८९' | → | पुम् + दास | पुम् + गो |
| * 'तौ मुमो० १.३.१४' | → | पुंदास + सि | पुंगो |
| * 'गोस्तत्० ७.३.१०५' | → | ↓ | पुंगो + अट् |
| * 'ओदौतो० १.२.२४' | → | ↓ | पुंगव् + अट् + सि |
| * 'सो रुः २.१.७२' | → | पुंदासर् | पुंगवर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | पुंदासः। | पुंगवः। |

આ બન્ને સ્થળે पुम् ના म् ની પરમાં રહેલા ક્રમશઃ द् અને ग् અઘોષ વ્યંજન ન હોવાથી આ સૂત્રથી म् નો र् આદેશ ન થયો.

**(6)** અઘોષ વ્યંજનની પરમાં અધુટ્ વર્ણ હોય તો જ पुम् ના म् નો આ સૂત્રથી र् આદેશ થાય એવું કેમ?

**(a) पुंक्षुरः (b) पुंक्षारः — * 'षष्ठ्ययत्नात्० ३.१.७६' → पुंसः क्षुरः = पुम्स् + क्षुर, पुंसः क्षारः = पुम्स् + क्षार, * 'पदस्य २.१.८९' → पुम् + क्षुर, पुम् + क्षार, * 'तौ मुमो० १.३.१४' → पुं + क्षुर + सि, पुं + क्षार + सि, * 'सो रुः २.१.७२' → पुंक्षुरर्, पुंक्षारर्, * 'रः पदान्ते० १.३.५३' → पुंक्षुरः, पुंक्षारः ।**

આ બન્ને સ્થળે पुम् ના म् ની પરમાં અઘોષ વ્યંજન क् છે, પણ તેની પરમાં ધુટ્ વર્ણ ष् હોવાથી આ સૂત્રથી म् નો र् આદેશ ન થયો.

**(7)** पुम् ના म् ની પરમાં ख्याग् શબ્દ ન હોવો જોઈએ એવું કેમ ?

**(a) पुंख्यातः — * चक्ष (११२२), * 'चक्षो वाचि० ४.४.४' → ख्यांग्, * 'क्त-क्तवतू ५.१.१७४' → ख्यायते स्म = ख्यात, * 'षष्ठ्ययत्नात्० ३.१.७६' → पुंस ख्यातः = पुम्स् + ख्यात, *** શેષ સાધનિકા पुंक्षुरः ની જેમ સમજવી. તેમજ पुंख्यातिः સ્થળે માત્ર ख्या ધાતુને 'स्त्रियां क्तिः ५.३.९१' સૂત્રથી ति (क्ति) પ્રત્યય લગાડી ख्याति શબ્દ બનાવવો. બાકી સઘળું पुंख्यातः પ્રમાણે સમજવું.

અહીં पुम् ના म् ની પરમાં ख्याग् ધાતુનો ख्या છે, માટે म् નો र् આદેશ ન થયો. એ ધ્યાનમાં રાખવું કે આ સૂત્રમાં चक्ष् ના આદેશભૂત ख्यांग् ધાતુનું જ વર્જન કર્યું છે. ख्यांक् प्रकथने (१०७१) ધાતુનું નહીં. તેથી અધુટ્ પર એવા ख्यांक् નો ख्या પરમાં હોય તો આ સૂત્રની પ્રવૃત્તિ થશે જ. તેથી पुंस्ख्यातः અને पुँस्ख्यातः આવા પ્રયોગો થઈ શકશે ।।९।।

## नॄनः (1) पेषु (2) वा ।।१.३.१०।।

**बृ.वृ.–नॄनिति शसन्तस्य नृशब्दस्यानुकरणम्, नॄनः पकारे परे रोऽन्तादेशो वा भवति, अनुस्वाराऽनुनासिकौ च पूर्वस्य। नॄं)(पाहि (3), नॄँ)(पाहि; नॄंः पाहि, नॄँः पाहि, नॄन् पाहि; नॄं)(प्रीणीहि, नॄँ)(प्रीणीहि; नॄं प्रीणीहि, नॄँः प्रीणीहि, नॄन् प्रीणीहि। (4) पेष्विति किम्? नॄन् योजयति। (5) बहुवचनस्य व्याप्त्यर्थत्वादधुट्पर इति निवृत्तम्।।१०।।**

---

**સૂત્રાર્થ :-** नॄन् ના न् ને તેની પરમાં प् આવે તો વિકલ્પે र् આદેશ થાય છે અને પૂર્વનાં અક્ષરને (ॠ ને) ક્રમશઃ અનુસ્વારનો આગમ અને અનુનાસિક આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** નૃ શબ્દનાં દ્વિતીયા વિભક્તિ બહુવચનાન્ત नॄन् પ્રયોગનું અનુકરણ કરી તે નામ બનતા તેને ષષ્ઠી વિભક્તિ કરવાથી સૂત્રમાં नॄनः એવો પ્રયોગ થયો છે. તથા સૂત્રકાર્ય (र् આદેશ) नॄन् ને નહીં, પરંતુ 'षष्ठ्याऽन्त्यस्य ७.४.१०६' પરિભાષાથી नॄन् ના અંતે રહેલાં न् ને થતું હોવાથી બૃ. વૃત્તિમાં रोऽन्तादेशः એવો શબ્દ છે.

**(2)** સૂત્રગત पेषु શબ્દનો એવો અર્થ ન કરવો કે - 'प् + अ વર્ણસમુદાય પરમાં હોતે છતે સૂત્રકાર્ય થાય.' અન્યથા नॄन् पचति ઈત્યાદિ સ્થળે જ સૂત્રકાર્ય થશે, नॄन् पाहि ઈત્યાદિ સ્થળે નહીં. કારણ ત્યાં प् + आ વર્ણસમુદાય પરમાં છે. તેથી पेषु નો અર્થ 'प् વર્ણ પરમાં હોતે છતે' એવો કરવો, જેથી नॄन् पाहि ઈત્યાદિ સ્થળે પણ સૂત્રકાર્ય થશે.

**(3)** <u>દૃષ્ટાંત</u> -

नॄन् + पाहि ; અહીં આ સૂત્રથી न् નો र् થતા नॄंर् + पाहि અને नॄँर् + पाहि એમ બે અવસ્થા પ્રાપ્ત થશે.

* હવે 'रः कखपफयोः० १.३.५' સૂત્રથી ઉપધ્માનીય આદેશ થવાથી આવા બે પ્રયોગ થાય છે. → **(i)** नॄं )( पाहि → **(ii)** नॄँ )( पाहि

* '१.३.५' સૂત્રથી ઉપધ્માનીય વિકલ્પે થતો હોવાથી વિકલ્પપક્ષે 'रः पदान्ते० १.३.५३' થી વિસર્ગ થતા આવા બે પ્રયોગ થાય છે. → **(iii)** नॄंः पाहि → **(iv)** नॄँः पाहि

* પ્રસ્તુત સૂત્રની પ્રવૃત્તિ પણ વિકલ્પે થતી હોવાથી न् નો र् આદેશ ન થાય ત્યારે આવો પ્રયોગ થાય છે. → **(v)** नॄन्पाहि

नॄन् + प्रीणीहि સ્થળે પણ ઉપર મુજબ પાંચ પ્રયોગ થાય છે.

**(i)** नॄं )( प्रीणीहि, **(ii)** नॄँ )( प्रीणीहि, **(iii)** नॄंः प्रीणीहि, **(iv)** नॄँः प्रीणीहि અને **(v)** नॄन् प्रीणीहि।

**(4)** प પરમાં હોય તો જ આ સૂત્રથી नॄन् ના न् નો र् આદેશ થાય એવું કેમ ?

नॄन् योजयति; અહીં न् થી પરમાં प् સિવાયનો (य्) વર્ણ હોવાથી આ સૂત્રથી र् આદેશાદિ કાર્ય નહીં થાય. તેથી તે પ્રયોગ યથાવત્ રહેશે.

**(5)** **શંકા :-** પૂર્વસૂત્રથી આ સૂત્રમાં નિમિત્તવિશેષ એવા अधुट्परे ની અનુવૃત્તિ ચાલે છે, તેથી नॄन् प्साति વિગેરે સ્થળે प् ની પરમાં स् ધુટવર્ણ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થાય ને ?

**સમાધાન :-** આ સૂત્રમાં पेषु એમ વ્યાપ્ત્યર્થે બહુવચન કર્યું છે. તેના બળે અહીં अधुट्परे ની અનુવૃત્તિ અટકી જશે, તેથી नृन् प्साति વિગેરે સ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ થશે. આશય એ છે કે વ્યાપ્તિ એટલે 'अधिकविषयेऽपि प्राप्तिः' અર્થાત્ આ સૂત્રના ઉદ્દેશ્ય नृन् નો न् જ્યાં ક્યાં પણ જોવા મળતો હોય, એટલે કે ધુટ્ કે અધુટ્ ગમે તે વર્ણ જેની પરમાં છે એવો प् પરમાં હોય ત્યાં સર્વત્ર (= વ્યાપીને) વ્યાપ્તિના બળે આ સૂત્રની પ્રવૃત્તિ થઇ શકે છે. માટે नृन् प्साति જેવા સ્થળે પણ આ સૂત્રથી થતા नृं )( प्साति વિગેરે પાંચ પ્રયોગો થશે. (વ્યાપ્તિ શું છે ? તે અંગે વિશેષથી જાણવા '૧.૨.૧' સૂત્રનો 'ન્યાસાનુસન્ધાન' જોવો.) ।।૧૦।।

## द्विः(1) कानः(2) कानि सः ।।१.३.११।।

**बृ.वृ.–कानिति किमः शसन्तस्यानुकरणम्, द्विरुक्तस्य कानः कानि परे सकारान्तादेशो भवति, अनुस्वाराऽनुनासिकौ च पूर्वस्य। (3) काँस्कान्, कांस्कान्। (4) द्विरिति किम्? कान् कान् पश्यति, अत्रैकः किं प्रश्नेऽन्यस्तु क्षेपे। (5) कानीति किम्? कांस्कान् पश्यति। (6) रस्याधिकारेणैव सिद्धे सविधानं रुत्वबाधनार्थम्।।११।।**

---

**સૂત્રાર્થ :-** દ્વિરુક્ત એવા कान् ના न् ને તેની પરમાં कान् આવતા स् આદેશ થાય છે. ત્યારે न् ની પૂર્વના અક્ષરને (आ ને) ક્રમશઃ અનુસ્વારનો આગમ અને અનુનાસિક આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** સૂત્રમાં દર્શાવેલા द्विः શબ્દનો બૃ. વૃત્તિમાં द्विरुक्तस्य અર્થ શી રીતે કર્યો ?

**સમાધાન :- * 'द्वि-त्रि-चतुरः० ७.२.११०' → द्वि + सुच् + द्विस्, * 'ઉક્તિ' ક્રિયાની અપેક્ષાએ 'क्रिया-विशेषणात् २.२.४१' → द्विस् + अम्, * 'अव्ययस्य ३.२.७' → द्विस्, * 'सो रुः २.१.७२' → द्विर्, * 'रः पदान्ते० १.३.५३' → द्विः।**

ઉપર દર્શાવ્યા મુજબ 'ઉક્તિ' ક્રિયાની અપેક્ષા રાખી હોવાથી 'द्विरुक्तस्य' અર્થ થઇ શક્યો.

**(2)** સૂત્રવર્તી कानः અને कानि પદસ્થળે વર્તતો कान् શબ્દ किम् સર્વનામના शस् (દ્વિ. બહુ.) પ્રત્યયાન્ત રૂપનું અનુકરણ છે. હવે આમ જોઇએ તો અનુકાર્ય (= જેનું અનુકરણ કરવામાં આવ્યું હોય તે) कान् વિભક્ત્યન્ત પદ છે, તેથી कान् અનુકરણ પણ પદ ગણાવું જોઇએ અને તેને વિભક્તિના પ્રત્યયો લાગી कानः અને कानि પ્રયોગ ન થવા જોઇએ. પરંતુ અહીં અનુકાર્ય અને અનુકરણ વચ્ચે ભેદની વિવક્ષા હોવાથી અનુકરણ कान् અનુકાર્ય कान् ની જેમ પદ નથી ગણાતું. માટે તેને ષષ્ઠી અને સપ્તમી વિભક્તિના પ્રત્યયો લાગી શકતા સૂત્રમાં ક્રમશઃ कानः અને कानि પ્રયોગ થયા છે.

(3) દૃષ્ટાંત - (i) कांस्कान्/काँस्कान् — * किम् + शस्, * 'किमः कस्० २.१.४०' → क + शस्, * 'शसोऽता० १.४.४९' → कान्, * 'वीप्सायाम् ७.४.८०' → कान् कान्, * 'द्विः कानः० १.३.११' → कांस्कान्/काँस्कान्।

(4) દ્વિરુક્ત એવો कान् હોય ત્યાં જ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

(a) कान् कान् पश्यति —

અહીં कान् ના न् ને તેની પરમાં कान् શબ્દ હોવા છતાં स् આદેશ નહીં થાય, કારણ કે कान् ની દ્વિરુક્તિ થયેલી નથી. એ બન્ને 'कान्' किम् સર્વનામના પ્રયોગ છે. એક પ્રશ્નાર્થક છે, જ્યારે બીજો ક્ષેપાર્થક (નિંદા અર્થક) છે. અર્થાત્ कान् कुत्सितान् पश्यति (કયા અધમ લોકોને તે જુએ છે) એવા અર્થમાં એ कान् છે.

(5) कान् પરમાં હોય તો જ દ્વિરુક્ત એવા પૂર્વના कान् ના न् ને स् આદેશાદિ કાર્ય થાય એવું કેમ ?

(a) कांस्कान् पश्यति —

અહીં દ્વિતીય कान् ના न् ને स् આદેશાદિ કાર્ય નહીં થાય. કારણ તેની પરમાં कान् નથી, પણ पश्यति છે.

(6) **શંકા :-** कान् ના न् ને स् આદેશ થયા પછી 'सो रुः २.१.७२' સૂત્રથી स् નો रु(र्) કેમ ન થાય ?

**સમાધાન :-** જો स् નો रु(र्) થવાનો હોત તો આ સૂત્રમાં स् નું વિધાન શું કામ કરત ?, કારણ આગળના સૂત્રથી र् ની અનુવૃત્તિ ચાલી આવતા તેનાથી જ કામ સરી જાત. તેથી સૂત્રમાં स् નું વિધાન પણ ન કરવું પડત અને 'सो रुः २.१.७२' સૂત્રથી स् નો र् કરવાની પ્રક્રિયા કરવી પડે, તે પ્રક્રિયાગૌરવ પણ ન થાત. આમ र् ની અનુવૃત્તિથી કાર્ય સિદ્ધ હોવા છતાં સૂત્રમાં स् નું વિધાન કર્યું છે, તે स् નો रु(र्) આદેશ બાધિત કરવા માટે કર્યું છે.

**શંકા :-** પ્રસ્તુત સૂત્રની પ્રવૃત્તિ થતા कांस् कान् આવો જે પ્રયોગ થાય છે, ત્યાં અનુસ્વાર વ્યંજનસ્વરૂપ હોવાથી कांस् માં અંતે વ્યંજનનો સંયોગ છે, તેથી 'पदस्य २.१.८९' સૂત્રથી સંયોગના અન્ત્ય વ્યંજનનો લોપ થવાનો પ્રસંગ આવશે.

**સમાધાન :-** 'पदस्य' સૂત્રમાં સંયુક્ત વ્યંજનના અંત્ય વ્યંજનનો જે લોપ કહ્યો છે, તે મુખ્ય વ્યંજનના સંયોગને આશ્રયીને સમજવાનો છે. कांस् कान् સ્થળે તો પ્રસ્તુત સૂત્રના સામર્થ્યથી વ્યંજનનો સંયોગ પેદા થયો છે, તેથી તે અમુખ્ય વ્યંજન હોવાથી અંત્ય વ્યંજનનો લોપ નહીં થાય[A] ।।૧૧।।

---

(A) ઉપરોક્ત સમાધાન આ રીતે પણ વિચારી શકાય - અનુસ્વારને 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રથી સહજ વ્યંજનસંજ્ઞા પ્રાપ્ત ન થતા 'कादिः' પદનો कस्य आदिः વિગ્રહ કરી વ્યંજનસંજ્ઞા પ્રાપ્ત કરાવાતી હોવાથી તે અમુખ્ય(ગૌણ) વ્યંજન કહેવાય. અમુખ્ય વ્યંજનના સંયોગના અંત્ય વ્યંજનનો 'पदस्य' સૂત્રથી લોપ ન થઈ શકે.

## स्सटि समः[1] ।।१.३.१२।।

**बृ.वृ.–समित्येतस्य स्सटि परे सकारोऽन्तादेशो भवति, अनुस्वाराऽनुनासिकौ च पूर्वस्य। सँस्स्कर्ता[2], संस्स्कर्ता; सँस्स्कर्तुम्, संस्स्कर्तुम्। स्सटीति[3] किम्? संकृतिः। सचस्कारेत्यत्र[4] तु व्यवधानान्न भवति। सम[5] इति किम्? उपस्कर्ता।।१२।।**

---

**सूत्रार्थ :-** सम् ना म् नो तेनी परमां स्सट् (स्) आवता स् आदेश थाय छे. त्यारे पूर्वना वर्णने (अ ने) क्रमशः अनुस्वारनो आगम तथा अनुनासिक आदेश थाय छे.

<u>विवरण :-</u> **(1)** सूत्रमां सम् कह्यो छे ते प्रादि गणपाठ (जुओ - सूत्र '१.१.३१' नी बृ. वृत्ति) मां पठित सम् लेवानो छे, 'षम वैक्लव्ये' एम धातुपाठमां पठित सम् नुं विच् प्रत्ययान्त रूप नथी लेवानुं.

सम् उपसर्गने लईने 'संस्कृते भक्ष्ये ६.२.१४०' सूत्रमां संस्कृते प्रयोग कर्यो छे, तेना उपरथी पण जणाय छे के सम् उपसर्ग लेवानो छे, विच् प्रत्ययान्त नहीं.

**शंका :-** सूत्रगत समः स्थळे षष्ठी छे. माटे 'षष्ठ्यान्त्यस्य ७.४.१०' परिभाषाथी एना अंत्यवर्णनुं ग्रहण थवाथी आ सूत्रथी सम् ना म् ने स्थाने स् आदेश थाय छे.

**(2)** <u>दृष्टांत</u> -

| | | (i) संस्स्कर्ता/सँस्स्कर्ता | (ii) संस्स्कर्तुम्/सँस्स्कर्तुम् |
|---|---|---|---|
| | | सम् + कृ + ता (श्वस्तनी) | सम् + कृ + तुम् |
| * 'संपरे० ४.४.९१' | → | सम् + स्सट्(स्) + कृ + ता | सम् + स्सट्(स्) + कृ + तुम् |
| * 'नामिनो गुणो० ४.३.१' | → | सम् + स्सट् + कर् + ता | सम् + स्सट् + कर् + तुम् |
| * 'स्सटि समः १.३.१२' | → | संस्स्कर्ता/सँस्स्कर्ता(A)। | संस्स्कर्तुम्/सँस्स्कर्तुम्। |

उपरोक्त बन्ने दृष्टांतस्थळे 'धुटो धुटि स्वे वा १.३.४८' सूत्रथी संस्कर्ता/सँस्कर्ता विगेरे एक स् नो लोप थयो होय एवा प्रयोगो पण थई शके छे अने 'र्हादर्ह० १.३.३१' सूत्रथी संस्स्कर्त्ता/सँस्स्कर्त्ता विगेरे त् नुं द्वित्व थयुं होय तेवा प्रयोगो पण थई शके छे.

---

**(A)** **सम् + कृ (८८८), * 'णकतृचौ ५.१.४८' → सम् + कृ + तृच्, * 'संपरे० ४.४.९१' → सम् + स्सट् + कृ + तृच्, * 'नामिनो गुणो० ४.३.१' → सम् + स्सट् + कर् + तृच्, * 'स्सटि समः १.३.१२' → संस्स्कर्तृ/सँस्स्कर्तृ + सि, * 'ऋदुशनस्० १.४.८४' → संस्स्कर्तृ/सँस्स्कर्तृ + डा, * 'डित्यन्त्य० २.१.११४' → संस्स्कर्त्/सँस्स्कर्त् + डा = संस्स्कर्ता/सँस्स्कर्ता आ रीते तृच् प्रत्यय लागीने पण आ प्रयोगो सिद्ध थई शके छे.**

**(3)** स्सट् પરમાં હોય તો જ આ સૂત્રથી सम् ના म् ને स् આદેશાદિ કાર્ય થાય એવું કેમ ?

**(a) संकृति — * सम् + कृ, * 'स्त्रियां क्तिः ५.३.९१' → सम् + कृ + ति, * 'तौ मुमो० १.३.१४' → संकृति।**

અહીં सम् + कृ + क्ति (ति);[A] આ અવસ્થામાં 'संपरे:० ४.४.९१' સૂત્રથી स्सट् નો આગમ પ્રાપ્ત છે, પરંતુ गर्गादि ગણપાઠમાં જણાવેલો संकृतिः શબ્દ स्सट् આગમથી રહિત હોવાથી પાઠના સામર્થ્યથી અહીં स्सट् આગમ નથી થતો. તેથી પરમાં स्सट् ના અભાવે આ સૂત્રથી सम् ના म् ને स् આદેશાદિ કાર્ય થતા નથી.

**(4)** संचस्कारः સ્થળે सम् ના म् અને स्सट् વચ્ચે च નું વ્યવધાન હોવાથી પ્રસ્તુત સૂત્રની પ્રવૃત્તિ નથી થતી. संचस्कारः ની સાધનિકા આ પ્રમાણે -

**संचस्कारः — * 'संपरेः कृगः ४.४.९१' → सम् + स् + कृ + णव् (પરોક્ષા), * 'द्विर्धातुः ४.१.१' → सम् + स्कृ स्कृ + णव्, * 'अघोषे शिटः ४.१.४५' → सम् कृ स्कृ + णव्, * 'ऋतोऽत् ४.१.३८' → सम् + क स्कृ + णव्, * 'कङश्चञ् ४.१.४६' → सम् + च स्कृ + णव्, * 'नामिनोऽकलिहलेः ४.३.५१' → सम् + चस्कार् + णव्, * 'तौ मुमो० १.३.१४' → संचस्कारः।**

**શંકા :-** सम् + स् + कृ આ અવસ્થામાં णव् (अ) પ્રત્યય કર્યા પૂર્વે જ પ્રસ્તુત સૂત્રની પ્રવૃત્તિ કરી દઈએ તો ચાલે ને ?

**સમાધાન :-** णव्[B] (अ) પ્રત્યય થવો એ પરકાર્ય તથા નિત્યકાર્ય છે. તેમ જ તે માત્ર ધાતુને આશ્રયીને થતું કાર્ય હોવાથી અંતરંગ કાર્ય પણ છે. તેથી તે કાર્ય સબળ બનવાથી પહેલાં તેની પ્રવૃત્તિ થશે, પ્રસ્તુત સૂત્રની નહીં. વળી णव् પ્રત્યય થતા તે પ્રત્યયને આશ્રયીને દ્વિત્વાદિ જે કાર્યો થાય છે તે પહેલાં થશે. આમ છેલ્લે सम् ના म् અને स्सट् વચ્ચે વ્યવધાન આવવાથી અર્થાત્ म् અને स्सट् અનંતર ન રહેવાથી પ્રસ્તુત સૂત્રનું કાર્ય નહીં થાય.

**શંકા :-** सम् + कृ + स्कृ + णव् અવસ્થામાં 'अघोषे शिटः ४.१.४५' સૂત્રથી જે દ્વિત્વ પામેલા स्सट् ના स् નો લોપ થયો છે તેનો 'स्थानीवा० ७.४.१०९' સૂત્રથી સ્થાનિવદ્ભાવ મનાતા હવે स्सट् અનંતરમાં હોવાથી આ સૂત્રથી सम् ના म् નો स् આદેશ થશે ને ?

---

**(A)** મધ્યમવૃત્તિ અવચૂરિમાં અહીં संस्क्रियाद् અર્થમાં 'तिक्कृतौ नाम्नि ५.१.७१' સૂત્રથી तिक् પ્રત્યય કર્યો છે.

**(B)** णव् પ્રત્યય 'परोक्षे ५.२.१२' એ પરસૂત્રથી થતો હોવાથી પરકાર્ય છે. વળી તે (णव् પ્રત્યય) કાર્ય પ્રસ્તુત સૂત્રનું કાર્ય થવા પૂર્વે પણ પ્રાપ્ત છે અને પ્રસ્તુત સૂત્રનું કાર્ય થયા પછી પણ પ્રાપ્ત છે, તેથી કૃતાકૃતપ્રસંગી બનતું તે નિત્યકાર્ય છે. તથા णव् પ્રત્યય માત્ર ધાતુને આશ્રયીને થતું કાર્ય હોવાથી અલ્પનિમિત્તક છે માટે અંતરંગ છે. જ્યારે सम् ના म् ને પ્રસ્તુત સૂત્રથી स् કાર્ય થવા માટે सम् અને स्सट् એમ બે નિમિત્તની જરૂર હોવાથી બહુનિમિત્તક છે, તેથી બહિરંગ છે.

**સમાધાન :-** स्सट् ના स् વર્ણને આશ્રયીને આ સૂત્રનું કાર્ય કરવું એ વર્ણવિધિ ગણાય. માટે 'स्थानीवा० ૭.૪.૧૦૯' સૂત્રથી લુપ્ત स् નો સ્થાનિવદ્ભાવ માની ન શકાય. તેથી स्सट् અનંતરમાં પ્રાપ્ત ન થઇ શકે.

**શંકા :-** આ સૂત્રમાં 'स्सट् નો स પરમાં વર્તતા' એવો અર્થ નથી જણાવ્યો, પણ स्सटि પદ મૂકી પરમાં स्सट् આવા વર્ણસમુદાયની નિમિત્તરૂપે અપેક્ષા રાખી છે, તેથી વર્ણસમુદાયને આશ્રયીને કહેલી વિધિ વર્ણવિધિ ન ગણાતા લુપ્ત स् નો સ્થાનિવદ્ભાવ માની શકાશે. તેથી स्सट् અનંતરમાં પ્રાપ્ત થઇ શકે છે.

**સમાધાન :-** સૂત્રોક્ત स्सट् શબ્દ 'सकारादिः सट् = स्सट्' આ રીતે બન્યો છે. તેથી સૂત્રગત स्सटि પદનો અર્થ 'स् વર્ણ છે આદિમાં જેના એવો सट् પરમાં વર્તતા' આવો થવાથી સૂત્રમાં નિમિત્તરૂપે स्सट् ના स् વર્ણની અપેક્ષા છે, માટે આ સૂત્રનું કાર્ય વર્ણવિધિ ગણાય. તેથી લુપ્ત स् નો સ્થાનિવદ્ભાવ માની ન શકાતા सम् ના म् અને स्सट् વચ્ચે વ્યવધાન ઊભું જ રહે છે. માટે संचस्कार પ્રયોગસ્થળે સૂત્રની પ્રવૃત્તિ થઇ શકતી નથી.

**શંકા :-** એમ તો 'संपरेः० ૪.૪.૯૧' સૂત્રથી થતો स्सट् (स्) આગમ પણ, सम् ઉપસર્ગ અને कृ ધાતુ વચ્ચે અનંતરપણું (= વ્યવધાન ન) હોય તો જ થાય છે. संचस्कारः પ્રયોગમાં सम् + चस्कृ અવસ્થામાં म् અને कृ ધાતુ વચ્ચે च નું વ્યવધાન આવવાથી सम् અને कृ વચ્ચે અનંતરપણું હતું તે ગયું, તેથી स्सट् આગમનું નિમિત્ત જવાથી '***निमित्ताभावे नैमित्तिकस्याप्यभावः***'(A) ન્યાયથી स्सट् આગમની પણ નિવૃત્તિ થવી જોઇએ.

**સમાધાન :-** सम् + चस्कृ સ્થળે ધાતુના દ્વિત્વને લીધે ઉત્પન્ન થયેલો च એ ધાતુનું સ્વાંગ (સ્વાવયવ) હોવાથી '***स्वाङ्गमव्यवधायि***'(B) ન્યાયથી सम् અને कृ વચ્ચે વ્યવધાન મનાતું નથી, તેથી નિમિત્તનો વ્યાઘાત ન થતો હોવાથી स्सट् આગમ પણ નિવૃત્ત થતો નથી.

(5) આ સૂત્રથી सम् ના म् ને જ स् આદેશાદિ કાર્ય થાય એવું કેમ ?

**(a) उपस्कर्ता — * उप + कृ (૮૮૮), * 'णकतृचौ ૫.૧.૪૮' → उप + कृ + तृच्, * 'उपाद् भूषा० ૪.૪.૯૨' → उप + स्सट् + कृ + तृच्, * 'नामिनो गुणो० ૪.૩.૧' → उप + स्सट् + कर् + तृच् = उपस्कर्तृ + सि, * 'ऋदुशनस्० ૧.૪.૮૪' → उपस्कर्तृ + डा, * 'डित्यन्त्य० ૨.૧.૧૧૪' → उपस्कर्त् + डा = उपस्कर्ता।**

અહીં स्सट् ની પૂર્વે सम् નો म् ન હોવાથી આ સૂત્રથી स् આદેશાદિ કાર્ય ન થયું ।।૧૨।।

---

**(A)** નિમિત્તની નિવૃત્તિ થયે છતે નિમિત્તથી થયેલું જે નૈમિત્તિક (કાર્ય) હોય છે, તેની પણ નિવૃત્તિ થઇ જાય છે. (નિમિત્ત વડે જે કાર્ય થયેલું હોય તે નૈમિત્તિક કહેવાય છે.)

**(B)** સ્વાંગ (પોતાનું અંગ) એ ધાતુ વિગેરે અંગીનું કાર્ય કરવામાં વ્યવધાન કરતું નથી.

## लुक्[(A)] ।।१.३.१३।।

**बृ.वृ.–समित्येतस्य स्सटि परे लुगन्तादेशो भवति, (1)पृथग्योगादनुस्वाराऽनुनासिकौ च पूर्वस्येति निवृत्तम्। (2)सस्कर्ता, सस्कर्तुम्। (3)केचित् त्वत्राप्यनुनासिकमिच्छन्ति-सँस्कर्ता, सँस्कर्तुम्।।१३।।**

---

**सूत्रार्थ :-** सम् ना म् नो तेनी परमां स्सट् (स्) आवता लोप (लुक्) थाय छे.

<u>विवरण :-</u> **(1) शंका :-** आ सूत्र जुदुं केम बनाव्युं ? पूर्वना सूत्रमां ज भेगुं लुक् कही देवुं जोईतुं हतुं ने ?

**समाधान :-** आ सूत्र उपरना सूत्रमां भेगुं करी देत तो सम् ना म् नो लोप थाय त्यारे पण पूर्वना वर्णने अनुस्वार-अनुनासिक थवानो प्रसंग आवत. तेथी अनुस्वारानुनासिकौ च पूर्वस्य नो अधिकार अटकाववा आ सूत्र पृथक् बनाव्युं छे.

**शंका :-** बन्ने सूत्र भेगा बनावत तो य उपरोक्त आपत्ति न आवत, कारण अनुस्वार-अनुनासिक कार्य स् कार्यनी साथे प्रतिबद्ध (संबंधित) होवाथी सम् ना म् नुं स् कार्य थाय, त्यारे ज अनुस्वार-अनुनासिक कार्य थात. लुक् कार्य थाय त्यारे नहीं.

**समाधान :-** खरेखर तो अनुस्वार-अनुनासिक कार्य स् कार्यनी साथे ज संबंधित नथी, पण कार्यमात्रनी साथे संबंधित जणाय छे. तेथी म् नुं लुक् कार्य थशे, त्यारे य अनुस्वार-अनुनासिक कार्य थई जवानी आपत्ति ऊभी रहे छे. ते आपत्ति वारवा आ सूत्र पृथक् बनाव्युं छे. सूत्र पृथक् बनाववाथी सूचित थाय छे के अहीं अनुस्वार-अनुनासिकनो अधिकार निवृत्त थयो छे.

**(2) <u>दृष्टांत</u> -**

| | | **(i) सस्कर्ता** | **(ii) सस्कर्तुम्** |
|---|---|---|---|
| | | सम् + कृ + ता (श्वस्तनी) | सम् + कृ + तुम् |
| * 'संपरे० ४.४.९१' | → | सम् + स्सट् + कृ + ता | सम् + स्सट् + कृ + तुम् |
| * 'नामिनो गुणो० ४.३.१' | → | सम् + स्सट् + कर् + ता | सम् + स्सट् + कर् + तुम् |
| * 'लुक् १.३.१३' | → | स + स्कर्ता | स + स्कर्तुम् |

---

(A) 'लुञ्च अपनयने' धातुने 'क्रुध्संपदादिभ्यः ५.३.११४' सूत्रथी क्विप् प्रत्यय लागी लुक् शब्द बन्यो छे.

= सस्कर्ता।[A] = सस्कर्तुम्।

(3) શંકા :- પૂર્વના વ્યાકરણકારોને सम् ના म् નો લોપ કરવો શું ઇષ્ટ નથી ? તો તેઓ આવું સૂત્ર કેમ નથી બનાવતા ?

**સમાધાન :-** પૂર્વના વ્યાકરણકારોને પણ सम् ના म् નો લોપ કરવો ઇષ્ટ છે. *'ઉત્પલ'* નામના વ્યાકરણકાર सुट (= स्सट्) પરમાં વર્તતા 'समो वा लोपमेकः' આવું સૂત્ર બનાવી सम् ના म् નો લોપ કરે જ છે. એટલું વિશેષ કે તેઓ म् નો લોપ કરે ત્યારે પૂર્વના વર્ણનો અનુનાસિક આદેશ કરે છે. તેથી તેમના મતે सँस्कर्ता અને सँस्कर्तुम् આવા પ્રયોગ થશે ।।१३।।

## (1) तौ मु-मो व्यञ्जने स्वौ ।।१.३.१४।।

**बृ.वृ.–मोर्म्वागमस्य पदान्ते वर्तमानस्य च मकारस्य व्यञ्जने परे तस्यैव स्वौ तावनुस्वाराऽनुनासिकौ वर्णौ पर्यायेण भवतः, (2) मग्रहणेनैव सिद्धे मुग्रहणमपदान्तार्थम्, (3) स्वेत्यनुनासिकस्य विशेषणम्, नानुस्वारस्यासम्भवात्। (4) चंक्रम्यते, चङ्क्रम्यते; चंचूर्यते, चञ्चूर्यते; दंद्रम्यते; दन्द्रम्यते; बंभण्यते, बम्भण्यते; यं यम्यते, यय्ँम्यते; वंवम्यते, ववँम्यते। (5) म–वहंलिहो गौः, वहल्लिँहो गौः; त्वं करोषि, त्वङ्करोषि; त्वं चरसि, त्वञ्चरसि; त्वं टीकसे, त्वण्टीकसे; त्वं तरसि, त्वन्तरसि, (6) नकारस्य लाक्षणिकत्वादत्र "नोऽप्रशान०" (१.३.८) इत्यादिना सकारो न भवति; त्वं पचसि, त्वम्पचसि; संयतः, सय्ँयतः; अहंयुः, अहय्ँयुः; त्वं लोकः, त्वँल्लोकः; संवत्सरः, सव्ँवत्सरः; कंवः कव्ँवः; किंतराम्, किन्तराम्। (7) पदान्त इत्येव? गम्यते, रम्यते। (8) व्यञ्जन इति किम्? किमत्र। (9) स्वाविति किम्? रंरम्यते, शंशम्यते, त्वं रमसे, त्वं शण्ढः, त्वं षण्ढः, त्वं साधुः, त्वं हससि।।१४।।**

---

**સૂત્રાર્થ :-** આગમ સ્વરૂપ मु (म्) ને તથા પદને અંતે રહેલા म् ને, વ્યંજન પરમાં આવતા અનુક્રમે અનુસ્વાર અને પરવ્યંજનના સ્થાનનો અનુનાસિક આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ मुश्च म् च = मुम् (स.द्व.), तस्य = मुमः।

---

(A) જે બે સૂત્રથી વિહિત કાર્યોનો એકબીજાના વિષયને છોડીને અન્યત્ર અવકાશ (પ્રાપ્તિ) હોય, તે બન્ને સૂત્રોથી વિહિત કાર્ય કોક સ્થળે એક સાથે પ્રવર્તવાની સ્થિતિ આવી પડે ત્યારે બન્ને સૂત્ર વચ્ચે સ્પર્ધા મનાય છે. એ વખતે 'स्पर्धे ७.४.११९' પરિભાષાથી પૂર્વસૂત્રનો બાધ કરીને પરસૂત્ર પ્રવર્તતું હોય છે.

અહીં 'स्सटि समः' અને 'लुक्' આ બન્ને સૂત્રથી વિહિત કાર્યો सम् + स् + कृ (+ ता) સ્થળે એકસાથે પ્રવર્તે તેવી સ્થિતિ આવી પડી છે. પરંતુ એ બન્ને સૂત્રથી વિહિત કાર્યો એકબીજાના વિષયને છોડીને અન્યત્ર સાવકાશ (પ્રાપ્ત) ન હોવાથી અહીં બન્ને વચ્ચે સ્પર્ધા નથી. તેથી માત્ર પરસૂત્ર (लुक्) ન પ્રવર્તતા બન્ને સૂત્રની પ્રવૃત્તિ થશે. આમ लुक् સૂત્રમાં वा નું ગ્રહણ ન હોવા છતાં म् નો લોપ વિકલ્પે થવાથી જેમ सस्कर्ता પ્રયોગ થાય છે તેમ પૂર્વસૂત્રથી सँस्कर्ता કે संस्कर्ता પ્રયોગ પણ થશે.

विवरण :- (1) शंका :- સૂત્રમાં तौ પદ કેમ દર્શાવ્યું છે ? કેમકે તે ન મૂકીએ તો પણ સૂત્રગત स्वौ વિશેષણ દ્વારા પૂર્વસૂત્રથી સરખી વિભક્તિમાં રહેલ अनुस्वाराऽनुनासिकौ વિશેષ્યપદનો અનુવૃત્તિ રૂપે આક્ષેપ થવાનો જ છે.

**સમાધાન :-** તમારી વાત સાચી છે, પરંતુ પૂર્વસૂત્રોમાં જેમ અનુસ્વાર-અનુનાસિક આદેશરૂપ બે કાર્યો બતાવ્યા છે, તેમ તે સૂત્રોમાં લોપ (लुक्) અને પૂર્વને અનુસ્વાર-અનુનાસિક આદેશ (पूर्वस्य) રૂપ બે કાર્યો પણ બતાવ્યા છે. स्वौ પદ દ્વારા લોપ અને પૂર્વને અનુસ્વાર-અનુનાસિક આદેશ રૂપ કાર્યોનું ગ્રહણ ન થતા અવધારણ (= જકાર) પૂર્વક અનુસ્વાર-અનુનાસિક આદેશરૂપ કાર્યોનું જ ગ્રહણ થઇ શકે એવો નિયમ કરવા સૂત્રમાં तौ પદ મૂક્યું છે.

**શંકા :-** तौ પદ ન મૂકતા स्वौ પદથી લોપ અને પૂર્વને અનુસ્વાર-અનુનાસિક આદેશરૂપ કાર્યોનું ગ્રહણ થાય અર્થાત્ लुक् અને पूर्वस्य અનુવૃત્ત થાય તો શું વાંધો આવે ?

**સમાધાન :-** જો लुक् અને पूर्वस्य નો અધિકાર અનુવૃત્ત થાય તો સૂત્રાર્થ એવો થાય કે - 'વ્યંજન પર છતાં मु નો કે પદાન્ત म् નો લોપ કરવો, તથા मु કે म् ની પૂર્વના વર્ણને અનુસ્વાર કે પરવ્યંજનનો સ્વાનુનાસિક આદેશ કરવો.' આવો અર્થ થવાથી અનિષ્ટપ્રયોગ થવાની આપત્તિ આવે.

જેમકે - चम् + क्रम्यते સ્થળે (i) म् નો લોપ કરી પૂર્વના अ ને અનુસ્વાર કરતા चंक्रम्यते પ્રયોગ થાય. તથા (ii) म् નો લોપ કરી પૂર્વના अ ને क વર્ગીય અનુનાસિક આદેશ કરતા चङ् + क्रम्यते (चङ्क्रम्यते) પ્રયોગ થાય. આમ चंक्रम्यते અને चङ्क्रम्यते એવા બે પ્રયોગ થાય કે જેમાંથી બીજો પ્રયોગ અનિષ્ટ છે.

तौ નું સૂત્રમાં ગ્રહણ કરવાથી અનુસ્વાર-અનુનાસિકની જ અનુવૃત્તિ લઇ શકાશે, તેથી ઉપરોક્ત આપત્તિ નહીં આવે.

**શંકા :-** तत् શબ્દથી અનંતર પૂર્વમાં કહેલી વસ્તુનો પરામર્શ (વિચારણા) થતો હોવાથી સૂત્રસ્થ तौ શબ્દથી પૂર્વસૂત્રોમાં કહેવાયેલ स् કાર્ય અને लुक् કાર્યનું ગ્રહણ કરવું જોઇએ. તેને બદલે तौ થી અનુનાસિક-અનુસ્વાર કાર્યનું ગ્રહણ કેમ કર્યું ?

**સમાધાન :-** સામાન્યતયા 'तत् શબ્દથી અનંતર પૂર્વમાં કથન કરાયેલાનો પરામર્શ થાય' એ વાત સાચી, પરંતુ અહીં तौ શબ્દ स्वौ વિશેષણથી યુક્ત છે અને स् કાર્ય તથા लुक् કાર્યને કોઇ સ્વ નથી(A). તેથી तौ થી તે બન્નેનો

(A) 'रेफोष्मणां तु अतुल्यस्थानाऽऽस्यप्रयत्नत्वात् स्वा न भवन्ति (१.१.१७ बृ. वृत्ति)' આ પંક્તિ અનુસાર स् ને કોઇ પરસ્પર સ્વ નથી અને लुक् *'अदर्शनं लोपः'* નિયમાનુસાર વર્ણના અભાવરૂપ હોવાથી તેને કોઇ સ્વ હોવાનો સવાલ જ નથી.

પરામર્શ ન થતા તે બન્નેની પૂર્વમાં કથન કરાયેલ અનુનાસિકનું ગ્રહણ થશે, કારણ કે અનુનાસિકને તે તે વર્ગના વ્યંજનો સ્વ તરીકે સંભવે છે અને तौ શબ્દ દ્વિવચનાન્ત હોવાથી અનુનાસિકની સાથે તેનાથી સંબદ્ધ અનુસ્વારનું પણ ગ્રહણ થશે. તેથી બૃ. વૃત્તિમાં तौ स्वौ નો અર્થ स्वौ तावनुस्वारानुनासिकौ वर्णौ એવો કર્યો છે.

**(2) શંકા :-** આગળના સૂત્રથી पदान्त ની અનુવૃત્તિ ચાલી આવે છે તથા અહીં સૂત્રમાં मुमो એમ એક જ વિભક્તિથી मु અને म્ નો નિર્દેશ કર્યો છે, છતાં બૃ. વૃત્તિમાં पदान्त નો અન્વય માત્ર म् સાથે કર્યો, मु (म्) સાથે નહીં. એવું કેમ?

**સમાધાન :-** *'सम्भवे व्यभिचारे च विशेषणमर्थवत्'*(A) ન્યાયાનુસાર मु સાથે पदान्त વિશેષણનો અન્વય થવો શક્ય જ નથી, માટે કેવળ म् સાથે पदान्त નો અન્વય કરવામાં આવે છે. આશય એ છે કે ઉપરોક્ત ન્યાય એમ કહે છે કે વિશેષણમાં વિશેષ્ય સાથે અન્વયનો સંભવ હોય (એટલે કે સંબંધ ધરાવવાની યોગ્યતા હોય) તેમ જ વ્યભિચાર સંભવતો હોય (એટલે કે વિશેષણ વિના પણ વિશેષ્યની ક્યાંક પ્રાપ્તિ થતી હોય) તો વિશેષ્ય સાથે વિશેષણનું જોડાણ કરવું સાર્થક ગણાય, અન્યથા નહીં. જેમકે અગ્નિમાં શીતળતાનો અન્વય સંભવિત જ નથી, માટે 'शीतोऽग्निः' એમ अग्नि સાથે शीत વિશેષણનો અન્વય થતો નથી. પરંતુ 'शीतम् जलम्' પ્રયોગ થાય છે, કેમકે જલમાં શીતળતાના અન્વયની યોગ્યતા છે. વળી, જલ શીતળતાને વ્યભિચારી પણ છે. અર્થાત્ ઉષ્ણજલ સ્થળે શીતળતા રહેતી ન હોવાથી जल ક્યારેક शीत વિશેષણ વિના પણ પ્રાપ્ત થાય છે. તેથી વિવક્ષિત જલને ઉષ્ણાદિ જલથી જૂદું પાડવા તેની સાથે शीत વિશેષણ જોડવું સાર્થક છે.

ક્યારેક ઉપરોક્ત બન્ને શરતો પૈકીની માત્ર પ્રથમ શરત પૂરી થતી હોય તો પણ વિશેષ્ય સાથે વિશેષણનું જોડાણ કરી શકાય છે. જેમકે 'आपो द्रव्यम्' (દ્રવ્યસ્વરૂપ જલ). અહીં જલ દ્રવ્યસ્વરૂપ હોવાથી પ્રથમ શરત મુજબ તેની સાથે द्रव्य વિશેષણ જોડવું શક્ય છે, પરંતુ દ્રવ્યસ્વરૂપ ન હોય એવું જલ ક્યાંય પ્રાપ્ત ન હોવાથી વિશેષણરહિત વિશેષ્યની પ્રાપ્તિ ન થતા અહીં બીજી શરત પૂરી થતી નથી. છતાં વિશેષણ-વિશેષ્યભાવ પૂર્વકનો 'आपो द्रव्यम्' પ્રયોગ થઇ શકે છે. ઉપરોક્ત બન્ને શરતો પૂરી થતી હોય તેવા વિશેષણને 'ઇતરવ્યાવર્તક વિશેષણ' કહેવાય છે અને માત્ર પ્રથમ શરત પૂરી થતી હોય તેવા વિશેષણને 'સ્વરૂપદર્શક વિશેષણ' કહેવાય છે. પ્રથમ શરત પૂરી ન થતી હોય તેવી વસ્તુ વિશેષણ બનવાને લાયક જ રહેતી નથી, પછી ભલે ત્યાં બીજી શરત પૂર્ણ થતી હોય. પ્રસ્તુતમાં मु આગમ ક્યારેય પદાન્તે સંભવતો જ નથી, અપદાન્તે જ વર્તતો હોય છે. માટે તેની સાથે પ્રથમ શરત મુજબ पदान्त વિશેષણ જોડાવાની યોગ્યતા જ ન વર્તતા તેને पदान्त વિશેષણ જોડવામાં નથી આવતું.

---

(A) જે વિશેષ્યમાં વિશેષણનો સંભવ (= અન્વય પામવાની યોગ્યતા) અને વ્યભિચાર હોય, તે વિશેષ્યને વિશે વિશેષણનું કથન સાર્થક છે.

વળી, સૂત્રમાં 'मु-मो' એમ म् ને લીધા પછી मु ને પણ લીધું છે, એ જ બતાવે છે કે मु સાથે पदान्त નો અન્વય નહીં થતો હોય. બાકી બન્ને સાથે पदान्त ની અનુવૃત્તિ જોડવા 'तौ मो व्यञ्जने स्वौ' આમ સૂત્ર બનાવી म् ના ગ્રહણથી मु નું ગ્રહણ પણ કરી શકાતુ હતું.

(3) **શંકા :-** स्वौ વિશેષણને દ્વિવચનનો પ્રયોગ કર્યો હોવાથી स्व વિશેષણ અનુસ્વાર અને અનુનાસિક બન્ને સાથે સંબંધિત થતા 'સ્વ અનુસ્વાર' અને 'સ્વ અનુનાસિક' એવો અર્થ પ્રાપ્ત થશે. પરંતુ અનુસ્વાર તો કોઈનો स्व હોતો નથી. તેથી स्व વિશેષણ માત્ર અનુનાસિકનું જ બતાવવું જોઈએ, અનુસ્વારનું નહીં. તો સૂત્રમાં स्वौ એમ દ્વિવચન શા માટે કર્યું ?

**સમાધાન :-** 'અનુસ્વાર' કોઈપણ વ્યંજનનો स्व સંજ્ઞક હોતો નથી, તેથી તેમાં स्व એવા વિશેષણનો અસંભવ છે. જ્યારે 'ङ्, ञ्, ण्, न् અને म् એ અનુનાસિક' કોઈક વ્યંજનોનો स्व છે, તેમ કોઈક વ્યંજનોનો अस्व પણ છે. આમ અનુનાસિકમાં સ્વત્વનો સંભવ અને સ્વત્વનો વ્યભિચાર (= સ્વત્વનું ન હોવાપણું) બન્ને છે, તેથી स्व વિશેષણ અનુનાસિકનું જ બતાવવું જોઈએ. તેમ છતાં ***'सम्भवे व्यभिचारे च विशेषणमर्थवत्'***(A) ન્યાયથી स्वौ વિશેષણ સ્વયમેવ અનુનાસિક સાથે જ સંબંધ કરશે, અનુસ્વાર સાથે નહીં. એ આશયથી ત્યાં દ્વિવચન કર્યું છે.

(4) मु આગમવાળા દૃષ્ટાંત -

| (i) चंक्रम्यते/चङ्क्रम्यते | कुटिलं क्रामति = | (ii) चंचूर्यते/चञ्चूर्यते | निन्दितं चरति = |
|---|---|---|---|
| * 'गत्यर्थात्० ३.४.११' | → क्रम्+यङ्+शव्+ते | * 'गृलुप० ३.४.१२' | → चर्+यङ्+शव्+ते |
| * 'सन्यङश्च ४.१.३' | → क्र क्रम्+यङ्+अ+ते | * 'सन्यङश्च ४.१.३' | → चर् चर्+यङ्+अ+ते |
| * 'व्यञ्जनस्या० ४.१.४४' | → क क्रम्+यङ्+अ+ते | * 'व्यञ्जनस्या० ४.१.४४' | → च चर्+यङ्+अ+ते |
| * 'कङश्चञ् ४.१.४६' | → च क्रम्+यङ्+अ+ते | * 'चरफलाम् ४.१.५३' | → चम्(मु)चर्+यङ्+अ+ते |
| * 'मुरतो० ४.१.५१' | → चम्(मु)क्रम्+यङ्+अ+ते | * 'ति चोपान्त्य० ४.१.५४' | → चम् चुर्+यङ्+अ+ते |
| * 'तौ मुमो० १.३.१४' | → चंक्रम्यते/चङ्क्रम्यते। | * 'भ्वादेर्नामिनो० २.१.६३' | → चम् चूर्+यङ्+अ+ते |
| | | * 'तौ मुमो० १.३.१४' | → चंचूर्यते/चञ्चूर्यते। |

(A) પેજ-૩૯, ટિપ્પણ-(A) જુઓ તથા વિશેષ જાણવા આ સૂત્રમાં (2) નંબરનું લખાણ જુઓ.

द्रम्, भण्, यम् અને वम् આ ધાતુઓની સાધનિકા નં -(i) મુજબ કરતા અનુક્રમે दंद्रम्यते, दन्द्रम्यते; बंभण्यते, बम्भण्यते; यंयम्यते, यय्यँम्यते અને वंवम्यते, वव्वँम्यते એવા પ્રયોગો થાય છે. અહીં बंभण्यते, बम्भण्यते આ પ્રયોગમાં એટલું વિશેષ છે કે ત્યાં 'द्वितीयतुर्ययोः पूर्वौ ४.१.४२' સૂત્રથી પૂર્વના म् ને ब् આદેશ થાય છે.

(5) પદાન્ત म् ના દૃષ્ટાંત -

(i) वहंलिहः/वहल्लिँहः

वहं लेढि =

* 'वहाभ्राल्० ५.१.१२३' → वह+लिह्+खश्(अ)
* 'खित्यनव्यय० ३.२.१११' → वहम्+लिह्+खश्
* 'तौ मुमो० १.३.१४' → वहंलिह/वहल्लिँह+सि
* 'सो रुः २.१.७२' → वहंलिहर्/वहल्लिँहर्
* 'रः पदान्ते १.३.५३' → वहंलिहः/वहल्लिँहः।

(ii) त्वं करोषि/त्वङ्करोषि

युष्मद् + सि

* 'त्वमहं० २.१.१२' → त्वम् करोषि
* 'तौ मुमो० १.३.१४' → त्वं करोषि/त्वङ्करोषि।

નં -(ii) મુજબ સાધનિકા કરવાથી त्वं चरसि, त्वञ्चरसि; त्वं टीकसे, त्वण्टीकसे; त्वं तरसि, त्वन्तरसि; त्वं पचसि, त्वम्पचसि અને त्वं लोकः, त्वँल्लोकः આવા પ્રયોગ થાય છે.

(6) **શંકા :-** त्वन्तरसि સ્થળે न् પદને અંતે હોવાથી 'नोऽप्रशानो० १.३.८' સૂત્રથી તેનો स् કેમ નથી કર્યો ?

**સમાધાન :-** त्वन्तरसि સ્થળે न् લાક્ષણિક છે, પ્રતિપદોક્ત નથી. તેથી 'नोऽप्रशानो० १.३.८' સૂત્રથી न् નો स् નહીં થાય. કારણ કે એ સૂત્રમાં ***'लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्'***(A) ન્યાયથી પ્રતિપદોક્ત न् નું જ ગ્રહણ થાય છે, લાક્ષણિકનું નહીં.

તાત્પર્ય એ છે કે त्वन्तरसि સ્થળે આ સૂત્રથી म् નો જે न् આદેશ થયો છે, તે અનુનાસિક રૂપે થયો છે, સાક્ષાત્ न् વર્ણરૂપે નહીં. આમ न् અનુનાસિક રૂપ લક્ષણ (= ચિહ્ન) દ્વારા આવેલો હોવાથી તેને લાક્ષણિક કહેવાય. જેમકે - વેલડીઓથી છવાયેલા પ્રદેશમાં ખાંધ રૂપ ચિહ્નને જોઇને 'અહીં બળદ હોવો જોઇએ' એમ કોક માણસ અનુમાન કરે, તેમ त्वन्तरसि સ્થળે त्वम् + तरसि અવસ્થામાં, પરમાં રહેલા તકારને જોઇને 'પૂર્વના म् ને त् નિમિત્તે અનુનાસિક न् આદેશ થયો હોવો જોઇએ' એવું અનુમાન કરાય છે. આમ અહીં અનુનાસિક રૂપ લક્ષણથી આવેલો હોવાથી न् લાક્ષણિક છે. તેથી 'नोऽप्रशानो० १.३.८' સૂત્રનું કાર્ય તેને નહીં થાય.

(A) લાક્ષણિક અને પ્રતિપદોક્ત એ બન્ને વિધિનો સંભવ હોય ત્યારે પ્રતિપદોક્તવિધિનું ગ્રહણ થાય છે.

**(iii)** संयतः/सय्यँतः — ✱ सम् + यम् (३८६), ✱ 'ज्ञानेच्छार्चा० ५.२.९२' → संयच्छत्यात्मानं = सम् + यम् + त(क्त), ✱ 'यमिरमि० ४.२.५५' → सम् + य + त, ✱ 'तौ मुमो० १.३.१४' → संयत/सय्यँत + सि, ✱ 'सो रुः २.१.७२' → संयतर्/सय्यँतर्, ✱ 'रः पदान्ते० १.३.५३' → संयतः/सय्यँतः।

**(iv)** अहंयुः/अहय्युँः — ✱ 'ऊर्णाहं० ७.२.१७' → अहम् + युस्, ✱ 'तौ मुमो० १.३.१४' → अहंयुस्/अहय्युँस्, ✱ 'सो रुः २.१.७२' → अहंयुर्/अहय्युँर्, ✱ 'रः पदान्ते० १.३.५३' → अहंयुः/अहय्युँः।

**(v)** संवत्सरः/सव्वँत्सरः — ✱ सम् वस् (९९९), ✱ 'मी ज्यजि० (उणा० ४३९)' → संवसन्ति ऋतवोऽत्र = सम् + वस् + सर, ✱ 'सस्तः सि ४.३.९२' → सम् + वत् + सर, ✱ 'तौ मुमो० १.३.१४' → संवत्सर/सव्वँत्सर + सि, ✱ 'सो रुः २.१.७२' → संवत्सरर्/सव्वँत्सरर्, ✱ 'रः पदान्ते० १.३.५३' → संवत्सरः/सव्वँत्सरः।

**(vi)** कंवः/कव्वँः — ✱ 'कंशंभ्यां० ७.२.१८' → कम् (सुखं ज्ञानं जलं वा) अस्यास्ति = कम् + व, ✱ 'तौ मुमो० १.३.१४' → कंव/कव्वँ + सि, ✱ 'सो रुः २.१.७२' → कंवर्, कव्वँर्, ✱ 'रः पदान्ते० १.३.५३' → कंवः/कव्वँः।

**(vii)** किंतराम्/किन्तराम् — ✱ 'क्वचित्स्वार्थे ७.३.७' → किमेव = किम् + तर (तरप्), ✱ 'किंत्याद्ये० ७.३.८' → किम् + तराम्, ✱ 'तौ मुमो० १.३.१४' → किंतराम्/किन्तराम्।

**(7)** म् પદાન્તે હોય તો જ તેનો આ સૂત્રથી અનુસ્વાર કે પરવ્યંજનનો અનુનાસિક આદેશ થાય એવું કેમ ?

**(a)** गम्यते **(b)** रम्यते — ✱ गम् + ते, रम् + ते, ✱ 'क्यः शिति ३.४.७०' → गम् + क्य + ते = गम्यते, रम् + क्य + ते = रम्यते।

અહીં म् પદને અંતે ન હોવાથી આ સૂત્રથી તેનો અનુસ્વાર કે પરવ્યંજનના વર્ગનો અનુનાસિક આદેશ ન થયો.

**(8)** પરમાં વ્યંજન હોય તો જ સૂત્રકાર્ય થાય, સ્વર હોય તો નહીં. એવું કેમ ?

**(a)** किमत्र (किम् + अत्र) — અહીં પદાન્ત म् થી પરમાં સ્વર (अ) હોવાથી સૂત્રકાર્ય નહીં થાય.

**(9)** આ સૂત્રથી પરવ્યંજનના વર્ગનો સ્વ એવો જ અનુનાસિક આદેશ થાય એવું કેમ ?

**(a)** रंरम्यते **(b)** शंशम्यते — ✱ 'व्यञ्जनादे० ३.४.९' → अत्यर्थं रमते = रम् + यङ् + शव् + ते, भृशं पुनः पुनर्वा शाम्यति = शम् + यङ् + शव् + ते, ✱ 'सन्यङश्च ४.१.३' → रम् रम् + य + अ + ते, शम् शम् + य + अ + ते, ✱ 'व्यञ्जनस्या० ४.१.४४' → र रम् + य + अ + ते, श शम् + य + अ + ते, ✱ 'मुरतो० ४.१.५१'

→ रम् (मु) रम्य + अ + ते, शम् (मु) शम्य + अ + ते, * 'तौ मुमो० १.३.१४' → रंरम्य + अ + ते, शंशम्य + अ + ते, * 'लुगस्या० २.१.११३' → रंरम्य् + अ + ते = रंरम्यते, शंशम्य् + अ + ते = शंशम्यते।

| | (c) त्वं रमसे | (d) त्वं शण्ढः | (e) त्वं षण्ढः | (f) त्वं साधुः | (g) त्वं हससि |
|---|---|---|---|---|---|
| | युष्मद् + सि | युष्मद् + सि | युष्मद् + सि | युष्मद् + सि | युष्मद् + सि |
| * 'त्वमहं० २.१.१२' → | त्वम् रमसे | त्वम् शण्ढः | त्वम् षण्ढः | त्वम् साधुः | त्वम् हससि |
| * 'तौ मुमो० १.३.१४' → | त्वं रमसे। | त्वं शण्ढः। | त्वं षण्ढः। | त्वं साधुः। | त्वं हससि। |

ઉપરોક્ત પ્રથમ બે સ્થળે मु આગમ અને પછીના સ્થળે પદાન્ત म् પછી જેમને કોઇ स्व(A) નથી એવા र्, श्, ष्, स् અને ह् વર્ણો છે, માટે આ સૂત્રથી मु અને પદાન્ત म्નો અનુનાસિક આદેશ ન થતા માત્ર અનુસ્વાર આદેશ જ થયો.

**શંકા :-** સૂત્રમાં 'स्व' વિશેષણ ન મુકત તો म् ને र्-श्-ष्-स्-ह् સ્થાનીય કયો અનુનાસિક આદેશ થાત ?

**સમાધાન :-** र् વિગેરેને કોઇ स्व ન હોવાથી म् ને म् અનુનાસિક આદેશ જ થાત અથવા સ્થાનની અપેક્ષાએ આસન્ન એવા ક્રમશઃ ण्-ञ्-ण्-न् અને ङ् થાત અને વિકલ્પપક્ષે અનુસ્વાર આદેશ થાત. આવું ન થાય માટે સૂત્રમાં स्व પદ મૂક્યું છે ।।१४।।

## म-न-य-व-लपरे हे ।।१.३.१५।।

**बृ.वृ.–(1) म-न-य-व-लपरे हकारे परे पदान्ते वर्तमानस्य मकारस्य स्थानेऽनुस्वाराऽनुनासिकौ स्वौ पर्यायेण भवतः। (2) किं ह्मलयति, किम् ह्मलयति; किं ह्नुते, किन् ह्नुते; किं ह्यः, कियँ ह्यः; किं ह्वलयति, किवँ ह्वलयति; किं ह्लादते, किलँ ह्लादते। (3) मादिपर इति किम्? किं हसति। (4) ह इति किम्? किं ज्वलति।।१५।।**

**सूत्रार्थ :-** પદાન્તે રહેલા म् ને, તેની પરમાં ह् આવે અને ह् ની પરમાં म्, न्, य्, व् કે ल् હોય તો અનુસ્વાર થાય છે. તેમજ म्, न्, य्, व् કે ल् ના સ્થાનનો અનુનાસિક આદેશ અનુક્રમે થાય છે.

**सूत्रसमास :-** ◆ मश्च नश्च यश्च वश्च लश्च = मनयवलाः (इ.द्व.), मनयवलाः परे यस्माद् = मनयवलपरः (बहु.), तस्मिन् = मनयवलपरे।

(A) र्, श्, ष्, स् અને ह् ને અનુક્રમે र्, श्, ष्, स् અને ह् એ જ स्व છે, બીજા નહીં. કારણ કે સ્થાન અને આસ્ય-પ્રયત્નની અતુલ્યતા છે. વળી, અનુનાસિક र्ँ વિગેરે તો હોતા જ નથી. તેથી કોઇ અનુનાસિક વર્ણ એવો નથી કે જે રેફ અને ઉષ્માક્ષરને स्व હોય.

<u>વિવરણ :-</u> (1) સૂત્રમાં पर શબ્દ મૂક્યો હોવાથી म-न-य-व-लाः परे यस्माद् स એમ બહુવ્રીહિ સમાસ થશે, તત્પુરુષ નહીં.

**શંકા :-** पर શબ્દ ન મૂકતા म-न-य-व-ले એવું કહ્યું હોત તો ય અર્થ સરખો જ પ્રાપ્ત થઈ શકત. કારણ સપ્તમી વિભક્તિના કારણે 'म् વિગેરે પરમાં હોતે છતે જે ह्, તે પરમાં હોતે છતે...' આવો સૂત્રાર્થ થાત. તેથી किम् ह्मलयति વિગેરે સ્થળોએ સૂત્રપ્રવૃત્તિ થાત. આમ સૂત્રમાં पर શબ્દ મૂકવો આવશ્યક નથી.

**સમાધાન :-** 'मनयवले हे' એવું સૂત્ર બનાવે તો જેમ તમે કહ્યો એવો અર્થ થાય, તેમ 'ह् પરમાં હોતે છતે જે म् વિગેરે, તે પરમાં હોતે છતે...' એવો વિપરીત અર્થ પણ પ્રાપ્ત થઈ શકે અને તેમ થવાથી किम् मह्यति, किम् नह्यति, किम् याहि, किम् वहसि, किम् लिह्यते વિગેરે સ્થળોએ જ સૂત્રપ્રવૃત્તિ થઈ શકે, અન્યત્ર નહીં.

**શંકા :-** વિપરીત અર્થ કરવાથી किम् + मह्यति વિગેરે સ્થળોએ સૂત્રપ્રવૃત્તિ થવાની આપત્તિ ક્યાં આવે છે ? કારણ ત્યાં તો म् વિગેરે અને ह् ની વચ્ચે अ કારાદિનું વ્યવધાન નડે છે.

**સમાધાન :-** ન્યાય છે કે ***'येन नाव्यवधानं तेन व्यवहितेऽपि स्यात्'***(A). તેના બળે એક વર્ણનું વ્યવધાન હોય તો ચાલે. તેથી किम् मह्यति વિગેરે અનિષ્ટ સ્થળોમાં સૂત્રપ્રવૃત્તિ થવાની આપત્તિ ઊભી રહે છે.

**શંકા :-** અહીં ***'येन नाव्यवधानं०'*** ન્યાય તો ત્યારે લાગત કે જો વ્યવધાન વિના પ્રવૃત્તિ શક્ય જ ન હોત. પરંતુ આદ્ય પક્ષે (किम् ह्मलयति વિગેરે સ્થળોએ) વ્યવધાન વિના પણ પ્રવૃત્તિ શક્ય છે, તેથી સૂત્ર ત્યાં ચરિતાર્થ (સફળ) થવાથી किम् मह्यति વિગેરે વિપરીત અર્થવાળા સ્થળોએ अ વિગેરેનું વ્યવધાન હોવાથી સૂત્રપ્રવૃત્તિ નહીં થાય.

**સમાધાન :-** જે લોકો 'ह् પરમાં હોતે છતે જે म् વિગેરે, તે પરમાં હોતે છતે...' આવો વિપરીત અર્થ કરે છે, તેમના મતે 'म् વિગેરે પરમાં હોતે છતે જે ह्, તે પરમાં હોતે છતે..' આવો કોઈ પક્ષાંતર સંભવતો ન હોવાથી વ્યવધાન વિના પ્રવૃત્તિ શક્ય નથી. તેથી किम् + मह्यति વિગેરે અનિષ્ટસ્થળોમાં સૂત્રપ્રવૃત્તિ થવાની આપત્તિ ઊભી રહે છે. તે વારવા पर નું ગ્રહણ આવશ્યક છે.

---

(A) જે સ્થળે વિવક્ષિત કાર્ય કરવામાં અમુક વર્ણાદિનું વ્યવધાન અવશ્ય હોય જ, તે સ્થળે તે વર્ણનું વ્યવધાન હોય તો પણ કાર્ય થાય જ. જેમકે 'स्वरादुतो० ૨.૪.૩૫' સૂત્ર કહે છે કે 'સ્વરથી પરમાં उ હોય તેવા उ અંતવાળા ગુણવાચક નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.' તેથી चारु + ङी = चार्वी ૩૫ થયું. ત્યાં સ્વર (आ) અને उ કાર વચ્ચે એક વ્યંજન (र्) નું વ્યવધાન હોવા છતાં ङी પ્રત્યય સિદ્ધ થયો. ન્યાયમાં न अव्यवधानम् સ્થળે બે न કાર હોવાથી 'વ્યવધાનનો અવશ્યંભાવ' આ અર્થ પ્રાપ્ત થાય છે.

**શંકા :-** જે લોકો માત્ર વિપરીત અર્થ જ કરે, એમને તમારે પૂછવું જોઈએ કે - 'આ સૂત્ર બનાવવાની જરૂર શું પડી ? किम् मह्यति વિગેરે સ્થળે 'तौ मुमो० १.३.१४' સૂત્રથી જ किं मह्यति અને किम्मह्यति પ્રયોગ સિદ્ધ હતા. આ સૂત્રે નવું શું કાર્ય કર્યું ?' આમ વિપરીત અર્થ જ જો તેઓ માનવા જશે તો તેમને આ સૂત્ર વ્યર્થ ઠરવાનો પ્રસંગ આવશે.

**સમાધાન :-** તમારી એ વાત સાચી છે. પરંતુ વિપરીત અર્થ કરનારને આ સૂત્ર નિરર્થક થયું છતું નિયમ કરનાર બને. નિયમ એવો થાય કે - 'म्, न्, य्, व् કે ल् પરમાં હોય અને તેની પરમાં જો ह् આવે તો જ પદાન્ત म् ને અનુસ્વાર કે સ્વ અનુનાસિક આદેશ થાય છે.' તેથી स्वम् मन्यसे વિગેરે સ્થળે मन्यसे માં म् થી પરમાં ह् વર્ણ ન હોવાથી 'तौ मुमो० १.३.१४' સૂત્રથી પણ स्वं मन्यसे વિગેરે ઈષ્ટપ્રયોગ ન થવાની આપત્તિ આવે. વિપરીત અર્થ અનુસાર નિયમ થઈને આવી આપત્તિ ન આવે માટે સૂત્રમાં पर નું ગ્રહણ કર્યું છે. જેથી मनयवलपरे પદ हे પદનું વિશેષણ બનતા સૂત્રનો અર્થ 'म વિગેરે છે પરમાં જેને એવો ह् પરમાં વર્તતા..' આમ જ થાય.

**(2) <u>દૃષ્ટાંત</u> -**

| | | | | |
|---|---|---|---|---|
| **(i)** | **'किम् ह्मलयति'** | **✻ 'मनयवलपरे० १.३.१५'** | **→** | **किं ह्मलयति, किम्ह्मलयति**[(A)] |
| **(ii)** | **'किम् ह्नुते'** | **✻ 'मनयवलपरे० १.३.१५'** | **→** | **किं ह्नुते, किन्ह्नुते** |
| **(iii)** | **'किम् ह्यः'** | **✻ 'मनयवलपरे० १.३.१५'** | **→** | **किं ह्यः, कियँ् ह्यः** |
| **(iv)** | **'किम् ह्वलयति'** | **✻ 'मनयवलपरे० १.३.१५'** | **→** | **किं ह्वलयति, किवँ् ह्वलयति** |
| **(v)** | **'किम् ह्लादते'** | **✻ 'मनयवलपरे० १.३.१५'** | **→** | **किं ह्लादते, किलँ् ह्लादते** |

ઉપરોક્ત સર્વ દૃષ્ટાંતોમાં પદાન્ત म ની પરમાં ह् છે અને તેને બીજો કોઈ વર્ણ સ્વ નથી. તેથી સૂત્રમાં म् નો જે સ્વ અનુનાસિક આદેશ કરવાનું કહ્યું છે, તે ह् ની પરમાં રહેલા म्-न्-य्-व् અને ल् ની અપેક્ષાએ સમજવું. તેથી જ દૃષ્ટાંતોમાં ह् ની પરમાં म्-न्-य्-व्-ल् આવે છે, તો પદાન્ત म् ના પણ ક્રમશઃ म्-न्-यँ्-वँ्-लँ् આદેશ કરવામાં આવ્યા છે.

વળી, પૂર્વસૂત્ર કરતા આ સૂત્ર વ્યાપ્તિ માટે જુદું બનાવ્યું છે. વ્યાપ્તિ એટલે ***'अधिकविषयेऽपि प्राप्तिः'***. તેથી ભલે આ સૂત્ર પદાન્ત म् ને લઈને પ્રવર્તતું બતાવ્યું હોય, પરંતુ તે પૂર્વસૂત્રના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરશે. અર્થાત્ मु આગમના વિષયમાં પણ અધિક પ્રાપ્તિ કરાવી આપશે. વાત એમ છે કે 'तौ मुमो० १.३.१४' સૂત્રથી પદાન્ત म् ની પરમાં જો ह् આવે અને તેની પરમાં म्-न्-य्-व्-ल् આવે તો માત્ર અનુસ્વાર આદેશ જ પ્રાપ્ત હતો. પરંતુ આ સૂત્રે તે ક્ષેત્રમાં

(A) ह्मलयति એ ह्मल् (१०५७) ધાતુનો णिगन्त પ્રયોગ છે. ह्वलयति સ્થળે પણ ह्वल् ધાતુને લઈને એમ જ સમજવું.

અધિક અનુનાસિક આદેશ પ્રાપ્ત કરાવી આપ્યો. તેમ આ સૂત્ર મુ આગમની બાબતમાં પણ જો તેની પરમાં હ્ હોય અને તેની પરમાં મ્-ન્-ય્-વ્-લ્ હોય તો પૂર્વસૂત્રથી અપ્રાપ્ત એવા અનુનાસિક આદેશને પણ પ્રાપ્ત કરાવી આપે છે. તેથી जंह्मल्यँते, जम्ह्मल्यँते; जवँह्वल्यँते, जंह्वल्यँते વિગેરે બે-બે પ્રયોગ સિદ્ધ થઈ શકે છે. અહીં જે બે પ્રકારના દૃષ્ટાંતો બતાવ્યા છે, ત્યાં અનુનાસિક लँ् વાળા ह्मलँ् અને ह्वलँ् ધાતુઓ છે એમ સમજવું અને સાધનિકા 'तौ मुमो० ૧.૩.૧૪' સૂત્રમાં દર્શાવેલા चंक्रम्यते, चङ्क्रम्यते વિગેરે પ્રયોગો પ્રમાણે યથાયોગ્ય રીતે કરી લેવી. માત્ર એટલું વિશેષ કે તેમાં 'तौ मुमो० ૧.૩.૧૪' સૂત્રને બદલે 'मनयव० ૧.૩.૧૫' સૂત્ર બતાવવું.

(3) ह् થી પરમાં म्, न्, य्, व् કે ल् હોય તો જ આ સૂત્રથી પદાન્ત म् ને અનુનાસિક આદેશ થાય છે, તેથી किम् + हसति સ્થળે ह् થી પરમાં अ હોવાથી પદાન્ત म् ને અનુનાસિક આદેશ ન થતા 'तौ मुमो० ૧.૩.૧૪' સૂત્રથી અનુસ્વાર થવાથી किं हसति પ્રયોગ થાય છે.

(4) ह् થી જ પરમાં म्, न्, य्, व् કે ल् હોય તો આ સૂત્રથી પદાન્ત म् ને અનુનાસિક આદેશ થાય છે. તેથી किम् + ज्वलति વિગેરે સ્થળે व् એ ह् થી પરમાં ન હોવાથી પદાન્ત म् ને અનુનાસિક આદેશ નહીં થાય. તેથી 'तौ मुमो० ૧.૩.૧૪' સૂત્રથી અનુસ્વાર થતા किं ज्वलति પ્રયોગ થાય છે ।।૧૬।।

## सम्राट् ।।१.३.१६।।

**बृ.वृ.–समो मकारस्य राजतौ क्विबन्ते परे(1)ऽनुस्वाराभावो निपात्यते। (2)सम्राट् भरतः, सम्राजौ, सम्राजः, साम्राज्यम्।।१६।।**

---

**सूत्रार्थ :-** सम् ना म् નો क्विप् પ્રત્યયાન્ત राज् પરમાં આવતા અનુસ્વાર થતો નથી.

<u>વિવરણ :-</u> (1) આ નિપાતનસૂત્ર છે. सम् + राज् અવસ્થામાં પદાન્ત म् ને 'तौ मुमो० ૧.૩.૧૪' સૂત્રથી અનુસ્વારની પ્રાપ્તિ છે, પરંતુ र् નો સ્વ અનુનાસિક કોઈ ન હોવાથી અનુનાસિક આદેશની પ્રાપ્તિ નથી. તેથી પ્રસ્તુત સૂત્રથી અનુસ્વારનો અભાવ નિપાતન કરાય છે. તેથી 'तौ मुमो० ૧.૩.૧૪' સૂત્રથી संराट् આવો અનિષ્ટ પ્રયોગ નહીં થાય.

(2) <u>દૃષ્ટાંત</u> -

**(i) सम्राट् — * सम् + राज् (८९३), * 'क्विप् ५.१.१४८' → सम्यग् राजते इति क्विप् = सम् + राज् + क्विप्(०), * 'सम्राट् १.३.१६' → सम्राज् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → सम्राज्, * 'यज-सृज० २.१.८७' → सम्राष्, * 'धुटस्तृतीयः २.१.७६' → सम्राड्, * 'विरामे वा १.३.५१' → सम्राट्।**

**(ii)** सम्राजौ — ✻ सम्राज् સુધી ઉપર પ્રમાણે સિદ્ધ કરવું. ✻ सम्राज् + औ = सम्राजौ।[A]

**(iii)** सम्राजः — ✻ सम्राज् સુધી ઉપર પ્રમાણે સિદ્ધ કરવું. ✻ सम्राज् + जस् = सम्राजस्, ✻ 'सो रुः २.१.७२' → सम्राजर्, ✻ 'रः पदान्ते० १.३.५३' → सम्राजः।

**(iv)** साम्राज्यम् — ✻ 'पतिराजान्त० ७.१.६०' → सम्राजो भावः = सम्राज् + ट्यण् (य), ✻ 'वृद्धिः स्वरेष्वा० ७.४.१' → साम्राज्य + अम्, ✻ 'समानादमो० १.४.४६' → साम्राज्य + म् = साम्राज्यम् ।।१६।।

## ङ्-णोः क-टावन्तौ[1] शिटि नवा ।।१.३.१७।।

**बृ.वृ.-पदान्ते वर्तमानयोर्ङकार-णकारयोः शिटि परे यथासंख्यं 'क ट' इत्येतावन्तौ वा भवतः। [2]प्राङ्क् शेते, प्राङ्क् छेते, प्राङ् शेते; प्राङ्क् षण्डे, प्राङ् षण्डे; प्राङ्क् साये, प्राङ् सायेः सुगण्ट् शेते, सुगण्ट् छेते, सुगण् शेते; वण्ट् षण्डे, वण् षण्डे; वण्ट् साये; वण् साये ; क्रुङ्क्षु, क्रुङ्षु; सुगण्ट्सु, सुगण्सु। [3]ङ्-णोरिति किम्? भवाञ् शेते, महान् षण्डे। [4]शिटीति किम्? प्राङ् करोषि, सुगण् चरति। [5]पदान्त इत्येव? बम्भण्षि।।१७।।**

---

**सूत्रार्थ :-** પદને અંતે વર્તતા ङ् અને ण् ને, જો તેની પરમાં શિટ્ વ્યંજન આવે તો અનુક્રમે क् અને ट् નો આગમ વિકલ્પથી થાય છે.

**सूत्रसमास :-** ◆ ङश्च णश्च = ङ्णौ (इ.द्व.), तयोः = ङ्णोः। ◆ कश्च टश्च = कटौ (इ.द्व.)

<u>વિવરણ :-</u> **(1)** **શંકા :-** સૂત્રમાં अन्त પદ કેમ મૂક્યું છે ? 'ङ्णोः कटौ शिटि नवा' એવું સૂત્ર બનાવી શકાય ને ?

**સમાધાન :-** એવું કરત તો 'ङ्णोः' એમ ષષ્ઠી વિભક્તિ હોવાથી 'षष्ठ्याऽन्त्यस्य' પરિભાષાથી અન્ત્ય એવા ङ् અને ण् નો અનુક્રમે क् અને ट् આદેશ થવાની આપત્તિ આવત. તેવું ન થાય માટે अन्त શબ્દ દ્વારા क् અને ट् એ બન્નેનો આગમ કર્યો છે.

---

**(A)** સૂત્રમાં 'सम्राट्' એમ એકવચનનો પ્રયોગ દર્શાવ્યો હોવાથી ત્યાં જ અનુસ્વારનો અભાવ નિપાતન થવો જોઈએ, सम्राजौ, सम्राजः વિગેરે સ્થળોએ નહીં. પરંતુ ન્યાય છે કે *'सूत्रे लिङ्ग-वचनमतन्त्रम्'* (જુઓ - सीरदेव० बृ० परि० वृत्ति-३०) એ ન્યાયથી સૂત્રમાં લિંગ કે વચનનો નિર્દેશ અકિંચિત્કર છે. સૂત્ર કોકને કોક લિંગ અને વચનમાં જ બનાવવું પડે. તેના વગર સૂત્ર બનાવવું શક્ય નથી. તેથી સૂત્રમાં તે તે લિંગ કે વચનનું ઉપાદાન હોવા છતાં તે બન્નેની અવિવક્ષા હોય છે. જેમકે - 'ङसोऽपत्ये ६.१.२८' સૂત્રમાં अपत्ये પ્રયોગ એકવચનમાં હોવા છતાં उपगोरपत्यानि औपगवाः એવો પ્રયોગ પણ એ સૂત્રથી થશે. એ જ રીતે પ્રસ્તુત સૂત્રમાં એકવચનનો નિર્દેશ હોવા છતાં सम्राजौ, सम्राजः વિગેરે દ્વિવચનાન્ત, બહુવચનાન્ત પ્રયોગો પણ થશે.

**શંકા :-** જો આદેશ ન થવા દેવો હોય તો ङ्णोः कटौ ને બદલે ङ्णः कटम् એમ સમાહાર કરીને ङ्णः ને પંચમી વિભક્તિ કરવાથી क् અને ट् એ આદેશરૂપ નહીં બને તથા 'ङ् અને ण् થી પરમાં અનુક્રમે क् અને ट् થાય છે' આવો અર્થ પ્રાપ્ત થશે.

**સમાધાન :-** ના, જો સૂત્રમાં अन्त શબ્દ ન મૂકીએ તો क् અને ट् એ આદેશને બદલે પ્રત્યય રૂપ બની જાય. તેમ થવાથી क्विबन्त प्राञ्च् ધાતુને આગળ દષ્ટાંત સ્થળે દર્શાવાશે તેમ प्राङ् અવસ્થા પ્રાપ્ત થતા क्विबन्त प्राङ् ને આ સૂત્રથી થયેલ क् પ્રત્યય તદ્ધિતનો પ્રત્યય ગણાય. હવે તદ્ધિતનો પ્રત્યય લાગવો એ વૃત્તિ(A) થઇ અને વૃત્તિસ્થળે ઐકાર્થ્ય સામર્થ્ય મનાતું હોવાથી ત્યાં 'ऐकार्थ्ये ३.२.८' સૂત્રથી ધુટ્ सि પ્રત્યયનો લોપ (લુપ્) થઇ જાય. તેથી જે ધુટ્ सि પ્રત્યયના નિમિત્તે प्राङ् સ્થળે 'अचः १.४.६९' સૂત્રથી न्‌નો આગમ થયો હતો તે सि પ્રત્યય ચાલ્યો જતા ***'निमित्तापाये नैमित्तिकस्याऽप्यपायः'***(B) ન્યાયાનુસાર न् આગમ (= प्राङ् નો ङ्. કેમકે આ ङ् તે न् નો જ થયેલો છે.) પણ ચાલ્યો જાય(C). તેથી આપણે જે प्राङ्क् शेते પ્રયોગ સિદ્ધ કરવો છે તે સિદ્ધ ન થઇ શકે.

બીજું, સૂત્રમાં अन्त શબ્દના ગ્રહણથી क् ને આગમસંજ્ઞા થવાથી प्राङ्क् छेते સ્થળે क् પૂર્વપદવર્તી ગણાવાથી અને તે પૂર્વપદના અંતે હોવાથી 'प्रथमादधुटि शश्छः १.३.४' સૂત્રથી પ્રથમાન્ત क् થી પરમાં રહેલા शेते ના श् નો छ् આદેશ થઇ શકે છે.

વળી, प्राङ्क् साये સ્થળે क् પૂર્વપદાન્તભૂત થવાથી 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રથી साये ના स् નો ष् નહીં થાય. અન્યથા क् એ પરપદનો આદિઅવયવ થાય તો स् પદની અંદર થવાથી તેનો ष् આદેશ થઇ જાત.

વળી, सुगण्ट्सु સ્થળે सु પ્રત્યય પરમાં હોતે છતે 'नाम सिदय्० १.१.२१' સૂત્રથી પૂર્વનું सुगण् નામ પદ બને છે અને પ્રસ્તુત સૂત્રથી થનારો ट् આગમ સ્વરૂપ હોવાથી એ પૂર્વપદનું અંગ બનતા सुगण्ट् એમ પદાન્તે રહેનારો મનાશે. તેથી 'सस्य श-षौ १.३.६१' સૂત્રથી सु પ્રત્યયના स् નો ष् થવાની પ્રાપ્તિ હતી, તેનો 'पदान्ताट्टवर्गात्० १.३.६२' સૂત્રથી પ્રતિષેધ થવાથી स् નો ष् ન થતા सुगण्ट्सु પ્રયોગ થશે. જો ट् એ सुगण् નો અવયવ ન બનતા પરનો અવયવ બનત તો તે અપદાન્તભૂત થવાથી स् ના ष् આદેશનો પ્રતિષેધ ન થતા सुगण्ट्षु આવો અનિષ્ટ પ્રયોગ થાત.

વળી(D), क् અને ट् જો પ્રત્યયરૂપ મનાત તો यावक ઇત્યાદિ નામને જેમ હેત્વર્થના યોગમાં તૃતીયા વિગેરે વિભક્તિઓ થાય છે, તેમ क् અને ट् પ્રત્યયાન્ત નામને પણ તૃતીયાદિ વિભક્તિઓ થાત.

---

(A) પૂ. લાવણ્ય સૂરિ સંપાદિત લ. ન્યાસમાં 'सन्धि-नाम-कारक-समासरूपचतुष्कवृत्तित्वाद्...' આવી પંક્તિ છે, તેના અર્થનો મેળ પાડવા વિદ્વાનો પ્રયત્ન કરે. બાકી વૃત્તિ તો સમાસ, તદ્ધિત, કૃત્ અને એકશેષરૂપ ગણવામાં આવે છે.

(B) નિમિત્ત ચાલ્યું જાય તો તેના નિમિત્તે થયેલ કાર્ય પણ ચાલ્યું જાય.

(C) અહીં 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી न्‌નો લોપ થવાના કારણે તે ચાલ્યો જાય તેમ પણ વિચારી શકાય.

(D) લ. ન્યાસની આ પંક્તિ જોઇએ તેવી બેસતી નથી તો વિદ્વાનો બેસાડવા પ્રયત્ન કરે.

(2) દૃષ્ટાંત -

(i) प्राङ्क् शेते

प्राञ्चतीति क्विप् =

| | | |
|---|---|---|
| * 'क्विप् ५.१.१४८' | → | प्राञ्च् + क्विप्(०) |
| * 'अञ्चो० ४.२.४६' | → | प्राच् + सि |
| * 'अचः १.४.६९' | → | प्रान्च् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | प्रान्च् |
| * 'पदस्य २.१.८९' | → | प्रान् |
| * 'युजञ्च० २.१.७१' | → | प्राङ् शेते |
| * 'ङ्णोः कटा० १.३.१७' | → | प्राङ्क् शेते[A]। |
| * 'વિકલ્પ પક્ષે' | → | प्राङ् शेते। |

(ii) सुगण्ट् शेते

सु + गण (१८७४)

| | | |
|---|---|---|
| * 'चुरादिभ्यो० ३.४.१७' | → | सुगण + णिच् |
| * 'अतः ४.३.८२' | → | सुगण् + णिच् |
| * 'क्विप् ५.१.१४८' | → | सुगण्+णिच्+क्विप्(०) |
| * 'णेरनिटि ४.३.८३' | → | सुगण् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | सुगण् शेते |
| * 'ङ्णोः कटा० १.३.१७' | → | सुगण्ट् शेते। |
| * 'વિકલ્પ પક્ષે' | → | सुगण् शेते। |

(iii) वण्ट् षण्डे

वणतीति क्विप् =

| | | |
|---|---|---|
| * 'क्विप् ५.१.१४८' | → | वण्+क्विप्(०)+सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | वण् षण्डे |
| * 'ङ्णोः कटा० १.३.१७' | → | वण्ट् षण्डे। |
| * 'વિકલ્પ પક્ષે' | → | वण् षण्डे। |

(iv) क्रुङ्क्षु

क्रुञ्चतीति क्विप् =

| | | |
|---|---|---|
| * 'क्विप् ५.१.१४८' | → | क्रुञ्च्+क्विप्(०)+सुप् |
| * 'नामः सिदय्० १.१.२१' | → | क्रुञ्च् ને પદસંજ્ઞા |
| * 'पदस्य २.१.८९' | → | क्रुन् + सुप् |
| * 'युजञ्च० २.१.७१' | → | क्रुङ् + सुप् |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | क्रुङ् + षु |
| * 'ङ्णोः कटा० १.३.१७' | → | क्रुङ्क् + षु |
| | | = क्रुङ्क्षु। |
| * 'વિકલ્પ પક્ષે' | → | क्रुङ्षु। |

प्राङ्क् षण्डे, प्राङ् षण्डे અને प्राङ्क् साये, प्राङ् साये પ્રયોગોની સાધનિકા प्राङ्क् शेते પ્રમાણે સમજવી. वण्ट् साये, वण् साये પ્રયોગની સાધનિકા वण्ट् षण्डे પ્રમાણે કરવી અને सुगण्ट्सु, सुगण्सु પ્રયોગની સાધનિકા सुगण्ट् शेते પ્રમાણે કરવી. માત્ર એટલું વિશેષ કે ત્યાં सि પ્રત્યયને બદલે सुप् પ્રત્યય લગાડવો અને 'दीर्घङ्याब्० १.४.४५' સૂત્રની પ્રવૃત્તિ ન કરવી.

(A) 'प्रथमादधुटि० १.३.४' સૂત્રથી प्राङ्क् छेते અને सुगण्ट् छेते પ્રયોગ પણ સિદ્ધ થઈ શકે છે.

**શંકા :-** विच् પ્રત્યયાન્ત वण् ધાતુને क्विप् પ્રત્યય લાગે ત્યારે 'अहन्पञ्चमस्य० ૪.૧.૧૦૭' સૂત્રથી દીર્ઘ આદેશ થતા જેમ वाण् થાય છે, તેમ क्विबन्त सुगण् ને णिच् પ્રત્યયનો લોપ થયા બાદ ત્યાં પણ 'अहन्पञ्चमस्य०' સૂત્રથી દીર્ઘ આદેશ થતા सुगाण् થવું જોઈએ ને ?

**સમાધાન :-** सुगण् સ્થળે લુક્ આદેશ પામેલા अ તેમજ णिच् પ્રત્યયનો સ્થાનિવદ્ભાવ મનાય છે, તેથી क्विप् પ્રત્યય નિમિત્તે દીર્ઘ આદેશ થઈ શકતો નથી.

**શંકા :-** દીર્ઘવિધિ કરવાના અવસરે 'न सन्धि-ङी-य-क्वि-द्वि-दीर्घ० ૭.૪.૧૧૧' પરિભાષાથી સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે. માટે सुगाण् એમ દીર્ઘ આદેશ થવો જોઈએ.

**સમાધાન :-** ના. ન થઈ શકે. કેમકે 'अहन्पञ्चमस्य० ૪.૧.૧૦૭' સૂત્રમાં જે हन् નો નિષેધ કર્યો છે, તેનાથી સૂત્રકારશ્રીને એમ જણાવવું છે કે જે ધાતુ ઉપદેશ અવસ્થામાં (= ધાતુપાઠમાં દર્શાવેલી મૂળ અવસ્થામાં) પંચમ વર્ણાન્ત રૂપે હોય તે જ ધાતુ 'अहन्पञ्चम०' સૂત્રનો વિષય બને છે, અન્ય નહીં. सुगण् સ્થલીય गण (૧૮૭૪) ધાતુ મૂળથી પંચમ વર્ણાન્ત નથી, પણ अ વર્ણાન્ત છે. તેથી ત્યાં 'अहन्पञ्चम०' સૂત્રથી દીર્ઘ આદેશ થઈ सुगाण् ન થઈ શકે.

(3) આ સૂત્રથી ङ् અને ण् ને જ ક્રમશઃ क् અને ट् નો આગમ થાય એવું કેમ ?

| | | (a) भवाञ् शेते | (b) महान् षण्डे |
|---|---|---|---|
| | | भवत् + सि | महत् + सि |
| * 'ऋदुदितः ૧.૪.૭૦' | → | भवन्त् + सि | महन्त् + सि |
| * 'अभ्वादे० ૧.૪.૯૦' | → | भवान्त् + सि | महान्त् + सि |
| * 'दीर्घङ्याब्० ૧.૪.૪૫' | → | भवान्त् | महान्त् |
| * 'पदस्य ૨.૧.૮૯' | → | भवान् शेते | महान् षण्डे। |
| * 'तवर्गस्य० ૧.૩.૬૦' | → | भवाञ् शेते। | |

ઉપરોક્ત બન્ને સ્થળે પદને અંતે ञ् અને न् છે. માટે પરમાં શિટ્ વર્ણ હોવા છતાં આ સૂત્રથી क् અને ट् આગમ ન થયો. તેમજ महान् षण्डे સ્થળે 'तवर्गस्य० ૧.૩.૬૦' સૂત્રથી न् નો ण् આદેશ નહીં થાય. કેમકે 'षि तवर्गस्य० ૧.૩.૬૪' સૂત્રથી તેનો નિષેધ થાય છે.

(4) શિટ્ વર્ણ પરમાં હોય તો જ આ સૂત્રથી क् અને ट् નો આગમ થાય એવું કેમ ?

**(a) प्राङ् करोषि (b) सुगण् चरति**–આ બન્ને સ્થળે क् અને च् વર્ણ શિટ્ સંજ્ઞક ન હોવાથી આ સૂત્રથી क् અને ट् નો આગમ ન થયો. સાધનિકા प्राङ्क् शेते અને सुगण्ट् शेते દૃષ્ટાંત સ્થળે દર્શાવ્યા પ્રમાણે સમજવી.

(5) ङ् અને ण् પદને અંતે હોય તો જ આ સૂત્રથી क्-ट् આગમ થાય એવું કેમ ?

**(a) बम्भणिष – * भण् (२६४), * 'व्यञ्जनादे० ३.४.९' → भृशं पुनः पुनर्वा भणसि = भण् + यङ्, * 'सन्यङश्च ४.१.३' → भण् भण् + यङ्, * 'व्यञ्जनस्या० ४.१.४४' → भ भण् + यङ्, * 'मुरतो० ४.१.५१' → भम् (मु) भण् + यङ्, * 'द्वितीयतुर्ययोः ४.१.४२' → बम् + भण् + यङ् + सि, * 'बहुलं लुप् ३.४.१४' → बम्भण् + सि, * 'सस्य शषौ १.३.६१' → बम्भण् + षि = बम्भणिष।**

અહીં बम्भण् + षि અવસ્થામાં ण् પદને અંતે નથી. માટે શિટ્ ष् પરમાં હોવા છતાં આ સૂત્રથી ट् આગમ ન થયો ।।१७।।

## ड्[1]नः सः त्सो[2]ऽश्चः ।।१.३.१८।।

**बृ.वृ.–पदान्ते वर्तमानाद् डकाराद् नकाराच्च परस्य सकारस्य स्थाने, 'त्स' इत्ययं तकारादिः सकारादेशो वा भवति, अश्चः–श्च्संयोगावयवश्चेत् सकारो न भवति। षड्[3] त्सीदन्ति, डकारनिर्देशाट्टत्वं न भवति, केचित् तु टत्वमपीच्छन्ति-षट् त्सीदन्ति, भवान् त्साधुः; पक्षे षट् सीदन्ति, भवान् साधुः। स[4] इति किम्? षड् भवन्ति, महान् षण्डः। अश्च[5] इति किम्? षट् श्च्योतन्ति, भवान् श्च्योतति। श्च्युतेः सोपदेशत्वाच्छकारस्य सकारोपदिष्टं कार्यं विज्ञायते, तेन मधु श्च्योततीति क्विप्, मधुश्च्युतमाचष्ट इति णावन्त्यस्वरादिलोपे, पुनः क्विपि, णिलोपे, सौ, तल्लुकि च, यलोपे, "संयोगस्यादौ स्कोर्लुक्" (२.१.८८) इति शलोपे, चस्य कत्वे 'मधुग्' इति सिद्धम्।।१८।।**

---

**સૂત્રાર્થ :-** પદને અંતે વર્તતા ड् અને न् થી પરમાં રહેલા स् ને સ્થાને 'त्स्' આદેશ વિકલ્પે થાય છે. પરંતુ જો તે (स्)श्च् આવા સંયોગના અવયવ રૂપ स् ન હોય તો.

**સૂત્રસમાસ :-** ◆ डश्च नश्च = ड्नम् (स.द्व.) (विग्रहेऽकार उच्चारणार्थः), तस्मात् = ड्नः। ◆ न श्चः = अश्च (नञ् तत्.)

<u>વિવરણ :-</u> (1) ઉપર સૂત્રસમાસમાં જે 'डश्च नश्च' આમ વિગ્રહ બતાવ્યો છે ત્યાં अ કાર ઉચ્ચારણ માટે છે. જેમ કોઈને 'ઘી લાવ' કહેવામાં આવે ત્યારે ઘી દ્રવીભૂત દ્રવ્ય હોવાથી તેને એકલું લાવવું શક્ય ન બનતા વાસણના સહારે લાવવામાં આવે છે, તેમ અહીં સ્વરની સહાય વિના વ્યંજનનું ઉચ્ચારણ શક્ય ન બનતા ઉચ્ચારણાર્થે अ ની સહાય લેવામાં આવે છે.

(2) આ સૂત્રથી થતા त्स् આદેશ સ્થળે જે स् અંશ છે તે તો स् નો જ આદેશ છે. એટલે કે स् નો ફરી स् આદેશ કરવામાં આમ તો કોઈ પ્રયોજન નથી. છતાં તેમ એટલા માટે કરવામાં આવે છે કે જેથી તેની સાથે

જોડાયેલો त् તેના અવયવરૂપે જણાય. બીજી કોઈ રીતે त् ને स् ના અવયવરૂપે બતાવવા જતા કાં તો સંદેહ થાય અથવા ગૌરવ આવે તેમ છે. માટે આ રીત જ બરાબર છે. આમ त् તેની પૂર્વે રહેલા ड् અને न् નો અવયવ ન બનતા स् નો અવયવ બનવાથી લાભ એ થાય છે કે षड् त्सीदन्ति વિગેરે દૃષ્ટાંત સ્થળે 'पदान्ताट्० १.३.६३' સૂત્રથી त् ના ट् આદેશનો નિષેધ થઈ શકે છે. અન્યથા 'तवर्गस्य० १.३.६०' સૂત્રથી त् નો ट् આદેશ થાત.

**(3) <u>દૃષ્ટાંત</u> -**

**(i) षड् त्सीदन्ति**

| | | |
|---|---|---|
| | | **षष् + जस्** |
| * **'डतिष्णः० १.४.५४'** | → | **षष्** |
| * **'धुटस्तृतीयः २.१.७६'** | → | **षड् सीदन्ति** |
| * **'ड्नः सः० १.३.१८'** | → | **षड् त्सीदन्ति**[A]। |
| * **'વિકલ્પ પક્ષે'** | → | **षट् सीदन्ति।** |

**(ii) भवान् त्साधुः**

| | | |
|---|---|---|
| | | **भवत् + सि** |
| * **'ऋदुदितः १.४.७०'** | → | **भवन्त् + सि** |
| * **'अभ्वादे० १.४.९०'** | → | **भवान्त् + सि** |
| * **'दीर्घङ्याब्० १.४.४५'** | → | **भवान्त्** |
| * **'पदस्य २.१.८९'** | → | **भवान् साधुः** |
| * **'ड्नः सः० १.३.१८'** | → | **भवान् त्साधुः।** |
| * **'વિકલ્પ પક્ષે'** | → | **भवान् साधुः।** |

षड् त्सीदन्ति સ્થળે 'अघोषे प्रथमो० १.३.५०' સૂત્રથી त् ના નિમિત્તે षड् ના ड् ને ट् આદેશની પ્રાપ્તિ છે, પરંતુ 'षड्' પ્રયોગસ્થ ड् નું સૂત્રમાં અનુકરણ કર્યું હોવાથી અર્થાત્ સૂત્રસ્થ 'ड्नः' સ્થળે વર્તતો ड् એ 'षड्' પ્રયોગના ड् ના અનુકરણ સ્વરૂપ હોવાથી તે અનુકરણના બળે ड् નો ट् આદેશ નહીં થાય. વળી વિકલ્પ પક્ષે જ્યારે આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થાય ત્યારે 'अघोषे प्रथमो० १.३.५०' સૂત્રથી ड् નો ट् આદેશ થઈ षट् सीदन्ति પ્રયોગ થશે.

જો કે કેટલાક વ્યાકરણકારો સૂત્રમાં षट् ના ट् નું અનુકરણ કરી ट् નું ગ્રહણ કરે છે. તેમના મતે टश्च नश्च = ट्नम्, 'धुटस्तृतीयः २.१.७६' → ड्नम्, तस्य = ड्नः આમ સૂત્રસ્થ ड्नः પદ બને છે. તેથી તેમના મતે 'अघोषे प्रथमो० १.३.५०' સૂત્રથી ड् નો ट् આદેશ થઈ षट् त्सीदन्ति પ્રયોગ થશે.

**શંકા :-** 'भवान् त्साधुः' સ્થળે 'नोऽप्रशानो० १.३.८' સૂત્રથી न् નો અનુસ્વાર કે અનુનાસિક પૂર્વકનો स् આદેશ કેમ નથી થતો ?

**સમાધાન :-** 'नोऽप्रशानो० १.३.८' સૂત્રમાં 'अधुट्परे' પદ મૂકી त् ની પરમાં અધુટ્ વર્ણને અપેક્ષ્યો છે. જ્યારે भवान् त्साधुः સ્થળે त् ની પરમાં ધુટ્ स् છે. તેથી તે સૂત્રની પ્રવૃત્તિ ન થઈ શકે.

---

(A) *** षद् (९६६), * 'षः सो० २.३.९८' → सद् + अन्ति, * 'कर्तर्य० ३.४.७१' → सद् + शव् + अन्ति * 'श्रौति० ४.२.१०८' → सीद् + शव् + अन्ति, * 'लुगस्या० २.१.११३' → सीद् + अन्ति = सीदन्ति।**

(4) આ સૂત્રથી स् નો જ त्स् આદેશ થાય એવું કેમ ?

| (a) षड् भवन्ति | | | (b) महान् षण्डः | | |
|---|---|---|---|---|---|
| | | षष् + जस् | | | महत् + सि |
| * 'डतिष्णः० १.४.५४' | → | षष् | * 'ऋदुदितः १.४.७०' | → | महन्त् + सि |
| * 'धुटस्तृतीयः २.१.७६' | → | षड् भवन्ति। | * 'न्समहतोः १.४.८६' | → | महान्त् + सि |
| | | | * 'दीर्घङ्याब्० १.४.४५' | → | महान्त् |
| | | | * 'पदस्य २.१.८९' | → | महान् षण्डः। |

અહીં બન્ને સ્થળે પદાન્ત ड् અને न् ની પરમાં स् ને બદલે ક્રમશઃ भ् અને ष् હોવાથી આ સૂત્રથી તેમનો त्स् આદેશ ન થયો.

(5) આ સૂત્રથી श्च् આવા સંયોગના અવયવરૂપ स् નો त्स् આદેશ ન થાય એવું કેમ ?

| | | (a) षट् श्च्योतन्ति | (b) भवान् श्च्योतति |
|---|---|---|---|
| | | स्च्युत् (२८३) | स्च्युत् (२८३) |
| * 'सस्य शषौ १.३.६१' | → | श्च्युत् + अन्ति | श्च्युत् + ति |
| * 'कर्तर्यनद्भ्यः० ३.४.७१' | → | श्च्युत् + शव् + अन्ति | श्च्युत् + शव् + ति |
| * 'लघोरुपान्त्यस्य ४.३.४' | → | श्च्योत् + शव् + अन्ति | श्च्योत् + शव् + ति |
| * 'लुगस्या० २.१.११३' | → | श्च्योत् + अन्ति | ↓ |
| | | षड् श्च्योतन्ति | भवान् श्च्योतति। |
| * 'अघोषे प्रथमो० १.३.५०' | → | षट् श्च्योतन्ति। | |

ઉપરોક્ત બન્ને સ્થળે षड् અને भवान् ના પદાન્ત ड् અને न् થી પરમાં રહેલા स्च्युत् ધાતુનો स् श् રૂપે ફરી ગયો છે. અર્થાત્ તે श्च् ના અવયવરૂપ स् છે, માટે આ સૂત્રથી તેનો त्स् આદેશ ન થયો.

**શંકા :-** (A)स्च्युत् ધાતુનો સર્વત્ર श्च्युत् રૂપે જ પ્રયોગ થાય છે. તેથી તેને લઈને ક્યાંય स् પરમાં આવવાનો સવાલ રહેતો નથી. તો શા માટે સૂત્રમાં નકામું अश्च પદ મૂકી તેનો નિષેધ કરવો પડે ?

**સમાધાન :-** ભલે સર્વત્ર તેનો श्च्युत् રૂપે પ્રયોગ થાય, પણ બોલતી વખતે તો તે स् રૂપે જ બોલાય છે.

**શંકા :-** એવું ક્યાં છે ? સર્વત્ર બોલતી વખતે તાલવ્ય श् જ સંભળાય છે.

(A) આ આખો પદાર્થ બૃ. ન્યાસ અને લઘુન્યાસની પંક્તિઓનો પરસ્પર મેળ પાડી ભેગો લખવામાં આવ્યો છે.

**સમાધાન :-** બરાબર છે, પરંતુ स्च्युत् ના स् નો श् આદેશ કરનાર 'सस्य शषौ १.३.६१' સૂત્રમાં अनु નો અધિકાર આવે છે. તેથી 'षड् स्च्युत्' અવસ્થામાં એ સૂત્રથી श् આદેશ કરતા પૂર્વે अश्च પદ રહિત પ્રસ્તુત સૂત્રથી स् નો त्स् આદેશ થવાની આપત્તિ આવે. તે ટાળવા સૂત્રમાં अश्च પદ મૂકવું જરૂરી છે.

**શંકા :-** ભલે, પણ આ રીતે નકામા स्च्युत् ના स् નો श् આદેશ કર્યા કરવો તેના કરતા ઉપદેશ અવસ્થામાં (= ધાતુપાઠમાં દર્શાવેલી મૂળ અવસ્થામાં) જ श्च्युत् ધાતુ બતાવી દેવો જોઈએ, જેથી પ્રક્રિયાગૌરવ ન થાય અને આ સૂત્રમાં अश्च પદ પણ ન મૂકવું પડે.

**સમાધાન :-** સાચી વાત છે. છતાં ધાતુપાઠમાં स्च्युत् ધાતુ જ બતાવ્યો છે તેનાથી ન્યાય જ્ઞાપિત થાય છે કે ***'दन्त्यापदिष्टं कार्यं तालव्यस्यापि भवति'***(A) આમ स्च्युत् નો स् નકામો નથી, પણ ન્યાયના જ્ઞાપક રૂપે તે સફળ છે. તેથી ભલે બધે स्च्युत् ના स् નો श् આદેશ કરવાનું ગૌરવ આવે, પરંતુ તે ફળમુખ ગૌરવ હોઈ તેને ગૌરવ ન ગણાય. આમ આ સૂત્રમાં જો अश्च પદ ન મૂકીએ તો આની પૂર્વના સમાધાનમાં બતાવેલી આપત્તિ ઊભી રહેતા આ સૂત્રમાં अश्च પદ મૂકવું જરૂરી છે.

**શંકા :-** ***'दन्त्यापदिष्टं कार्यम्०'*** ન્યાયનું જ્ઞાપન થવાથી ફળ શું મળે ?

**સમાધાન :-** 'मधुग्' પ્રયોગની સિદ્ધિ રૂપ ફળ મળે છે. તે આ રીતે - *** स्च्युत् (२८३), * 'सस्य शषौ १.३.६१' → श्च्युत्, * 'क्विप् ५.१.१४८' → मधु श्च्योततीति क्विप्(०) = मधु श्च्युत् + क्विप्, * 'ङस्युक्तं० ३.१.४९' → मधुश्च्युत्, * 'णिज्बहुलं० ३.४.४२' → मधुश्च्युतमाचष्टे = मधुश्च्युत् + णिच्, * 'त्रन्त्यस्वरादेः ७.४.४३' → मधुश्च्य् + णिच्, * 'दिद्युद्० ५.२.८३' → मधुश्च्य् + णिच् + क्विप्(०), * 'णेरनिटि ४.३.८३' → मधुश्च्य् + क्विप्, * 'य्वोः प्वय्० ४.४.१२१' → मधुश्च् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → मधुश्च्, * 'संयोगस्यादौ० २.१.८८' → मधुच्, * 'चजः कगम् २.१.८६' → मधुक्, * 'धुटस्तृतीयः २.१.७६' → मधुग्।** અહીં मधुश्च् અવસ્થામાં श् અને च् નો સંયોગ છે. છતાં श् એ स् ના સ્થાને થયો હોવાથી ***'दन्त्यापदिष्टं कार्यम्०'*** ન્યાયાનુસારે 'संयोगस्यादौ० २.१.८८' સૂત્રથી સંયોગના આદિ श् નો લોપ થઈ શક્યો અને આગળ मधुग् પ્રયોગ સિદ્ધ થઈ શક્યો.

---

(A) 'દંત્યવર્ણને જે કાર્ય કહેવાયું હોય તે કાર્ય તાલવ્યવર્ણને પણ થાય છે.' અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે દંત્ય વર્ણને લગતું કાર્ય દરેક તાલવ્યવર્ણને નહીં થાય, પણ જે તાલવ્યવર્ણ દંત્યવર્ણના સ્થાને નિષ્પન્ન થયો હોય તેને જ થશે. તેથી भवान् शेते સ્થળે તાલવ્ય श् નો त्स् નથી થતો. અન્યથા તેમ થવાની આપત્તિ આવે. બૃ. વૃત્તિમાં આના બદલે ***'शकारस्य सकारोपदिष्टं कार्यं विज्ञायते'*** ન્યાય બતાવ્યો છે.

**શંકા :-** ઉપર સાધનિકામાં 'णेरनिटि ४.३.८३' સૂત્રથી જે णिच् નો લોપ થયો, તે આગળ मधुश्च અવસ્થામાં 'संयोगस्यादौ० २.१.८८' સૂત્રથી श् નો લોપ કરવાના અવસરે 'स्वरस्य परे० ७.४.११०' પરિભાષાથી સ્થાનિવદ્ભાવ પામશે. તેથી 'संयोगस्यादौ०' સૂત્રથી श् નો લોપ નહીં થઇ શકે.

**સમાધાન :-** 'न सन्धि-ङी० ७.४.१११' પરિભાષાથી અસદ્વિધિના વિષયમાં સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે. 'संयोगस्यादौ०' સૂત્ર 'णषमसत् २.१.६०' સૂત્રથી ચાલેલી અસદ્વિધિના વિષયમાં આવે છે. તેથી તેની પ્રવૃત્તિ કરવાના અવસરે णिच् ના સ્થાનિવદ્ભાવનો નિષેધ થશે.

**શંકા :-** 'न सन्धि-ङी० ७.४.१११' પરિભાષામાં 'अस्कलुकि' પદ મૂકી તેનાથી થતા સ્થાનિવદ્ભાવના નિષેધરૂપ કાર્યમાંથી અસદ્વિધિના વિષયમાં આવતા 'संयोगस्यादौ०' સૂત્રને બાકાત રાખ્યું છે(A). તેથી 'संयोगस्यादौ०' સૂત્રથી श् નો લોપ કરવાના અવસરે णिच् ના સ્થાનિવદ્ભાવનો નિષેધ નહીં થાય. (અર્થાત્ णिच् સ્થાનિવદ્ભાવ પામશે).

**સમાધાન :-** ના, मधुश्च સ્થળે 'संयोगस्यादौ०' સૂત્રથી श् નો લોપ કરવાના અવસરે 'न सन्धि-ङी०' પરિભાષામાં 'न स्कलुकि = अस्कलुकि' આમ नञ् ને લઇને णिच् ના સ્થાનિવદ્ભાવના નિષેધના અભાવનો (= સ્થાનિવદ્ભાવ અકબંધ રહેવાનો) નિર્દેશ કર્યો છે. પરંતુ ***'नञा निर्दिष्टमनित्यम्'*** ન્યાયાનુસાર તે नञ् નિર્દિષ્ટ વાત અનિત્ય ગણાતા 'न सन्धि-ङी०' પરિભાષામાં વર્તતું 'अस्कलुकि' પદ પોતાનું કાર્ય નહીં બજાવે. તેથી मधुश्च ના श् નો 'संयोगस्यादौ०' સૂત્રથી લોપ થઇ શકશે અને मधुग् પ્રયોગ સિદ્ધ થવામાં કોઇ વાંધો નહીં આવે ।।૧૮।।

---

(A) જેમકે - ✻ सु + कुस्म् (१८३७), ✻ 'चुरादिभ्यो० ३.४.१७' → सुकुस्म् + णिच्, ✻ 'क्विप् ५.१.१४८' → सुकुस्म् + णिच् + क्विप्, ✻ 'णेरनिटि ४.३.८३' → सुकुस्म् + क्विप्(०) + सि, ✻ 'दीर्घङ्याब्० १.४.४५' → सुकुस्म्, ✻ 'पदस्य २.१.८९' → सुकुस्, ✻ 'सो रुः २.१.७२' → सुकुर्, ✻ 'पदान्ते २.१.६४' → सुकूर्, ✻ 'रः पदान्ते० १.३.५३' → सुकूः । અહીં सुकुस्म् અવસ્થામાં આમ તો અસદ્વિધિના વિષયમાં આવતા 'संयोगस्यादौ०' સૂત્રથી णिच् ના સ્થાનિવદ્ભાવનો નિષેધ થઇ स्म् સંયોગના स् નો લોપ થવો જોઇએ. પરંતુ 'संयोगस्यादौ०' સૂત્ર 'अस्कलुकि' પદના કારણે 'न संधि-ङी०' પરિભાષાનો વિષય ન બનતા स् નો લોપ કરવાના અવસરે 'स्वरस्य परे० ७.४.११०' પરિભાષાથી णिच् નો સ્થાનિવદ્ભાવ ઊભો જ રહે છે અને અસદ્વિધિના વિષયમાં આવતા 'पदस्य २.१.८९' સૂત્રથી स्म् સંયોગના म् નો લોપ કરવાના અવસરે 'न संधि-ङी०' પરિભાષાથી णिच् ના સ્થાનિવદ્ભાવનો નિષેધ થતા म् નો લોપ થઇ શકે છે. આમ सुकूः પ્રયોગસ્થળે 'न संधि-ङी०' પરિભાષાના વિષયમાંથી 'संयोगस्यादौ०' સૂત્ર બાકાત રહેતા णिच् ના સ્થાનિવદ્ભાવનો નિષેધ ન થવાથી स् નો લોપ નથી થઇ શકતો.

## (1) नः शि ञ्च् ।।१.३.१९।।

**बृ.वृ.–पदान्ते वर्तमानस्य नकारस्य स्थाने शि-शकारे परे 'ञ्च्' इत्ययमादेशो वा भवति, अश्चः– श्च्संयोगावयवश्चेच्छकारो न भवति। (2) भवाञ्च् छूरः, भवाञ्च् शूरः, पक्षे-भवाञ् शूरः; एवम्–कुर्वञ्च् छेते, कुर्वञ्च् शेते, कुर्वञ् शेते; (3) आदेशबलात् कत्वं न भवति। (4) शीति किम्? भवान् करोति। (5) अश्च इत्येव? भवाञ् श्च्योतति। (6) 'राजा शेते' इत्यत्र तु परत्वान्नलोपः।।१९।।**

---

**સૂત્રાર્થ :-** શ્ પરમાં હોય તો પદને અંતે વર્તતા ન્ ને સ્થાને ञ्च् આદેશ વિકલ્પે થાય છે, પરંતુ તે શ્ श्च આવા સંયોગના અવયવરૂપે ન હોવો જોઈએ.

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** આ સૂત્રમાં નઃ નું ઉપાદાન શા માટે કર્યું ? તેના કરતા પૂર્વનું સૂત્ર 'ङः सः त्सोऽश्चः' એવું બનાવી, ત્યારબાદ 'नः' એવું જુદું સૂત્ર બનાવત (અર્થાત્ ન નો પૃથગ્યોગ કરત) તો આ સૂત્રમાં नः ની અનુવૃત્તિ ચાલી આવત અને ***'अर्थवशाद् विभक्तिविपरिणामः'*** ન્યાયબળે પંચમ્યન્ત 'नः' ને ષષ્ઠ્યન્ત માનતા તે કાર્યી બની જાત. તેથી 'शि ञ्च्' આટલું જ સૂત્ર બનાવવું પડત.

**સમાધાન :-** અહીં તમે કહ્યું તેમ પૂર્વથી અનુવૃત્ત પંચમ્યન્ત 'नः' ને જેમ વિભક્તિનો વિપરિણામ થઇ શકે છે, તેમ નઃ પદ ન અનુવર્તતા સપ્તમ્યન્ત 'शि' ને પણ વિભક્તિનો વિપરિણામ થઇ શકે છે. બેમાંથી કોની વિભક્તિનો વિપરિણામ કરવો ? કોઇકે 'शि' ની વિભક્તિનો વિપરિણામ કરી તેને ષષ્ઠ્યન્ત ગણી 'શ્ નો ञ्च् થાય છે' એમ શ્ ને કાર્યી માની લે તેવી સંભાવના રહે છે. માટે તમે કહ્યું તેમ એકલું 'शि ञ्च्' સૂત્ર ન બનાવાય.

**શંકા :-** 'शि ञ्च्' એમ સૂત્રમાં જ સપ્તમી વિભક્તિનો નિર્દેશ કર્યો હોવાથી ત્યાં વિભક્તિ વિપરિણામ ન થઇ શકે. સૂત્રકારને જો ત્યાં ષષ્ઠી વિભક્તિ ઇષ્ટ હોત તો સૂત્રમાં शि ને બદલે शः એમ ષષ્ઠ્યન્ત નિર્દેશ જ ન કરત?

**સમાધાન :-** સૂત્રકાર 'शः' એવો ષષ્ઠ્યન્ત નિર્દેશ કરે તો પંચમ્યન્ત પ્રયોગ પણ 'शः' જ થતો હોવાથી કોઈને ત્યાં પંચમ્યન્તનો સંદેહ થાય. તેથી તે સૂત્રાર્થ એવો કરે કે 'श થી પરમાં રહેલા પદાન્ત ન્ ને સ્થાને ञ्च् આદેશ વિકલ્પે થાય છે.' આમ સૂત્રમાં સાક્ષાત્ ષષ્ઠીનું ગ્રહણ કરતા આ આપત્તિ આવતી હોવાથી સૂત્રકાર 'शि' એમ સપ્તમ્યન્ત નિર્દેશ કરી વિભક્તિવિપરિણામ દ્વારા ત્યાં ષષ્ઠી વિભક્તિને ગ્રહણ કરવાનું સૂચવે છે. આમ 'शि એ જ કાર્યી મનાય, नः નહીં' આવી અનિષ્ટ કલ્પના કોઇ ન કરી બેસે તેથી કાર્યીની સ્પષ્ટ પ્રતિપત્તિ માટે આ સૂત્રમાં 'नः' પદ મૂક્યું છે.

(2) દષ્ટાંત -

(i) भवाञ्श् शूरः

भवत् + सि

* 'ऋदुदितः १.४.७०' → भवन्त् + सि
* 'अभ्वादे० १.४.९०' → भवान्त् + सि
* 'दीर्घङ्याब्० १.४.४५' → भवान्त्
* 'पदस्य २.१.८९' → भवान् शूरः
* 'नः शि ञ्श् १.३.१९' → भवाञ्श् (A)शूरः।
* 'વિકલ્પે 'तवर्गस्य १.३.६०' → भवाञ् शूरः।

(ii) कुर्वञ्श् शेते

कृ (८८८)

* 'शत्रानशा० ५.२.२०' → कृ + अत्
* 'कृग्तना० ३.४.८३' → कृ + उ + अत्
* 'नामिनो० ४.३.१' → कर् + उ + अत्
* 'अतःशित्युत् ४.२.८९' → कुर् + उ + अत्
* 'इवर्णादे० १.२.२१' → कुर्वत् + सि
* 'ऋदुदितः १.४.७०' → कुर्वन्त् + सि
* 'दीर्घङ्याब्० १.४.४५' → कुर्वन्त्
* 'पदस्य २.१.८९' → कुर्वन् शेते
* 'नः शि ञ्श् १.३.१९' → कुर्वञ्श्(B) शेते।
* 'વિકલ્પે 'तवर्गस्य १.३.६०' → कुर्वञ् शेते।

(3) શંકા :- ઉપરોક્ત દષ્ટાંતોમાં આ સૂત્રથી न् નો ञ्श् આદેશ થયા બાદ 'चजः कगम् २.१.८६' સૂત્રથી च् નો क् આદેશ નહીં થાય ?

**સમાધાન :-** જો એમ च् નો क् આદેશ કરવો ઈષ્ટ હોત તો સૂત્રકાર ञ्श् આદેશમાં च् નો નિર્દેશ ન કરતા क् નો નિર્દેશ જ કરત. પરંતુ તેવું ન કરતા ञ्श् આદેશ કર્યો છે, તે આદેશના બળથી જ જણાય છે કે અહીં 'चजः कगम्' સૂત્રની પ્રવૃત્તિ નહીં થાય.

સાથે સાથે ઉપલક્ષણથી અહીં 'पदस्य २.१.८९' સૂત્રની પ્રવૃત્તિ પણ નહીં થાય. કારણ ञ्श् આદેશના અન્ત્ય વ્યંજન च् નો જો 'पदस्य०' સૂત્રથી લોપ કરવો ઈષ્ટ હોત તો સૂત્રકાર ञ्श् આદેશ ન કરતા ञ् આદેશ જ કરત.

(4) श् પરમાં હોય તો જ આ સૂત્રથી न् નો ञ्श् આદેશ થાય એવું કેમ ?

**(a) भवान् करोति –** (ઉપર દષ્ટાંતમાં બતાવ્યા મુજબ પ્રયોગ સિદ્ધ કરવો.)

અહીં न् પદને અંતે છે, પરંતુ પરમાં श् ને બદલે क् છે. માટે આ સૂત્રથી ञ्श् આદેશ ન થયો.

---

(A) 'प्रथमादधुटि० १.३.४' સૂત્રથી 'भवाञ्छ् छूरः' અને 'कुर्वञ्छ् छेते' પ્રયોગ પણ થઈ શકે છે.
(B) 'हार्दहे० १.३.३१' સૂત્રથી कुर्व्वञ्श् शेते, कुर्व्वञ् शेते અને कुर्व्वञ्छ् छेते પ્રયોગ પણ થઈ શકે છે.

(5) श्र् સંયોગના અવયવ રૂપ श् પરમાં હોય તો આ સૂત્રથી न् નો ञ् ન થાય એવું કેમ ?

**(a) भवाञ् श्च्योतति** – (भवाञ् અંશ (i) ક્રમાંકના દૃષ્ટાંત પ્રમાણે, તેમજ श्च्योतति અંશ '१.३.१८' સૂત્રના (5) નંબરના વિરુદ્ધ દૃષ્ટાંત (b) સ્થળ પ્રમાણે સિદ્ધ કરવો.) અહીં श्र् સંયોગના અવયવરૂપ श् પરમાં છે, માટે આ સૂત્રથી भवान् ના પદાન્ત न् નો ञ् આદેશ ન થતા 'तवर्गस्य १.३.६०' સૂત્રથી ञ् આદેશ થયો.

(6) राजन्+सि शेते આ અવસ્થામાં 'दीर्घङ्याब्० १.४.४५' સૂત્રથી सि નો લોપ થઇ 'नि दीर्घः १.३.१९' સૂત્રથી સ્વર દીર્ઘ થતા राजान् शेते આ અવસ્થામાં પ્રસ્તુત 'नः शि ञ्' સૂત્રનું કાર્ય પણ પ્રાપ્ત છે અને 'नाम्नो नोऽनह्नः २.१.९१' સૂત્રનું કાર્ય પણ પ્રાપ્ત છે. વળી તે બન્ને સૂત્રો ક્રમશઃ भवाञ् शूरः અને राजपुरुषः દૃષ્ટાંતસ્થળે સાવકાશ હોવાથી '*निरवकाशं सावकाशात्*'[A] ન્યાયને અહીં અવકાશ નથી. તેથી 'स्पर्द्धे ७.४.११४' પરિભાષાના બળે 'नाम्नो नोऽनह्नः' આ પરસૂત્રથી न् નો લોપ થતા राजा शेते આવો પ્રયોગ થશે ।।१९।।

## अतोऽति रोरुः ।।१.३.२०।।

**बृ.वृ.–वेति[(1)] निवृत्तम्, अतोऽकारात् परस्य पदान्ते वर्तमानस्य रोः[(2)] स्थाने अति-अकारे परे उकारादेशो भवति। [(3)]कोऽत्र, कोऽर्थः। [(4)]अत इति किम्? अग्निरत्र, देवा अत्र, सुश्रोतश्यत्र न्वसि!। [(5)]अतीति किम्? क इह, सर्वज्ञ आस्ते, पय अश्वदत्त! [(6)]रोरिति किम्? पुनरत्र ।।२०।।**

---

**સૂત્રાર્થ :-** अ થી પરમાં રહેલા પદને અંતે વર્તતા र्(रु) ને સ્થાને જો તેની પરમાં अ હોય તો उ આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> (1) કોઇપણ સૂત્રમાં પહેલા કાર્યી, પછી નિમિત્ત અને પછી કાર્ય એ પ્રમાણે નિર્દેશનો ક્રમ જાળવવાનો હોય છે. આ સૂત્રમાં પહેલા 'अतोऽति' નિમિત્તનું અને પછી 'रः' કાર્યીનું ઉપાદાન કરીને નિર્દેશક્રમનો અતિક્રમ (ઉલ્લંઘન) કરવા દ્વારા સૂત્રકાર वा અધિકારનો અતિક્રમ (નિવૃત્તિ) સૂચવવા માંગે છે. તેથી આ સૂત્રમાં वा નો અધિકાર અટકી જાય છે.

(2) **શંકા :-** तरौ अयनम् વિગ્રહને લઇને तर्वयनम् (तरु + अयनम्) સમાસ કરવામાં આવે ત્યારે ત્યાં अ પછી रु છે અને તેના પછી પાછો अ આવે છે. તો શેના આધારે આ સૂત્રથી उ આદેશ કરવા तरु ના रु નું ગ્રહણ ન કરતા उ અનુબંધપૂર્વકના र् (रु) નું જ ગ્રહણ કરવામાં આવે છે ?

**સમાધાન :-** આ સૂત્રમાં જે 'अतोऽति' નિર્દેશ કર્યો છે તેના આધારે उ અનુબંધપૂર્વકનાં र् (रु) નું ગ્રહણ કરવામાં આવે છે. આશય એ છે કે જો આ સૂત્રમાં उ અનુબંધરહિત વાસ્તવિક रु નું ગ્રહણ કરવામાં આવત તો

---

(A) સાવકાશ(સફળ) સૂત્ર કરતા નિરવકાશ(ક્યાંય સફળ ન થતું) સૂત્ર બળવાન બને.

સૂત્રગત अतस् અંશનો अतर् આદેશ થતા अतर् अति અવસ્થામાં આ સૂત્રથી र् (रु) નો उ આદેશ ન થઇ શકતા अतरति આવો વિકૃત પ્રયોગ થવાનો પ્રસંગ આવત. છતાં આ સૂત્રમાં र् (रु) નો उ આદેશ કરી 'अतोऽति' નિર્દેશ કર્યો છે, તેના બળે ખબર પડે છે કે સૂત્રકારશ્રીને આ સૂત્રમાં આદેશાર્થે उ અનુબંધપૂર્વકના र् (रु) નું જ ગ્રહણ કરવું ઇષ્ટ છે.

વળી આ સૂત્રમાં દર્શાવેલા रो: અંશની જ આ પછીના 'अवर्णभोभगो० १.३.२२' સૂત્રમાં અનુવૃત્તિ જાય છે. હવે તે સૂત્રમાં દર્શાવેલા भोस्, भगोस्, अघोस् ના स् નો र् (रु) આદેશ થતા भो, भगो અને अघो થી પરમાં પદાન્ત रु તરીકે વાસ્તવિક रु તો સંભવતો જ નથી, પણ उ અનુબંધવાળો र् (रु) સંભવે છે. તેના આધારે પણ ખબર પડે કે આ સૂત્રોમાં બધે उ અનુબંધવાળા જ र् (रु) નું ગ્રહણ કરવું શક્ય બને.

**(3) <u>દષ્ટાંત</u> -**

**(i) कोऽत्र (ii) कोऽर्थः — * किम् + सि, किम् + सि, * 'किमः कस्० २.१.४०' → क + सि, क + सि, * 'सो रुः २.१.७२' → कर् अत्र, कर् अर्थः, * 'अतोऽति० १.३.२०' → कउ अत्र, कउ अर्थः, * 'अवर्णस्ये० १.२.६' → को अत्र, को अर्थः, * 'एदोतः० १.२.२७' → कोऽत्र, कोऽर्थः।**

**શંકા :-** ઉપર कर् अत्र અને कर् अर्थः અવસ્થામાં પરમાં રહેલા अ ના નિમિત્તે આ સૂત્રથી रु નો उ આદેશ કર્યો છે. તેથી उ આદેશ ***'सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य'***(A) ન્યાયબળે પોતાના નિમિત્ત अ નો ઘાત ન કરી શકે. તો અહીં 'एदोतः० १.२.२७' સૂત્રથી अ નો લોપ કેમ કર્યો છે ?

**સમાધાન :-** સૂત્રમાં कोऽत्र ની જેમ अतोऽति એ પ્રમાણે નિર્દેશ કરવા દ્વારા આ સૂત્રની પ્રવૃત્તિ આ સૂત્રમાં જ કરી છે અને 'एदोतः० १.२.२७' સૂત્રથી अ નો લોપ પણ કર્યો છે. તે જ બતાવે છે કે અહીં ***'सन्निपात०'*** ન્યાયને અવકાશ નથી. અર્થાત્ તે અનિત્ય બને છે.

**શંકા :-** कउ अत्र, कउ अर्थः આ અવસ્થામાં 'इवर्णादे० १.२.२१' સૂત્રથી उ ને व् આદેશ પ્રાપ્ત છે. તો તે કેમ ન કર્યો ?

**સમાધાન :-** તે અવસ્થામાં જેમ 'इवर्णादे०' સૂત્રથી व् ની પ્રાપ્તિ છે, તેમ 'अवर्णस्य० १.२.६' સૂત્રથી ओ ની પણ પ્રાપ્તિ છે. પરંતુ ***'अन्तरङ्ग-बहिरङ्गयोरन्तरङ्गो विधिर्बलीयान्'***(B) ન્યાયબળે અંતરંગ કાર્ય બળવાન થવાથી 'अवर्णस्य०' સૂત્રની પ્રવૃત્તિ થશે, 'इवर्णादे०' સૂત્રની નહીં. (અહીં 'अवर्णस्य०' સૂત્રથી થનારૂં 'क + उ = को' કાર્ય એકપદ આશ્રિત અથવા પૂર્વવ્યવસ્થિત હોવાથી અંતરંગ છે, જ્યારે 'इवर्णादे०' સૂત્રથી 'कउ + अत्र' અહીં થનારૂ કાર્ય દ્વિપદ આશ્રિત અથવા પરવ્યવસ્થિત હોવાથી બહિરંગ છે તે ખ્યાલમાં રાખવું.)

---

**(A)** જે નિમિત્તના કારણે વિધિ (કાર્ય) થાય, તે વિધિ પોતાના નિમિત્તનો ઘાત ન કરે.

**(B)** અંતરંગ અને બહિરંગ કાર્યમાં અંતરંગ કાર્ય બળવાન હોય છે.

(4) र् (रु) अ થી પરમાં હોય તો જ આ સૂત્રનું કાર્ય થાય એવું કેમ ?

**(a) अग्निरत्र — * अग्नि + सि, * 'सो रुः २.१.७२' → अग्निर् अत्र = अग्निरत्र।**

**(b) देवा अत्र — * देव + जस्, * 'अत आः० १.४.१' → देवा + जस्, * 'समानानां० १.२.१' → देवास्, * 'सो रुः २.१.७२' → देवार् अत्र, * 'रोर्यः १.३.२६'→ देवाय् अत्र, * 'स्वरे वा १.३.२४' → देवा अत्र।**

ઉપરોક્ત બન્ને સ્થળે अग्निर् अत्र અને देवार् अत्र અવસ્થામાં પદાન્ત र् (रु) ની પરમાં अ છે, પણ પૂર્વમાં अ ન હોવાથી આ સૂત્રથી તેનો उ આદેશ ન થઈ શક્યો.

**(c) सुश्रोत३यत्र न्वसि! – * 'एकार्थं० ३.१.२२' → शोभनं श्रोतोऽस्य = सुश्रोतस् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → सुश्रोतस्, * 'सो रुः २.१.७२' → सुश्रोतर् अत्र, * 'दूरादामन्त्र्यस्य० ७.४.९९' → सुश्रोत३र् अत्र, * 'रोर्यः १.३.२६' → सुश्रोत३य् अत्र = सुश्रोत३यत्र न्वसि!।**

ઉપરોક્ત सुश्रोत३र् अत्र અવસ્થામાં પ્રસ્તુતસૂત્રનું કાર્ય નહીં થાય, કેમકે અહીં अ થી પરમાં र् (रु) નથી, પરંતુ अ३ (પ્લુત) થી પરમાં છે. સૂત્રમાં 'अतः' એ પ્રમાણે अ થી પરમાં त કારનો નિર્દેશ अ સ્વરૂપનું ગ્રહણ કરવાના ઉદ્દેશથી કર્યો હોવાથી अ થી પરમાં र् હોય તો જ સૂત્રકાર્ય થશે, अ३ થી પરમાં र् હોય તો નહીં. તેથી પ્રસ્તુત સૂત્રથી र् નો उ ન થતા 'रोर्यः १.३.२६' સૂત્રથી र् નો य् થઈ सुश्रोत३यत्र પ્રયોગ થશે. (અહીં ધ્યાનમાં રાખવું કે सुश्रोतर् + अत्र અવસ્થામાં 'दूरादामन्त्र्यस्य० ७.४.९९' સૂત્રથી પ્લુતકાર્ય અને 'अतोऽति रोरुः १.३.२०' સૂત્રથી र् ને उ કાર્ય, એમ બન્ને કાર્યોની પ્રાપ્તિ છે. પરંતુ 'दूरादामन्त्र्यस्य०' પરસૂત્ર હોવાથી તેમજ તેનાથી થતું પ્લુતકાર્ય એકપદાશ્રિત અથવા પૂર્વવ્યવસ્થિત કાર્ય હોવાથી અંતરંગ કાર્ય છે, માટે દ્વિપદાશ્રિત કે પરવ્યવસ્થિત હોવાથી બહિરંગ ગણાતું र् ના उ આદેશરૂપ કાર્ય નહીં થાય, પણ પ્લુતકાર્ય જ થશે.

(5) र् (रु) ની પરમાં अ હોય તો જ આ સૂત્રનું કાર્ય થાય એવું કેમ ?

| | | (a) क इह | (b) सर्वज्ञ आस्ते |
|---|---|---|---|
| | | किम् + सि | सर्वज्ञ + सि |
| * 'किमः कस्० २.१.४०' | → | क + सि | ↓ |
| * 'सो रुः २.१.७२' | → | कर् + इह | सर्वज्ञर् + आस्ते |
| * 'रोर्यः १.३.२६' | → | कय् इह | सर्वज्ञय् आस्ते |
| * 'स्वरे वा १.३.२४' | → | क इह। | सर्वज्ञ आस्ते। |

અહીં બન્ને સ્થળે कर् इह અને सर्वज्ञर् आस्ते અવસ્થામાં પદાન્ત र् (रु) ની પૂર્વમાં अ છે, પણ પરમાં अ ન હોવાથી આ સૂત્રથી તેનો उ આદેશ ન થઈ શક્યો.

**(c) पय अ३श्वदत्त! — ✻ पयस् + सि, ✻ 'अनतो० १.४.५९' → पयस्, ✻ 'सो रुः २.१.७२' → पयर् अश्वदत्त, ✻ 'दूरादामन्त्रयस्य० ७.४.९९' → पयर् अ३श्वदत्त!, ✻ 'रोर्यः १.३.२६' → पयय् अ३श्वदत्त!, ✻ 'स्वरे वा १.३.२४' → पय अ३श्वदत्त!।**

અહીં पयर् अ३श्वदत्त! અવસ્થામાં પદાન્ત र् થી પરમાં अ નથી, પરંતુ अ३ છે. તેથી આ સૂત્રથી र् નો उ નહીં થાય. પ્રસ્તુતસૂત્રમાં अति એમ अ થી પરમાં त કારનો નિર્દેશ કર્યો છે, તે अ સ્વરૂપનું જ ગ્રહણ સૂચવતો હોવાથી अ३ પરમાં હોતે છતે સૂત્રપ્રવૃત્તિ નથી થતી. તેથી 'रोर्यः १.३.२६' અને 'स्वरे वा १.३.२४' સૂત્રોની પ્રવૃત્તિ થતા पय अ३श्वदत्त! પ્રયોગ થાય છે.

અહીં પણ ધ્યાનમાં રાખવું કે पयर् अश्वदत्त અવસ્થામાં 'दूरादामन्त्र्यस्य०' સૂત્ર પ્રસ્તુત સૂત્ર કરતા પરસૂત્ર હોવાથી તેમજ તેનું કાર્ય એકપદાશ્રિત હોવાથી અંતરંગ ગણાવાથી આ સૂત્રનો બાધ કરી પૂર્વે પ્રવર્તશે.

**(6)** આ સૂત્રથી उ અનુબંધવાળા જ र् (रु) નો उ આદેશ થાય એવું કેમ ?

**(a) पुनरत्र — ✻ पुनर् + सि, ✻ 'अव्ययस्य ३.२.७' → पुनर् अत्र = पुनरत्र।**

પ્રસ્તુત સૂત્રમાં કાર્યીરૂપે નિર્દિષ્ટ रु એ 'सो रुः २.१.७२' વિગેરે ત્રણ સૂત્રથી વિહિત उ અનુબંધવાળો रु છે. તેથી पुनर् अत्र સ્થળે આ સૂત્રથી र् નો उ નહીં થાય, કારણ पुनर् નો र् એ रु નથી ।।२०।।

## घोषवति ।।१.३.२१।।

**बृ.वृ.–(1) अतः परस्य पदान्ते वर्तमानस्य रोः स्थाने (2) घोषवति परे उकारो भवति। (3) को गच्छति, धर्मो जयति, अहोभ्याम्। (4) घोषवतीति किम्? कः करोति। (5) अत इत्येव? मुनिर्गच्छति, सुश्रोतऽ३ देहि। (6) रोरित्येव? स्वर्याति, पुनर्वक्ति। (7) उत्तरेण लुकि प्राप्तेऽपवादोऽयम् ।।२१।।**

---

**सूत्रार्थ :-** अ થી પરમાં રહેલા પદને અંતે વર્તતા र् (रु) ને સ્થાને જો તેની પરમાં ઘોષવાન વ્યંજન આવે તો उ આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** આ સૂત્રમાં र् (रु) ના પરનિમિત્ત તરીકે ઘોષવાન વ્યંજનો બતાવ્યા છે. તેથી પૂર્વસૂત્રમાં દર્શાવેલા પરનિમિત્ત अति ની આ સૂત્રમાં અનુવૃત્તિ નહીં આવે, પણ अतः અને रोरुः આ બે અંશોની અનુવૃત્તિ આવશે.

**(2) શંકા :-** આ સૂત્ર જુદું શા માટે બનાવ્યું ? પૂર્વસૂત્રનો અને આ સૂત્રનો વિષય સમાન હોવાથી પૂર્વ સૂત્રમાં જ घोषवति નું ગ્રહણ કરી 'अतोऽद्घोषवति रोरुः' એવું સૂત્ર બનાવ્યું હોત તો આ સૂત્ર જુદું ન બનાવવું પડત.

**સમાધાન :-** સૂત્રકારને નીચેના સૂત્રમાં घोषयति ની અનુવૃત્તિ લઈ જવી છે, તેથી આ સૂત્ર જુદું બનાવ્યું છે. જો આ સૂત્ર જુદું ન બનાવત તો ***'सन्नियोगशिष्टानां सहैव प्रवृत्तिः सहैव निवृत्तिः'*** ન્યાયબળે નીચેના સૂત્રમાં अति અને घोषवति આ બન્નેની અનુવૃત્તિ સાથે ઉતરત, જે સૂત્રકારને ઈષ્ટ નથી. તેથી માત્ર घोषवति ની અનુવૃત્તિ નીચે લઈ જવા આ સૂત્ર જુદું રચ્યું છે.

**(3)** <u>દષ્ટાંત</u> -

| | (i) को गच्छति | (ii) धर्मो जयति | | (iii) अहोभ्याम् |
|---|---|---|---|---|
| | किम् + सि | धर्म + सि | | अहन् + भ्याम् |
| * 'किमः कस्० २.१.४०' → | क + सि | | * 'अह्नः २.१.७४' → | अहर् + भ्याम् |
| * 'सो रुः २.१.७२' → | कर् गच्छति | धर्मर् जयति | * 'घोषवति १.३.२१' → | अहउ + भ्याम् |
| * 'घोषवति १.३.२१' → | कउ गच्छति | धर्मउ जयति | * 'अवर्णस्ये० १.२.६' → | अहोभ्याम्। |
| * 'अवर्णस्ये० १.२.६' → | को गच्छति। | धर्मो जयति। | | |

**(4)** ઘોષવાન વ્યંજન પરમાં હોય તો જ આ સૂત્રથી र् (रु) નો उ આદેશ થાય એવું કેમ ?

**(a) कः करोति — * किम् + सि, * 'किमः कस्० २.१.४०' → क + सि, * 'सो रुः २.१.७२' → कर् करोति, * 'रः पदान्ते० १.३.५३' → कः करोति।**

અહીં कर् करोति અવસ્થામાં પદાન્ત र् (रु) ની પૂર્વે अ છે. પરંતુ પરમાં વર્તતો क् ઘોષવાન વ્યંજન નથી માટે આ સૂત્રથી र् નો उ આદેશ ન થયો.

**(5)** र् (रु) अ થી પરમાં હોય તો જ આ સૂત્રથી તેનો उ આદેશ થાય એવું કેમ ?

**(a) मुनिर्गच्छति — * मुनि + सि, * 'सो रुः २.१.७२' → मुनिर् गच्छति = मुनिर्गच्छति।**

**(b) सुश्रोत३ देहि — * 'एकार्थं० ३.१.२२' → शोभनं श्रोतोऽस्य = सुश्रोतस् + सि (સંબો.) * 'दीर्घङ्याब्० १.४.४५' → सुश्रोतस्, * 'सो रुः २.१.७२' → सुश्रोतर् देहि, * 'दूरादामन्त्र्यस्य० ७.४.९९' → सुश्रोत३र् देहि, * 'रोर्यः १.३.२६' → सुश्रोत३य् देहि, * 'व्योः १.३.२३' → सुश्रोत३ देहि।**

આ બન્ને સ્થળ પૈકી પ્રથમ સ્થળે પદાન્ત र् (रु) इ થી પરમાં છે, તેથી આ સૂત્રથી તેનો उ આદેશ ન થયો. તેમજ દ્વિતીય સ્થળે सुश्रोत३र् देहि અવસ્થામાં પદાન્ત र् (रु) એ अ થી પરમાં નથી, પરંતુ अ३ (પ્લુત) થી પરમાં છે. આ સૂત્રમાં अतः અનુવૃત્તિ સ્થળે त કારનો નિર્દેશ अ સ્વરૂપનું ગ્રહણ કરવાના ઉદ્દેશથી કર્યો હોવાથી अ થી પરમાં र् હોય તો જ સૂત્રકાર્ય થશે, अ३ થી પરમાં र् હોય તો નહીં. તેથી પ્રસ્તુત સૂત્રથી र् નો उ આદેશ ન થયો.

અહીં એ ધ્યાનમાં રાખવું કે सुश्रोतर् देहि અવસ્થામાં 'दूरादामन्त्र्यस्य०' સૂત્રથી પ્લુતકાર્ય અને પ્રસ્તુત સૂત્રથી र् નો उ, એમ બન્ને કાર્યોની પ્રાપ્તિ છે. પરંતુ 'दूरादामन्त्र्यस्य०' એ પરસૂત્ર હોવાથી, તેમજ તેનાથી થતું પ્લુતકાર્ય એકપદાશ્રિત કાર્ય હોવાથી અંતરંગ કાર્ય છે. માટે તે પ્રસ્તુત સૂત્રનો બાધ કરી પૂર્વે પ્રવર્તે છે. પછીથી પ્રસ્તુત સૂત્રની પ્રવૃત્તિને અવકાશ રહેતો નથી.

**(6)** આ સૂત્રથી उ અનુબંધવાળા જ र् (रु) નો उ આદેશ થાય એવું કેમ ?

**(a) स्वर्याति (b) पुनर्वक्ति — * स्वर् + सि, पुनर् + सि, * 'अव्ययस्य ३.२.७' → स्वर् याति = स्वर्याति, पुनर् वक्ति = पुनर्वक्ति।**

અહીં स्वर् અને पुनर् નો પદાન્ત र् 'सो रुः २.१.७२' વિગેરે ત્રણ સૂત્રોથી થતો उ અનુબંધવાળો र् નથી. માટે તેની પૂર્વમાં अ અને પરમાં ઘોષવાન વ્યંજન હોવા છતાં આ સૂત્રથી તેનો उ આદેશ ન થયો.

**(7)** को गच्छति, धर्मो जयति વિગેરે પ્રસ્તુતસૂત્રના દષ્ટાંતોમાં 'अवर्ण-भो-भगो० १.३.२२' સૂત્રથી रु ના લોપની પ્રાપ્તિ હતી, તેથી તેના અપવાદ રૂપે આ સૂત્રથી લોપને બદલે उ કરાય છે ।।२१।।

## अवर्ण-भो-भगो-ऽघोर्लुग[1]सन्धिः ।।१.३.२२।।

**बृ.वृ.–अवर्णाद् भो-भगोऽघोभ्यश्च परस्य पदान्तस्थस्य रोर्घोषवति परे लुग् भवति, स [2]चासन्धिः– सन्धेर्निमित्तं न भवति। [3]श्रमणा गच्छन्ति, धार्मिका जयन्ति, [4]अकारात् तु परस्य रोः पूर्वेणापवादत्वादुत्वमेव; भो गच्छसि, भगो हससि, अघो यासि। 'भो, भगो, अघो' इत्येते आमन्त्रणार्थाः सकारान्ता अव्ययाः। [5]केचित् तु भवद्-भगवद्-अघवतां संबोधने सौ परतो वशब्दस्योत्वं तकारस्य च रुत्वं कृत्वा एतानि रूपाणीच्छन्ति, तेषां द्विवचन-बहुवचनयोः स्त्रियां च न सिध्यति–भो ब्राह्मणौ!, भो ब्राह्मणाः!, भो ब्राह्मणि!, भगो ब्राह्मणौ!, भगो ब्राह्मणाः!, भगो ब्राह्मणि!, अघो ब्राह्मणौ!, अघो ब्राह्मणाः!, अघो ब्राह्मणि!। [6]घोषवतीत्येव? कुमाराः क्रीडन्ति। [7]असन्धिरित्युत्तरार्थम् ।।२२।।**

**સૂત્રાર્થ :-** अ વર્ણ, भो, भगो અને अघो થી પરમાં રહેલા પદને અંતે વર્તતા र् (रु) નો જો તેની પરમાં ઘોષવાન વ્યંજન હોય તો લોપ (લુક્) થાય છે અને તે લોપ (પાસે આવેલા સ્વરોની) સંધિમાં નિમિત્ત નથી બનતો.

**સૂત્રસમાસ :-** ◆ अकारेणोपलक्षितो वर्णः = अवर्णः (मयूरव्यंसकादि), अवर्णश्च भोश्च भगोश्च अघोश्च = अवर्णभोभगोऽघोः (स.द्व.), * तस्मात् = अवर्णभोभगोऽघोः (अत्र सूत्रत्वात् पञ्चम्या ङसेर्लोपः कृतः)। ◆ न सन्धिः = असन्धिः (नञ् तत्.)।

<u>વિવરણ :-</u> (1) સૂત્રસ્થ लुक् શબ્દ लुञ्च् ધાતુને ઉણાદિનો क्विप् પ્રત્યય લાગતા તેમજ न् (ञ्) નો લોપ થતા તથા બહુલં થી च् નો क् આદેશ થતા નિષ્પન્ન થયો છે.

(2) **શંકા :-** સંધિ ક્યાંક પ્રાપ્ત હોય તો તેનો પ્રતિષેધ કરવાનો રહે. કેમકે પ્રતિષેધ હંમેશા પ્રાપ્તિ પૂર્વકનો હોય છે. આ સૂત્રમાં વર્તતો असन्धि શબ્દ लुक् શબ્દનું વિશેષણ છે. તેથી તેનો અર્થ 'લોપ અસંધિરૂપ બને છે.' આવો થાય. હવે લોપ તો તે તે વર્ણના અભાવ (ગેરહાજરી) સ્વરૂપ હોઈ તે ક્યાંય સંધિરૂપે સંભવતો નથી. તો કેમ આ સૂત્રમાં 'લોપ અસંધિરૂપ બને છે' એમ કહી તેને સંધિરૂપે પ્રતિષેધવામાં આવે છે ?

**સમાધાન :-** સાચી વાત છે. આ રીતે લોપને અસંધિરૂપે ન બતાવી શકાય. છતાં લોપ સંધિમાં નિમિત્ત બની શકે છે. જેમકે अ + क् + अ અવસ્થામાં વચ્ચેનો क् લોપાઈ જાય તો તે क् નો લોપ अ + अ = आ આમ સંધિ થવામાં નિમિત્ત બની શકે. પ્રસ્તુતમાં પણ 'લોપ અસંધિરૂપ બને છે' એનો અર્થ 'લોપ સંધિમાં નિમિત્ત બનતો નથી' એમ કરવાનો છે. અર્થાત્ લોપની સંધિમાં નિમિત્ત બનવાની જે પ્રાપ્તિ છે તેને પ્રતિષેધવામાં આવી છે.

**શંકા :-** સૂત્રમાં અસંધિ (= સંધિના અભાવ) રૂપે બતાવેલા લોપને આ રીતે સંધિમાં નિમિત્ત ન બનવા રૂપે શી રીતે બતાવી શકાય ? અર્થાત્ असन्धि શબ્દનો सन्धेः निमित्तं न भवति આવો અર્થ શી રીતે કરી શકાય ?

**સમાધાન :-** ઉપચારથી આ રીતે અર્થ કરી શકાય. જેમ 'घृतम् आयुः' સ્થળે આયુષ્યમાં નિમિત્ત બનતા 'ઘી' ને ઉપચારથી 'આયુ' રૂપે કહી શકાય છે, તેમ પ્રસ્તુતમાં પણ સંધિમાં નિમિત્ત ન બનતા લોપને ઉપચારથી असन्धि રૂપે કહી શકાય.

(3) <u>દૃષ્ટાંત</u> -

| | | | |
|---|---|---|---|
| | | **(i) श्रमणा गच्छन्ति** | **(ii) धार्मिका जयन्ति** |
| | | **श्रमण् + जस्** | **धार्मिक(A) + जस्** |
| **✻ 'अत आः० १.४.१'** | → | **श्रमणा + जस्** | **धार्मिका + जस्** |
| **✻ 'समानानां० १.२.१'** | → | **श्रमणास्** | **धार्मिकास्** |
| **✻ 'सो रुः २.१.७२'** | → | **श्रमणार् गच्छन्ति** | **धार्मिकार् जयन्ति** |
| **✻ 'अवर्णभो० १.३.२२'** | → | **श्रमणा गच्छन्ति।** | **धार्मिका जयन्ति।** |

(A) **✻ 'धर्माधर्माच्० ६.४.४९' → धर्मं चरन्ति = धर्म + इकण्, ✻ 'वृद्धिः स्वरेष्वा० ७.४.१' → धार्म + इकण्, ✻ 'अवर्णेवर्णस्य ७.४.६८' → धार्म् + इकण् = धार्मिक।**

(4) શંકા :- को गच्छति વિગેરે દૃષ્ટાંતમાં 'घोषवति १.३.२१' સૂત્રથી र् નો उ અને પ્રસ્તુત સૂત્રથી र् નો લોપ; આમ ઉભયની પ્રાપ્તિ હોતે છતે આ સૂત્ર પર હોવાથી તન્નિર્દિષ્ટ લોપકાર્ય જ થવું જોઇએ.

**સમાધાન :-** જો આ સૂત્રથી લોપકાર્ય કરવાનું હોય તો 'घोषवति' સૂત્રને ક્યાંય પ્રવર્તવાનો અવકાશ જ નહીં રહેવાથી તે સૂત્ર નિરવકાશ બનશે. નિરવકાશ બનવા છતાં તે સૂત્ર રચ્યું છે, તેથી તે અપવાદભૂત ગણાવાથી અથવા તો ***'निरवकाशं सावकाशात्'*** ન્યાયથી તે બળવાન બનશે. તેથી નિરવકાશ એવા 'घोषवति' સૂત્રથી र् નો उ જ થશે, પ્રસ્તુત સૂત્રથી લોપ નહીં.

**શંકા :-** પ્રસ્તુત સૂત્રમાં अवर्ण નું ગ્રહણ કર્યું છે, માત્ર आ નું નહીં. તેથી अवर्ण ગત अ સંબંધી કાર્ય જો 'घोषवति' સૂત્રથી જ કરવાનું હોય તો अ ને આશ્રયીને પ્રસ્તુત સૂત્રમાં કરેલું લોપનું વિધાન પણ નિરવકાશ બનશે. તેથી को गच्छति વિગેરે સ્થળે આ સૂત્રથી र् નું લોપકાર્ય પણ કરવું જરૂરી છે.

**સમાધાન :-** એ વાત સાચી છે. તેથી પ્રસ્તુત સૂત્રમાં अ વર્ણથી જે अ નું પણ ગ્રહણ થાય છે તે પ્રસ્તુત સૂત્રનું કાર્ય કરવા નહીં, પરંતુ व्योः વિગેરે ઉત્તરસૂત્રો માટે સમજવું. એ જણાવવા જ अकारात् तु परस्य रोः पूर्वेणाऽपवादत्वादुत्वमेव એવો બૃ. વૃત્તિમાં પાઠ છે.

| | | (iii) भो गच्छसि | (iv) भगो हससि | (v) अघो यासि |
|---|---|---|---|---|
| | | भोस् + सि | भगोस् + सि | अघोस् + सि |
| * 'अव्ययस्य० ३.२.८' | → | भोस् | भगोस् | अघोस् |
| * 'सो रुः २.१.७२' | → | भोर् गच्छसि | भगोर् हससि | अघोर् यासि |
| * 'अवर्णभो० १.३.२२' | → | भो गच्छसि। | भगो हससि। | अघो यासि। |

અહીં જે भोस्, भगोस् અને अघोस् શબ્દો બતાવ્યા છે તે અવ્યયોનો चादि ગણ આકૃતિગણ હોવાથી તેમાં સમાતા આમંત્રણ(A) અર્થવાળા स કારાન્ત અવ્યયો છે.

(5) કેટલાક ***વાર્તિકકાર(B) કાત્યાયન, ઇન્દ્રગોમી અને કાલાપક*** વિગેરે વ્યાકરણકારો ઉપરોક્ત ત્રણ પ્રયોગોની સિદ્ધિ વખતે સંબોધનનો(C) सि પ્રત્યય પરમાં હોય ત્યારે भोर्, भगोर् અને अघोर् સુધીની નિષ્પત્તિ આ પ્રમાણે બતાવે છે -

---

(A) अनभिमुखस्याऽभिमुखीकरणमामन्त्रणम्।

(B) 'विभाषा भवद्भगवदघवतामोच्चावस्य' (पा. सू. ८.३.१ वार्तिक-२)

(C) अनवहितस्य (= अन्यत्र व्यासक्तस्य) अभिमुखीकरणं सम्बोधनम्।

(a) भोर् સ્થળે-સર્વાદિ ગણપાઠ અંતર્ગત भवत् (भवतु) શબ્દ છે.

(b) भगोर् સ્થળે - भज्यन्ते (= सेव्यन्ते = स्वेन रूपेण व्यवस्थाप्यन्ते) पदार्था अनेन વિગ્રહને લઇને भज् ધાતુને 'गोचर० ५.३.१३१' સૂત્રથી अ (घ) પ્રત્યય તેમજ 'तदस्यास्ति० ७.२.१' સૂત્રથી मतुब् પ્રત્યય લાગી બનેલો भगवत् શબ્દ છે.

(c) अघोर् સ્થળે - अघ् ધાતુને अ (अल्) તેમ જ मतुब् પ્રત્યય લાગી બનેલો अघवत् શબ્દ છે.

सि (સં.) પ્રત્યય પરમાં હોય ત્યારે આ ત્રણે શબ્દોના व[A] નો उ અને त् નો र् (रु) કરી અર્થાત્ भउर्, भगउर् અને अघउर् કરી 'अवर्णस्ये० १.२.६' સૂત્રથી अ અને उ ની સંધિ કરી તેઓ भोर्, भगोर् અને अघोर् ની નિષ્પત્તિ કરે છે. (બાકી પ્રયોગની સિદ્ધિ પૃષ્ઠ - ૬૫ ઉપર સાધનિકા સ્થળે બતાવી દીધી છે.)

આ વ્યાકરણકારોના મતે સંબોધન એકવચનનો सि પ્રત્યય પરમાં હોય ત્યારે જ भोर् વિગેરેની નિષ્પત્તિની વાત છે. भोस् વિગેરે અવ્યયોને લઇને પ્રયોગોની સિદ્ધિ કરવાની તો તેમના મતે વાત જ નથી. તેથી તેમના મતે દ્વિવચન અને બહુવચનના औ-जस् પ્રત્યયો તેમ જ સ્ત્રીલિંગનો ङी પ્રત્યય પરમાં હશે ત્યારે નિમ્નોક્ત નવ પ્રયોગો સિદ્ધ નહીં થઇ શકે.

**(a)** भो ब्राह्मणौ! **(b)** भो ब्राह्मणाः! **(c)** भो ब्राह्मणि! **(d)** भगो ब्राह्मणौ! **(e)** भगो ब्राह्मणाः! **(f)** भगो ब्राह्मणि! **(g)** अघो ब्राह्मणौ! **(h)** अघो ब्राह्मणाः! **(i)** अघो ब्राह्मणि!

**શંકા :-** ***'नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्'***[B] ન્યાય મુજબ સ્ત્રીલિંગના પ્રયોગ તો થવા જોઇએ ને ?

**સમાધાન :-** હા, આમ તો થવા જોઇએ. છતાં પણ उ ઇત્‌વાળા भोर्, भगोर् અને अघोर् ને 'अधातूदृ० २.४.२' સૂત્રથી ङी કરવાના પ્રસંગે તેઓ સ્ત્રીલિંગમાં વર્તતા નથી, માટે સ્ત્રીલિંગમાં પ્રયોગો ન થઇ શકે. અહીં એ ધ્યાનમાં રાખવું કે ચિત્કારના મતે भोर् વિગેરે અવ્યય નથી. તેથી જ્યારે તેમને ब्राह्मणी વિગેરે શબ્દોના વિશેષણ બનાવી તેમના સ્ત્રીલિંગમાં પ્રયોગ કરવા હોય ત્યારે તેમને સ્ત્રીલિંગમાં વર્તાવી ङी પ્રત્યય લગાડવો જરૂરી બને. પરંતુ આ રીતે તેઓ સ્ત્રીલિંગમાં વર્તતા નથી.

(A) વાર્તિકકાર भवत्, भगवत् અને अघवत् ના व નો उ ન કરતા સીધો તેમના अव અંશનો ओ આદેશ કરવાનું કહે છે.

(B) વિવક્ષિત કાર્ય કરવા માટે કોઇ નામનું ગ્રહણ કર્યું હોય તો સ્ત્રીલિંગના સૂચક ङी-आप् પ્રત્યયવાળા તે નામનું પણ ભેગું ગ્રહણ થાય છે.

**શંકા :-** જો તમે भोस् વિગેરેને નિપાત (= અવ્યય) તરીકે સ્વીકારશો તો તેમનું स વિગેરેની સાથે સામાનાધિકરણ્ય (= સરખી વિભક્તિવાળો વિશેષણ-વિશેષ્ય ભાવ) પ્રાપ્ત ન થતા 'भवत्वायु० ७.२.९१' સૂત્રથી વિકલ્પે થતા पित् तस् પ્રત્યયને લઇને स भोः અને ततो भोः વિગેરે પ્રયોગો સિદ્ધ નહીં થઇ શકે.

**સમાધાન :-** કાંઇ વાંધો નહીં. કેમકે જે લોકો भोस्, भगोस् અને अघोस् ને નિપાત તરીકે સ્વીકારે છે, તે લોકો 'भवत्वायु० ७.२.९१' સૂત્રથી स भोः, ततो भोः વિગેરે પ્રયોગો કરવા ઇચ્છતા જ નથી.

(6) ઘોષવાન વ્યંજન પરમાં હોય તો જ આ સૂત્રથી र् (रु) નો લોપ થાય એવું કેમ ?

**(a) कुमाराः क्रीडन्ति — * कुमार + जस्, * 'अत आः० १.४.१' → कुमारा + जस्, * 'समानानां० १.२.१' → कुमारास्, * 'सो रुः २.१.७२' → कुमारार् क्रीडन्ति, * 'रः पदान्ते० १.३.५३' → कुमाराः क्रीडन्ति।**

અહીં कुमारार् क्रीडन्ति અવસ્થામાં પદાન્ત र् ની પૂર્વે आ છે, પરંતુ પરમાં રહેલો क् ઘોષવાન વ્યંજન ન હોવાથી આ સૂત્રથી र् નો લોપ ન થયો.

(7) **શંકા :-** કોઇપણ કાર્યનો પ્રતિષેધ ત્યારે જ કરાય, જ્યારે તે કાર્યનો સંભવ હોય. अ વર્ણાદિથી પરમાં રહેલા रु નો ઘોષવાન વ્યંજન પર છતાં લોપ થયે છતે अ વર્ણાદિ અને ઘોષવાન વ્યંજનની સંધિનો સંભવ જ નથી કે જેથી સૂત્રકારે 'असन्धि' શબ્દ દ્વારા તેનો પ્રતિષેધ કરવો પડે. તેથી સૂત્રમાં 'असन्धिः' પદ નિરર્થક છે.

**સમાધાન :-** 'असन्धिः' પદ આ સૂત્રમાં ભલે નિરર્થક હોય, 'स्वरे वा १.३.२४' સૂત્રમાં તેની અનુવૃત્તિ જરૂરી હોવાથી અહીં તેનું ઉપાદાન કર્યું છે.

**શંકા :-** જો 'स्वरे वा' સૂત્રમાં તેની જરૂર છે તો 'असन्धिः स्वरे वा' એવું સૂત્ર બનાવવું જોઇએ. અહીં તેનું ઉપાદાન શા માટે કર્યું છે ?

**સમાધાન :-** असन्धिः પદનું પ્રયોજન 'स्वरे वा' સૂત્રમાં હોવા છતાં પ્રસ્તુત સૂત્રમાં તેનું ઉપાદાન लुक् ની સાથે असन्धिः પદનું સન્નિયોગશિષ્ટત્વ જણાવવા માટે છે. તેથી ***'सन्नियोगशिष्टानां सहैव प्रवृत्तिः सहैव वा निवृत्तिः*** (A) **ન્યાયબળે જ્યાં આગળ આ સૂત્રના અધિકારથી** लुक् **થશે ત્યાં જ** असन्धि **પ્રવર્તશે, અન્યત્ર નહીં.** તેથી अत्रागच्छति ઇત્યાદિ સ્થળે સંધિનો પ્રતિષેધ નથી થઇ શકતો. જો असन्धि નું ગ્રહણ અહીં ન કરતા 'स्वरे वा०' સૂત્રમાં કરત તો अत्रागच्छति ઇત્યાદિ સ્થળે પણ વિકલ્પે સંધિનો પ્રતિષેધ થાત. કારણ 'असन्धिः स्वरे वा' સૂત્રનો અર્થ એવો થાત કે 'अ વર્ણાદિથી પરમાં સ્વર હોય તો વિકલ્પે સંધિ થતી નથી.' એવી જ રીતે दण्ड अग्रम् આવા સંધિવિહોણા પ્રયોગો પણ થવાની આપત્તિ આવત.

(A) જેનું કથન સાથે કરવામાં આવ્યું હોય તેની પ્રવૃત્તિ અને નિવૃત્તિ સાથે થાય છે.

વળી, 'असन्धिः' પદનું અહીં ઉપાદાન કરવાનું બીજું ફળ એ પણ છે કે लुक् અને असन्धि સન્નિયોગશિષ્ટ થવાથી જ્યાં लुक् નો અધિકાર નિવૃત્ત થશે; ત્યાં असन्धि નો અધિકાર પણ નિવૃત્ત થશે ।।૨૨।।

## व्योः ।।१.३.२३।।

**बृ.वृ.—अवर्णात् परयोः पदान्ते वर्तमानयोर्व्योर्वकार-यकारयोर्घोषवति परे लुग् भवति, स चासन्धिः। (1) वृक्षं वृश्चति क्विप्, वृक्षवृश्चमाचष्टे इति णावन्त्यस्वरादिलोपे वृक्षवयतीति विचि सिद्धं वृक्षव्, वृक्ष गच्छति, एवम्-माला हसति, अव्य गच्छति। (2) घोषवतीत्येव? वृक्षव् करोति, अव्यय् करोति। (3) अवर्णादित्येव? तरुव् गच्छति। (4) पदान्त इत्येव? भव्यम्, जय्यम्। (5) कश्चित् तु स्वरजयोरनादिस्थयोर्यकार-वकारयोर्घोषवत्यवर्णादन्यतोऽपि लोपमिच्छति —अध्यारूढ उम्-ईशम् अध्युः, स चासाविन्दुश्च-अध्विन्दुः; साधोरीः-श्रीः साध्वी, तस्या उदयः--साध्युदय इत्यादि ।।२३।।**

---

**સૂત્રાર્થ :-** अ વર્ણથી પરમાં રહેલાં પદને અંતે વર્તતા व् અને य् નો ઘોષવાન વ્યંજન પરમાં આવતા લોપ (लुग्) થાય છે અને પછી સંધિ થતી નથી.

**સૂત્રસમાસ :-** ◆ व् च य् च = व्यौ (इ. द्व.), तयोः = व्योः।

<u>વિવરણ :-</u> (1) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) वृक्ष गच्छति | (ii) माला हसति |
|---|---|---|---|
| | | वृक्षं वृश्चतीति क्विप्(०) | मालां वृश्चतीति क्विप्(०) |
| * 'क्विप् ५.१.१४८ | → | वृक्षव्रश्च् + क्विप् | मालाव्रश्च् + क्विप् |
| * 'ग्रह-व्रश्च० ४.१.८४' | → | वृक्षवृश्च् | मालावृश्च् |
| * 'णिज्बहुलम्० ३.४.४२' | → | वृक्षवृश्च् + णिच् | मालावृश्च् + णिच् |
| * 'त्रन्त्यस्वरादेः ७.४.४३' | → | वृक्षव् + णिच् | मालाव् + णिच् |
| * 'मन्-वन्० ५.१.१४७' | → | वृक्षवयतीति विच् (०) | मालावयतीति विच् (०) |
| | | = वृक्षवि + विच् | = मालावि + विच् |
| * 'णेरनिटि ४.३.८३' | → | वृक्षव् + सि | मालाव् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | वृक्षव् गच्छति | मालाव् हसति |
| * 'व्योः १.३.२३' | → | वृक्ष गच्छति। | माला हसति। |

**(iii) अव्य गच्छति — * 'णिज्बहुलम्० ३.४.४२' → अव्ययमाचष्टे = अव्यय + णिच्, * 'त्रन्त्यस्वरादेः ७.४.४३' → अव्यय् + णिच्, * 'मन्-वन्० ५.१.१४७' → अव्यययतीति विच्(०) = अव्ययि + विच्, * 'णेरनिटि ४.३.८३' → अव्यय् + विच् (०) + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → अव्यय् गच्छति, * 'व्योः १.३.२३' → अव्य गच्छति।**

**શંકા :-** ઉપર દૃષ્ટાંતોમાં विच् ને બદલે क्विप् પ્રત્યય લગાવીએ તો શું વાંધો ?

**સમાધાન :-** विच् ને બદલે क्विप् પ્રત્યય કરવામાં આવે તો 'न सन्धि-ङी-य-क्वि० ७.४.१११' પરિભાષાના क्वि અંશને લઈને લુપ્ત णिच् નો સ્થાનિવદ્ભાવ પ્રતિષિદ્ધ થવાથી 'अनुनासिके च० ४.१.१०८' સૂત્રથી वृक्षव् ના व् નો ऊ (ऊट्) થવાનો પ્રસંગ આવતા वृक्षव् પ્રયોગ સિદ્ધ નહીં થાય. જ્યારે विच् પ્રત્યય પરમાં હોતે છતે णिच् ના સ્થાનિવદ્ભાવનો પ્રતિષેધ ન થતો હોવાથી 'स्वरस्य परे० ७.४.११०' પરિભાષાથી णिच् નો સ્થાનિવદ્ભાવ મનાશે. તેથી वृक्षव् પ્રયોગ સિદ્ધ થશે. માટે અહીં क्विप् ને બદલે विच् પ્રત્યય કર્યો છે.

**શંકા :-** જો विच् પ્રત્યય પરમાં હોતે છતે णिच् નો સ્થાનિવદ્ભાવ મનાય છે, તો પ્રસ્તુત 'व्योः' સૂત્રથી પણ वृक्षव् ના व् નો લોપ નહીં થાય. કારણ णिच् ના સ્થાનિવદ્ભાવને લઈને હવે પદને અંતે इ (णिच्) મનાશે, व નહીં.

**સમાધાન :-** એવું નથી. પ્રસ્તુત સૂત્ર સંધિવિધિ(A)નું હોવાથી 'न सन्धि० ७.४.१११' પરિભાષાથી णिच् ના સ્થાનિવદ્ભાવ નો પ્રતિષેધ થવાથી પદને અંતે णिच् ન મનાતા व મનાશે. તેથી 'व्योः' સૂત્રનું કાર્ય થવામાં બાધ નથી.

**શંકા :-** જો આમ णिच् ના સ્થાનિવદ્ભાવનો નિષેધ થતો હોય તો 'य्वोः प्वय्० ४.४.१२१' સૂત્રથી वृक्षव् ના व् નો લોપ કેમ નથી કરતા ?

**સમાધાન :-** 'य्वोः प्वय्०' સૂત્રથી व्(B) નો લોપ કરવાના અવસરે પાછો 'स्वरस्य परे०' પરિભાષાથી णिच् નો સ્થાનિવદ્ભાવ મનાશે, માટે અમે व् નો લોપ નથી કરતા.

**શંકા :-** સાધનિકામાં બતાવ્યું તેમ अव्यय् + विच् (०) અવસ્થામાં તો 'य्वोः प्वय्०' સૂત્રથી य् નો લોપ કરશો ને ?

**સમાધાન :-** ના. કેમકે 'न सन्धि०' પરિભાષા विच् (०) પ્રત્યયને લઈને સ્થાનિવદ્ભાવનો નિષેધ નથી કરતી, પણ क्विप् પ્રત્યયને લઈને કરે છે. માટે 'स्वरस्य परे०' પરિભાષાથી अव्यय् અને विच् ની વચ્ચે णिच् નો સ્થાનિવદ્ભાવ મનાતા य् નો લોપ નહીં થઈ શકે.

---

(A) ૧.૨ અને ૧.૩ પાદના બધા જ સૂત્રો સંધિવિધિના સૂત્રો ગણાય. કેમકે આ બન્ને પાદ ક્રમશઃ સ્વરસંધિ પ્રકરણ અને વ્યંજનસંધિ પ્રકરણ છે.

(B) 'य्वोः प्वय्' સૂત્રથી જો य् નો લોપ કરવાનો હોત તો यविधि ને લઈને 'न सन्धि०' પરિભાષાથી णिच् ના સ્થાનિવદ્ભાવ નો પ્રતિષેધ થાત. પરંતુ અહીં व् નો લોપ કરવાની વાત છે.

**શંકા :-** માનો કે अव्यय् + क्विप् (૦) અવસ્થા હોત અર્થાત્ विच् ને બદલે क्विप् પ્રત્યય લગાડચો હોત, પછી તો क्विविधि ને લઈને 'न सन्धि०' પરિભાષાથી णिच् ના સ્થાનિવદ્ભાવનો નિષેધ થતા 'य्वोः प्वय्०' સૂત્રથી य् નો લોપ થાત ને ?

**સમાધાન :-** ના. તો પણ લોપ ન થાત. કેમકે 'इसासः ૪.૪.૧૧૮' સૂત્રથી मित्रशीः પ્રયોગ સિદ્ધ હોવા છતાં તેને માટે 'क्वौ ૪.૪.૧૧૯' સૂત્ર જે જુદું બનાવ્યું છે તેનાથી ***'क्विपि व्यञ्जनकार्यमनित्यम्'*** આ ન્યાય જ્ઞાપિત થાય છે. તેથી अव्यय् + क्विप् અવસ્થામાં क्विप् ને લઈને 'य्वोः प्वय्०' સૂત્રથી य् વ્યંજનનો લોપ કરવાના અવસરે તે ન્યાયથી य् ના લોપ રૂપ વ્યંજનકાર્ય અનિત્ય બનતાં य् નો લોપ ન થઈ શકત.

અથવા બીજી રીતે કહીએ તો લોપ માટે જે लुप् અને लुक् શબ્દો વપરાય છે તે અલગ અલગ કાર્ય સાધવા લોપ માટે વપરાતી સંજ્ઞાઓ છે. હવે ન્યાય છે કે ***'संज्ञापूर्वको विधिरनित्यः'***. તો પ્રસ્તુતમાં 'य्वोः प्वय्०' સૂત્રથી अव्यय् ના य् ની लुक्विधि કરવાની હોવાથી આ ન્યાયથી लुक्विधि અનિત્ય ગણાતા य् નો લોપ ન થઈ શકત.

યદ્યપિ ઉપર કહ્યું તેમ विच् માટે લઘુન્યાસમાં જે સમાધાન આપ્યું છે તે વિચારણીય છે. કેમકે ભલે 'न सन्धि०' પરિભાષા विच् ને લઈને સ્થાનિવદ્ભાવનો નિષેધ ન કરતી હોય, પરંતુ अव्यय् + विच्અવસ્થામાં 'य्वोः प्वय्०' સૂત્રથી य् નો લોપ કરવો એ यविधि ગણાય અને તેને લઈને 'न सन्धि-ङी-यविधि०' પરિભાષા णिच् ના સ્થાનિવદ્ભાવનો નિષેધ કરે જ. માટે य् ના લોપની પ્રાપ્તિ આવે છે. તેથી સમાધાન આપવું હોય તો એવું આપવું જોઈએ કે ***'क्विपि व्यञ्जनकार्यमनित्यम्'*** ન્યાયસ્થળે क्विप् શબ્દ विच् નું પણ ઉપલક્ષણ છે. તેથી विच् પ્રત્યયને લઈને પણ 'य्वोः प्वय्०' સૂત્રથી પ્રાપ્ત अव्यय् ના य् વ્યંજનના લોપરૂપ કાર્ય અનિત્ય બનવાથી य् નો લોપ ન થઈ શકે.

**(2)** ઘોષવાન વ્યંજન પરમાં હોય તો જ આ સૂત્રથી व् અને य् નો લોપ થાય એવું કેમ ?

**(a) वृक्षव् करोति (b) अव्यय् करोति —** બન્ને પ્રયોગની સાધનિકા ઉપર દૃષ્ટાંતસ્થળે બતાવી છે તેમ સમજવી. માત્ર ત્યાં गच्छति ક્રિયાપદને બદલે करोति ક્રિયાપદ મૂકી આ સૂત્ર ન લગાડવું. અહીં अ થી પરમાં રહેલા પદાન્ત व् અને य् ની પરમાં રહેલો क् ઘોષવાન વ્યંજન નથી, માટે આ સૂત્રથી व् અને य् નો લોપ ન થયો.

**શંકા :-** वृक्षव् करोति અવસ્થામાં 'स्वरस्य परे० ૭.૪.૧૧૦' પરિભાષાથી લુપ્ત णिच् નો સ્થાનિવદ્ભાવ મનાતા व् પદાન્તે ગણાય નહીં; તેથી આ વિરુદ્ધ દૃષ્ટાંતમાં દ્વયંગવૈકલ્ય આવે છે. કેમકે એક તો આ સૂત્રમાં અપેક્ષિત ઘોષવાન વ્યંજન રૂપ નિમિત્તની વિકલતા છે અને બીજું व् પદાન્તે નથી. તેથી આને વિરુદ્ધ દૃષ્ટાંત તરીકે ન બતાવી શકાય[(A)].

---

**(A)** દ્વયંગવિકલ દૃષ્ટાંત ચોક્કસ કયા અંગની વિકલતાના કારણે વિરુદ્ધ દૃષ્ટાંતરૂપે વર્તી રહ્યું છે તે કહેવું શક્ય ન બનતા તેને વિરૂદ્ધ દૃષ્ટાંતરૂપે ન બતાવી શકાય.

**સમાધાન :-** આ સૂત્ર સંધિવિધિ પ્રકરણમાં સમાવિષ્ટ છે, માટે 'न सन्धि०' પરિભાષા મુજબ આ સૂત્રને લગતા દૃષ્ટાંતોમાં સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે. માટે णिच् નો સ્થાનિવદ્ભાવ ન મનાતા व् પદાન્તે ગણાય. તેથી માત્ર એક અંગની જ વિકલતા રહેવાથી वृक्षव् करोति ને વિરૂદ્ધ દૃષ્ટાંત તરીકે બતાવી શકાય.

**(3)** પદાન્ત व् અને य् अ વર્ણથી પરમાં હોય તો જ આ સૂત્રથી તેમનો લોપ થાય એવું કેમ ?

**(a) तरूव् गच्छति — * 'क्विप् ५.१.१४८' → तरुं वृश्चतीति क्विप्=तरुव्रश्च् + क्विप्(०), * 'ग्रहव्रश्च० ४.१.८४' → तरुवृश्च्, * 'णिज्बहुलम्० ३.४.४२' → तरुवृश्च् + णिच्, * 'त्र्यन्त्यस्वरादेः ७.४.४३' → तरुव् + णिच् * 'मन्वन्० ५.१.१४७' → तरुवयंतीति विच्(०) = तरुवि + विच्, * 'णेरनिटि ४.३.८३' → तरुव् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → तरुव् गच्छति।**

અહીં પદાન્ત व् પછી ઘોષવાન વ્યંજન છે, પણ તેની પૂર્વે अ વર્ણ ન હોવાથી આ સૂત્રથી व् નો લોપ ન થયો.

**(4)** व् અને य् પદને અંતે હોય તો જ આ સૂત્રથી તેમનો લોપ થાય એવું કેમ ?

**(a) भव्यम् — * भू (१), * 'य एच्चातः ५.१.२८' → भवितुं योग्यम् = भू + य, * 'नामिनो गुणो० ४.३.१' → भो + य, * 'य्यक्ये १.२.२५' → भव् + य = भव्य + सि, * 'अतः स्यमो० १.४.५७' → भव्य + अम्, * 'समानादमो० १.४.४६' → भव्य + म् = भव्यम्।**

**(b) जय्यम् — * जि (८), * 'य एच्चातः ५.१.२८' → जि + य, * 'क्षय्य-जय्य० ४.३.९०' → जय्य + सि, * 'अतः स्यमो० १.४.५७' → जय्य + अम्, * 'समानादमो० १.४.४६' → जय्य + म् = जय्यम्।**

ઉપરોક્ત બન્ને સ્થળે व् અને य् ની પૂર્વે अ છે અને પાછળ ઘોષવાન વ્યંજન य् પણ છે, પરંતુ व् અને य् પદને અંતે ન હોવાથી તેમનો આ સૂત્રથી લોપ ન થયો.

**(5)** આ સૂત્રબાબત **વિશ્રાન્તવિદ્યાધર** નામના વ્યાકરણકારની માન્યતા જુદી છે. તેઓ પદની આદિમાં ન હોય તેવા અને 'इवर्णादे० १.२.२१' વિગેરે સૂત્રથી સ્વરના સ્થાને થયેલા એવા व् અને य् નો તે व् અને य् अ વર્ણ કે બીજા ગમે તે વર્ણની પરમાં રહેલાં હોય અને પરમાં ઘોષવાન્ વ્યંજન આવે તો લોપ માને છે જેમકે -

**(a) अध्विन्दुः — * अध्यारूढः उम् (= इशम्) = अधि + उ + सि, * 'इवर्णादे० १.२.२१' → अध्य् + उः = अध्युः, * 'विशेषणं० ३.१.९६' → अध्युश्चासौ इन्दुश्च = अध्यु + इन्दुः, * 'इवर्णादे० १.२.२१' → अध्व् + इन्दुः, * આ અવસ્થામાં કેચિત્કાર य् નો લોપ કરશે → अध्व् + इन्दुः = अध्विन्दुः।**

પેજ-૭૨ થી ૭૮ માં પ્રિન્ટીંગ દરમ્યાન पटविँह, वृक्षवँत्र, तयाँहुः વિગેરે ઘણા સ્થળે पटविंह, वृक्षवंत्र, तयांहुः વિગેરે અશુદ્ધિ મુદ્રણદોષથી થયેલ છે, તો તે સુધારીને વાંચવી.



**(b)** साध्युदयः — * 'षष्ठ्ययत्नात्० ३.१.७६' → साधोः ईः (= श्रीः) = साधु + ईः, * 'इवर्णादे० १.२.२१' → साध्व् + ईः = साध्वीः, * 'षष्ठ्ययत्नात्० ३.१.७६' → साध्व्याः उदयः = साध्वी + उदयः, * 'इवर्णादे० १.२.२१' → साध्व्य् + उदयः, * આ અવસ્થામાં કેચિત્કાર व् નો લોપ કરશે → साध्य् + उदयः = साध्युदयः। ।।२३।।

## स्वरे वा ।।१.३.२४।।

बृ.वृ.–अवर्ण-भो-भगो-ऽघोभ्यः परयोः पदान्ते वर्तमानयोर्वकार-यकारयोः स्वरे परे लुग् वा भवति, स चासन्धिः। (1) पट इह, पटविह, अवर्णादीषत्स्पृष्टतरस्य विकल्पेन विधास्यमानत्वात् त्रैरूप्यम्-पटविँह; वृक्ष अत्र, वृक्षवत्र, वृक्षवँत्र; वृक्षा इह, वृक्षाविह, वृक्षाविँह; त आहुः, तयाहुः, तयाँहुः; तस्मा इदम्, तस्मायिदम्, तस्मायिँदम्; क आस्ते, कयास्ते, कयाँस्ते; देवा आहुः, देवायाहुः, देवायाँहुः; भो अत्र, भोप्रभृतिभ्य उत्तरेणेषत्स्पृष्टतरस्य नित्यं विधानाद् द्वैरूप्यम्–भोयँत्र; भगो अत्र, भगोयँत्र; अघो अत्र, अघोयँत्र; उञ्यपि द्वैरूप्यमेव–पट उ, पटवुँ इत्यादि। (2) पदान्त इत्येव? लवनम्, नयनम्। (3) अवर्णादिभ्य इत्येव? मध्वत्र, दध्यत्र। (4) स्वर इति किम्? वृक्षव् करोति।।२४।।

---

**सूत्रार्थ :-** अ વર્ણ, भो, भगो અને अघो થી પરમાં રહેલા પદને અંતે વર્તતા व् અને य् નો સ્વર પરમાં આવતા વિકલ્પે લોપ (લુક્) થાય છે અને પછી સંધિ થતી નથી.

<u>વિવરણ :-</u> **(1)** <u>દૃષ્ટાંત</u> - **(i)** पट इह — * पटु + सि (સંબો), * 'हस्वस्य गुणः १.४.४१' → पटो इह, * 'ओदौतो० १.२.२४' → पटव् इह, * 'स्वरे वा १.३.२४' → पट इह। * વિકલ્પ પક્ષે पटव् इह = पटविह।

'अस्पष्टाव० १.३.२५' સૂત્રમાં 'अ વર્ણથી પરમાં રહેલા પદાન્ત व् અને य् નો જો તેની પરમાં સ્વર (उञ् સિવાયનો) આવે તો વિકલ્પે ઈષદ્સ્પૃષ્ટતર व् અને य् આદેશ થાય છે.' એવું વિધાન કરવાનું હોવાથી અહીં તે સૂત્રથી पटव् इह અવસ્થામાં व् નો वँ આદેશ થવાથી पटविँह પ્રયોગ પણ થશે.

**(ii)** वृक्ष अत्र — * वृक्षव् સુધીની સાધનિકા 'व्योः १.३.२३' સૂત્રમાં જોવી, * वृक्षव् अत्र, * 'स्वरे वा १.३.२४' → वृक्ष अत्र। * વિકલ્પ પક્ષે वृक्षवत्र અને 'अस्पष्टा० १.३.२५' → वृक्षवँत्र।

**(iii)** वृक्षा इह — * वृक्ष + औ, * 'ऐदौत्० १.२.१२' → वृक्षौ इह, * 'ओदौतो० १.२.२४' → वृक्षाव् इह, * 'स्वरे वा १.३.२४' → वृक्षा इह। * વિકલ્પ પક્ષે वृक्षाविह અને 'अस्पष्टा० १.३.२५' થી वृक्षाविँह।

**(iv) त आहुः — * तद् + जस्, * 'आद्वेरः २.१.४१' → त अ + जस्, * 'लुगस्या० २.१.११३' → त + जस्, * 'जस इः १.४.९' → त + इ, * 'अवर्णस्ये० १.२.६' → ते आहुः, * 'एदैतो० १.२.२३' → तय् आहुः, * 'स्वरे वा १.३.२४' → त आहुः। * વિકલ્પ પક્ષે → तयाहुः અને 'अस्पष्टा० १.३.२५' થી तयाहुः।**

**(v) तस्मा इदम् — * तद् + ङे, * 'आद्वेरः २.१.४१' → त अ + ङे, * 'लुगस्या० २.१.११३' → त + ङे, * 'सर्वादेः० १.४.७' → त + स्मै = तस्मै इदम्, * 'एदैतो० १.२.२३' → तस्माय् इदम्, * 'स्वरे वा १.३.२४' → तस्मा इदम्। * વિકલ્પ પક્ષે तस्मायिदम् અને 'अस्पष्टा० १.३.२५' થી → तस्मायिंदम्।**

**(vi) क आस्ते — * किम् + सि, * 'किमः कस्० २.१.४०' → क + सि, * 'सो रुः २.१.७२' → कर् आस्ते, * 'रोर्यः १.३.२६' → कय् आस्ते, * 'स्वरे वा १.३.२४' → क आस्ते। * વિકલ્પ પક્ષે कयास्ते અને 'अस्पष्टा० १.३.२५' થી कयांस्ते।**

અહીં कय् आस्ते અવસ્થામાં 'सो रुः २.१.७२' સૂત્રથી स् નો र् અને र् નો य् અર્થાત્ પ્રત્યય સંબંધી य् પરમાં છે, તેથી 'अत आः० १.४.१' સૂત્રથી य् ની પૂર્વના अ ને आ આદેશની પ્રાપ્તિ છે. પરંતુ અસત્ વિધિમાં આવતા 'सो रुः०' સૂત્રથી થયેલ र् અસત્ થવાથી પરમાં य् ન મનાય, તેથી काय् आस्ते આવો અનિષ્ટ પ્રયોગ નહીં થાય. અથવા બીજી રીતે કહીએ તો 'अत आः०' સૂત્રથી कय् ના अ નો आ કરવો એ પૂર્વ વ્યવસ્થિત કાર્ય હોવાથી અંતરંગ કાર્ય ગણાય અને 'रोर्यः १.३.२६' સૂત્રથી र् નો य् કરવો એ પરવ્યવસ્થિત કાર્ય હોવાથી બહિરંગ કાર્ય ગણાય. '***असिद्धं बहिरङ्गमन्तरङ्गे***' ન્યાયથી અંતરંગ काय् કરવાના અવસરે બહિરંગ र् નો य् અસત્ થતો હોવાથી काय् आस्ते આવો અનિષ્ટ પ્રયોગ સિદ્ધ નહીં થાય.

**(vii) देवा आहुः — * देव + जस्, * 'अत आः० १.४.१' → देवा + जस्, * 'समानानां० १.२.१' → देवास्, * 'सो रुः २.१.७२' → देवार् आहुः, * 'रोर्यः १.३.२६' → देवाय् आहुः, * 'स्वरे वा १.३.२४' → देवा आहुः। * વિકલ્પ પક્ષે देवायाहुः અને 'अस्पष्टा० १.३.२५' થી देवायांहुः।**

| | | **(viii) भो अत्र** | **(ix) भगो अत्र** | **(x) अघो अत्र** |
|---|---|---|---|---|
| | | **भोस् + सि** | **भगोस् + सि** | **अघोस् + सि** |
| *** 'अव्ययस्य ३.२.७'** | **→** | **भोस्** | **भगोस्** | **अघोस्** |
| *** 'सो रुः २.१.७२'** | **→** | **भोर् अत्र** | **भगोर् अत्र** | **अघोर् अत्र** |
| *** 'रोर्यः १.३.२६'** | **→** | **भोय् अत्र** | **भगोय् अत्र** | **अघोय् अत्र** |
| *** 'स्वरे वा १.३.२४'** | **→** | **भो अत्र।** | **भगो अत्र।** | **अघो अत्र।** |
| *** વિકલ્પે 'अस्पष्टा० १.३.२५'** | **→** | **भोयंत्र।** | **भगोयंत्र।** | **अघोयंत्र।** |

અહીં ત્રણે સ્થળે વિકલ્પે 'अस्पष्टा० १.३.२५' સૂત્રથી નિત્ય ઈષત્સ્પૃષ્ટતર આદેશ થતો હોવાથી જ્યારે આ સૂત્રથી य् નો લોપ નહીં થાય ત્યારે વિકલ્પે એક જ પ્રયોગ થશે. અર્થાત્ भोयत्र વિગેરે બીજા પ્રકારના પ્રયોગ નહીં થાય.

**(xi) पट उ — * पटु + सि(સંબો.), * 'हस्वस्य गुणः १.४.४१' → पटो उ (उञ्), * 'ओदौतो० १.२.२४' → पटव् उ, * 'स्वरे वा १.३.२४' → पट उ। * વિકલ્પ પક્ષે 'अस्पष्टा० १.३.२५' → पटवु।**

'अस्पष्टा० १.३.२५' સૂત્રમાં अ વર્ણથી પરમાં રહેલા પદાન્ત व् અને य् ને उञ् સિવાયના સ્વર પરમાં હોય તો જ ઈષત્સ્પૃષ્ટતર આદેશ વિકલ્પે કહ્યો હોવાથી અર્થાત્ જો उञ् અવ્યય પરમાં હોય તો નિત્ય ઈષત્સ્પૃષ્ટતર આદેશ કહ્યો હોવાથી ઉપરોક્ત દષ્ટાંત સ્થળે જ્યારે આ સૂત્રથી व् નો લોપ ન થાય ત્યારે વિકલ્પપક્ષે 'अस्पष्टा०' સૂત્રથી નિત્ય व् આદેશ થશે, માટે અહીં પણ पट उ અને पटवु આમ બે પ્રયોગો જ થશે.

**(2)** व् અને य् પદને અંતે હોય તો જ આ સૂત્રથી તેમનો લોપ થાય એવું કેમ ?

**(a) लवनम् — * लू (१५१९), * 'अनट् ५.३.१२४' → लू + अनट्, * 'नामिनो गुणो० ४.३.१' → लो + अनट्, * 'ओदौतो० १.२.२४' → लव् + अनट् = लवन + सि, * 'अतः स्यमो० १.४.५७' → लवन + अम्, * 'समानादमो० १.४.४६' → लवन + म् = लवनम्।**

**(b) नयनम् — * णी (८८४), * 'पाठे धात्वा० २.३.९७' → नी, * 'अनट् ५.३.१२४' → नी + अनट्, * 'नामिनो गुणो० ४.३.१' → ने + अनट्, * 'एदैतो० १.२.२३' → नय् + अनट् = नयन + सि, * 'अतः स्यमो० १.४.५७' → नयन + अम्, * 'समानादमो० १.४.४६' → नयन + म् = नयनम्।**

અહીં બન્ને સ્થળે ક્રમશઃ व् અને य् ની પૂર્વે अ છે અને પરમાં પણ अ સ્વર છે. છતાં તેઓ પદાન્તે ન હોવાથી આ સૂત્રથી તેમનો વિકલ્પે થતો લોપ ન થયો.

**(3)** પદાન્ત व् અને य् નો अ વર્ણ - भो વિગેરેથી પરમાં હોય તો જ લોપ થાય એવું કેમ ?

**(a) मध्वत्र (b) दध्यत्र — * मधु + सि, दधि + सि, * 'अनतो० १.४.५९' → मधु अत्र, दधि अत्र, * 'इवर्णादे० १.२.२१' → मध्व् अत्र = मध्वत्र, दध्य् अत्र = दध्यत्र।**

અહીં બન્ને સ્થળે પદાન્ત व् અને य् પછી अ સ્વર છે. પરંતુ તેમની પૂર્વે अ વર્ણ કે भो વિગેરે ન હોવાથી આ સૂત્રથી તેમનો વિકલ્પે થતો લોપ ન થયો.

**(4)** સ્વર પરમાં હોય તો જ આ સૂત્રથી પદાન્ત व् અને य् નો લોપ થાય એવું કેમ ?

**(a) वृक्षव् करोति** – ※ (આ પ્રયોગમાં वृक्षव् સુધીની સાધનિકા '૧.૩.૨૩' સૂત્રના દૃષ્ટાંત (**i**) પ્રમાણે કરવી. ત્યારબાદ પરમાં करोति ક્રિયાપદ મૂકવું.)

અહીં પદાન્ત व् ની પૂર્વે अ છે, પરંતુ તેની પરમાં સ્વરને બદલે क् વ્યંજન હોવાથી આ સૂત્રથી व् નો લોપ ન થયો ।।૨૪।।

## अ(1)स्पष्टाववर्णात् त्वनुञि वा ।।१.३.२५।।

**बृ.वृ.–अवर्ण-भो-भगो-ऽघोभ्यः परयोः पदान्ते वर्तमानयोर्वकार-यकारयोः स्थाने(2)ऽस्पष्टावी(3)षत्स्पृष्टतरौ (4)प्रत्यासत्तेर्वकारयकारावेवादेशौ स्वरे परे भवतः, अवर्णात् (5)तु परयोर्व्योरु(6)ञ्वर्जिते स्वरे परेऽस्पष्टौ वा भवतः। (7)पटवु, वृक्षवु, असावु, कयु, देवायु, भोयत्र, भोयु, भगोयत्र, भगोयु, अघोयत्र, अघोयु; (8)अवर्णात् त्वनुञि वा– पटविह, पटविह; असाविन्दुः; असाविन्दुः; तयिह, तयिह; तस्मायिदम्, तस्मायिदम्; कयिह, कयिह; देवायाहुः, देवायाहुः। (9)अनुञीति किम्? उञि अस्पष्टावेव यथा स्याताम्, तथा चोदाहतम्। केचि(10)त् तु रुस्थानस्य यकारस्योञि परे लोपमेवेच्छन्ति–क उ आगतः, भो उ एहि, भगो उ एहि, अघो उ याहि। (11)अपरे तु भो-भगो-ऽघोभ्यः स्वरे नित्यं लोपमेवेच्छन्ति–भो अत्र, भगो अत्र, अघो अत्र।।२५।।**

---

**સૂત્રાર્થ :-** अ વર્ણ, भो, भगो અને अघो થી પરમાં રહેલા પદને અંતે વર્તતા व् અને य् ને સ્થાને સ્વર પરમાં હોય તો અસ્પષ્ટ અર્થાત્ ઈષત્સ્પૃષ્ટતર व् અને य् આદેશ થાય છે. પરંતુ જો अ વર્ણથી પરમાં પદાન્ત व् અને य् હોય અને વળી તેમની પરમાં उञ् (उ) સિવાયનો સ્વર હોય તો व् અને य् ના અસ્પષ્ટ આદેશ વિકલ્પે થાય છે. (એટલે કે अ વર્ણથી પરમાં રહેલા પદાન્ત व् અને य् પછી જો उञ् (उ) આવે તો व् અને य् નિત્ય અસ્પષ્ટ આદેશ પામે છે.)

**સૂત્રસમાસ :-** ◆ न स्पष्टौ = अस्पष्टौ (नञ् तत्.)। ◆ अकारेणोपलक्षितो वर्णः = अवर्णः (मयूरव्यंसक), तस्मात् = अवर्णात्। ◆ न उञ् = अनुञ् (नञ् तत्.), तस्मिन् = अनुञि।

**(1)** કોઈપણ સૂત્રથી હંમેશા અદૃષ્ટ (અજ્ઞાત) વસ્તુનું વિધાન કરવું જોઈએ. કેમકે જે વસ્તુ દૃષ્ટ (જ્ઞાત) હોય તેનું પ્રયોજન ન હોવાથી ફરી શું વિધાન કરવાનું ? આ સૂત્રથી જો व् અને य् ના અસ્પષ્ટ એવા व् અને य् આદેશનું વિધાન કરવામાં આવે, અર્થાત્ 'અસ્પષ્ટ એવા व् અને य्' આવા વિધેય સ્થળે વિશેષ્ય તરીકે व् અને य् ને બતાવવામાં આવે તો જ્ઞાત એવા व् અને य् નું ફરી व् અને य् આદેશ રૂપે જ વિધાન કરવું નિરર્થક ગણાય. તેથી સૂત્રમાં व् અને य् ના અસ્પષ્ટ આદેશ થાય છે.' (व्योः अस्पष्टौ) એમ અજ્ઞાત 'અસ્પષ્ટ' નું વિધાન કર્યું છે.

**(2)** अस्पष्टौ સ્થળે णिच् પ્રત્યયાન્ત स्पश् ધાતુને त (क्त) પ્રત્યય લગાડવામાં આવતા 'णौ दान्त० ४.४.७४' સૂત્રથી નિપાતનથી स्पष्ट શબ્દ બન્યો છે.

**(3)** જે વર્ણોના ઉચ્ચારણ કરવામાં અત્યંત લઘુપ્રયત્ન (= મંદતર પ્રયત્ન એટલે કે અત્યંત શિથિલ સ્થાન અને કરણનું સ્પંદન) થાય તે વર્ણો ઈષત્સ્પૃષ્ટતર કહેવાય. ટૂંકમાં શિથિલ એવા સ્થાન અને કરણ દ્વારા ઉચ્ચારાતા व् અને य् અહીં અસ્પષ્ટ ગણાશે.

**(4)** **શંકા :-** જો સૂત્રમાં અસ્પષ્ટ व् અને य् આદેશનું વિધાન ન કરતા સામાન્યથી અસ્પષ્ટ આદેશનું વિધાન કરવામાં આવે તો તેનાથી બીજા કોઈ અસ્પષ્ટ વર્ણરૂપે આદેશ ન થતાં वॅ અને यॅ આવા જ અસ્પષ્ટ આદેશ કેમ થાય ?

**સમાધાન :-** 'आसन्नः ७.४.१' પરિભાષા મુજબ જે કોઈ આદેશ થાય તે સ્થાનાદિને લઈને આસન્ન જ થાય. અસ્પષ્ટ વર્ણોમાં व् અને य्ને સ્થાનાદિને લઈને આસન્ન वॅ અને यॅ જ છે. માટે તેવા આદેશ કરવામાં આવે છે.

**(5)** સૂત્રમાં જે तु શબ્દ છે તે વાક્યભેદને માટે છે. અર્થાત્ તે 'अ વર્ણ, भो વિગેરેથી પરમાં રહેલા પદાન્ત व् અને य् ના સ્વર પરમાં આવતા અસ્પષ્ટ वॅ અને यॅ આદેશ થાય છે.' આમ નિત્ય અસ્પષ્ટ આદેશનું વિધાન કરનાર વાક્ય કરતા 'अ વર્ણથી પરમાં રહેલા પદાન્ત व् અને य् ના उञ् સિવાયનો સ્વર પરમાં આવતા વિકલ્પે वॅ અને यॅ આદેશ થાય છે.' આમ વિકલ્પે અસ્પષ્ટ આદેશનું વિધાન કરનાર વાક્યને જુદું પાડવા માટે સૂત્રમાં મૂક્યો છે.

**(6)** સૂત્રસ્થ अनुञि પદ પૂર્વસૂત્રથી અનુવૃત્ત स्वरे પદનું વિશેષણ છે. માટે બૃ. વૃત્તિમાં તેનો અર્થ 'उञ्वर्जिते स्वरे' આવો કર્યો છે.

**(7)** <u>**દષ્ટાંત**</u> **- (i) पटवु — * पटु + सि, * 'ह्रस्वस्य गुणः १.४.४१' → पटो उ (उञ्), * 'ओदौतो० १.२.२४' → पटव् उ, * 'अस्पष्टा० १.३.२५' → पटवॅ उ = पटवु।**

**(ii) वृक्षवु — * वृक्षव् સુધીની સાધનિકા '१.३.२३' સૂત્રના દષ્ટાંત (i) પ્રમાણે સમજવી, * वृक्षव् + उ (उञ्), * 'अस्पष्टा० १.३.२५' → वृक्षवॅ उ = वृक्षवु।**

**(iii) असावु — * अदस् + सि, * 'आद्वेरः २.१.४१' → अद अ + सि, * 'लुगस्या० २.१.११३' → अद + सि, * 'अदसो दः २.१.४३' → अस + डौ, * 'डित्यन्त्य० २.१.११४' → अस् + डौ = असौ उ (उञ्), * 'ओदौतो० १.२.२४' → असाव् उ, * 'अस्पष्टा० १.३.२५' → असावॅ उ = असावु।**

| | | (iv) कयु | (v) देवायु | (vi) भोयंत्र | (vii) भोयुं |
|---|---|---|---|---|---|
| | | किम् + सि | देव + जस् | भोस् | भोस् |
| ✻ 'किमः कस्० २.१.४०' | → | क + सि | ↓ | ↓ | ↓ |
| ✻ 'अत आः० १.४.१' | → | ↓ | देवा + जस् | | |
| ✻ 'समानानां० १.२.१' | → | ↓ | देवास् | | |
| ✻ 'सो रुः २.१.७२' | → | कर् | देवार् | भोर् | भोर् |
| ✻ 'रोर्यः १.३.२६' | → | कय् उ (उञ्) | देवाय् उ (उञ्) | भोय् अत्र | भोय् उ (उञ्) |
| ✻ 'अस्पष्टा० १.३.२५' | → | कय उ | देवायँ उ | भोयँ अत्र | भोयँ उ |
| | | = कयु। | देवायुँ। | भोयँत्र। | भोयुँ। |

| | | (viii) भगोयंत्र | (ix) भगोयुं | (x) अघोयंत्र | (xi) अघोयुं |
|---|---|---|---|---|---|
| | | भगोस् + सि | भगोस् + सि | अघोस् + सि | अघोस् + सि |
| ✻ 'अव्ययस्य ३.२.८' | → | भगोस् | भगोस् | अघोस् | अघोस् |
| ✻ 'सो रुः २.१.७२' | → | भगोर् | भगोर् | अघोर् | अघोर् |
| ✻ 'रोर्यः १.३.२६' | → | भगोय् अत्र | भगोय् उ(उञ्) | अघोय् अत्र | अघोय् उ(उञ्) |
| ✻ 'अस्पष्टा० १.३.२५' | → | भगोयँ अत्र | भगोयँ उ | अघोयँ अत्र | अघोयँ उ |
| | | = भगोयँत्र। | भगोयुँ। | अघोयँत्र। | अघोयुँ। |

અહીં સર્વત્ર નિત્ય અસ્પષ્ટ આદેશ થયા છે.

(8) પદાન્ત व् અને य् ની પૂર્વે अ વર્ણ હોય અને પરમાં उञ् સિવાયનો સ્વર હોય તેવા <u>દૃષ્ટાંતો</u> -

**(i) पटविंह — ✻ पटव् સુધી પૂર્વોક્ત દૃષ્ટાંત (i) પ્રમાણે, ✻ पटव् इह, ✻ 'अस्पष्टा० १.३.२५' → पटवँ इह = पटविंह। ✻ વિકલ્પ પક્ષે पटव् इह = पटविह।**

**(ii) असाविन्दुः — ✻ असौ સુધી પૂર્વોક્ત દૃષ્ટાંત (iii) પ્રમાણે, ✻ असौ इन्दुः, ✻ 'ओदौतो० १.२.२४' → असाव् इन्दुः, ✻ 'अस्पष्टा० १.३.२५' → असावँ इन्दुः = असाविँन्दुः। ✻ વિકલ્પ પક્ષે असाव् इन्दुः = असाविन्दुः।**

(iii) तयिंह — ✻ तद् + जस्, ✻ 'आद्वेरः २.१.४१' → तअ + जस्, ✻ 'लुगस्या० २.१.११३' → त + जस्, ✻ 'जस इः १.४.९' → त + इ, ✻ 'अवर्णस्ये० १.२.६' → ते इह, ✻ 'एदैतो० १.२.२३' → तय् इह, ✻ 'अस्पष्टा० १.३.२५' → तयँ इह = तयिंह। ✻ વિકલ્પ પક્ષે → तय् इह = तयिह।

**(iv) तस्मायिंदम् — ∗ આની સિદ્ધિ માટે '१.३.२४' સૂત્રનું દષ્ટાંત (v) જોઈ લેવું.**

**(v) कयिंह — ∗ कय् પર્યંત પૂર્વોક્ત દષ્ટાંત (iv) પ્રમાણે, ∗ कय् इह, ∗ 'अस्पष्टा० १.३.२५' → कयं इह = कयिंह। ∗ વિકલ્પ પક્ષે → कय् इह = कयिह।**

**(vi) देवायांहुः — ∗ देवाय् સુધી પૂર્વોક્ત દષ્ટાંત (v) પ્રમાણે, ∗ देवाय् आहुः, ∗ 'अस्पष्टा० १.३.२५' → देवायं आहुः = देवायांहुः। ∗ વિકલ્પ પક્ષે → देवाय् आहुः = देवायाहुः।**

અહીં સર્વત્ર વિકલ્પે અસ્પષ્ટ આદેશ થયા છે.

**(9)** अ વર્ણથી પરમાં રહેલા પદાન્ત व् અને य् ના उञ् સિવાયના જ સ્વર પરમાં હોય તો વિકલ્પે અસ્પષ્ટ આદેશ થાય એવું કેમ ?

આના દષ્ટાંતો पटवुं, वृक्षवुं, असावुं, कयुं અને देवायुं એમ આગળ દીધા છે ત્યાં જોઈ લેવા. ત્યાં સર્વત્ર अ વર્ણથી પરમાં પદાન્ત व् અને य् છે. પરંતુ પરમાં उञ् હોવાથી આ સૂત્રથી વિકલ્પે અસ્પષ્ટ આદેશ ન થતા નિત્ય થયા.

**(10)** કેટલાક **પાણિનિ** વિગેરે વ્યાકરણકારો 'रोर्यः १.३.२६' સૂત્રથી र (रू) ને સ્થાને થયેલાં य् નો उ (उञ्) પરમાં હોતે છતે લોપ જ થાય છે, ઈષત્સ્પૃષ્ટતર यं નહીં તેવું માને છે. જુઓ 'उञि च पदे (पा.सू. ८.२.२१)'. તેમના મતે આ પ્રમાણે દષ્ટાંતો થશે - क उ आगतः, भो उ हरति, भगो उ एहि અને अघो उ याहि.

અહીં 'रोर्यः १.३.२६' સૂત્રથી થયેલ कय् વિગેરેના य् નો લોપ થયો છે.

**(11)** બીજા **ગાર્ગ્ય, કાશિકાકાર વામન-જયાદિત્ય** વિગેરે વૈયાકરણો भो, भगो અને अघो થી પરમાં રહેલા य् નો સ્વર પરમાં વર્તતા નિત્ય લોપ ઈચ્છે છે. જુઓ 'ओतो गार्ग्यस्य (पा.सू. ८.३.२०)'. તેમના મતે આવા દષ્ટાંતો થશે - भो अत्र, भगो अत्र અને अघो अत्र.

અહીં 'रोर्यः १.३.२६' સૂત્રથી થયેલ भोय् વિગેરેના य् નો લોપ થયો છે.

આ સિવાય **શાકટાયન**ના મતે व् અને य् લઘુતર પ્રયત્નવાળા થાય છે. જુઓ 'व्योर्लघुप्रयत्नतरः शाकटायनस्य (पा.सू. ८.३.१८)' ।।२५।।

## रोर्यः [1] ।।१.३.२६।।

**बृ.वृ.–अवर्ण[2]-भो-भगो-ऽघोभ्यः परस्य पदान्ते वर्तमानस्य रोः स्थाने स्वरे परे यकार आदेशो भवति। कयास्ते[3] देवायासते, भोयत्र, भगोयत्र, अघोयत्र। रोरिति[4] किम्? पुनरिह। अवर्णादिभ्य[5] इत्येव? मुनिरत्र। स्वर[6] इत्येव? कः करोति, भोः करोषि।।२६।।**

---

**सूत्रार्थ :-** अ વર્ણ, भो, भगो, અને अघो થી પરમાં રહેલા પદને અંતે વર્તતા र् (रू) ને સ્થાને સ્વર પરમાં વર્તતા य् આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** આ સૂત્રથી જો દરેક र् નો य् આદેશ કરવામાં આવે તો અતિપ્રસંગ આવે. એટલે કે पुनर् इह જેવા સ્થળે જ્યાં र् નો य् આદેશ કરવો અનિષ્ટ છે, તેવા સ્થળે પણ આ સૂત્રથી य् આદેશ કરવાની આપત્તિ આવે. માટે र् ની સાથે વિશેષણ તરીકે उ અનુબંધ જોડવામાં આવે છે. તેથી હવે 'सो रुः २.१.७२' વિગેરે ત્રણ સૂત્રથી થયેલા र (रू) ને લઈને જ આ સૂત્ર પ્રવર્તશે.

**(2)** આ સૂત્રમાં અનંતર એવા પણ 'अस्पष्टाव० १.३.२५' સૂત્રગત अवर्णात् પદની અનુવૃત્તિ ન વર્તતા પરંપર એવી 'अवर्ण-भो-भगो-अघोः' ની અનુવૃત્તિ જ વર્તશે. કારણ 'अस्पष्टाव०' સૂત્રમાં भो-भगो અને अघो થી પરમાં રહેલ य् ને અસ્પષ્ટ य् નું વિધાન કરેલું છે, તે જ બતાવે છે કે भो વિગેરેને પરમાં રહેલા र् ને પ્રસ્તુત સૂત્રથી य् આદેશ પ્રાપ્ત છે.

**(3)** <u>દૃષ્ટાંત</u> - **(i)** कयास्ते — * किम् + सि, * 'किमः कस्० २.१.४०' → क + सि, * 'सो रुः २.१.७२' → कर् आस्ते, * 'रोर्यः १.३.२६' → कय् आस्ते = कयास्ते।

**(ii)** देवायासते — * देव + जस्, * 'अत आः० १.४.१' → देवा + जस्, * 'समानानां० १.२.१' → देवास्, * 'सो रुः २.१.७२' → देवार् आसते, * 'रोर्यः १.३.२६' → देवाय् आसते = देवायासते।

| | | (iii) भोयत्र | (iv) भगोयत्र | (v) अघोयत्र |
|---|---|---|---|---|
| | | भोस् + सि | भगोस् + सि | अघोस् + सि |
| * 'अव्ययस्य ३.२.८' | → | भोस् | भगोस् | अघोस् |
| * 'सो रुः २.१.७२' | → | भोर् अत्र | भगोर् अत्र | अघोर् अत्र |
| * 'रोर्यः १.३.२६' | → | भोय् अत्र | भगोय् अत्र | अघोय् अत्र |
| | | = भोयत्र। | = भगोयत्र। | = अघोयत्र। |

ઉપરોક્ત સર્વ દૃષ્ટાંતસ્થળે પક્ષે 'स्वरे वा १.३.२४' સૂત્રથી य् નો લોપ થઈ भो अत्र વિગેરે પ્રયોગો પણ થશે.

[ઉપરોક્ત ત્રણ રૂપો ખરેખર તો અપ્રાપ્ત છે. કારણ 'स्वरे वा १.३.२४' સૂત્રથી भो अत्र, भगो अत्र અને अघो अत्र પ્રયોગ થાય અને 'अस्पष्टाव० १.३.२५' સૂત્રથી भोयंत्र, भगोयंत्र અને अघोयंत्र પ્રયોગ થાય. भोयत्र, भगोयत्र અને अघोयत्र પ્રયોગ એકે સૂત્રથી પ્રાપ્ત નથી. અહીં એવું જણાય છે કે भोयत्र વિગેરે ત્રણ પ્રયોગો પ્રક્રિયા હેઠળના હોય. અધૂરી પ્રક્રિયામાં તેમનો આવો પ્રયોગ બતાવ્યો હોય. (कयास्ते, देवायासते માં આ બાધ નથી નડતો.)]

**શંકા :-** रु એમ उ કાર સહિત र् નો સૂત્રમાં નિર્દેશ હોવાથી तरोरयनम् વિગ્રહને લઈને સમાસ પામેલ तरु + अयन, એ જ રીતે चारु + अयन; આવા સ્થળના रु નો પ્રસ્તુત સૂત્રથી य् આદેશ ન થતા કેમ उ અનુબંધવાળા रु નો य् આદેશ થાય છે ?

**સમાધાન :-** જો तरु વિગેરેના વાસ્તવિક रु નો य् આદેશ માનીએ તો भो વિગેરેથી પરમાં रु વર્ણ ન આવતો હોવાથી તેને આ સૂત્રથી य् આદેશ ન થવાથી भो, भगो, अघो ને લઈને પ્રવર્તતા 'स्वरे वा १.३.२४' વિગેરે સૂત્રો નિરર્થક થશે. તેથી સૂત્રનિર્દિષ્ટ रु એ रु વર્ણ નહીં, પરંતુ उ અનુબંધવાળા रु ને સૂચવે છે.

(4) આ સૂત્રથી उ અનુબંધવાળા જ र् (रु) નો य् આદેશ થાય એવું કેમ ?

**(a) पुनरिह — * पुनर् + सि, * 'अव्ययस्य ३.२.८' → पुनर् इह = पुनरिह।**

અહીં पुनर् નો र् એ उ અનુબંધવાળો ન હોવાથી તેનો य् આદેશ ન થયો.

(5) પદાન્ત र् (रु) अ વર્ણ, भो વિગેરેથી પરમાં હોય તો જ આ સૂત્રથી તેનો य् આદેશ થાય એવું કેમ?

**(a) मुनिरत्र — * मुनि + सि, * 'सो रुः २.१.७२' → मुनिर् अत्र = मुनिरत्र।**

અહીં પદાન્ત र् (रु) ની પરમાં સ્વર હોવા છતાં તેની પૂર્વમાં अ વર્ણાદિ ન હોવાથી र् નો य् આદેશ ન થયો.

(6) સ્વર પરમાં હોય તો જ આ સૂત્રથી પદાન્ત र् (रु) નો य् આદેશ થાય એવું કેમ ?

**(a) कः करोति — * किम् + सि, * 'किमः कस्० २.१.४०' → क + सि, * 'सो रुः २.१.७२' → कर् करोति, * 'रः पदान्ते० १.३.५३' → कः करोति।**

**(b) भोः करोषि — * भोस् + सि, * 'अव्ययस्य ३.२.८' → भोस्, * 'सो रुः २.१.७२' → भोर् करोषि, * 'रः पदान्ते० १.३.५३' → भोः करोषि।**

આ બન્ને સ્થળે कर् करोति અને भोर् करोषि અવસ્થામાં પદાન્ત र् (रु) ની પૂર્વે अ અને भो છે, પરંતુ પરમાં સ્વર ન હોવાથી તેનો य् આદેશ ન થયો ।।૨૬।।

## हृस्वान् ङ-ण-नो द्वे[1] ।।१.३.२७।।

बृ.वृ.-हृस्वात् परेषां पदान्ते वर्तमानानां 'ङ् ण् न्' इत्येषां वर्णानां स्वरे परे द्वे रूपे भवतः। क्रुङ्ङास्ते,[2] सुगण्णिह, पचन्नास्ते। 'कुर्वन्नास्ते, कृषन्नास्ते' इत्यत्र तु बहिरङ्गस्य द्वित्वस्यासिद्धत्वाद् णत्वं न भवति। हृस्वादिति[3] किम्? प्राङास्ते, वाणास्ते, भवानास्ते, राजइनिह। ङ-ण-न[4] इति किम्? त्वमत्र। स्वर[5] इत्येव? प्रत्यङ् शेते, गच्छन् भुङ्क्ते। पदान्त[6] इत्येव? वृत्रहणौ, दण्डिनौ। "उणादयः[7]" (५.२.९३.) इत्यादौ स्वरूपनिर्देशात्, "अनन्तः०" (१.४.५९.) इत्यादौ त्वन्विधानबलान्न भवति।।२७।।

---

**सूत्रार्थ :-** હ્રસ્વ સ્વરથી પરમાં રહેલા પદને અંતે વર્તતા ङ्, ण् અને न् વર્ણોના સ્વર પરમાં આવતા બે રૂપ (દ્વિત્વ) થાય છે.

**सूत्रसमास :-** ◆ ङश्च णश्च न् च = ङणन् (स.द्व.), तस्य = ङणनः।

<u>વિવરણ :-</u> (1) સૂત્રસ્થ द्वे પદની નિષ્પત્તિ આમ થઈ છે - * द्वि + औ, * 'आद्वेरः २.१.४१' → द्व + औ, * 'औरीः १.४.५६' → द्व + ई[A], * 'अवर्णस्ये० १.२.६' → द्वे।

(2) <u>દૃષ્ટાંત</u> -

**(i) क्रुङ्ङास्ते**

| | |
|---|---|
| | क्रुञ्चतीति क्विप् (०) |
| * 'क्विप् ५.१.१४८' | → क्रुञ्च्+क्विप्(०)+सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → क्रुञ्च् |
| * 'पदस्य २.१.८९' | → क्रुन् |
| * 'युजञ्च० २.१.७१' | → क्रुङ् आस्ते |
| * 'हृस्वान्० १.३.२७' | → क्रुङ्ङ् आस्ते |
| | = क्रुङ्ङास्ते। |

**(ii) सुगण्णिह**

| | |
|---|---|
| | सु + गण (१८७४) |
| * 'चुरादिभ्यो० ३.४.१७' | → सुगण + णिच् |
| * 'अतः ४.३.८२' | → सुगण् + णिच् |
| * 'क्विप् ५.१.१४८' | → सुगण्+णिच्+क्विप् |
| * 'णेरनिटि ४.३.८४' | → सुगण्+क्विप्(०)+सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → सुगण् इह |
| * 'हृस्वान्० १.३.२७' | → सुगण्ण् इह |
| | = सुगण्णिह। |

---

(A) અહીં द्वि શબ્દ નપુંસક એવા રૂપ શબ્દના વિશેષણ તરીકે છે માટે તેને લાગેલ औ પ્રત્યયનો 'औरीः १.४.५६' સૂત્રથી ई આદેશ થયો છે.

| | | (iii) पचन्नास्ते | (iv) कृषन्नास्ते |
|---|---|---|---|
| | | पच् (८९२) | कृष् (१३१९) |
| * 'शत्रानशा० ५.२.२०' | → | पच् + शतृ +सि | कृष् + शतृ +सि |
| * 'ऋदुदितः १.४.७०' | → | पचन्त् + सि | कृषन्त् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | पचन्त् | कृषन्त् |
| * 'पदस्य २.१.८९' | → | पचन् आस्ते | कृषन् आस्ते |
| * 'ह्रस्वान्० १.३.२७' | → | पचन्न् आस्ते | कृषन्न् आस्ते |
| | | = पचन्नास्ते। | = कृषन्नास्ते। |

(v) कुर्वन्नास्ते — * कृ (८८८), * 'शत्रानशा० ५.२.२०' → कृ + अत् (शतृ), * 'कृग्तनादेरुः ३.४.८३' → कृ + उ + अत्, * 'नामिनो० ४.३.१' → कर् + उ + अत्, * 'अतः शित्युत् ४.२.८९' → कुरु + अत्, * 'इवर्णादे० १.२.२१' → कुर्व् + अत् = कुर्वत् + सि, * 'ऋदुदितः १.४.७०' → कुर्वन्त् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → कुर्वन्त्, * 'पदस्य २.१.८९' → कुर्वन् आस्ते, * 'ह्रस्वान्० १.३.२७' → कुर्वन्न् आस्ते = कुर्वन्नास्ते।

**શંકા** :- પ્રસ્તુત સૂત્રથી कुर्वन्नास्ते, कृषन्नास्ते વિગેરે સ્થળોએ દ્વિત્વ થયે છતે પૂર્વનો न् પદની અંદર હોવાથી 'रषृवर्णान्नोण्० २.३.६३' સૂત્રથી न् નો ण् આદેશ પ્રાપ્ત છે, તો કેમ નથી કરતા ?

**સમાધાન** :- પ્રસ્તુત સૂત્રથી 'દ્વિત્વકાર્ય થવું' એ कुर्वन् ના न् ને સ્થાનિરૂપે અને आस्ते ના आ ને પરનિમિત્ત રૂપે અપેક્ષતું હોવાથી ઉભયપદાશ્રિત તે બહિરંગ કાર્ય છે. જ્યારે 'न् નો ण् થવો' એ કાર્ય कुर्वन्न् આટલા એક પદની અપેક્ષા રાખતું હોવાથી એકપદાશ્રિત તે અંતરંગ કાર્ય છે. ***'असिद्धं बहिरङ्गमन्तरङ्गे'*** ન્યાયથી અંતરંગ કાર્ય કરવામાં પૂર્વે થયેલ બહિરંગકાર્ય અસિદ્ધ (અસત્) મનાતું હોવાથી ण् કાર્ય કરવામાં દ્વિત્વકાર્ય અસત્ મનાશે. તેથી न् પદની અંદર ન હોવાથી તેનો ण् નહીં થાય.

(3) પદાન્ત ङ्, ण् અને न् હ્રસ્વ એવા જ સ્વરથી પરમાં હોય તો આ સૂત્રથી તેમનું દ્વિત્વ થાય એવું કેમ ?

(a) प्राङास्ते — * 'क्विप् ५.१.१४८' → प्राञ्चतीति क्विप् = प्राञ्च् + क्विप् (०), * 'अञ्चो० ४.२.४६' → प्राच् + सि, * 'अचः १.४.६९' → प्रान्च् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → प्रान्च्, * 'पदस्य २.१.८९' → प्रान्, * 'युजञ्च० २.१.७१' → प्राङ् आस्ते।

(b) वाणास्ते

वणतीति क्विप् =

* 'क्विप् ५.१.१४८' → वण् + क्विप्(०)

* 'अहन्पञ्च० ४.१.१०७' → वाण् + सि

* 'दीर्घङ्याब्० १.४.४५' → वाण् आस्ते = वाणास्ते।

(c) भवानास्ते

भवत् + सि

* 'ऋदुदितः १.४.७०' → भवन्त् + सि

* 'अभ्वादे० १.४.९०' → भवान्त् + सि

* 'दीर्घङ्याब्० १.४.४५' → भवान्त्

* 'पदस्य २.१.८९' → भवान् आस्ते = भवानास्ते।

આ ત્રણે સ્થળે ક્રમશઃ પદાન્ત ङ्, ण् અને न् ની પરમાં સ્વર છે, પરંતુ તે ત્રણે દીર્ઘ સ્વર आ થી પરમાં છે, માટે તેમનું દ્વિત્વ ન થયું.

**(d) राजइनिह — * राजन् + सि (સંબો), * 'दीर्घङ्याब्० १.४.४५' → राजन् इह, * 'नामन्त्र्ये २.१.९२' → न् લોપનો નિષેધ, * 'दूरादामन्त्र्य० ७.४.९९' → राज३न् इह = राज३निह।**

અહીં હ્રસ્વને બદલે પ્લુત अ થી પરમાં न् છે, માટે સ્વર પરમાં હોવા છતાં આ સૂત્રથી તેનું દ્વિત્વ ન થયું.

**શંકા :-** 'दूरादामन्त्र्य०' સૂત્રથી પ્લુત કર્યા પૂર્વે પ્રસ્તુત સૂત્રથી न् નું દ્વિત્વ કરીએ તો ન ચાલે ?

**સમાધાન :-** 'दूरादामन्त्र्य०' એ પરસૂત્ર હોવાથી તેની પ્રવૃત્તિ પૂર્વે થશે. વળી દ્વિત્વકાર્ય દ્વિપદાશ્રિત કાર્ય હોવાથી બહિરંગ છે, જ્યારે પ્લુતકાર્ય એકપદાશ્રિત કાર્ય હોવાથી અંતરંગ છે, તેથી પણ બળવાન પ્લુતકાર્યની પ્રવૃત્તિ પહેલા થશે.

(4) આ સૂત્રથી ङ्, ण् અને न् નું જ દ્વિત્વ થાય એવું કેમ ?

**(a) त्वमत्र — * युष्मद् + सि, * 'त्वमहं सिना० २.१.१२' → त्वम् अत्र = त्वमत्र।**

અહીં પદને અંતે म् છે, માટે તેની પૂર્વમાં હ્રસ્વસ્વર અને પરમાં अ સ્વર હોવા છતાં દ્વિત્વ ન થયું.

(5) સ્વર પરમાં હોય તો જ આ સૂત્રથી ङ्, ण् અને न् નું દ્વિત્વ કાર્ય થાય એવું કેમ ?

(a) प्रत्यङ् शेते

प्रत्यञ्चतीति क्विप्

* 'क्विप् ५.१.१४८' → प्रत्यञ्च् + क्विप्(०)

* 'अञ्चो० ४.२.४६' → प्रत्यच् + सि

* 'अचः १.४.६९' → प्रत्यन्च् + सि

* 'दीर्घङ्याब्० १.४.४५' → प्रत्यन्च्

* 'पदस्य २.१.८९' → प्रत्यन् शेते

* 'युजञ्च० २.१.७१' → प्रत्यङ् शेते।

(b) गच्छन् भुङ्क्ते

गम् (३९६)

* 'शत्रानशा० ५.२.२०' → गम् + अत् (शतृ)

* 'गमिषद्० ४.२.१०६' → गछ् + अत्

* 'स्वरेभ्यः १.३.३०' → गछ्छ् + अत्

* 'अघोषे प्रथमो० १.३.५०' → गच्छ् + अत्

* 'ऋदुदितः १.४.७०' → गच्छन्त् + सि

* 'दीर्घङ्याब्० १.४.४५' → गच्छन्त्

* 'पदस्य २.१.८९' → गच्छन् भुङ्क्ते।

અહીં પદાન્ત ङ् અને न् ની પૂર્વે હ્રસ્વસ્વર હોવા છતાં તેની પરમાં સ્વર ન હોવાથી તેમનું દ્વિત્વ ન થયું.

**શંકા :-** प्रत्यङ् शेते સ્થળે 'ह्रस्वान्० १.३.२७' સૂત્રમાં 'स्वरे' ની અનુવૃત્તિ હોવાથી ભલે દ્વિત્વકાર્ય ન થાય, પરંતુ 'अदीर्घाद् विरामैकव्यञ्जने १.३.३२' સૂત્રથી દ્વિત્વકાર્ય થવાનું જ છે. તો પ્રસ્તુત સૂત્રમાં 'स्वरे' પદ દ્વારા દ્વિત્વકાર્યનું નિવર્તન (નિષેધ) શા માટે કરાય છે ?

**સમાધાન :-** જો અહીં 'स्वरे' પદ દ્વારા દ્વિત્વકાર્યનો નિષેધ ન કરત તો દ્વિત્વકાર્ય નિત્ય થાત. જ્યારે 'अदीर्घाद्० १.३.३२' સૂત્રથી દ્વિત્વકાર્ય વિકલ્પે થશે. આમ વિકલ્પે દ્વિત્વકાર્ય કરવા અહીં તેનું નિવર્તન છે.

(6) પદને અંતે વર્તતા હોય એવા જ ङ्, ण् અને न् ને દ્વિત્વ થાય એવું કેમ ?

| (a) वृत्रहणौ | | (b) दण्डिनौ | |
|---|---|---|---|
| | वृत्रं हतवन्तौ | | दण्डोऽस्ति अस्य = |
| * 'ब्रह्म-भ्रूण० ५.१.१६१' → | वृत्रहन्+क्विप्(०) +औ | * 'अतोऽनेक० ७.२.६' → | दण्ड + इन् |
| * 'पूर्वपदस्थान्० २.३.६४'→ | वृत्रहणौ(A)। | * 'अवर्णेवर्णस्य ७.४.६८' → | दण्ड्+इन्+औ |
| | | | = दण्डिनौ। |

અહીં ण् અને न् ની પૂર્વે ક્રમશઃ હ્રસ્વસ્વર अ અને इ છે અને પાછળ औ સ્વર છે. છતાં તેઓ પદને અંતે ન હોવાથી આ સૂત્રથી તેમનું દ્વિત્વ ન થયું.

(7) उण्(B) (प्रत्ययः) आदौ येषां ते = उण् + आदि + जस्; આમ બહુવ્રીહિ અવસ્થામાં પ્રસ્તુત સૂત્રથી અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ પદ ગણાતા उण् ના પદાન્ત ण् ને દ્વિત્વની પ્રાપ્તિ છે. પરંતુ उणादयः સ્થળે उण् સ્વરૂપનો નિર્દેશ કરવો હોવાથી આ સૂત્રનું કાર્ય નહીં થાય. જો આ સૂત્રનું કાર્ય કરત તો उणादयः એવો સ્વરૂપ નિર્દેશ ન થઇ શકત.

વળી 'अनन्तः० १.४.५९' ઇત્યાદિ સ્થળે न अन्तः = अनन्तः સમાસમાં अन् પણ અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ પદ છે, તેથી ત્યાં પણ આ સૂત્રથી પદાન્ત न् ને દ્વિત્વની પ્રાપ્તિ છે. છતાં अन् એવા વિધાનના બળે આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થાય. અન્યથા પ્રક્રિયાલાઘવ કરવા તે તે સ્થળોએ જ બે નકારવાળો આદેશ કર્યો હોત ।।२७।।

(A) સંજ્ઞામાં '२.३.६४' સૂત્રથી न् નો ण् થશે અને वृत्रहन् ને સંજ્ઞામાં ન ગણીએ તો 'कवर्गैक० २.३.७६' સૂત્રથી न् નો ण् આદેશ થશે.

(B) આ उण् એ उण् પ્રત્યયનું અનુકરણ હોવાથી તે નામપદ છે.

## अनाङ्-माङो दीर्घाद् वा छः ।।१.३.२८।।

बृ.वृ.–आङ्-माङ्वर्जितपदसम्बन्धिनो दीर्घात्[(1)] पदान्ते[(2)] वर्तमानात् परस्य छकारस्य द्वे रूपे वा भवतः। [(3)]कन्याच्छत्रम्, कन्याछत्रम्; कुटीच्छाया, कुटीछाया; जम्बूच्छाया, जम्बूछाया; मुने च्छाया, मुने छाया; रैच्छाया, रैछाया; गोच्छाया, गोछाया; नौच्छाया, नौछाया। [(4)]अनाङ्माङ इति किम्? आच्छाया, आच्छिनत्ति, आ च्छायायाः, मा च्छिदत्, "स्वरेभ्यः" (१.३.३०.) इति नित्यमेव। [(5)]ङित्करणादेषु विकल्प एव-आ च्छायां मन्यसे, आ छायां मन्यसे; आ च्छाया मा भूत्, आ छाया मा भूत्; वाक्यस्मरणयोरयमाकारः; मा च्छिन्द्धि मा छिन्द्धि; प्रमाच्छन्दः, प्रमाछन्दः; पुत्रो मा च्छिनत्ति, पुत्रो मा छिनत्ति। आङ्साहचर्येणाव्ययस्य माङो ग्रहणादिहापि विकल्प एव-प्रमिमीते इति प्रमाः, विच्, प्रमाच्छात्रः, प्रमाछात्रः। [(6)]दीर्घादिति किम्? श्वेतच्छत्रम्, वाक्छत्रम्। [(7)]पदान्त इत्येव? ह्रीच्छति।।२८।।

---

**सूत्रार्थ :-** आङ् (आ) અને माङ् (मा) સિવાયના પદ સંબંધી પદને અંતે વર્તતા દીર્ઘ સ્વરથી પરમાં રહેલા छ् નાં બે રૂપ (દ્વિત્વ) વિકલ્પે થાય છે.

**सूत्रसमास :-** ◆ आङ् च माङ् च = आङ्माङ् (स.द्व.), न आङ्माङ् = अनाङ्माङ् (नञ् तत्.), तस्मात् = अनाङ्माङः।

<u>વિવરણ :-</u> **(1) શંકા :-** સૂત્રમાં दीर्घात् પદ મૂકવાની જરૂર નથી, કેમકે *'तद्भिन्नस्तद्सदृग्ग्राही'* એવા પર્યુદાસ नञ् નો આશ્રય કરી સૂત્રમાં દીર્ઘ સ્વરાન્ત आङ् અને माङ् નું વર્જન કર્યું હોવાથી आङ्-माङ् સિવાયના પણ દીર્ઘસ્વરાન્ત જ પકડાવાના છે.

**સમાધાન :-** સાચી વાત છે. પરંતુ आङ्-माङ् જેમ દીર્ઘ સ્વરાન્ત છે તેમ તેઓ અવ્યય પણ છે. તેથી પર્યુદાસ नञ् ને આશ્રયી आङ्-माङ् સિવાયના કેવળ દીર્ઘ સ્વરાન્ત અવ્યયોનું ગ્રહણ થવાનો પ્રસંગ આવે. તેમ ન થાય અને સકલ દીર્ઘ સ્વરાન્ત પદોનું ગ્રહણ થાય તે માટે સૂત્રમાં दीर्घात् પદ મૂક્યું છે.

**(2)** અહીં पदान्ते ની અનુવૃત્તિ વર્તે છે, તે दीर्घात् નું વિશેષણ બનશે, छ કારનું નહીં. કારણ પદને અંતે छ् ક્યારેય સંભવતો નથી, તેનો વિકાર થઈ જાય છે. જેમકે - शब्दप्राट्[(A)]

---

**(A)** शब्दप्राट् – ✻ 'दिद्युद्ददृ० ५.२.८३' → शब्दं पृच्छतीति क्विप् (०) = शब्दप्राच्छ् + क्विप्, ✻ 'अनुनासिके च० ४.१.१०८' → शब्दप्राश् + सि, ✻ 'दीर्घङ्याब्० १.४.४५' → शब्दप्राश्, ✻ 'यजसृज० २.१.८७' → शब्दप्राष्, ✻ 'धुटस्तृतीयः २.१.७६' → शब्दप्राड्, ✻ 'विरामे वा १.३.५१' → शब्दप्राट्।

(3) દૃષ્ટાંત -

| | | (i) कन्याच्छत्रम् | (ii) कुटीच्छाया | (iii) जम्बूच्छाया |
|---|---|---|---|---|
| | | कन्यायाः छत्रम् | कुट्याः छाया | जम्ब्वाः छाया |
| * 'षष्ठ्ययत्नात्० ३.१.७६' | → | कन्या + छत्रम् | कुटी + छाया | जम्बू + छाया |
| * 'अनाङ्माङो० १.३.२८' | → | कन्याछ्छत्रम् | कुटीछ्छाया | जम्बूछ्छाया |
| * 'अघोषे० १.३.५०' | → | कन्याच्छत्रम्। | कुटीच्छाया। | जम्बूच्छाया। |
| * 'વિકલ્પ પક્ષે' | → | कन्याछत्रम्। | कुटीछाया। | जम्बूछाया। |

| | | (iv) रैच्छाया | (v) गोच्छाया | (vi) नौच्छाया |
|---|---|---|---|---|
| | | रायः छाया | गोः छाया | नावः छाया |
| * 'षष्ठ्ययत्नात्० ३.१.७६' | → | रै + छाया | गो + छाया | नौ + छाया |
| * 'अनाङ्माङो० १.३.२८' | → | रैछ्छाया | गोछ्छाया | नौछ्छाया |
| * 'अघोषे० १.३.५०' | → | रैच्छाया। | गोच्छाया। | नौच्छाया। |
| * 'વિકલ્પ પક્ષે' | → | रैछाया। | गोछाया। | नौछाया। |

(vii) मुने च्छाया – * मुनि + सि (સંબો.), * 'ह्रस्वस्य गुणः १.४.४१' → मुने छाया, * 'अनाङ्माङो० १.३.२८' → मुने छ्छाया, * 'अघोषे० १.३.५०' → मुने च्छाया, * 'વિકલ્પ પક્ષે' → मुने छाया।

**શંકા** :- અહીં मुनि ને આમંત્ર્યનો सि પ્રત્યય લાગ્યા પૂર્વે मुनि छाया આવી જે અવસ્થા હતી, તેમાં 'स्वरेभ्यः १.३.३०' સૂત્રથી छ् ને દ્વિત્વ નહીં થાય ?

**સમાધાન** :- मुनि छाया અવસ્થામાં જેમ 'स्वरेभ्यः' સૂત્રથી દ્વિત્વની પ્રાપ્તિ છે, તેમ 'आमन्त्र्ये २.२.३२' સૂત્રથી सि પ્રત્યયની પણ પ્રાપ્તિ છે. એ બન્ને કાર્યમાં सि પ્રત્યય કરવા રૂપ કાર્ય પહેલાં થશે. કારણ તે કાર્ય પ્રકૃત્યાશ્રિત હોવાથી અંતરંગ છે. વળી, દ્વિત્વકાર્ય કર્યા પૂર્વે કે કર્યા પછી; એમ બન્ને અવસ્થામાં सि પ્રત્યયની પ્રાપ્તિ હોવાથી કૃતાકૃતપ્રસંગી તે નિત્યકાર્ય છે. તેમ જ 'आमन्त्र्ये २.२.३२' પરસૂત્ર પણ છે. આમ આમન્ત્ર્યનો सि પ્રત્યય થતાં 'ह्रस्वस्य गुणः १.४.४१' સૂત્રથી ગુણ થતા, પ્રસ્તુત સૂત્રથી વિકલ્પે छ् નું દ્વિત્વ થતા मुने च्छाया, मुने छाया એમ બે પ્રયોગ થશે.

'स्वरेभ्यः १.३.३०' સૂત્રથી छ् ને નિત્ય દ્વિત્વ પ્રાપ્ત હોતે છતે વિકલ્પે દ્વિત્વ કરવા આ સૂત્રનો પ્રારંભ કર્યો છે.

(4) आङ्-माङ् સિવાયના પદસંબંધી દીર્ઘ સ્વર હોય તો જ આ સૂત્રનું કાર્ય થાય એવું કેમ ?

आ અવ્યય ૬ અર્થમાં વર્તે છે -

*'ईषदर्थे क्रियायोगे मर्यादाऽभिविधौ च यः। एतमातं ङितं विद्याद् वाक्य-स्मरणयोरङित्।।'*

ઈષદ્[1] (= જરાક) અર્થમાં, ક્રિયાપદના[2] યોગમાં, મર્યાદા[3] અર્થમાં, અભિવિધિ[4] અર્થમાં, વાક્યનો[5] આરંભ સૂચવવા કે પૂર્વનો વાક્યાર્થ બરાબર નથી તેમ સૂચવવા અને વિસ્મૃતવાતના[6] સ્મરણમાં. આ છ અર્થો પૈકી પ્રથમ ચાર અર્થમાં વપરાતો આ અવ્યય ङ् ઈત્પૂર્વકનો અર્થાત્ आङ् સ્વરૂપે છે. જ્યારે છેલ્લાં બે અર્થમાં તે કેવળ आ અવ્યય રૂપે છે.

તેમાં પ્રથમ ચાર અર્થ મુજબ आङ् નો પ્રયોગ થશે ત્યારે પ્રસ્તુત સૂત્રકાર્યનો પ્રતિષેધ થતાં 'स्वरेभ्यः ૧.૩.૩૦' સૂત્રથી નિત્ય દ્વિત્વ કાર્ય થશે. જેમકે- **(a)** ઈષદ્ અર્થમાં - आच्छाया (આછી છાયા), **(b)** ક્રિયાયોગમાં - आच्छिनत्ति (હઠપૂર્વક ગ્રહણ કરે છે.), **(c)** મર્યાદા અર્થમાં - आ च्छायायाः (છાયાના આરંભબિંદુ સુધી) અને **(d)** અભિવિધિ અર્થમાં - आ च्छायायाः (છાયા આવરાય એટલા ભાગ સુધી). મર્યાદા અને અભિવિધિ અર્થમાં छाया શબ્દને 'आङावधौ ૨.૨.૭૦' સૂત્રથી પંચમી વિભક્તિ થઈ છે.

તે જ રીતે સૂત્રમાં પ્રતિષેધઅર્થક मा (माङ्) નું વર્જન કરવાથી मा (माङ्) સ્થળે પ્રસ્તુત સૂત્રની પ્રવૃત્તિ ન થવાથી 'स्वरेभ्यः ૧.૩.૩૦' સૂત્રથી નિત્ય દ્વિત્વકાર્ય થતા मा च्छिदत् પ્રયોગ થશે.

(5) આ સૂત્રમાં ફક્ત आङ् નું વર્જન કર્યું હોવાથી જ્યારે વાક્યારંભ અને સ્મરણ અર્થવાળો अङित् आ હશે ત્યારે આ સૂત્રની પ્રવૃત્તિ થશે. તેથી આવા દૃષ્ટાંત પ્રાપ્ત થશે.

| | | (i) आ च्छायां मन्यसे | (ii) आ च्छाया मा भूत् |
|---|---|---|---|
| | | आ छायां मन्यसे | आ छाया मा भूत् |
| * 'अनाङ्माङो० ૧.૩.૨૮' | → | आ छ्छायां मन्यसे | आ छ्छाया मा भूत् |
| * 'अघोषे० ૧.૩.૫૦' | → | आ च्छायां मन्यसे। | आ च्छाया मा भूत्। |
| * 'વિકલ્પ પક્ષે' | → | आ छायां मन्यसे। | आ छाया मा भूत्। |

એવી જ રીતે સૂત્રમાં ङित् એવા माङ् નું વર્જન કર્યું હોવાથી નિમ્નોક્ત દૃષ્ટાંતસ્થળે આ સૂત્રની વિકલ્પે પ્રવૃત્તિ થશે અને બે પ્રકારે દૃષ્ટાંત પ્રાપ્ત થશે. જેમકે -

**(i) मा च्छिन्द्धि — * मा छिद् (૧૪૭૮) + हि, * 'रुधां स्वरात्० ૩.૪.૮૨' → मा छिनद् + हि, * 'श्नास्त्योः० ૪.૨.૯૦' → मा छिन्द् + हि, * 'हुधुटो० ૪.૨.૮૩' → मा छिन्द् + धि, * 'अनाङ्माङो० ૧.૩.૨૮' → मा च्छिन्द्धि, * 'વિકલ્પ પક્ષે' → मा छिन्द्धि।**

**શંકા :-** मा च्छिन्द्धि સ્થળે मा કયો છે ?

**સમાધાન :-** 'चादयोऽसत्वे १.१.३१' સૂત્રમાં જે चादि અવ્યયોનો ગણ બતાવ્યો છે, તેમાં मा અને माङ् આમ બે અવ્યયો બતાવ્યા છે. તે પૈકીનો આ अङित् અવ્યય છે.

**શંકા :-** मा અને माङ् બન્ને અવ્યયો નિષેધ અર્થવાળા છે. તો मा નો પ્રયોગ કરો કે माङ् નો પ્રયોગ કરો, શું ફરક પડે ?

**સમાધાન :-** ફરક પડે. જ્યાં माङ् નો પ્રયોગ કરવામાં આવે ત્યાં 'माङ्यद्यतनी ५.४.३९' સૂત્રથી વર્તમાના અર્થમાં પણ ધાતુને અદ્યતનીના પ્રત્યય લાગે છે. જ્યારે मा અવ્યય હોય તો ધાતુને વર્તમાના અર્થમાં વર્તમાનાના જ પ્રત્યય લાગે છે, પણ ત્યાં આ સૂત્રથી વિકલ્પે छ् નું દ્વિત્વ થવારૂપ ફળ મળે છે.

**(ii) प्रमाच्छन्दः — ✻ प्र + मा (माङ्क् मान-शब्दयोः ११३७), ✻ 'उपसर्गादातो० ५.१.५६' → प्रमा + ड, ✻ 'डित्यन्त्य० २.१.११४' → प्रम् + ड = प्रम, ✻ 'आत् २.४.१८' → प्रम + आप् = प्रमा, ✻ 'षष्ठ्ययत्नात्० ३.१.७६' → प्रमायाः छन्दः = प्रमा + छन्दः, ✻ 'अनाङ्माङो० १.३.२८' → प्रमाच्छन्दः। ✻ 'વિકલ્પ પક્ષે' → प्रमाछन्दः।**

**(iii) पुत्रो मा च्छिनत्ति — ✻ पुत्रः अस्मद्+अम् छिनत्ति, ✻ 'अमा त्वा-मा २.१.२४' → पुत्रो मा छिनत्ति, ✻ 'अनाङ्माङो० १.३.२८' → पुत्रो मा च्छिनत्ति। ✻ 'વિકલ્પ પક્ષે' → पुत्रो मा छिनत्ति।**

**(iv) प्रमाच्छात्रः — ✻ प्र + मा (माङ्क् मान-शब्दयोः ११३७), ✻ 'मन्वन्० ५.१.१४७' → प्रमिमीते इति विच् = प्रमा + विच्(०), ✻ 'विशेषणं विशे० ३.१.९६' → प्रमाश्चासौ छात्रश्च = प्रमा + छात्र, ✻ 'अनाङ्माङो० १.३.२८' → प्रमाच्छात्रः। ✻ 'વિકલ્પ પક્ષે' → प्रमाछात्रः।**

**શંકા :-** प्रमा સ્થળે જો કે माङ् (मा) એ ધાતુ હોવા છતાં સૂત્રમાં माङ् એમ અવિશેષરૂપે નિર્દેશ હોવાથી તેનાથી જેમ પ્રતિષેધઅર્થક माङ् અવ્યયનું ગ્રહણ થાય, તેમ ધાતુ સ્વરૂપ माङ् નું પણ ગ્રહણ થવાથી પ્રસ્તુત સૂત્ર પ્રવૃત્તિનો પ્રતિષેધ થતા प्रमाच्छात्रः સ્થળે 'स्वरेभ्यः १.३.३०' સૂત્રથી નિત્ય દ્વિત્વકાર્ય થવું જોઇએ, તો વિકલ્પે દ્વિત્વ કેમ કર્યું ?

**સમાધાન :-** माङ् એ અવ્યય અને ધાતુ એમ બે સ્વરૂપે હોવા છતાં ***'साहचर्यात् सदृशस्यैव'*** ન્યાયાનુસાર आङ् અવ્યયના સાહચર્યથી माङ् અવ્યયનું જ અહીં ગ્રહણ થવાથી माङ् ધાતુ સ્થળે પ્રસ્તુત સૂત્રની પ્રવૃત્તિના પ્રતિષેધનો અભાવ હોવાથી વિકલ્પે દ્વિત્વકાર્ય થશે.

(6) આ સૂત્રથી દીર્ઘ સ્વરથી જ પરમાં રહેલ छ् દ્વિત્વ પામે એવું કેમ ?

**(a)** **श्वेतच्छत्रम् — ❋ श्वेतं च तत् छत्रं च = श्वेत + छत्रम् ❋ 'स्वरेभ्यः १.३.३०' → श्वेतच्छत्रम्।**

**(b)** **वाक्छत्रम् — ❋ वाचा छत्रम् = वाक्छत्रम्।**

અહીં પ્રથમ સ્થળે પદાન્ત હ્રસ્વસ્વર अ થી પરમાં छ् છે, માટે તેનું આ સૂત્રથી (વિકલ્પે) દ્વિત્વ ન થયું. દ્વિતીય સ્થળે પદાન્ત क् વ્યંજનથી પરમાં छ् છે, માટે તેનું આ સૂત્રથી દ્વિત્વ ન થયું.

(7) દીર્ઘસ્વર પદને અંતે વર્તતો હોય તો જ તેનાથી પરમાં રહેલ छ् નું દ્વિત્વ થાય એવું કેમ ?

**(a)** **हीच्छति — ❋ हीछ् (१२४) + ति, ❋ 'कर्तर्यनद्भ्य० ३.४.७१' → हीछ् + शव् + ति = हीछति, ❋ 'स्वरेभ्यः १.३.३०' → हीच्छति।**

અહીં ही અંશનો દીર્ઘસ્વર ई પદને અંતે નથી, માટે તેની પરમાં રહેલા छ् નું આ સૂત્રથી વિકલ્પે દ્વિત્વ ન થતા 'स्वरेभ्यः १.३.३०' સૂત્રથી નિત્ય દ્વિત્વ થયું ।।૨૮।।

## प्लुताद् वा ।।१.३.२९।।

**बृ.वृ.–पदान्ते वर्तमानाद् दीर्घस्थानात्(1) प्लुतात् परस्य छकारस्य द्वे रूपे वा भवतः। आगच्छ भो इन्द्रभूते३(2) च्छत्रमानय, आगच्छ भो इन्द्रभूते३ छत्रमानय। दीर्घादित्येव(3)? आगच्छ भो देवदत्त३ च्छत्रमानय।।२९।।**

**सूत्रार्थ :-** પદાન્તે વર્તતા દીર્ઘસ્થાનીય પ્લુતથી પરમાં छ् નું વિકલ્પે દ્વિત્વ થાય છે.

<u>વિવરણ :-</u> (1) શંકા :- પૂર્વસૂત્રથી 'दीर्घात्' પદની અનુવૃત્તિ હોવાથી 'दीर्घात् प्लुतात्' આવો વિશેષણ-વિશેષ્યભાવ પ્રાપ્ત થાય છે, જે અસંગત છે. કેમકે બે માત્રા અને ત્રણ માત્રા પરસ્પર વિરુદ્ધ હોવાથી તેઓનું સામાનાધિકરણ્ય અસંભવિત છે. તેઓ વિરુદ્ધ એટલા માટે છે કે જે વર્ણને બે માત્રા હોય તેને ત્રણ માત્રા ન હોય અને જે વર્ણને ત્રણ માત્રા હોય તેને બે માત્રા ન હોય. આમ બે માત્રા અને ત્રણ માત્રા વચ્ચે સામાનાધિકરણ્ય સંભવતું ન હોવાથી 'દીર્ઘ' અને 'પ્લુત' વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ ઘટી શકતો નથી.

**સમાધાન :-** 'मञ्चाः क्रोशन्ति' સ્થળે મંચમાં આક્રોશન ક્રિયા સંગત નથી, કારણ નિર્જીવ માંચડો રાડારાડ ન કરે. તેથી તે સ્થળે '*तात्स्थ्यात् तद्व्यपदेशः*'(A) ન્યાયથી મંચસ્થ પુરુષોનો મંચરૂપે વ્યપદેશ મનાયો છે, અર્થાત્ 'मञ्च' શબ્દ મંચસ્થ પુરુષોને સૂચવે છે અને ત્યાં આક્રોશન સંભવતું હોવાથી અર્થસંગતિ થાય છે. તેમ પ્રસ્તુતમાં

(A) તેમાં રહેનારા તે રૂપે વ્યપદેશ પામે છે. આ ન્યાય ઉપચારને સૂચવે છે. જે શબ્દ જેનો (જે પદાર્થનો) વાચક નથી, તે શબ્દ દ્વારા તે પદાર્થનું અભિધાન કરવું તેને ઉપચાર કહેવાય. ***अतच्छब्दस्य तेन शब्देनाऽभिधानम् उपचारः।*** मञ्चाः क्रोशन्ति સ્થળે मञ्च શબ્દ 'ઉપચરિત' કહેવાય. 'मञ्चस्थाः पुरुषाः' એ અર્થ ઉપચારથી આવેલો

'दीर्घात् प्लुतात्' સ્થળે 'दीर्घ' શબ્દ 'दीर्घस्थानीय' માં ઉપચરિત હોવાથી તે શબ્દ 'दीर्घस्थानीय' ને સૂચવે છે. તેથી 'दीर्घस्थानात् प्लुतात्' એવું પ્રાપ્ત થવાથી પરસ્પર વિરોધાભાસ દૂર થાય છે અને 'दीर्घस्थान-प्लुत' વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ ઘટે છે.

અથવા બીજી રીતે સંગતિ આ પ્રમાણે સમજવી.

---

હોવાથી 'ઔપચારિક' કહેવાય અને શબ્દવ્યાપાર 'ઉપચાર' કહેવાય. શાસ્ત્રમાં અનેક પ્રકારના ઉપચારો બતાવવામાં આવ્યા છે, તે આ પ્રમાણે -

**सहचरण-स्थान-तादर्थ्य-वृत्त-मान-धारण-सामीप्य-योग-साधनाऽधिपत्येभ्यो।**
**ब्राह्मण-मञ्च-कट-राज-सक्तु-चन्दन-गङ्गा-शाकटाऽन्न-पुरुषेष्वतद्भावेऽपि तदुपचारः।।(ન્યાયસૂત્ર- ૨/૨/૬૧)**

(1) सहचरण - સાહચર્ય સંબંધને લઈને થતાં ઉપચારને સહચરણ ઉપચાર કહેવાય છે. દા.ત. यष्टिकां भोजय। (તું બ્રાહ્મણને જમાડ.) યષ્ટિકા શબ્દનો મુખ્યાર્થ 'દંડ' છે. પરંતુ દંડમાં ભોજનક્રિયા બાધિત હોવાથી યષ્ટિકા શબ્દ સાહચર્ય સંબંધથી દંડના સહચારી એવા બ્રાહ્મણનો વાચક બન્યો છે. આમ સાહચર્ય સંબંધને લઈને યષ્ટિકા શબ્દનો બ્રાહ્મણમાં ઉપચાર થયો હોવાથી આ સહચરણોપચાર છે. જેમ - કોઈ દાઢીવાળા વ્યક્તિને 'એ દાઢી!' કહેવામાં આવે તો ત્યાં પણ સહચરણ ઉપચાર સમજવો.

(2) स्थान - સ્થાનવાચક શબ્દનો સ્થાનગત વસ્તુમાં કરાતો ઉપચાર તે સ્થાનોપચાર. દા.ત. मञ्चाः क्रोशन्ति। (મંચસ્થ પુરુષો અવાજ કરે છે.) અહીં મંચમાં અવાજ કરવારૂપ ક્રિયા અનુપપન્ન હોવાથી मञ्च શબ્દ મંચસ્થ પુરુષોમાં ઉપચરિત છે. ***'तात्स्थ्यात् तद्व्यपदेश'*** ન્યાય પણ સ્થાન ઉપચારને જ સૂચવે છે.

(3) तादर्थ्य - કાર્યના ઉપાદાનભૂત કારણને 'તદર્થ' કહેવાય. કાર્યવાચક શબ્દનો તદર્થમાં કરાતો ઉપચાર 'તાદર્થ્ય ઉપચાર' કહેવાય છે. દા.ત. कटं करोति। (ચટાઈ બનાવે છે, અર્થાત્ ચટાઈ માટે તૃણાદિ વણે છે.) તૃણાદિને વણીને નિષ્પન્ન થયેલ વસ્તુને કટ કહેવાય છે. નિષ્પન્ન થયેલા કટને પુનઃ નિષ્પન્ન કરવાનો ન હોય. તેથી 'कटं करोति' શબ્દ પ્રયોગની અસંગતતા ટાળવા કટ શબ્દનો ઉપચાર કટ માટે વણાતા તૃણાદિમાં કરાય છે, જે તાદર્થ્ય ઉપચાર છે.

(4) वृत्त - વૃત્ત એટલે આચરણ કે સ્વભાવ. તેના સામ્યને લઈને થતા ઉપચારને વૃત્ત ઉપચાર કહેવાય. દા.ત. यमो राजा, कुबेरो राजा। (રાજા યમ છે, રાજા કુબેર છે.)

(5) मान - માન (માપ) વાચી નામોનો મેય (માપવા યોગ્ય) પદાર્થમાં થતો જે ઉપચાર, તેને માન ઉપચાર કહેવાય. દા.ત. आढकसक्तवः। (આઢકથી મપાયેલું સક્તુ.) (आढक = માપ વિશેષ. सक्तु = સાથવો.)

અહીં આઢકથી મપાયેલ સક્તુને આઢકસક્તુ કહેવાય છે. આમ આઢકાત્મક માપવિશેષનો સાથવામાં ઉપચાર કરવાથી સાથવો આઢક વ્યપદેશને માને છે. જેમ વ્યવહારમાં પણ શેર વજનથી મપાયેલા ચોખા શેર ચોખા કહેવાય છે. ત્યાં માનવાચી શેર શબ્દનો મેય એવા ચોખામાં ઉપચાર છે.

(6) धारण - ધારકવસ્તુવાચી નામનો ધૃતવસ્તુરૂપે ઉપચાર તે ધારણ ઉપચાર કહેવાય. દા.ત. तुलाचन्दनम्। (તુલામાં ધરાયેલું ચંદન) અહીં ધૃત એવા ચંદનમાં તેના ધારક તુલા શબ્દનો ઉપચાર કરેલો છે.

(स्थानित्वेन) दीर्घः अस्य अस्ति इति આ પ્રમાણે 'अभ्रादिभ्यः ७.२.४६' થી મત્વર્થીય अ પ્રત્યય લગાડવાથી 'સ્થાનિરૂપે દીર્ઘ છે જેને એવો પ્લુત' (અર્થાત્ પૂર્વાવસ્થામાં જે દીર્ઘ હતો એવો પ્લુત) આવો અર્થ પ્રાપ્ત થશે. આમ અનુવૃત્ત દીર્ઘ શબ્દ પ્લુતનો વાચક થવાથી 'દીર્ઘસ્થાનીય પ્લુત' એવો અર્થ પ્રાપ્ત થયો. આથી જ વૃત્તિમાં दीर्घात् નો दीर्घस्थानात् રૂપે ઉલ્લેખ કર્યો છે.

**શંકા :-** આ રીતે પ્લુતને પૂર્વાવસ્થામાં દીર્ઘ માન્યો, તો એ દીર્ઘત્વને લઇને 'अनाङ्-माङो० १.३.२८' સૂત્રથી જ छ् નું દ્વિત્વ સિદ્ધ છે, તો આ સૂત્ર બનાવવાનું શું પ્રયોજન ?

**સમાધાન :-** તમારી વાત બરાબર છે. 'अनाङ्-माङो० १.३.२८' થી छ્ નું દ્વિત્વ સિદ્ધ હોવા છતાં આ સૂત્રની જે રચના કરી છે તે નિષ્ફળ લાગે. પરંતુ સૂત્રકાર નિષ્ફળ સૂત્ર બનાવે નહીં. છતાં આ સૂત્ર બનાવ્યું છે તે જ્ઞાપન કરે છે કે લોકમાં ***'दीर्घापदिष्टं कार्यं न प्लुतस्य'*** આવો ન્યાય પ્રવર્તતો હોવો જોઇએ. એ ન્યાયના કારણે 'अनाङ्-माङो० १.३.२८' થી छ્ નું દ્વિત્વ દીર્ઘસ્થાનીય પ્લુતસ્થળે ન થવાથી એવા સ્થળે દ્વિત્વ કરવું એ પ્રસ્તુતસૂત્રનું પ્રયોજન છે.

**શંકા :-** પૂર્વોક્ત ન્યાયબળે દીર્ઘથી નિર્દિષ્ટ કાર્ય ભલે પ્લુતથી ન થાય, પરંતુ હ્રસ્વથી નિર્દિષ્ટ કાર્ય તો પ્લુતથી થાય ને ?

---

(7) सामीप्य - શબ્દ જ્યારે સ્વવાચ્યાર્થની સમીપમાં રહેલાં પદાર્થને જણાવે ત્યારે તેને સામીપ્ય ઉપચાર કહેવાય. અર્થાત્ સામીપ્ય સંબંધને લઇને કરાતો ઉપચાર તે સામીપ્ય ઉપચાર. દા.ત. गङ्गायां गावश्चरन्ति। (ગંગા કિનારે ગાયો ચરે છે.) અહીં गङ्गा શબ્દનો સમીપવર્તી કિનારામાં ઉપચાર છે.

(8) योग - શબ્દ જ્યારે સ્વવાચ્ય પદાર્થથી યુક્ત એવી વસ્તુને જણાવવામાં તત્પર બને ત્યારે તેને યોગ ઉપચાર કહેવાય. દા.ત. कृष्णेन रागेण युक्तः शाटकः कृष्णः इत्यभिधीयते (કાળા રંગથી યુક્ત સાડી 'કાળી' કહેવાય છે.) कृष्ण શબ્દ આમ તો કાળા વર્ણનો વાચક છે, પણ અહીં તેનાથી યુક્ત એવી સાડીમાં ઉપચરિત છે.

(9) साधन - સાધનભૂત વસ્તુનો સાધ્યરૂપે વ્યપદેશ કરાય તેને સાધન ઉપચાર કહેવાય. દા.ત. अन्नं प्राणाः। (અન્ન પ્રાણ છે.) આમ તો અન્ન પ્રાણનું સાધન (હેતુ) છે, પ્રાણ નથી. છતાં અહીં સાધનમાં સાધ્યનો ઉપચાર કરી અન્નને પ્રાણ કહ્યાં. આને કારણમાં કાર્યનો ઉપચાર પણ કહી શકાય.

(10) आधिपत्य - કુલ કે ગોત્રના અધિપતિ પુરુષનો 'कुल' કે 'गोत्र' પદથી વ્યપદેશ કરવો, તે આધિપત્ય ઉપચાર કહેવાય. દા.ત. अयं पुरुषः कुलम्, अयं पुरुषः गोत्रम्। (આ પુરુષ કુળનો અધિપતિ છે. આ પુરુષ ગોત્રનો અધિપતિ છે.) અહીં 'कुल' અને 'गोत्र' શબ્દ કુલ કે ગોત્રના અધિપતિ એવા પુરુષને જણાવવામાં તત્પર છે. આમ આધિપત્ય સંબંધથી અહીં ઉપચાર છે.

**સમાધાન :-** ના, હ્રસ્વથી નિર્દિષ્ટ કાર્ય પણ હ્રસ્વસ્થાનીય પ્લુત સ્વરથી ન થાય. કારણકે ઉપર બતાવેલ *'दीर्घापदिष्टं..'* એ તો ન્યાયનો અંશ છે. સંપૂર્ણ ન્યાય *'हस्वदीर्घापदिष्टं कार्यं न प्लुतस्य'*(A) એવો છે. તેથી हे राज३न् इह, અહીં 'दूरादामन्त्र्यस्य० ७.४.९९' સૂત્રથી राजन् માં રહેલો સ્વર अ પ્લુત કરાયે છતે, તેનાથી પરમાં રહેલાં न् નું 'ह्रस्वान्-ङ्णo १.३.२७' સૂત્રથી દ્વિત્વ નહીં થાય. તેથી राज३न्निह આવો અપપ્રયોગ નહીં થાય.

**(2) <u>દૃષ્ટાંત</u> - (i) आगच्छ भो इन्द्रभूते३ छत्रमानय — ✻ इन्द्रभूते३ च्छत्रम् ✻ 'प्लुताद् वा १.३.२९' → इन्द्रभूते३ छ्छत्रम् ✻ 'अघोषे प्रथमो० १.३.५०' → इन्द्रभूते३ च्छत्रम्। ✻ 'વિકલ્પ પક્ષે' → इन्द्रभूते३ छत्रम्।**

(3) દીર્ઘસ્થાનીય પ્લુતથી જ પરમાં રહેલા छ् નું વિકલ્પે દ્વિત્વ થાય એવું કેમ ?

**(a) आगच्छ भो देवदत्त३ छत्रमानय — ✻ देवदत्त३ च्छत्रम् ✻ 'स्वरेभ्यः १.३.३०' → देवदत्त३ छ्छत्रम्, ✻ 'अघोषे प्रथमो० १.३.५०' → देवदत्त३ च्छत्रम्।**

અહીં હ્રસ્વસ્થાનીય પ્લુતથી પરમાં छ् છે, માટે પ્રસ્તુત સૂત્રથી छ् નું વિકલ્પે દ્વિત્વ ન થયું, પરંતુ 'स्वरेभ्यः १.३.३०' સૂત્રથી નિત્ય દ્વિત્વ થયું ।।૨૯।।

## स्वरेभ्यः ।।१.३.३०।।

**बृ.वृ.–बहुवचनं(1) व्याप्त्यर्थम्, तेन 'पदान्ते' इति निवृत्तम्, स्वरात् परस्य छकारस्य पदान्तेऽपदान्ते(2) च द्वे रूपे भवतः। इच्छति(3), (ऋच्छति), गच्छति, हीच्छति, म्लेच्छति, चाच्छायते, चोच्छुप्यते, वृक्षच्छाया। स्वरेभ्य(4) इति किम्? वाक्छत्रम् ।।३०।।**

---

**સૂત્રાર્થ :-** સ્વરથી પરમાં રહેલાં छ् નું પદાન્તે કે અપદાન્તે દ્વિત્વ થાય છે.

**<u>વિવરણ :-</u> (1) શંકા :-** 'स्वरात्' એમ એકવચન કરાયે છતે પણ જો ઇષ્ટકાર્ય સિદ્ધ થાય છે, તો સૂત્રમાં બહુવચન શા માટે કર્યું ?

**સમાધાન :-** એકવચનથી ઇષ્ટકાર્ય સિદ્ધ હોવા છતાં બહુવચન વ્યાપ્તિ માટે કર્યું છે. વ્યાપ્તિ એટલે અધિક વિષયમાં પણ પ્રાપ્તિ.

**શંકા :-** અહીં કયા અધિક વિષયમાં કાર્ય પ્રાપ્ત થાય છે ?

**સમાધાન :-** પૂર્વસૂત્રોથી અધિકૃત એવો 'पदान्ते' નો અધિકાર અટકી જવાથી આ સૂત્ર તથા હવે પછીના સૂત્રોમાં 'पदान्ते' ની અનુવૃત્તિ નહીં ચાલે. તેથી સ્વરથી પરમાં રહેલ छ् પદાન્તે હોય કે અપદાન્તે, બન્ને

---

(A) હ્રસ્વસ્વરથી બતાવેલું કાર્ય હ્રસ્વસ્થાનીય પ્લુતથી અને દીર્ઘસ્વરથી બતાવેલું કાર્ય દીર્ઘસ્થાનીય પ્લુતથી થતું નથી.

સ્થળે બેવડાશે. આમ અપદાન્ત સ્થળે 'इच्छति' વિગેરે પ્રયોગમાં પણ छ् નું દ્વિત્વ કાર્ય થવાં રૂપ અધિક વિષયમાં કાર્યની પ્રાપ્તિ છે, તે સાધવા બહુવચન કર્યું છે.

**શંકા :-** ***'अपेक्षातोऽधिकारः***(A) ***'*** ન્યાયથી જ 'पदान्ते' અધિકારની નિવૃત્તિ થઈ શકે છે, તો પછી બહુવચન શા માટે ?

**સમાધાન :-** તમારી વાત બરાબર છે, પરંતુ ન્યાયો અનિત્ય છે. એટલે દરેક સ્થળે ન્યાય લાગે જ એવો નિયમ નથી. તેથી જો 'पदान्ते' નો અધિકાર અટકાવવા રૂપ કાર્ય ***'अपेक्षातोऽधिकारः'*** ન્યાયથી સિદ્ધ કરીએ તો ન્યાય ક્યારેક અનિત્ય થવાથી અનિષ્ટપ્રયોગ થવાનો પ્રસંગ આવે, તેથી બહુવચન દ્વારા જ કાર્ય સિદ્ધ કરવું વધુ સારૂં છે. કહ્યું પણ છે કે ***'इयं हि महती शक्तिर्यत् परिभाषां न्यायांश्च विना साध्यते'***. પરિભાષા અને ન્યાય વિના સાધવું તે જ ખરેખર મોટી શક્તિ છે.

**(2) શંકા :-** 'पदान्ते' ની નિવૃત્તિ થવાથી આ સૂત્ર અપદાન્તે જ લાગશે ? કે પદાન્તે-અપદાન્તે બન્ને સ્થળે લાગશે ?

**સમાધાન :-** પદાન્તે અને અપદાન્તે બંને સ્થળે આ સૂત્ર લાગશે તે જણાવવા માટે જ ટીકામાં 'पदान्तेऽ-पदान्ते' એ પ્રમાણે સ્પષ્ટતા કરી છે.

વળી, બહુવચન દ્વારા જેમ 'पदान्ते' ની નિવૃત્તિ સિદ્ધ થઈ છે, તેમ 'गच्छति पथि दूते ६.३.२०३' સૂત્રમાં 'गच्छति' એવા નિર્દેશથી પણ 'पदान्ते' ની નિવૃત્તિ સિદ્ધ થાય છે. કેમકે 'पदान्ते' ની નિવૃત્તિના અભાવમાં 'गच्छति' પ્રયોગ ઉપપન્ન જ ન થઈ શકે. જ્યારે સૂત્રકારે ત્યાં અપદાન્તે રહેલાં સ્વરથી પરમાં छ् ને દ્વિત્વ કર્યું છે.

**શંકા :-** 'गच्छति पथि दूते ६.३.२०३' સૂત્રના 'गच्छति' નિર્દેશથી જ જો 'पदान्ते' ની નિવૃત્તિ સિદ્ધ થાય છે, તો સૂત્રમાં બહુવચન કરવાનું શું પ્રયોજન ?

**સમાધાન :-** ***'द्विर्बद्धं सुबद्धं भवति***(B) ***'*** એ ન્યાયે અહીં બહુવચન કર્યું છે.

---

**(A)** અપેક્ષા પ્રમાણે જ અધિકાર પ્રવૃત્ત અને નિવૃત્ત થાય છે. લોકમાં પણ આ વાત પ્રસિદ્ધ છે. જેમ - 'अत्र विद्यालये देवेन्द्रः पठति, महेन्द्रोऽध्यापयति, सुरेन्द्रो वाचयति।' અહીં પૂર્વ વાક્યમાં રહેલાં 'अत्र विद्यालये' નો અધિકાર પછીના દરેક વાક્યોમાં પ્રવર્તે છે.

**(B)** બે વાર કહેલી વાત દૃઢ થાય છે. અર્થાત્ બે વાર કહેલું એક જ કાર્ય નિત્ય થાય જ છે.

| (3) દૃષ્ટાંત - | (i) इच्छति | (ii) ऋच्छति | (iii) गच्छति | (iv) हीच्छति |
|---|---|---|---|---|
| | इष्+श+ति | ऋछ्+श+ति | गम्+शव्+ति | हीछ्+शव्+ति |
| * 'गमिषद्० ४.२.१०६' → | इछ्+श+ति | ↓ | गछ्+शव्+ति | ↓ |
| * 'स्वरेभ्यः १.३.३०' → | इछ्छ्+श+ति | ऋछ्छ्+श+ति | गछ्छ्+शव्+ति | हीछ्छ्+शव्+ति |
| * 'अघोषे० १.३.५०' → | इच्छ्+श+ति | ऋच्छ्+श+ति | गच्छ्+शव्+ति | हीच्छ्+शव्+ति |
| | = इच्छति। | = ऋच्छति। | = गच्छति। | = हीच्छति। |

(v) म्लेच्छति — * म्लेछ् + शव् + ति, * म्लेछ्छ् + शव् + ति, * म्लेच्छ् + शव् + ति = म्लेच्छति।

| | | (vi) चाच्छायते | (vii) चोच्छुप्यते |
|---|---|---|---|
| | | छो (११४९) | छुप् (१३७५) |
| * 'आत् सन्ध्यक्षरस्य ४.२.१' | → | छा | ↓ |
| * 'व्यञ्जनादे० ३.४.९' | → | छा + यङ् | छुप् + यङ् |
| * 'सन्यङश्च ४.१.३' | → | छाछा + यङ् | छुप्छुप् + यङ् |
| * 'ह्रस्वः ४.१.३९' | → | छछा + यङ् | ↓ |
| * 'व्यञ्जनस्यानादेर्लुक् ४.१.४४' | → | ↓ | छुछुप् + यङ् |
| * 'द्वितीयतुर्ययोः० ४.१.४२' | → | चछा + यङ् | चुछुप् + यङ् |
| * 'आगुणाव० ४.१.४८' | → | चाछा+यङ्+शव्+ते | चोछुप्+यङ्+शव्+ते |
| * 'स्वरेभ्यः १.३.३०' | → | चाछ्छा+यङ्+शव्+ते | चोछ्छुप्+यङ्+शव्+ते |
| * 'अघोषे० १.३.५०' | → | चाच्छा+यङ्+शव्+ते | चोच्छुप्+यङ्+शव्+ते |
| | | = चाच्छायते। | = चोच्छुप्यते। |

(viii) वृक्षच्छाया — * वृक्षस्य छाया इति, * 'षष्ठ्ययत्नाच्छेषे ३.१.७६' → वृक्ष + छाया, * 'स्वरेभ्यः १.३.३०' → वृक्ष + छ्छाया, * 'अघोषे० १.३.५०' → वृक्ष + च्छाया = वृक्षच्छाया।

પદાન્તે વર્તતા સ્વરથી પરમાં રહેલા छ् નું પણ દ્વિત્વ થાય છે, એ જણાવવા જ 'वृक्षच्छाया' નું દૃષ્ટાંત આપ્યું છે. કેમકે અહીં અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ वृक्ष એ 'तदन्तं पदम् १.१.२०' સૂત્રથી પદસંજ્ઞક છે. આમ પદાન્તે રહેલ સ્વર अ થી પરમાં छ् નું દ્વિત્વ થયું છે.

(4) સ્વરથી જ પરમાં રહેલા छ् નું દ્વિત્વ થાય એવું કેમ ?

(a) वाक्छत्रम् — * वाक् च छत्रं च इति, * 'चार्थे द्वन्द्व० ३.१.११७' → वाक्छत्रम्।

અહીં क् વ્યંજનથી પરમાં छ् છે, માટે छ् નું દ્વિત્વ ન થયું ।।૩૦।।

## हार्दर्हस्वरस्यानु नवा ।।१.३.३१।।

बृ.वृ.–स्वरेभ्यः [(1)] परौ यौ रेफ-हकारौ ताभ्यां परस्यार्हस्वरस्य-रेफ-हकार-स्वरवर्जितस्य वर्णस्य स्थाने द्वे रूपे वा भवतः, अनु-यदन्यत् कार्यं प्राप्नोति तस्मिन् कृते पश्चादित्यर्थः। [(2)] अर्क्कः, अर्कः; मूर्ख्खः, मूर्खः; स्वर्ग्गः, स्वर्गः; अर्घ्घः, अर्घः; अर्च्चा, अर्चा; ब्रह्म्म, ब्रह्म; जिह्म्मः, जिह्मः; वाह्य्यम्, वाह्यम्; जिह्व्वा, जिह्वा। [(3)] अर्ह-स्वरस्येति किम्? पद्महदः, अर्हः, करः। [(4)] स्वरेभ्य इत्येव? अभ्र्यते, ह्नुते। [(5)] अन्विति किम्? प्रोर्ण्णुनाव, अत्र द्विर्वचने कृते (द्वित्वं) यथा स्यात् ।।३१।।

---

**सूत्रार्थ :-** સ્વરથી પરમાં વર્તતા र् કે ह् થી પર રહેલા र्, ह् અને સ્વર સિવાયના વર્ણનું વિકલ્પે દ્વિત્વ થાય છે. અન્ય કાર્ય જો પ્રાપ્ત હોય તો તે કાર્ય કર્યા બાદ (अनु) આ સૂત્રનું કાર્ય કરવું.

**સૂત્રસમાસ :-** ◆ रश्च हश्च इति र्हम् (स.द्व.), तस्माद् र्हाद्। रश्च हश्च स्वरश्च इति र्हस्वरम् (स.द्व.), न र्हस्वरम् इति अर्हस्वरम्, (नञ् तत्.), तस्य अर्हस्वरस्य।

<u>વિવરણ :-</u> **(1)** અહીં 'स्वरेभ्य' પદ અનુવર્તે છે, તેથી 'स्वरेभ्यो र्हम्' એ પ્રમાણે તે र्हाद् પદનું વ્યધિકરણ વિશેષણ છે. વૃત્તિમાં કહેવાયેલ 'स्वरेभ्यः परौ यौ रेफ-हकारौ' થી વ્યધિકરણ વિશેષણ-વિશેષ્યભાવ સૂચવેલો છે. તથા 'र्हाद् अर्हस्वरम्' એ પ્રમાણે र्हाद् એ अर्हस्वर નું વ્યધિકરણ વિશેષણ છે.

अर्हस्वरस्य સ્થળે પર્યુદાસ नञ् નો આશ્રય કરેલો છે, જે તદ્‌ભિન્ન તત્સજાતીયનો ગ્રાહક હોવાથી र्, ह અને સ્વરથી ભિન્ન અને તત્સમાનજાતીય એવા क વિગેરે વર્ણોનું જ (દ્વિત્વકાર્ય કરવા રૂપે) ગ્રહણ થશે, બીજાનું નહીં.

**(2)** <u>દષ્ટાંત</u> -

**(i) अर्क्कः**

| | | |
|---|---|---|
| * 'भावाऽकर्त्रोः ५.३.१८' | → | अर्च् + घञ् |
| * 'न्यङ्कूद्ग० ४.१.११२' | → | अर्क् + घञ् + सि |
| * 'सो रुः २.१.७२' | → | अर्कर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | अर्कः |
| * 'र्हादर्ह० १.३.३१' | → | अर्क्कः। |
| * 'વિકલ્પ પક્ષે' | → | अर्कः। |

**(ii) मूर्ख्खः**

| | | |
|---|---|---|
| * 'पू-मूहो:० उणा०८६' | → | मूर् + ख + सि |
| * 'सो रुः २.१.७२' | → | मूर्खर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | मूर्खः |
| * 'र्हादर्ह० १.३.३१' | → | मूर्ख्खः |
| * 'अघोषे० १.३.५०' | → | मूर्क्खः। |
| * 'વિકલ્પ પક્ષે' | → | मूर्खः। |

**(iii) स्वर्ग्गः**

* 'गम्यमि० (उणा० ९२)' → स्वर् + ग + सि
* 'सो रुः २.१.७२' → स्वर्गर्
* 'रः पदान्ते० १.३.५३' → स्वर्गः
* 'र्हादर्ह० १.३.३१' → स्वर्ग्गः।
* 'વિકલ્પ પક્ષે' → स्वर्गः।

**(iv) अर्ग्घः**

* 'स्थाऽर्ति० (उणा०१०९)' → अर् + घ + सि
* 'सो रुः २.१.७२' → अर्घर्
* 'रः पदान्ते० १.३.५३' → अर्घः
* 'र्हादर्ह० १.३.३१' → अर्घ्घः
* 'तृतीयस्तृ० १.३.४९' → अर्ग्घः।
* 'વિકલ્પ પક્ષે' → अर्घः।

**(v) अर्च्चा**

* 'क्तेटो गुरो० ५.३.१०५' → अर्च् + अ
* 'आत् २.४.१८' → अर्च + आप् + सि
* 'दीर्घङ्याब० १.४.४५' → अर्चा
* 'र्हादर्ह० १.३.३१' → अर्च्चा।
* 'વિકલ્પ પક્ષે' → अर्चा।

**(vi) ब्रह्म्म**

बृह (५५९)

* 'उदितः० ४.४.९८' → बृन्ह्
* 'बृंहेर्नो० (उणा० ९१३)' → बृअह् + मन्
* 'इवर्णादे० १.२.२१' → ब्रह् + मन् + सि
* 'अनतो लुप् १.४.५९' → ब्रह् + मन्
* 'नाम्नो नो० २.१.९१' → ब्रह् + म
* 'र्हादर्ह० १.३.३१' → ब्रह्म्म।
* 'વિકલ્પ પક્ષે' → ब्रह्म।

**(vii) जिह्म्म**

* 'ग्रसि हाग्भ्यां०(उणा०३३९)' → जिह् + म + सि
* 'सो रुः २.१.७२' → जिह्मर्।
* 'रः पदान्ते० १.३.५३' → जिह्मः
* 'र्हादर्ह० १.३.३१' → जिह्म्मः।
* 'વિકલ્પ પક્ષે' → जिह्मः।

**(viii) वाह्य्यम्**

* 'ऋवर्णव्यञ्जना० ५.१.१७' → वह् + घ्यण्
* 'वृद्धिः स्वरेष्वादे०७.४.१' → वाह् + घ्यण् + सि
* 'अतः स्यमो० १.४.५७' → वाह्य + अम्
* 'समानादमो० १.४.४६' → वाह्य + म्
* 'र्हादर्ह० १.३.३१' → वाह्य्यम्।
* 'વિકલ્પ પક્ષે' → वाह्यम्।

**(ix) जिह्व्वा** — * 'लिहेर्जिह् च (उणा० ५१३)' → जिह् + व, * 'आत् २.४.१८' → जिह्व + आप् (+ सि), * 'दीर्घङ्याब्० १.४.४५' → जिह्वा, * 'र्हादर्ह० १.३.३१' → जिह्व्वा। * 'વિકલ્પ પક્ષે' → जिह्वा।

(3) र्, ह् અને સ્વર સિવાયના વર્ણોનું જ વિકલ્પે દ્વિત્વ થાય એવું કેમ કહ્યું ?

**(a) पद्महदः — * हाद् (७३७) * 'अच् ५.१.४९' → हाद् + अच् = हाद, * 'पृषोदरादयः ३.२.१५५' → हद, * पद्मानां हदः इति – 'षष्ठ्ययत्नात्० ३.१.७५' → पद्महदः।**

સ્વરથી પર વર્તતા એવા ह् થી પરમાં અહીં र् ભિન્ન વર્ણ નથી, પરંતુ र् જ છે. માટે દ્વિત્વ ન થયું.

**શંકા :-** 'पद्महद' સ્થળે र् નું દ્વિત્વ કરવા છતાં ઇષ્ટપ્રયોગ સિદ્ધ થશે. કેમકે દ્વિત્વ કર્યા બાદ 'रो रे लुग्० ૧.૩.૪૧' સૂત્રથી પૂર્વના र् નો લોપ થતા 'पद्महद' પ્રયોગ સિદ્ધ થાય છે, તો र् ના દ્વિત્વનું વર્જન કેમ કર્યું ?

**સમાધાન :-** તમારી એ વાત સાચી છે કે 'पद्महद' સ્થળે र् નું દ્વિત્વ કરવા છતાં કોઇ જ અનિષ્ટ પ્રયોગ થતો નથી. પરંતુ જો આ સૂત્રમાં र् ના દ્વિત્વનું વર્જન ન કરીએ તો પછીના 'अदीर्घाद्० ૧.૩.૩૨' સૂત્રમાં પણ र् નો દ્વિત્વ કરવા રૂપ અધિકાર પ્રાપ્ત થાય. તેથી 'अर्ह' સ્થળે 'आर्ह' એવો અનિષ્ટપ્રયોગ થવાની આપત્તિ આવે. તે આ રીતે – अर्ह નું દ્વિત્વ થવાથી अर्र्ह થશે. પછી 'रो रे लुग्० ૧.૩.૪૧' સૂત્રથી પૂર્વના र् નો લોપ તથા પૂર્વનો સ્વર अ દીર્ઘ થતા 'आर्ह' આવો અનિષ્ટ પ્રયોગ થાય. તેથી र् ના દ્વિત્વનું વર્જન આ સૂત્રમાં જરૂરી છે.

**(b) अर्हः**

| | | |
|---|---|---|
| * 'अच् ५.१.४९' | → | अर्ह्+अच्+सि |
| * 'सो रुः २.१.७२' | → | अर्हर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | अर्हः। |

**(c) करः**

| | | |
|---|---|---|
| * 'पुन्नाम्नि घः ५.३.१३०' | → | कृ + घ |
| * 'नामिनो गुणो० ४.३.१' | → | कर् + घ + सि |
| * 'सो रुः २.१.७२' | → | करर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | करः। |

અહીં સ્વરથી પરમાં વર્તતા એવા र् થી પરમાં ક્રમશઃ ह् અને સ્વર છે, માટે તેમનું આ સૂત્રથી દ્વિત્વ ન થયું.

**શંકા :-** कर સ્થળે સ્વર अ નું દ્વિત્વ કરીએ તો પણ કોઇ આપત્તિ નથી આવતી, કેમકે દ્વિત્વ થયા બાદ 'लुगस्यादेत्यपदे २.१.११३' સૂત્રથી પૂર્વના अ નો લોપ થતા कर પ્રયોગ સિદ્ધ જ છે, તો 'સ્વર' નું વર્જન શા માટે કર્યું ?

**સમાધાન :-** તમે કહ્યા મુજબ 'कर' સ્થળે કોઇ આપત્તિ નહીં આવે. પરંતુ चारु, दारु, वारि વિગેરે સ્થળોમાં र् થી પરમાં રહેલા સ્વરનું દ્વિત્વ કર્યા બાદ 'समानानां० ૧.૨.૧' સૂત્રથી સ્વર દીર્ઘ થતા चारू, दारू, वारी વિગેરે અનિષ્ટ પ્રયોગ થાત. તે નિવારવા સૂત્રમાં સ્વરના દ્વિત્વનું વર્જન છે.

(4) 'સ્વરથી જ પરમાં' એવું સૂત્રમાં કેમ કહ્યું ?

**(a) अभ्र्यते — ✻ 'क्यः शिति ३.४.७०' → अभ्र् + क्य + ते = अभ्र्यते।, (b) ह्नुते।**

અહીં अभ्र्यते માં र् સ્વરથી પરમાં નહીં, પરંતુ વ્યંજનથી પરમાં છે, તેથી य् નું દ્વિત્વ નહીં થાય. ह्नुते માં ह् સ્વરથી પરમાં ન વર્તતો હોવાથી न् નું દ્વિત્વ નહીં થાય.

(5) અન્ય કાર્યો કર્યા પછી જ આ સૂત્રનું કાર્ય કરવું, આવું કેમ ?

**(a) प्रोर्ण्णुनाव — ✻ प्र + ऊर्णु + णव्, ✻ 'लोकात् १.१.३' → प्र + ऊर्(A) नु + णव्, ✻ 'स्वरादे द्वितीयः ४.१.४' → प्र + ऊर् नु नु + णव्, ✻ 'र-षृवर्णान्नो० २.३.६३' → प्र + ऊर् णु नु + णव्, ✻ 'नामिनोऽकलि० ४.३.५१' → प्र + ऊर् णु नौ + णव्, ✻ 'ओदौतो० १.२.२४' → प्र + ऊर् + णु नाव् + णव् ✻ 'अवर्णस्ये० १.२.६' → प्रोर्णुनाव, ✻ 'र्हादर्ह० १.३.३१' → प्रोर्ण्णुनाव।**

अनु ના અભાવે આ સૂત્રથી જો પ્રથમ દ્વિત્વકાર્ય કર્યું હોત તો નીચે પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવત.

**✻ प्र + ऊर्नु + णव्, ✻ 'र्हादर्ह० १.३.३१' → प्र + ऊर्न्नु + णव्, ✻ 'स्वरादे० ४.१.४' → प्र + ऊर्न्नुन्नु + णव्, ✻ 'व्यञ्जनस्यानादे० ४.१.४४' → प्र + ऊर्नुन्नु + णव्, બાકીની સાધનિકા ઉપર પ્રમાણે થતા → प्रोर्णुन्नाव।**

**શંકા :-** अनु નું ગ્રહણ કર્યા વગર પણ ઇષ્ટ એવો प्रोर्ण्णुनाव પ્રયોગ સિદ્ધ થઈ શકે છે, કેમકે પરોક્ષા નિમિત્તક દ્વિત્વકાર્ય કરનારું સૂત્ર 'र्हादर्ह०' સૂત્ર કરતા પર છે અને 'स्पर्द्धे ७.४.११९' પરિભાષાથી પૂર્વસૂત્ર કરતા પરસૂત્ર બળવાન કહેવાય. તેથી પર એવું પરોક્ષા નિમિત્તક દ્વિત્વકાર્ય પ્રથમ થશે. ત્યારબાદ જ 'र्हादर्ह०' સૂત્રથી દ્વિત્વ થશે. આમ અનિષ્ટપ્રયોગની આપત્તિ ન હોવાથી अनु નું ગ્રહણ નિરર્થક ઠરે છે.

**સમાધાન :-** તમારી વાત બરાબર નથી, કેમકે પરોક્ષા નિમિત્તક દ્વિત્વકાર્ય કરનારૂં સૂત્ર ભલે પરમાં હોય, પરંતુ તે કાર્ય બહિરંગ છે. જ્યારે 'र्हादर्ह०' થી થતું કાર્ય અંતરંગ છે અને ***'परादन्तरङ्गं बलीयः'*** (B) ન્યાયથી પર કરતા અંતરંગકાર્ય બળવાન બને છે. તેથી 'र्हादर्ह०' થી દ્વિત્વકાર્ય પ્રથમ થાત, ત્યારબાદ પરોક્ષા નિમિત્તક દ્વિત્વકાર્ય થાત. એવું થતા 'प्रोर्णुन्नाव' એવો અનિષ્ટપ્રયોગ થાત. જેને નિવારવા अनु નું ગ્રહણ કર્યું છે.

---

(A) ऊर्णु ધાતુમાં र् ના નિમિત્તે न् નો ण् થયેલો. પરંતુ 'लोकात् १.१.३' સૂત્રથી ऊर्णु ધાતુ વિશ્લેષ પામવાથી ***'निमित्ताभावे नैमित्तिकस्याप्यभावः'*** ન્યાયથી તે ધાતુ ऊर् नु સ્વરૂપને પામી છે.

(B) 'પરસૂત્રમાં કહેલાં કાર્ય કરતા અંતરંગ કાર્ય બળવાન હોય છે.' પરોક્ષા નિમિત્તક દ્વિત્વકાર્ય પ્રત્યયાશ્રિત હોવાથી બહિરંગ છે, જ્યારે 'र्हादर्ह०' થી થતું દ્વિત્વકાર્ય પ્રકૃત્યાશ્રિત હોવાથી અંતરંગ છે.

વળી, अनु ના ગ્રહણ દ્વારા *'निमित्ताभावे नैमित्तिकस्याप्यभाव:'*(A) ન્યાયની અનિત્યતા પણ જ્ઞાપન કરાઈ છે. જો આ ન્યાય નિત્ય હોત તો अनु નું ગ્રહણ નિરર્થક બની જાત. તે આ પ્રમાણે. प्र + ऊर्नु + णव्. 'र्हादर्हo' થી દ્વિત્વ કરતા प्र + ऊर्न्नु + णव्. ત્યારબાદ પરોક્ષા નિમિત્તક દ્વિત્વ થવાથી प्र + ऊर्नुन्नु + णव्. હવે જો આ ન્યાય નિત્ય હોત તો 'न्नु' એ દ્વિત્વમાં નિમિત્તભૂત 'र्' નો 'ऊर्नुन्नु' સ્થળે અભાવ હોવાથી તેના નૈમિત્તિક અર્થાત્ કાર્યભૂત એવા દ્વિત્વનો પણ અભાવ થાત. જેથી 'ऊर्नुनु' એવો ઈષ્ટપ્રયોગ अनु ના ગ્રહણ વિના પણ સિદ્ધ થાત. પરંતુ આ ન્યાય અનિત્ય હોવાથી કાર્યભૂત એવા દ્વિત્વની નિવૃત્તિ ન થવાથી અનિષ્ટપ્રયોગનો પ્રસંગ આવે છે. તેને નિવારવા अनु નું ગ્રહણ સાર્થક છે.

આમ अनु ના ગ્રહણ દ્વારા *'निमित्ताभावेo'* ન્યાય અનિત્ય છે એવું જ્ઞાપન થાય છે. અથવા તો એ ન્યાય સાર્વત્રિક નથી, પરંતુ કેટલાક સ્થળવિશેષમાં જ ઉપયોગી છે. જેમકે – ઘટના નિમિત્તભૂત કુંભકારનો નાશ થવા છતાં નૈમિત્તિક (કાર્ય) એવો ઘટ નાશ પામતો નથી. આવા અનેક સ્થળોએ એ ન્યાય અનુપયોગી છે, એમ પ્રકૃત સૂત્ર સ્થળે પણ અનુપયોગી હોવાથી अनु નું ગ્રહણ સૂત્રકારે કર્યું છે ।।૩૧।।

## अदीर्घाद्विरामैकव्यञ्जने ।।१.३.३२।।

**बृ.वृ.–अदीर्घात् स्वरात् परस्य र्ह-स्वरवर्जितस्य वर्णस्य स्थाने विरामैकव्यञ्जने–विरामेऽसंयुक्तव्यञ्जने च परेऽनु द्वे रूपे वा भवतः। (1) त्वक्क्, त्वक्, त्वग्ग्, त्वग्, षट्ट्, षट्, षड्ड्, षड्, तत्त्, तत्, तद्द्, तद्। एकव्यञ्जने-दद्ध्यत्र, दध्यत्र, पत्थ्यदनम्, पथ्यदनम्, मद्ध्वत्र, मध्वत्र, पित्त्रर्थः, पित्रर्थः, त्वङ्ङ् मधुरा, त्वङ् मधुरा, त्वङ्ङ् करोषि, त्वङ् करोषि; सय्ँय्यतः, सय्ँयतः; उर≍≍कः, उर≍कः; उर)()(पः; उर)(पः, उरःःकः, उरःकः; गोऽत्त्रात!, गोऽत्रात!; नौऽत्त्रात!, नौऽत्रात!। (2) अन्वित्यधिकारात् कत्व-गत्वादिषु कृतेषु पश्चाद् द्वित्वम्। (3) अदीर्घादिति किम्? वाक्, भवान्, सूत्रम्, पात्रम्, नेत्रम्, होत्रम्। (4) विरामैकव्यञ्जन इति किम्? इन्द्रः, चन्द्रः, कृत्स्नम्, मत्स्ना, उष्ट्रः, दधि, मधु। (5) संयुक्तव्यञ्जनेऽपीच्छन्त्येके प्रत्त्तम्, प्रत्तम्। (6) अर्ह-स्वरस्येत्येव? वर्या, वह्यम्, तितउ। (7) अत एवादेशबलात् संयोगान्तलोपो न भवति, (8) प्रथमत्वादिकं तु द्वित्वस्याबाधनाद् भवत्येव।।३२।।**

---

**सूत्रार्थ :-** દીર્ઘ સિવાયના સ્વરથી પરમાં રહેલા र्, ह् અને સ્વર સિવાયના વર્ણનું વિરામ અથવા અસંયુક્ત વ્યંજન પર છતાં, અન્ય કાર્ય કર્યા પછી વિકલ્પે દ્વિત્વ થાય છે.

**सूत्रसमास :-** ◆ न दीर्घः = अदीर्घः (नञ् तत्.), तस्माद् अदीर्घात्। ◆ एकश्चासौ व्यञ्जनश्च = एकव्यञ्जनः (कर्म.) विरामश्च एकप्यञ्जनश्च एतयोः समाहारः = विरामैकव्यञ्जनम् (स.द्व.), तस्मिन् विरामैकव्यञ्जने।

---

(A) નિમિત્ત(કારણ)ના અભાવે નૈમિત્તિક (કાર્ય) નો પણ અભાવ થાય છે.

विवरण :- (1) दृष्टांत -

| | (i) त्वक्क् | (ii) त्वग्ग् | (iii) षट्ट् | (iv) षड्ड् | (v) तत्त् | (vi) तद्द् |
|---|---|---|---|---|---|---|
| | त्वच्+सि | त्वच्+सि | षष्+जस् | षष्+जस् | तद्+सि | तद्+सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' → | त्वच् | त्वच् | ↓ | ↓ | ↓ | ↓ |
| * 'डतिष्णः० १.४.५४' → | ↓ | ↓ | षष् | षष् | ↓ | ↓ |
| * 'अनतो लुप् १.४.५९' → | ↓ | ↓ | ↓ | ↓ | तद् | तद् |
| * 'चजः कगम् २.१.८५' → | त्वक् | त्वक् | ↓ | ↓ | ↓ | ↓ |
| * 'धुटस्तृतीयः २.१.७५' → | त्वग् | त्वग् | षड् | षड् | तद् | तद् |
| * 'विरामे वा १.३.५१' → | त्वक् | ↓ | षट् | ↓ | तत् | ↓ |
| * 'अदीर्घाद्० १.३.३२' → | त्वक्क्। | त्वग्ग्। | षट्ट्। | षड्ड्। | तत्त्। | तद्द्। |
| * 'વિકલ્પ પક્ષે' → | त्वक्। | त्वग्। | षट्। | षड्। | तत्। | तद्। |

| | (vii) दद्ध्यत्र | (viii) पत्थ्यदनम्। | (ix) मद्ध्वत्र | (x) पित्त्रर्थः |
|---|---|---|---|---|
| | दधि+अत्र | पथि+अदनम् | मधु+अत्र | पितृ+अर्थः |
| * 'इवर्णादे० १.२.२१' → | दध्यत्र | पथ्यदनम् | मध्वत्र | पित्रर्थः |
| * 'अदीर्घाद्० १.३.३२' → | दध्ध्यत्र | पथ्थ्यदनम् | मध्ध्वत्र | पित्त्रर्थः |
| * 'तृतीयस्तृतीय० १.३.४९' → | दद्ध्यत्र | ↓ | मद्ध्वत्र | ↓ |
| * 'अघोषे० १.३.५०' → | ↓ | पत्थ्यदनम् | ↓ | ↓ |
| | = दद्ध्यत्र। | = पत्थ्यदनम्। | = मद्ध्वत्र। | = पित्त्रर्थः। |
| * 'વિકલ્પ પક્ષે' → | दध्यत्र। | पथ्यदनम्। | मध्वत्र। | पित्रर्थः। |

| | (xi) त्वङ्ङ् करोषि | (xii) सँय्य्यतः |
|---|---|---|
| | त्वम् + करोषि | सम् + यतः |
| * 'तौ मु-मो० १.३.१४' → | त्वङ् करोषि | सँय्यतः |
| * 'अदीर्घाद्० १.३.३२' → | त्वङ्ङ् करोषि। | सँय्य्यतः। |
| * 'વિકલ્પ પક્ષે' → | त्वङ् करोषि। | सँय्यतः। |

**(xiii)** त्वङ्ङ् मधुरा — * त्वच् मधुरा, * 'चजः कगम् २.१.८६' → त्वक् मधुरा, * 'धुटस्तृतीयः २.१.७६' → त्वग् मधुरा, * 'तृतीयस्य पञ्चमे १.३.१' → त्वङ् मधुरा, * 'अदीर्घाद्० १.३.३२' → त्वङ्ङ् मधुरा, * 'વિકલ્પ પક્ષે' → त्वङ् मधुरा।

શંકા :- 'लि लौ १.३.६६' સૂત્રમાં लौ આ પ્રમાણેના દ્વિવચનનાં ફળ રૂપે '***सानुनासिकस्यापि निरनुनासिक एव आदेशः***' ન્યાયનું જ્ઞાપન કર્યું છે. હવે सँय्यँतः પ્રયોગસ્થળે તમે સાનુનાસિક यँ્નો સાનુનાસિક यँ રૂપે જ દ્વિત્વ આદેશ કર્યો છે. તો શું તમને ઉપરોક્ત ન્યાય ધ્યાન બહાર છે ?

**સમાધાન :-** ના, ન્યાય ધ્યાનમાં જ છે. પરંતુ '***सानुनासिकस्यापि०***' ન્યાય ત્યાં પ્રવર્તે છે કે જ્યાં આદેશ આદેશી કરતા ભિન્ન સ્વરૂપવાળો થતો હોય. દા.ત. 'वाष्टन आः० १.४.५२' સૂત્રથી થતો अष्टन्ના न्નો आ આદેશ તદ્દન જુદા સ્વરૂપવાળો છે. તો ત્યાં '***सानुनासिकस्यापि०***' ન્યાયાનુસાર સાનુનાસિક न्નો નિરનુનાસિક आ આદેશ જ થયો. પરંતુ सँय्यँतः સ્થળે સાનુનાસિક यँ્નું અમે કરેલું દ્વિત્વ જુદા સ્વરૂપવાળું ન હોવાથી ત્યાં '***सानुनासिकस्यापि०***' ન્યાયની પ્રવૃત્તિને અવકાશ નથી. માટે અમે કરેલો સાનુનાસિક यँ રૂપ દ્વિત્વ આદેશ યુક્ત જ છે.

અહીં યાદ રાખવું કે सँय्यँतः સ્થળે દ્વિત્વ થયા બાદ બન્ને यँ् પૈકીના પૂર્વના यँ् ઉપર જ અર્ધકલા (= ચંદ્રાકાર) દર્શાવી છે. છતાં એક જ અર્ધકલાથી બન્ને यँ સાનુનાસિક જણાઈ આવે છે. આમ પણ સમજી શકાય છે કે સાનુનાસિક यँ્ જ દ્વિત્વ પામ્યો છે તો બન્ને यँ् સાનુનાસિક જ હોય. આથી सँय्यँतः દૃષ્ટાંતસ્થળે બન્ને સાનુનાસિક यँ્ને જણાવવા એક જ અર્ધકલા બતાવી છે.

| | | **(xiv) उर≍≍कः** | **(xv) उर )( )( पः** | **(xvi) उरःः कः** |
|---|---|---|---|---|
| | | उरः कायतीति क्विप् | उरः पिबतीति क्विप् | उरः कायतीति क्विप् |
| * 'क्विप् ५.१.१४८' | → | उरः कै + क्विप्(०) | उरः पा + क्विप्(०) | उरः कै + क्विप्(०) |
| * 'आत् सन्ध्यक्ष० ४.२.१' | → | उरः का | ↓ | उरः का |
| * 'आतो डो० ५.१.७६' | → | उरः का + ड | उरः पा + ड | उरः का + ड |
| * 'डित्यन्त्य० २.१.११४' | → | उरः क् + ड | उरः प् + ड | उरः क् + ड |
| * 'रः कख० १.३.५' | → | उर≍क | उर )( प | ↓ |
| * 'अदीर्घाद्० १.३.३२' | → | उर≍≍क + सि | उर )( )( प + सि | उरःः क + सि |
| * 'सो रुः २.१.७२' | → | उर≍≍कर् | उर )( )( पर् | उरःः कर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | उर≍≍कः। | उर )( )( पः। | उरःः कः। |
| * 'વિકલ્પ પક્ષે' | → | उर≍कः। | उर )( पः। | उरः कः। |

| | | (xvii) गोइत्त्रात! | (xviii) नौइत्त्रात! |
|---|---|---|---|
| | | गाव एनं त्रायीरन् इति | नाव एनं त्रायीरन् इति |
| * 'तिक्कृतौ० ५.१.७१' | → | गो + त्रै + क्त | नौ + त्रै + क्त |
| * 'आत् सन्ध्यक्ष० ४.२.१' | → | गो + त्रा + क्त | नौ + त्रा + क्त |
| * 'ङस्युक्तं० ३.१.४९' | → | गोत्रात + सि (सं.) | नौत्रात + सि (सं.) |
| * 'अदेतः स्यमो० १.४.४४' | → | गोत्रात! | नौत्रात! |
| * 'दूरादामन्त्र्यस्य० ७.४.९९' | → | गो३त्रात! | नौ३त्रात! |
| * 'अदीर्घाद्० १.३.३२' | → | गो३त्त्रात। | नौ३त्त्रात। |
| * 'વિકલ્પ પક્ષે' | → | गो३त्रात। | नौ३त्रात। |

(2) 'अनु' નો અધિકાર ચાલું હોવાથી અન્ય સૂત્રોથી પ્રાપ્ત 'च् કે ज् નો ક્રમશઃ क् કે ग् કરવો' વિગેરે કાર્ય પ્રથમ કરવા, પછી જ આ સૂત્રથી દ્વિત્વ કરવું. અન્યથા આ પ્રમાણે અનિષ્ટ પ્રયોગનો પ્રસંગ આવશે. त्वच् + सि. અહીં सि પ્રત્યયનો લોપ થયા બાદ 'अदीर्घाद्० १.३.३२' સૂત્રથી त्वच्च् થશે. હવે 'चजः कगम् २.१.८६' સૂત્રથી 'त्वच्क्' આવો વિચિત્ર પ્રયોગ થશે. अनु ના અધિકારને કારણે આવો અનિષ્ટ પ્રયોગ હવે નહીં થાય.

(3) 'દીર્ઘ સિવાયના જ સ્વરથી પરમાં રહેલાં' આવું સૂત્રમાં કેમ કહ્યું ?

| | | (a) वाक् |
|---|---|---|
| | | वाच् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | वाच् |
| * 'चजः कगम् २.१.८६' | → | वाक्। |

| | | (b) भवान् |
|---|---|---|
| | | भवतु + सि |
| * 'अभ्वादे० १.४.९०' | → | भवात् + सि |
| * 'ऋदुदितः १.४.७०' | → | भवान्त् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | भवान्त् |
| * 'पदस्य २.१.८९' | → | भवान्। |

| | | (c) सूत्रम् | (d) पात्रम् | (e) नेत्रम् | (f) होत्रम् |
|---|---|---|---|---|---|
| * 'सू-मू-खन्यु०(उणा०४४९)' | → | सू+त्र+सि | ↓ | ↓ | ↓ |
| * 'नी-दाव्-शसू०५.२.८८' | → | ↓ | पा+त्रट्+सि | नी+त्रट् =नेत्र+सि | ↓ |
| * 'हु-या-मा०(उणा०४५१)' | → | ↓ | ↓ | ↓ | हु+त्र=होत्र+सि |
| * 'अतःस्यमो० १.४.५७' | → | सूत्र + अम् | पात्र + अम् | नेत्र + अम् | होत्र + अम् |
| * 'समानादमो० १.४.४६' | → | सूत्र + म् | पात्र + म् | नेत्र + म् | होत्र + म् |
| | | = सूत्रम्। | = पात्रम्। | = नेत्रम्। | = होत्रम्। |

ઉપરોક્ત દરેક સ્થળે ક્રમશઃ क्, न् અને त् વ્યંજન દીર્ઘસ્વરથી પરમાં હોવાથી આ સૂત્રથી તેમનું દ્વિત્વકાર્ય ન થયું.

**(4)** 'વિરામ કે અસંયુક્ત વ્યંજન પરમાં રહેતા' એવું કેમ કહ્યું ?

**(a) इन्द्रः , (b) चन्द्रः , — * इन्द्र + सि, चन्द्र + सि, * 'सो रुः २.१.७२' → इन्द्रर्, चन्द्रर्, * 'रः पदान्ते० १.३.५३' → इन्द्रः। चन्द्रः।**

અહીં હ્રસ્વસ્વરથી પરમાં न् છે, પરંતુ न्ની પરમાં સંયુક્ત વ્યંજન હોવાથી આ સૂત્ર નહીં લાગે.

**(c) कृत्स्नम् — * कृत् (१३२५), * 'कृत्यशौभ्यां स्नक् उणा० २९४' → कृत् + स्नक् + सि, * 'अतः स्यमो० १.४.५७' → कृत्स्न + अम्, * 'समानादमो० १.४.४६' → कृत्स्न + म् = कृत्स्नम्।**

અહીં સ્વરથી પર રહેલાં 'त्' ની પરમાં સંયુક્ત વ્યંજન છે, માટે આ સૂત્ર નહીં લાગે.

**(d) मृत्स्ना — * मृद् (१५५०), * 'सस्नौ प्रशस्ते ७.२.१७२' → मृद् + स्न, * 'अघोषे० १.३.५०' → मृत् + स्न, * 'आत् २.४.१८' → मृत्स्न + आप् = मृत्स्ना + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → मृत्स्ना।**

અહીં પણ સ્વરથી પર એવા 'त्' ની પરમાં સંયુક્ત વ્યંજન હોવાથી આ સૂત્ર નહીં લાગે.

**(e) उष्ट्रः — * उष्ट्र + सि, * 'सो रुः २.१.७२' → उष्ट्रर्, * 'रः पदान्ते० १.३.५३' → उष्ट्रः।**

અહીં 'ष्' ની પરમાં સંયુક્ત વ્યંજન છે, માટે પ્રસ્તુત સૂત્ર નહીં લાગે.

**(f) दधि , (g) मधु — * मधु + सि, दधि + सि, * 'अनतो लुप् १.४.५९' → मधु। दधि।**

આ બન્ને સ્થળે સ્વરથી પરમાં રહેલા ધ ની પરમાં વિરામ નથી, માટે આ સૂત્ર નહીં લાગે.

**(5) ઈન્દ્ર, ચન્દ્રગોમી, પાણિનિ** વિગેરે કેટલાક વૈયાકરણીઓ સંયુક્તવ્યંજન પર છતાં વિકલ્પે દ્વિત્વ કરવાનું માને છે. જેમકે - **(a) प्रत्त्तम्, प्रत्तम् — * प्र + दा + क्त, * 'अच उपसर्गात्तः' (पा.सू. ७.४.४७) → प्र + द् + त्[(A)] + क्त, * 'खरि च' (पा.सू. ८.४.५४) → प्र + त् + त् + क्त, * 'अनचि च' (पा.सू. ८.४.४६) → प्र + त्त् + त् + क्त = प्रत्त्त + अम् = प्रत्त्तम्, * 'વિકલ્પ પક્ષે' → प्रत्तम्।**

---

**(A)** પાણિનિ વ્યાકરણકારે प्र + दा + क्त અવસ્થામાં પહેલાં दा ના आ નો त् આદેશ કર્યો, પછી दा ના द् નો त् આદેશ કર્યો, તે પ્રક્રિયાગૌરવ થયું. સિદ્ધહેમ૦ માં 'प्राद्दागस्त्त ४.४.७' સૂત્રથી સીધો જ दा નો त्त આદેશ પ્રક્રિયાલાઘવ માટે કર્યો છે. त्त આદેશ કરવાથી 'अनेकवर्णः सर्वस्य ७.४.१०७' પરિભાષાસૂત્રથી આખા दा નો त्त् આદેશ થયો. બાકી જો 'प्राद्दाग०' સૂત્રથી 'षष्ठ्याऽन्त्यस्य ७.४.१०६' પરિભાષાનુસારે दा ના आ નો त् આદેશ અને 'अघोषे प्रथमोऽशिटः १.३.५०' સૂત્રથી द् નો त् કરત તો પ્રક્રિયાગૌરવ થાત.

(6) 'ર્, હ્ અને સ્વર સિવાયનાં વર્ણનું જ દ્વિત્વ થાય' એવું કેમ ?

(a) वर्या

* 'वर्योपसर्या० ५.१.३२' → वृ + य
* 'नामिनो गुणो० ४.३.१' → वर् + य
* 'आत् २.४.१८' → वर्य + आप्
* 'समानानां तेन० १.२.१' → वर्या + सि
* 'दीर्घङ्याब्० १.४.४५' → वर्या।

(b) वह्यम्

* 'वह्यं करणे ५.१.३४' → वह् + य + सि
* 'अतः स्यमो० १.४.५७' → वह्य + अम्
* 'समानादमो० १.४.४६' → वह्य + म्
= वह्यम्।

(c) तितउ — * तन् (१४९९), * 'तनेर्डउः उणा० ७४८' → तन् + डउ, * 'सन्-यङश्च ४.१.३' → तन् तन् + डउ, * 'व्यञ्जनस्याऽनादेर्लुक् ४.१.४४' → ततन् + डउ, * 'सन्यस्य ४.१.५९' → तितन् + डउ, * 'डित्यन्त्यस्वरादेः २.१.११४' → तित् + डउ + सि, * 'अनतो लुप् १.४.५९' → तितउ।

ઉપરોક્ત ત્રણે સ્થળે સ્વરથી પરમાં અનુક્રમે ર્, હ્ અને ૩ સ્વર છે, માટે તેમનું આ સૂત્રથી દ્વિત્વ ન થયું.

**શંકા :-** "આ સૂત્રમાં દ્વિત્વની બાબતમાં સ્વરનું વર્જન ન કરવામાં આવે તો तितउ સ્થળે उ ના દ્વિત્વનો પ્રસંગ આવે" આવું જે તમે કહો છો તે યુક્ત નથી. કેમકે 'तनेर्डउः० (उणा०७४८)' સૂત્રથી डउ પ્રત્યય લાગી બનેલા तितउ સ્થળે उ નું જો આ સૂત્રથી દ્વિત્વ જ થવાનું હોય તો આમાં પ્રક્રિયાગૌરવ થાય છે, તેથી डउ પ્રત્યયનું વિધાન નિરર્થક ઠરે છે. અર્થાત્ સૂત્રકારશ્રી પ્રક્રિયાગૌરવ ટાળવા નિરર્થક डउ નું વિધાન ન કરતા સીધું डऊ પ્રત્યયનું જ વિધાન કેમ ના કરે ? આમ डऊ ના બદલે डउ પ્રત્યયનું જ વિધાન કર્યું છે, તો વિધાન સામર્થ્યથી तितउ સ્થળે उ નું આ સૂત્રથી દ્વિત્વ ન થઈ શકે.

**સમાધાન :-** તમારી વાત બરાબર નથી. કેમકે डउ પ્રત્યય લાગી બનેલો तितउ શબ્દ પુંલિંગ-નપુંસકલિંગ ઉભયમાં વર્તે છે. તો પુંલિંગમાં तितउ શબ્દને सि પ્રત્યય લાગી થતાં तितउः પ્રયોગસ્થળે उ ની પરમાં વિરામ કે એકવ્યંજન(A) ન હોવાથી આ સૂત્રથી उ ના દ્વિત્વની પ્રાપ્તિ નથી. આમ પુંલિંગમાં સૂત્રકારશ્રીએ કરેલું डउ પ્રત્યયનું વિધાન ચરિતાર્થ હોવાથી પ્રક્રિયાગૌરવ દ્વારા डउ પ્રત્યયનું વિધાન નિરર્થક ન ઠરી શકે. તેથી डउ ના વિધાન સામર્થ્યથી તમે

(A) तितउः પ્રયોગસ્થળે જોકે उ થી પરમાં વિસર્ગ છે અને વિસર્ગને 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રના कादिः પદનો कस्य आदिः વિગ્રહ કરી વ્યંજનમાં સમાવ્યો છે. છતાં વિસર્ગને વ્યંજન ન ગણી 'औदन्ताः स्वराः १.१.४' સૂત્રના औदन्ताः પદનો औकारस्य अन्ताः વિગ્રહ કરી સ્વરમાં પણ સમાવી શકાય છે. તેથી અહીં उ ની પરમાં એકવ્યંજન નથી એમ કહ્યું છે. જુઓ - સૂત્ર ૧-૪-૬૬ નો બૃ. ન્યાસ - "अनुस्वारस्य स्वरत्वाभ्युपगमः 'औदन्ता० १.१.४' इत्यत्र औकारस्यान्ता इति समासपरिग्रहात्"

સ્વરનું વર્જન ન કરેલા આ સૂત્રથી થતું तितउ ના उ નું દ્વિત્વ ટાળી ન શકો. આમ અમે જે કહીએ છીએ કે "સૂત્રમાં સ્વરનું વર્જન ન કરવામાં આવે તો तितउ સ્થળે उ ના દ્વિત્વનો પ્રસંગ આવે" તે યુક્ત જ છે.

(7) **શંકા :-** त्वक्क् વિગેરે પ્રયોગમાં પદને અંતે વર્તતા સંયોગના અંત્ય क् વિગેરેનો 'पदस्य ૨.૧.૮૯' સૂત્રથી લોપ કેમ નથી કરતા ?

**સમાધાન :-** આ સૂત્રથી त्वक्क् વિગેરે સ્થળે થયેલા દ્વિત્વનો જો 'पदस्य ૨.૧.૮૯' સૂત્રથી લોપ જ થવાનો હોય તો આ સૂત્રપ્રાપ્ત દ્વિત્વ ટકવાનું જ ન હોવાથી નિરર્થક ઠરે. સૂત્રકારશ્રી ક્યારેય નિરર્થક આદેશ બતાવે નહીં. તેથી દ્વિત્વ આદેશના બળથી જ त्वक्क् વિગેરે સ્થળે क् વિગેરેનો લોપ થઇ શકે નહીં.

[યદ્યપિ दद्ध्यत्र વિગેરે સ્થળે 'पदस्य ૨.૧.૮૯' સૂત્રથી સંયોગાન્ત લોપની પ્રાપ્તિ જ નથી. તેથી આવા સ્થળે આ સૂત્રથી થયેલો દ્વિત્વ આદેશ ટકતો હોવાથી તે નિરર્થક થવાનો પ્રસંગ નથી. છતાં આ સૂત્રથી વિરામને આશ્રયીને થતાં દ્વિત્વ આદેશનો 'पदस्य०' સૂત્રથી સર્વત્ર લોપ પ્રાપ્ત હોવાથી સૂત્રોક્ત વિરામાશ્રિત દ્વિત્વ આદેશ નિરર્થક થવાનો પ્રસંગ વર્તે છે. તેથી વિરામાશ્રિત દ્વિત્વ આદેશના બળથી त्वक्क् વિગેરે સ્થળે 'पदस्य०' સૂત્રપ્રાપ્ત સંયોગાન્ત क् વિગરેનો લોપ નહીં થાય એમ ઉપરોક્ત સમાધાનનું તાત્પર્ય સમજવું.]

**શંકા :-** ભલે 'पदस्य०' સૂત્રથી તમે સંયોગાન્તનો લોપ ન કરો. પરંતુ त्वक्क् સ્થળે 'संयोगस्यादौ० ૨.૧.૮૮' સૂત્રથી તો સંયોગના આદિ क् નો લોપ કરશો ને ?

**સમાધાન :-** ના. જો એમ કરીએ તો પ્રસ્તુત સૂત્ર નિરર્થક થવાનો પ્રસંગ આવે.

**શંકા :-** ભલા ! આ સૂત્ર નિરર્થક શી રીતે બને ? કેમકે त्वक्क् સિવાયના षट्ट् વિગેરે સ્થળે 'संयोगस्यादौ० ૨.૧.૮૮' સૂત્રને અવકાશ ન હોવાથી ત્યાં આ સૂત્ર ચરિતાર્થ થઇ જાય છે.

**સમાધાન :-** તમે સમજ્યા નહીં. આ સૂત્રમાં પૂર્વસૂત્રથી अर्हस्वरस्य પદની અનુવૃત્તિ આવે છે. તે પદમાં र् અને ह् એમ વર્ણાત્મક વ્યક્તિઓ દર્શાવ્યા હોવાથી સૂત્રમાં વ્યક્તિપક્ષનો આશ્રય કરવામાં આવ્યો છે. હવે (A)વ્યક્તિપક્ષ અનુસારે 'વ્યક્તિ' પદાર્થ રૂપે સ્વીકારાય છે, જાતિ નહીં. તેથી પ્રસ્તુતમાં र् , ह् અને સ્વર સિવાયના વર્ણાત્મક વ્યક્તિઓ અનેક હોવાથી તે પ્રત્યેકને આશ્રયીને આ સૂત્ર (B)જુદું જુદું ગણાય. આનું કારણ એ છે કે સૂત્રમાં અનુવૃત્ત अर्हस्वरस्य પદથી અનેક વર્ણો વાચ્ય બતાવવાના છે. પરંતુ ***'सकृदुच्चरितः शब्दः सकृदेवार्थं गमयति'***

(A) વ્યક્તિપક્ષ અને જાતિપક્ષ અંગે જાણવા અધ્યાય-૧ ના ૪થા પાદના વિવરણનું પરિશિષ્ટ-૩ જું, તેમજ '૧.૪.૬૬' સૂત્રનું અમારૂં વિવરણ જોવું.

(B) *व्यक्तौ पदार्थे 'प्रतिलक्ष्यं लक्षणोपप्लवः' (= यावन्ति लक्ष्याणि तावन्ति सूत्राणि कल्प्यन्ते)। (परि.शे.४०)*

નિયમાનુસાર એકવાર સૂત્રમાં ઉચ્ચારાયેલા अर्हस्वरस्य પદથી र्, ह् અને સ્વર સિવાયનો કોઈપણ એક જ વર્ણાત્મક વ્યક્તિ ઉપસ્થિત થઈ શકે છે, બધા નહીં. તો બધાને ઉપસ્થિત કરી જો બધાનું દ્વિત્વ કરવું ઈષ્ટ હોય તો પ્રત્યેક વ્યક્તિને આશ્રયીને આ સૂત્રનું પ્રણયન પુનઃ પુનઃ કરવું આવશ્યક બને છે. અર્થાત્ र्, ह् અને સ્વર સિવાયના પ્રત્યેક વર્ણાત્મક વ્યક્તિ માટે આ સૂત્ર (A)જુદું જુદું બનાવવું પડે. त्वक् સ્થળે જો આ સૂત્રથી क् નું દ્વિત્વ કરી त्वक्क् પ્રયોગ સિદ્ધ કરવો હોય તો તેને માટે પણ આ સૂત્ર જુદું બનાવાતું હોવાથી 'संयोगस्यादौ० २.१.८८' સૂત્રથી જો त्वक्क् ના क् નો લોપ કરવામાં આવે તો કેવળ क् ના દ્વિત્વ માટે બનાવાયેલાં આ સૂત્રનું કોઈ ફળ ન મળવાથી આ સૂત્ર નિરર્થક બને છે. માટે 'संयोगस्यादौ०' સૂત્રથી त्वक्क् ના क् નો લોપ ન થઈ શકે.

**(8) શંકા :-** पत्थ्यदनम् પ્રયોગની સાધનિકામાં આ સૂત્રથી દ્વિત્વ થતાં पथ्थ्यदनम् અવસ્થા પ્રાપ્ત થાય છે. હવે તે અવસ્થામાં દ્વિત્વ પામેલા थ् નો 'अघोषे० १.३.५०' સૂત્રથી त् આદેશ શી રીતે થઈ શકે ? કેમકે તેમ થવાથી દ્વિત્વ પામેલો थ् બદલાઈ જવાથી આ સૂત્ર નિરર્થક થઈ જાય છે.

**સમાધાન :-** આ સૂત્રથી થયેલું દ્વિત્વ જો કોઈ સૂત્રથી લોપાઈ જાય તો જ આ સૂત્ર નિરર્થક બને. બાકી દ્વિત્વ પામેલાં थ् નો त् આદેશ થવા છતાં જો દ્વિત્વના કારણે પ્રાપ્ત થતી દ્વિશ્રુતિ વ્યાઘાત ન પામતી હોય અર્થાત્ त् અને थ् એમ બે વર્ણોનું ઉચ્ચારણ કે શ્રવણ શક્ય બનતું હોય તો આ સૂત્ર કાંઈ નિરર્થક ન બને. તેથી पत्थ्यदनम्, दद्ध्यत्र વિગેરે પ્રયોગસ્થળે थ् નો त् અને ध् નો द् વિગેરે આદેશ થાય તેમાં કોઈ વાંધો નથી ।।૩૨।।

## अञ्वर्गस्याऽन्तस्थातः ।।१.३.३३।।

**बृ.वृ.–अन्तस्थातः परस्य ञकारवर्जितस्य वर्गस्य स्थानेऽनु द्वे रूपे वा भवतः। (1)उल्क्का, उल्का; वल्म्मीकः, वल्मीकः; वृक्षव् क्करोति, वृक्षव् करोति। (2)वर्गस्येति किम्? सव्यम्। (3)अञिति किम्? हल्-ञकारौ। (4)अन्तस्थात इति किम्? भवान् मधुरः ।।३३।।**

---

**સૂત્રાર્થ :-** અંતસ્થાથી પરમાં રહેલા ञ् સિવાયના વર્ગીય વ્યંજનનું અન્ય કાર્ય કર્યા બાદ દ્વિત્વ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ न ञ् इति अञ् (नञ् तत्.), अञ् चासौ वर्गश्च इति अञ्वर्गः (द्व.), तस्य = अञ्वर्गस्य।
◆ अन्ते तिष्ठति इति अन्तस्था (उप. तत्.)

---

(A) અહીં "સૂત્ર જુદું જુદું શા માટે બનાવવું પડે ? તેના કરતા अर्हस्वरस्य શબ્દની એકશેષવૃત્તિ કલ્પી જરૂર પ્રમાણે આવૃત્તિ કરીએ તો પણ બધા વર્ણોની ઉપસ્થિતિ થઈ શકે છે." આવી શંકા ન કરવી. કેમકે સૂત્રમાં વર્તતા अदीर्घात् વિગેરે બાકીના પદોથી પણ વ્યક્તિપક્ષાનુસારે એક જ સ્વરાદિની ઉપસ્થિતિ થતી હોવાથી જરૂર પ્રમાણે સઘળા સ્વરાદિની ઉપસ્થિતિ થાય તે માટે તે પદોને પણ સૂત્રમાં વારંવાર ગ્રહણ કરવા આવશ્યક છે, માટે સૂત્ર જુદું જુદું બનાવવું પડે છે.

<u>વિવરણ</u> :- (1) <u>દૃષ્ટાંત</u> -

(i) उल्का

ज्वल् (९६०)

* 'निष्क-तुरुष्क०(उणा०२६)' → उल् + क

* 'आत् २.४.१८' → उल्क+आप्+सि

* 'दीर्घङ्याब्० १.४.४५' → उल्का

* 'अञ्वर्गस्या० १.३.३३' → उल्ल्का।

* 'વિકલ્પ પક્ષે' → उल्का।

(ii) वल्मीकः

वल् (८०७)

* 'सृणिका०(उणा०५०)' → वल्म्+ईक+सि

* 'सो रुः २.१.७२' → वल्मीकर्

* 'रः पदान्ते० १.३.५३' → वल्मीकः

* 'अञ्वर्गस्या० १.३.३३' → वल्म्मीकः।

* 'વિકલ્પ પક્ષે' → वल्मीकः।

(iii) वृक्षव् क्करोति – * 'अञ्वर्गस्या० १.३.३३' → वृक्षव् क्करोति। * 'વિકલ્પ પક્ષે' → वृक्षव् करोति।

(2) વર્ગીય વ્યંજનનું જ દ્વિત્વ થાય એવું કેમ ?

(a) सव्यम् — * 'य एञ्चातः ५.१.२८' → सु + य, * 'नामिनो गुणो० ४.३.१' → सो + य, * 'य्यक्ये १.२.२५' → सव् + य = सव्य + सि, * 'अतः स्यमो० १.४.५७' → सव्य + अम्, * 'समानादमो० १.४.४६' → सव्य + म् = सव्यम्।

અહીં અંતસ્થા व् થી પરમાં રહેલો य् વર્ગીય વ્યંજન નથી, માટે તેનું આ સૂત્રથી દ્વિત્વ ન થયું.

(3) વર્ગીય વ્યંજન ञ् સિવાયનો જ હોવો જોઇએ એવું કેમ ?

(a) हल्-ञकारौ — * हल्[A] च ञकारश्च = हल्ञकार + औ, * 'ऐदौत्० १.२.१२' → हल्ञकारौ।

અહીં અંતસ્થા ल् થી પરમાં રહેલો ञ् દ્વિત્વાર્થે સૂત્રમાં નિષિદ્ધ હોવાથી તેનું દ્વિત્વ ન થયું.

(4) ञ् સિવાયનો વર્ગીય વ્યંજન અંતસ્થાથી જ પરમાં હોવો જોઇએ એવું કેમ ?

(a) भवान् मधुरः — * भवत् + सि, * 'ऋदुदितः १.४.७०' → भवन्त् + सि, * 'अभ्वादेरत्वस० १.४.९०' → भवान्त् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → भवान्त्, * 'पदस्य २.१.८९' → भवान्।

અહીં વર્ગીય વ્યંજન म् અંતસ્થાથી પરમાં નથી માટે તેનું આ સૂત્રથી દ્વિત્વ ન થયું ।।३३।।

## ततोऽस्याः ।।१.३.३४।।

बृ.वृ.–(1)ततोऽञ्वर्गात् परस्या अस्या अन्तस्थायाः स्थाने द्वे रूपे वा भवतः। (2)दध्य्यत्र, दध्यत्र; मध्व्वत्र, मध्वत्र। (3)तत इति किम्? बाल्यम्। (4)अस्या इति किम्? वाग् जयति ।।३४।।

(A) પાણિનિ વ્યાકરણમાં हल् એ વ્યંજનની સંજ્ઞા છે.

**સૂત્રાર્થ :-** ञ् સિવાયના વર્ગીય વ્યંજનથી પરમાં રહેલ અંતસ્થાનું વિકલ્પે દ્વિત્વ થાય છે.

<u>વિવરણ :-</u> (1) પૂર્વસૂત્રમાં ञ् સિવાયના વર્ગીય વ્યંજન આદેશી રૂપે હતા અને અંતસ્થા નિમિત્ત રૂપે હતા. જ્યારે આ સૂત્રમાં વર્તતા પંચમ્યર્થક ततः પદથી ञ् સિવાયના વર્ગીય વ્યંજનની વિભક્તિનો વિપરિણામ કરી નિમિત્ત રૂપે અનુવૃત્તિ લેવાની છે અને અંતસ્થાની अस्याः પદથી આદેશી રૂપે અનુવૃત્તિ લેવાની છે. જો તેમ ન કરતા પૂર્વવત્ જ અનુવૃત્તિ લઈએ તો આ સૂત્રથી જે કામ કરવાનું છે તે પૂર્વસૂત્રથી જ સિદ્ધ હોવાથી આ સૂત્રની રચના નિરર્થક ઠરે. માટે ઉભયસ્થળે વિભક્તિનો વિપરિણામ આવશ્યક છે.

(2) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) दध्यत्र | (ii) मध्वत्र |
|---|---|---|---|
| | | दधि अत्र | मधु अत्र |
| * 'इवर्णादे० १.२.२१' | → | दध्य् अत्र | मध्व् अत्र |
| * 'ततोऽस्याः १.३.३४' | → | दध्य्य् अत्र | मध्व्व् अत्र |
| | | = दध्य्यत्र। | = मध्व्वत्र। |
| * 'વિકલ્પ પક્ષે' | → | दध्यत्र। | मध्वत्र। |

**શંકા :-** दधि अत्र અવસ્થામાં 'इवर्णादे० १.२.२१' સૂત્રથી इ નો य् આદેશ કરવો એ દ્વિપદાશ્રિત કાર્ય હોવાથી બહિરંગ ગણાય. જ્યારે આ સૂત્રથી दध्य् અવસ્થામાં ध् થી પરમાં રહેલા य् નું દ્વિત્વ કરવું એ એકપદાશ્રિત કાર્ય હોવાથી અંતરંગ ગણાય. *'असिद्धं बहिरङ्गमन्तरङ्गे'* ન્યાયાનુસાર અંતરંગ य् નું દ્વિત્વાત્મક કાર્ય કરવાના અવસરે બહિરંગ इ નો य् આદેશ અસિદ્ધ (અસત્) થતો હોવાથી અર્થાત્ તે इ સ્વરૂપે મનાતો હોવાથી તમે આ સૂત્રથી य् નું દ્વિત્વ શી રીતે કરી શકો ?

**સમાધાન :-** બરાબર છે. પરંતુ જો આ રીતે दध्यत्र વિગેરે સર્વસ્થળે દ્વિત્વ નહીં થઈ શકે તો આ સૂત્ર નકામું થવાનો પ્રસંગ આવશે. સૂત્રકારશ્રી નકામું સૂત્ર તો બનાવે નહીં.

**શંકા :-** ध्यान વિગેરે સ્થળો કે જ્યાં य् વિગેરે કોઈના આદેશ રૂપ નથી, ત્યાં આ સૂત્રથી દ્વિત્વ થઈ શકતું હોવાથી આ સૂત્ર નકામું થવાની તમારી વાત અયુક્ત છે.

**સમાધાન :-** ભલે, તો હવે સમાધાન આ પ્રમાણે સમજવું. दध्य् अत्र અવસ્થામાં 'स्वरस्य परे० ७.४.११०' સૂત્રથી य् નો इ રૂપે સ્થાનિવદ્ભાવ પ્રાપ્ત છે કે જે પ્રસ્તુત સૂત્ર દ્વારા થતા દ્વિત્વનો બાધક બને. પરંતુ તે સૂત્રના અપવાદભૂત 'न सन्धि-ङी-य-क्वि-द्वि-दीर्घा० ७.४.१११' સૂત્રમાં 'सन्धि' ના ગ્રહણથી સંધિવિધિ

સ્થળે સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે. હવે દ્વિત્વ એ પણ એક સંધિવિધિ છે. તેથી दध्य् अत्र અવસ્થામાં 'न सन्धि-ङी०' સૂત્રથી દ્વિત્વનો બાધક એવો (य् નો इ રૂપે) સ્થાનિવદ્ભાવ નિષેધ પામે છે. આમ તે સૂત્રવર્તી सन्धि શબ્દથી જ જો દ્વિત્વસ્થળે સ્થાનિવદ્ભાવનો નિષેધ થઈ જતો હોય તો તે સૂત્રમાં દ્વિત્વસ્થળે સ્થાનિવદ્ભાવનો નિષેધ કરવા પુનઃ द्वि શબ્દનું ગ્રહણ કરવું જરૂરી નથી, છતાં ગ્રહણ કર્યું છે. તે નકામું તો હોય નહીં. અર્થાત્ 'न सन्धि-ङी०' સૂત્રમાં द्वि શબ્દનું ગ્રહણ ઉપર શંકામાં બતાવ્યા પ્રમાણે ***'असिद्धं बहिरङ्गम्०'*** ન્યાયથી જે દ્વિત્વની બાધક અસત્વિધિ પ્રાપ્ત છે, તેના બાધ માટે છે. આમ दध्य् अत्र અવસ્થામાં આ સૂત્રથી य् નું દ્વિત્વ કરવાનાં અવસરે ***'असिद्धं बहिरङ्गम्०'*** ન્યાયથી य् એ इ રૂપે અસત્ ન થઈ શકવાથી આ સૂત્રથી તેનું દ્વિત્વ થઈ શકે છે. (ઉપરોક્ત શંકા-સમાધાન मध्व्वत्र વિગેરે સ્થળે પણ સમજવા.)

(3) ञ् સિવાયના વર્ગીય વ્યંજનથી જ પરમાં રહેલા અંતસ્થાનું વિકલ્પે દ્વિત્વ થાય એવું કેમ ?

**(a) बाल्यम् — * 'पतिराजान्त० ७.१.६०' → बालस्य भावः कर्म वा = बाल + ट्यण्, * 'अवर्णेवर्णस्य० ७.४.६८' → बाल् ट्यण् = बाल्य + सि, * 'अतः स्यमो० १.४.५७' → बाल्य + अम्, * 'समानादमो० १.४.४६' → बाल्य + म् = बाल्यम्।**

અહીં बाल्य માં રહેલો य् વર્ગીય વ્યંજનથી પરમાં નથી માટે આ સૂત્રથી તેનું દ્વિત્વ ન થયું.

(4) અંતસ્થાનું જ વિકલ્પે દ્વિત્વ થાય એવું કેમ ?

**(a) वाग् जयति — * वाच् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → वाच्, * 'चजः कगम् २.१.८६' → वाक्, * 'धुटस्तृतीयः २.१.७६' → वाग्।**

અહીં વર્ગીય વ્યંજન ग् થી પરમાં રહેલ ज् અંતસ્થા નથી માટે આ સૂત્રથી તેનું દ્વિત્વ ન થયું.

*[* <u>વિશેષ</u> — આ સૂત્રમાં પણ अर्हस्वरस्य નો અધિકાર ચાલું જ છે. તેથી अत्र પ્રયોગસ્થળે વર્ગીય વ્યંજન त् થી પરમાં રહેલ અંતસ્થા र् નું આ સૂત્રથી દ્વિત્વ નહીં થાય. તેમજ આ સૂત્રથી થતા ल् અંતસ્થાના દ્વિત્વના ઉદાહરણમાં क्ल्लाम्यति, क्लाम्यति વિગેરે પ્રયોગો જાણવા. આમ પ્રસ્તુત સૂત્રથી य्, ल् અને व् અંતસ્થાનું જ વિકલ્પે દ્વિત્વ થશે.]* ।।३४।।

## शिटः प्रथम-द्वितीयस्य ।।१.३.३५।।

**बृ.वृ.–शिटः परयोः प्रथम-द्वितीययोः स्थाने द्वे रूपे वा भवतः। (1) त्वं क्करोषि, त्वं करोषि; त्वं क्खनसि, त्वं खनसि; कः क्खनति, कः खनति; कः प्पचति, कः पचति; क ≍ क्खनति, क ≍ खनति; क ≍ प्फलति, क ≍ फलति; कश्च्चरति, कश्चरति; कश्च्छादयति, कश्छादयति; कष्ट्टीकते, कष्टीकते; कष्ठ्ठकारः, कष्ठकारः; स्त्थाली, स्थाली; स्प्फीता, स्फीता। (2) शिट इति किम्? भवान् करोति। (3) प्रथम-द्वितीयस्येति किम्? आस्यम्। (4) अनुनासिकादप्यादेशरूपात् केचिदिच्छन्ति त्वञ्च्छात्रः, त्वञ्छात्र इत्यादि ।।३५।।**

**સૂત્રાર્થ :-** शिट् થી પરમાં રહેલા (વર્ગીય) પ્રથમ અને દ્વિતીય વ્યંજનનું વિકલ્પે દ્વિત્વ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ प्रथमश्च द्वितीयश्चैतयोः समाहारः इति प्रथमद्वितीयम् (स.द्व.), तस्य = प्रथमद्वितीयस्य।

**વિવરણ :- (1) દૃષ્ટાંત -**

**(i) त्वं क्करोषि (ii) त्वं क्खनसि (iii) कः क्खनति (iv) कः प्पचति**

| | (i) | (ii) | (iii) | (iv) |
|---|---|---|---|---|
| | त्वम् करोषि | त्वम् खनसि | कः खनति | कः पचति |
| * 'तौ मुमो० १.३.१४' → | त्वं करोषि | त्वं खनसि | ↓ | ↓ |
| * 'शिटः प्रथम० १.३.३५' → | त्वं क्करोषि | त्वं ख्खनसि | कः ख्खनति | कः प्पचति |
| * 'अघोषे प्रथमो० १.३.५०' → | ↓ | त्वं क्खनसि | कः क्खनति | ↓ |
| | = त्वं क्करोषि। | = त्वं क्खनसि। | = कः क्खनति। | = कः प्पचति। |
| * 'વિકલ્પ પક્ષે' → | त्वं करोषि। | त्वं खनसि। | कः खनति। | कः पचति। |

**(v) क≍क्खनति (vi) क)(प्फलति (vii) कश्श्चरति (viii) कश्च्छादयति**

| | (v) | (vi) | (vii) | (viii) |
|---|---|---|---|---|
| | कर् खनति | कर् फलति | कर् चरति | कर् छादयति |
| * 'रः कख० १.३.५' → | क≍खनति | क)(फलति | ↓ | ↓ |
| * 'चटते० १.३.७' → | ↓ | ↓ | कश्चरति | कश्छादयति |
| * 'शिटः प्रथम० १.३.३५' → | क≍ख्खनति | क)(फ्फलति | कश्श्चरति। | कश्छ्छादयति |
| * 'अघोषे प्रथमो० १.३.५०' → | क≍क्खनति। | क)(प्फलति। | | कश्च्छादयति। |
| * 'વિકલ્પ પક્ષે' → | क≍खनति। | क)(फलति। | कश्चरति। | कश्छादयति। |

**(ix) कष्ट्टीकते (x) कष्ठ्ठकारः**

| | (ix) | (x) |
|---|---|---|
| | कर् टीकते | कर् ठकारः |
| * 'चटते० १.३.७' → | कष्टीकते | कष्ठकारः |
| * 'शिटः प्रथम० १.३.३५' → | कष्ट्टीकते। | कष्ठ्ठकारः। |
| * 'વિકલ્પ પક્ષે' → | कष्टीकते। | कष्ठकारः। |

**(xi) स्त्थाली**

स्थल्

* 'वा ज्वलादि० ५.१.६२' → स्थल्+ण =स्थाल
* 'जातेरयान्त० २.४.५४' → स्थाल + ङी
* 'अस्य ङ्याम्०२.४.८६' → स्थाल्+ङी=स्थाली +सि
* 'दीर्घङ्याब्० १.४.४५' → स्थाली
* 'शिटः प्रथम० १.३.३५' → स्थ्थाली
* 'अघोषे प्रथमो० १.३.५०' → स्त्थाली।
* 'વિકલ્પ પક્ષે' → स्थाली।

(xii) स्फीता — * 'क्त क्तवतू ५.१.१७४' → स्फय् + क्त, * 'स्फय: स्फीर्वा ४.१.९४' → स्फी + क्त = स्फीत, * 'आत् २.४.१८' → स्फीत + आप् = स्फीता + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → स्फीता, * 'शिट: प्रथम० १.३.३५' → स्फ्फीता, * 'अघोषे प्रथमो० १.३.५०' → स्प्फीता, * 'વિકલ્પ પક્ષે' → स्फीता।

(2) 'शिट् થી જ પરમાં રહેલાં' એવું કેમ કહ્યું ?

(a) भवान् करोति — * भवत् + सि, * 'ऋदुदितः १.४.७०' → भवन्त् + सि, * 'अभ्वादेरत्वस० १.४.९०' → भवान्त् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → भवान्त्, * 'पदस्य २.१.८९' → भवान्।

અહીં પ્રથમ વ્યંજન क् શિટ્થી પરમાં નથી માટે આ સૂત્રથી તેમનું દ્વિત્વ ન થયું.

(3) આ સૂત્રથી પ્રથમ અને દ્વિતીય જ વ્યંજનનું દ્વિત્વ થાય એવું કેમ ?

(a) आस्यम् — અહીં શિટ્ स् થી પરમાં રહેલ य् (વર્ગીય) પ્રથમ-દ્વિતીય વ્યંજન નથી. માટે આ સૂત્રથી તેનું દ્વિત્વ ન થયું.

(4) **શાકટાયન** વિગેરે કેટલાક વૈયાકરણો આદેશ રૂપ અનુનાસિકથી પરમાં પણ પ્રથમ-દ્વિતીય વ્યંજનનું વિકલ્પે દ્વિત્વ ઇચ્છે છે.

(a) त्वञ्च्छात्रः — * त्वम् + छात्रः, * 'तौ मुमो० १.३.१४' → त्वञ् छात्र, * **શેષ સાધનિકા યથાયોગ્ય રીતે ઉપર પ્રમાણે કરવાથી** → त्वञ्च्छात्रः, * **'વિકલ્પ પક્ષે'** → त्वञ्छात्रः।

[યદ્યપિ ઉપરોક્ત મત **શાકટાયન**નો છે તેમ લઘુન્યાસકારશ્રી જણાવે છે. પરંતુ શાકટાયનના મતે ञ् થી પરમાં વર્તતા छ् નું દ્વિત્વ પ્રાપ્ત જ નથી. તેમજ **પાણિનિ**ના મતે પણ પ્રાપ્ત નથી. તેથી ઉપરોક્ત મત કોઈ બીજા પ્રાચીન વૈયાકરણનો હોવો સંભવે છે. વિશેષ જાણવા જુઓ - આનંદબોધિની ટીકા.] ।।३५।।

## ततः शिटः ।।१.३.३६।।

**बृ.वृ.–ततः[(1)]–प्रथम-द्वितीयाभ्यां परस्य शिटः स्थाने द्वे रूपे वा भवतः। तच्[(2)] श्शेते, तच् शेते; षट् ष्षण्डे, षट् षण्डे; तत् स्साधुः तत्साधुः; वत्स्सः, वत्सः; क्ष्षीरम्, क्षीरम्; अप्स्सराः, अप्सराः। तत[(3)] इति किम्? भवान् साधुः। शिट[(4)] इति किम्? मथ्नाति, ख्याति ।।३६।।**

સૂત્રાર્થ :- (વર્ગીય) પ્રથમ અને દ્વિતીય વ્યંજનથી પરમાં રહેલા શિટ્ ના સ્થાને વિકલ્પે દ્વિત્વ થાય છે.

<u>વિવરણ :-</u> (1) तत् શબ્દ નજીકની પૂર્વવસ્તુનો પરામર્શક (બોધ કરાવનાર) હોવાથી સૂત્રવર્તી ततः પદ દ્વારા પૂર્વસૂત્રથી પ્રથમ-દ્વિતીય શબ્દની વિભક્તિનો વિપરિણામ કરી પંચમ્યન્ત પદ રૂપે અનુવૃત્તિ લેવાની છે.

(2) દૃષ્ટાંત -

| | | (i) तच् श्शेते | (ii) षट् ष्षण्डे | (iii) तत् स्साधु |
| --- | --- | --- | --- | --- |
| | | तद् शेते | षष् षण्डे | तद् साधु |
| * 'धुटस्तृतीयः २.१.७६' | → | तद् शेते | षड् षण्डे | तद् साधु |
| * 'तवर्गस्य० १.३.६०' | → | तज् शेते | ↓ | ↓ |
| * 'अघोषे प्रथमो० १.३.५०' | → | तच् शेते | षट् षण्डे | तत् साधु |
| * 'ततः शिटः १.३.३६' | → | तच् श्शेते। | षट् ष्षण्डे। | तत् स्साधु। |
| * 'વિકલ્પ પક્ષે' | → | तच् शेते। | षट् षण्डे। | तत् साधु। |

(iv) वत्स्सः — * वत्सः, * 'ततः शिटः १.३.३६' → वत्स्सः, * 'વિકલ્પ પક્ષે' → वत्सः।

(v) क्ष्षीरम्

| | | |
| --- | --- | --- |
| * 'घसि-वशि०(उणा०४१९)' | → | घस् + ईर |
| * 'गम-हन-जन०४.२.४४' | → | घ्स् + ईर |
| * 'घस्वर० २.३.३६' | → | घ्ष् + ईर |
| * 'अघोषे प्रथमो० १.३.५०' | → | क्ष्+ईर+सि |
| * 'अतः स्यमो० १.४.५७' | → | क्षीर + अम् |
| * 'समानादमो० १.४.४६' | → | क्षीर + म् |
| * 'ततः शिटः १.३.३६' | → | क्ष्षीरम्। |
| * 'વિકલ્પ પક્ષે' | → | क्षीरम्। |

(vi) अप्स्सराः

| | | |
| --- | --- | --- |
| * 'आपोऽपा०(उणा०९६४)' | → | अप्सर्+अस्+सि |
| * 'अभ्वादेरत्व० १.४.९०' | → | अप्सरास् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | अप्सरास् |
| * 'सो रुः २.१.७२' | → | अप्सरार् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | अप्सराः |
| * 'ततः शिटः १.३.३६' | → | अप्स्सराः। |
| * 'વિકલ્પ પક્ષે' | → | अप्सराः। |

(3) વર્ગીય પ્રથમ અને દ્વિતીય જ વ્યંજનથી પરમાં રહેલા શિટ્ નું દ્વિત્વ થાય એવું કેમ ?

(a) भवान् साधुः — * भवत् + सि, * 'ऋदुदितः १.४.७०' → भवन्त् + सि, * 'अभ्वादेरत्वस० १.४.९०' → भवान्त् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → भवान्त्, * 'पदस्य २.१.८९' → भवान्।

અહીં શિટ્ સ્ વર્ગીય પ્રથમ-દ્વિતીય વ્યંજનથી પરમાં નથી માટે આ સૂત્રથી તેનું દ્વિત્વ ન થયું.

(4) આ સૂત્રથી શિટ્નું જ દ્વિત્વ થાય એવું કેમ ?

(a) मथ्नाति —* मन्थ् + श्ना + ति, * 'नो व्यञ्जनस्या० ४.२.४५' → मथ् + श्ना + ति = मथ्नाति।

(b) ख्याति — * ख्यांक् (१०७१) + तिव् = ख्याति।

ઉપરોક્ત બન્ને સ્થળે દ્વિતીય વ્યંજન ક્રમશઃ थ् અને ख् થી પરમાં શિટ્ વર્ણ નથી માટે આ સૂત્રથી દ્વિત્વ ન થયું.

[* **વિશેષ — શંકા** :- આ સૂત્રમાં વર્ગીય પ્રથમ વ્યંજનથી પરમાં શિટ્ નું દ્વિત્વ થયું હોય તેવા ઉદાહરણો આપ્યા છે. પરંતુ વર્ગીય દ્વિતીય વ્યંજનથી પરમાં શિટ્નું દ્વિત્વ થયું હોય તેવું કોઈ ઉદાહરણ આપ્યું નથી. તો શું વર્ગીય દ્વિતીય વ્યંજનથી પરમાં શિટ્નું દ્વિત્વ નથી થતું ?

**સમાધાન** :- એવું નથી. દ્વિતીય વ્યંજનથી પરમાં પણ શિટ્નું દ્વિત્વ થાય છે. તે આ પ્રમાણે - ઉપરોક્ત अप्सरा સ્થળે જ્યારે 'शिट्याद्यस्य० १.३.५९' સૂત્રથી प् નો फ् આદેશ થાય ત્યારે પણ આ સૂત્રથી દ્વિત્વ થઈ શકે છે. પ્રયોગ → अफ्स्सराः।] ।।३६।।

## न रात् स्वरे ।।१.३.३७।।

**बृ.वृ.–रात् परस्य शिटः स्थाने स्वरे परे द्वे रूपे न भवतः। (1) दर्शनम्, विमर्शः, कर्षति, वर्षति, वृस्या इदं वार्सम्, कृसराया इदं कार्सरम्। (2) रादिति किम्? तच् श्शेते, षट् ष्षण्डे, वत्स्सः। (3) स्वर इति किम्? कश्श्यते, वर्ष्ष्यते। (4) शिट इत्येव? अर्क्कः, वर्च्चः। (5) "हार्दहस्वरस्य०" (१.३.३१) इति विकल्पे प्राप्ते प्रतिषेधः।।३७।।**

---

**સૂત્રાર્થ :-** र् થી પરમાં રહેલા શિટ્નું સ્વર પરમાં વર્તતા દ્વિત્વ થતું નથી.

**વિવરણ :- (1) દૃષ્ટાંત - (i) दर्शनम्** — * 'अनट् ५.३.१२४' → दृश् + अनट्, * 'नामिनो गुणो० ४.३.१' → दर्श् + अनट् = दर्शन + सि, * 'अतः स्यमो० १.४.५७' → दर्शन + अम्, * 'समानादमो० १.४.४६' → दर्शन + म् = दर्शनम्, * 'न रात्० १.३.३७' → દ્વિત્વનો નિષેધ.

**(ii) विमर्शः** — * वि + मृश्, * 'भावाऽकर्त्रोः ५.३.१८' → वि + मृश् + घञ्, * 'नामिनो गुणो० ४.३.१' → वि + मर्श् + घञ् = विमर्श + सि, * 'सो रुः २.१.७२' → विमर्शर्, * 'रः पदान्ते० १.३.५३' → विमर्शः, * 'न रात्० १.३.३७' → દ્વિત્વનો નિષેધ.

**(iii) कर्षति, (iv) वर्षति** — * कृष् + शव् + ति અને वृष् + शव् + ति, * 'नामिनो गुणो० ४.३.१' → कर्ष् + शव् + ति = कर्षति અને वर्ष् + शव् + ति = वर्षति, * 'न रात्० १.३.३७' → દ્વિત્વનો નિષેધ.

| (v) वार्सम् | | (vi) कार्सरम् | |
|---|---|---|---|
| | वृ (११२५) | | कृ (८८८) |
| * 'पृषोदरादयः ३.१.१५५' | → वृ+सीद्+डट् | * 'कृधूतन्यृ०(उणा०४४०)' | → कृ + सर = कृसर |
| * 'डित्यन्त्य० २.१.११४' | → वृ+स्+डट् =वृस | * 'आत् २.४.१८' | → कृसर+आप्=कृसरा |
| * 'गौरादिभ्यो० २.४.१९' | → वृस + ङी | * 'तस्येदम् ६.३.१६०' | → कृसरा + अण् |

| | | | |
|---|---|---|---|
| * 'अस्य ङ्याम्० २.४.८६' | → वृस्+ङी=वृसी | * 'अवर्णे० ७.४.६८' | → कृसर् + अण् |
| * 'तस्येदम् ६.३.१६०' | → वृसी + अण् | * 'वृद्धिः स्वरे० ७.४.१' | → कार्सर्+अण्+सि |
| * 'अवर्णे० ७.४.६८' | → वृस् + अण् | * 'अतः स्यमो० १.४.५७' | → कार्सर + अम् |
| * 'वृद्धिः स्वरे० ७.४.१' | → वार्स्+अण्+सि | * 'समानादमो० १.४.४६' | → कार्सर+म्=कार्सरम्। |
| * 'अतः स्यमो० १.४.५७' | → वार्स + अम् | * 'न रात्० १.३.३७' | → द्वित्वनो निषेध. |
| * 'समानादमो० १.४.४६' | → वार्स+म्=वार्सम्। | | |
| * 'न रात्० १.३.३७' | → द्वित्वनो निषेध. | | |

(2) र् थी જ પરમાં શિટ્નું દ્વિત્વ ન થાય એવું કેમ ?

**(a) तच् श्शेते, (b) षट् ष्षण्डे, (c) वत्स्सः** — * સાધનિકા '१.३.३६' સૂત્રના વિવરણમાં જોવી. ઉપરોક્ત ત્રણે સ્થળે શિટ્ વર્ણ र् થી પરમાં નથી, માટે આ સૂત્રથી તેમના દ્વિત્વનો નિષેધ ન થયો.

(3) र् થી પરમાં રહેલા શિટ્નું સ્વર પરમાં વર્તતાં જ દ્વિત્વ ન થાય એવું કેમ ?

| | | (a) कश्श्र्यते | (b) वर्ष्ष्यते |
|---|---|---|---|
| * 'चुरादिभ्यो० ३.४.१७' | → | कृश् + णिच् | वृष् + णिच् |
| * 'नामिनो गुणो० ४.३.१' | → | कर्श् + णिच् + ते | वर्ष् + णिच् + ते |
| * 'क्यः शिति ३.४.७०' | → | कर्शि + क्य + ते | वर्षि + क्य + ते |
| * 'णेरनिटि ४.३.८७' | → | कर्श् + क्य + ते = कश्र्यते | वर्ष् + क्य + ते = वर्ष्यते |
| * 'र्हादर्ह० १.३.३१' | → | कश्श्र्यते। | वर्ष्ष्यते। |

ઉપરોક્ત બંને સ્થળે र् થી પરમાં રહેલા શિટ્ વર્ણ પછી સ્વર નથી, માટે દ્વિત્વનો નિષેધ ન થયો.

(4) શિટ્નું જ દ્વિત્વ ન થાય એવું કેમ ?

| | (a) अर्क्कः | | (b) वर्च्चः |
|---|---|---|---|
| | अर्क + सि | * 'अस् (उणा० ९५२)' | → वर्च् + अस् = वर्चस् + सि |
| * 'सो रुः २.१.७२' | → अर्क + र् | * 'अनतो लुप् १.४.५९' | → वर्चस् |
| * 'रः पदान्ते० १.३.५३' | → अर्कः | * 'सो रुः २.१.७२' | → वर्चर् |
| * 'र्हादर्ह० १.३.३१' | → अर्क्कः। | * 'रः पदान्ते० १.३.५३' | → वर्चः |
| | | * 'र्हादर्ह० १.३.३१' | → वर्च्चः। |

ઉપરોક્ત બન્ને સ્થળે र् થી પરમાં શિટ્ વર્ણ નથી માટે આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ ન થયો.

(5) આ સૂત્રના દરેક દૃષ્ટાંત સ્થળે 'र्हादर्हस्वरस्य० १.३.३१' સૂત્રથી વિકલ્પે દ્વિત્વની પ્રાપ્તિ હતી, પરંતુ આ સૂત્રથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે ।।३७।।

## पुत्रस्याऽऽदिन्[1]-पुत्रादिन्याक्रोशे ।।१.३.३८।।

**बृ.वृ.–आदिन्शब्दे पुत्रादिन्शब्दे च परे पुत्रशब्दसम्बन्धिनस्तकारस्याक्रोशविषये द्वे रूपे न भवतः। "[2]अदीर्घाद् विरामैकव्यञ्जने" (१.३.३२) इति विकल्पे प्राप्ते प्रतिषेधः। [3]पुत्रादिनी त्वमसि पापे!, पुत्रपुत्रादिनी भव। [4]आदिन्-पुत्रादिनीति किम्? पुत्त्रहती, पुत्रहती; पुत्त्रजग्धी पुत्रजग्धी; "अनाच्छादजात्यादेर्नवा" (२.४.४७) इति वा ङीः। [5]आक्रोश इति किम्? पुत्त्रादिनी शिशुमारी, पुत्रादिनीति वा; पुत्त्रपुत्रादिनी नागी, पुत्रपुत्रादिनीति वा।।३८।।**

---

**सूत्रार्थ :-** आदिन् અને पुत्रादिन् શબ્દ પરમાં વર્તતા पुत्र શબ્દ સંબંધી त् નું આક્રોશના વિષયમાં દ્વિત્વ થતું નથી.

**સૂત્રસમાસ :-** ◆ आदिन् च पुत्रादिन् च = आदिन्पुत्रादिन् (स.द्व.), तस्मिन् = आदिन्पुत्रादिनि।

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રવર્તી आदिन् અંશસ્થળે 'नाम्नो नो० २.१.९१' સૂત્રથી न् ના લોપની પ્રાપ્તિ છે, છતાં સ્પષ્ટતા માટે જાણીને તેનો લોપ કર્યો નથી. આશય એ છે કે 'नाम्नो नो०' સૂત્રથી જો आदिन् ના न् નો લોપ કરવામાં આવે તો સૂત્રમાં आदि આવો પ્રયોગ થાય. તેથી સ્પષ્ટ ખ્યાલ ન આવે કે સૂત્રમાં आदि શબ્દ લેવાનો છે કે आदिन्?, आदिन् શબ્દ જ લેવાનો સ્પષ્ટપણે ખ્યાલ આવે તે માટે न् નો લોપ કર્યો નથી.

**(2)** આ સૂત્રના દરેક દૃષ્ટાંતસ્થળે 'अदीर्घात्० १.३.३२' સૂત્રથી વિકલ્પે દ્વિત્વની પ્રાપ્તિ હતી, પરંતુ આ સૂત્રથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

| **(3)** <u>દૃષ્ટાંત</u> - | | **(i) पुत्रादिनी त्वमसि पापे!**[A] | **(ii) पुत्रपुत्रादिनी भव** |
|---|---|---|---|
| | | पुत्रानत्तीत्येवंशीला = | [C]पुत्रपुत्रानत्तीत्येवंशीला = |
| ✻ '[B]अजातेः० ५.१.१५४' | → | पुत्र अद् + णिन् | पुत्रपुत्र अद् + णिन् |
| ✻ 'ञ्णिति ४.३.५०' | → | पुत्र आद् + णिन् | पुत्रपुत्र आद् + णिन् |
| ✻ 'ङस्युक्तं० ३.१.४९' | → | पुत्रादिन् | पुत्रपुत्रादिन् |
| ✻ 'स्त्रियां नृतो० २.४.१' | → | पुत्रादिन् + ङी + सि | पुत्रपुत्रादिन् + ङी + सि |
| ✻ 'दीर्घङ्याब्० १.४.४५' | → | पुत्रादिनी। | पुत्रपुत्रादिनी। |
| ✻ 'पुत्रस्यादिन्० १.३.३८' | → | **त् ના દ્વિત્વનો નિષેધ.** | **त् ના દ્વિત્વનો નિષેધ.** |

---

**(A)** पापे – ✻ 'अभ्रादिभ्यः ७.२.४६' → पापं विद्यते अस्याः = पाप + अ, ✻ 'अवर्णवर्णस्य ७.४.६८' → पाप् + अ = पाप, ✻ 'आत् २.४.१८' → पाप + आप् = पापा + सि (सं.), ✻ 'एदापः १.४.४२' → पापे!

**(B)** 'पुत्रानत्तीत्येवंशीला' અને 'पुत्रपुत्रानत्तीत्येवंशीला' વિગ્રહને લઈને જેમ 'अजातेः शीले ५.१.१५४' સૂત્રથી णिन् પ્રત્યય લાગે છે, તેમ 'पुनः पुनः पुत्रान् अत्ति' અને 'पुनः पुनः पुत्रपुत्रान् अत्ति' વિગ્રહને આશ્રયીને 'व्रताभीक्ष्ण्ये ५.१.१५७' સૂત્રથી णिन् પ્રત્યય લગાડીને પણ ઉપરોક્ત અવસ્થાઓ પ્રાપ્ત કરી શકાય છે.

**(C)** पुत्राणां पुत्राः = पुत्रपुत्राः ('३.१.७६' થી સમાસ).

**શંકા :-** સૂત્રમાં आदिन् અને पुत्रादिन् શબ્દો દર્શાવ્યા છે. જ્યારે દૃષ્ટાંતમાં સ્ત્રીલિંગ आदिनी અને पुत्रादिनी શબ્દો લીધા છે. આમ કેમ ચાલે ?

**સમાધાન :-** સૂત્રમાં ભલે आदिन् અને पुत्रादिन् શબ્દો દર્શાવ્યા હોય, છતાં દૃષ્ટાંતમાં *'**नामग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम्**'*(A) ન્યાયથી સ્ત્રીલિંગમાં વર્તતા आदिनी અને पुत्रादिनी શબ્દો લેવામાં કોઈ વાંધો નથી.

**શંકા :-** પણ શું પુંલિંગમાં કોઈ દૃષ્ટાંત જ નથી મળતા કે જેથી સ્ત્રીલિંગમાં દૃષ્ટાંતો બતાવવા પડે ?

**સમાધાન :-** એવું નથી. પરંતુ આ સૂત્રની પ્રવૃત્તિ આક્રોશના વિષયમાં થાય છે અને આક્રોશ પ્રાયઃ કરીને સ્ત્રીઓ ઉપર સંભવે છે, તેથી સ્ત્રીલિંગમાં દૃષ્ટાંતો બતાવ્યાં છે. બાકી સ્ત્રીની જેમ જો પુરુષ ઉપર પણ પુત્રને ખાવાના કારણે આક્રોશ સંભવતો હોય તો ત્યાં પણ આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ થાય છે. દા.ત. - पुत्रादी भव।

[**શંકા :-** पुत्रपुत्रादिनी સ્થળે પ્રથમ पुत्र શબ્દની પરમાં पुत्रादिन् શબ્દ હોવાથી ત્યાં ભલે त् ના દ્વિત્વનો આ સૂત્રથી નિષેધ થાય. પરંતુ દ્વિતીય पुत्र શબ્દ સંબંધી त् નું તો દ્વિત્વ થવું જોઈએ ને ?

**સમાધાન :-** દ્વિતીય पुत्र શબ્દની પરમાં જે आदिन् શબ્દ છે તે પરમાં રહેતા પણ આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ થાય છે. માટે દ્વિતીય पुत्र શબ્દ સંબંધી त् નું દ્વિત્વ ન થઈ શકે.

**શંકા :-** पुत्राणां पुत्राः = पुत्रपुत्राः અવસ્થામાં પૂર્વે 'अदीर्घात्० १.३.३२' સૂત્રથી દ્વિત્વ કર્યા બાદ आदिन् શબ્દ સાથે સમાસ કરવામાં આવે તો બંને पुत्र શબ્દ સંબંધી त् નું દ્વિત્વ થઈ શકે છે. તો તેમ કેમ નથી કરતા ?

**સમાધાન :-** જો એમ કરીએ તો બધા દૃષ્ટાંતસ્થળે દ્વિત્વનો પ્રસંગ આવવાથી ક્યાંય આ સૂત્રની પ્રવૃત્તિને અવકાશ ન રહેતા આ સૂત્ર નિરર્થક બને. માટે આ રીતે પૂર્વે દ્વિત્વ ન થઈ શકે.]

(4) आदिन् અને पुत्रादिन् શબ્દો જ પરમાં હોવા જોઈએ એવું કેમ ?

| (a) **पुत्रहती** | (b) **पुत्रजग्धी** |
|---|---|
| **पुत्रान् हन्ति स्म** | **पुत्रानत्ति स्म** |
| ✻ **'क्त-क्तवतू ५.१.१७४' → हन् + क्त** | ✻ **'क्त-क्तवतू ५.१.१७४' → अद् + क्त** |
| ✻ **'यमि-रमि० ४.२.५५' → ह + क्त** | ✻ **'यपि चादो० ४.४.१६' → जग्ध् + क्त** |
| ✻ **'एकार्थं चाने० ३.१.२२' → पुत्रो हतो यमा सा=पुत्रहत** | ✻ **'अधश्चतुर्थात्० २.१.७९' → जग्ध् + ध** |
| ✻ **'अनाच्छाद० २.४.४७' → पुत्रहत + ङी** | ✻ **'तृतीयस्तृतीय० १.३.४९' → जग्द् + ध** |

(A) સૂત્રમાં નામમાત્રનો નિર્દેશ કર્યો હોય ત્યારે સ્ત્રીલિંગ આદિ લિંગના બોધક ङी, आप् વિગેરે પ્રત્યયોથી વિશિષ્ટ (= સહિત) તે નામનું પણ સૂત્રમાં ગ્રહણ થાય છે.

| | |
|---|---|
| ✽ 'अस्य ङ्याम० २.४.८६' → पुत्रहत्+ङी+सि | ✽ 'धुटो धुटि० १.३.४८' → जग् + ध = जग्ध |
| ✽ 'दीर्घङ्याब्० १.४.४५' → पुत्रहती | ✽ 'एकार्थं चाने० ३.१.२२' → पुत्रो जग्धो यया सा=पुत्रजग्ध |
| ✽ 'अदीर्घाद्० १.३.३२' → पुत्त्रहती। | ✽ 'अनाच्छाद० २.४.४७' → पुत्र जग्ध + ङी |
| ✽ 'વિકલ્પ પક્ષે' → पुत्रहती। | ✽ 'अस्य ङ्याम० २.४.८६' → पुत्रजग्ध् + ङी + सि |
| | ✽ 'दीर्घङ्याब्० १.४.४५' → पुत्रजग्धी |
| | ✽ 'अदीर्घाद्० १.३.३२' → पुत्त्रजग्धी। |
| | ✽ 'વિકલ્પ પક્ષે' → पुत्रजग्धी। |

ઉપરોક્ત બંને સ્થળે पुत्र શબ્દની પરમાં आदिन् અને पुत्रादिन् શબ્દો ન હોવાથી આ સૂત્રથી पुत्र ના त् ના દ્વિત્વનો નિષેધ ન થયો.

(5) આક્રોશના વિષયમાં જ આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ થાય એવું કેમ ?

**(a) पुत्त्रादिनी शिशुमारी, पुत्रादिनी शिशुमारी (b) पुत्त्रपुत्रादिनी नागी, पुत्रपुत्रादिनी नागी** — पुत्त्रादिनी અને पुत्त्रपुत्रादिनी પ્રયોગની સાધનિકા ઉપર દૃષ્ટાંત સ્થળે જોવી. માત્ર એટલું વિશેષ કે સાધનિકામાં છેલ્લે 'पुत्रस्यादिन्० १.३.३८' સૂત્રથી त् ના દ્વિત્વનો નિષેધ ન કરતા 'अदीर्घाद्० १.३.३२' સૂત્રથી વિકલ્પે દ્વિત્વ કરવું.

| | |
|---|---|
| ✽ 'कर्मणोऽण् ५.१.७२' → शिशु मारि + अण् | ✽ 'नाम्नो गमः ५.१.१३१' → न गम् + ड |
| ✽ 'णेरनिटि ४.३.८३' → शिशु मार् + अण् | ✽ 'डित्यन्त्य० २.१.११४' → न ग् + ड = न ग |
| ✽ 'ङस्युक्तं० ३.१.४९' → शिशु+मार=शिशुमार | ✽ 'ङस्युक्तं० ३.१.४९' → नग |
| ✽ 'अणञेये० २.४.२०' → शिशुमार + ङी | ✽ 'नञत् ३.२.१२५' → अग |
| ✽ 'अस्य ङ्याम्० २.४.८६' → शिशुमार्+ङी+सि | ✽ 'नञ् ३.१.५१' → न + अग |
| ✽ 'दीर्घङ्याब्० १.४.४५' → शिशुमारी। | ✽ 'नखादयः ३.२.१२८' → नाग |
| | ✽ 'जातेरयान्त०२.४.५४' → नाग + ङी |
| | ✽ 'अस्य ङ्याम्०२.४.८६' → नाग् + ङी + सि |
| | ✽ 'दीर्घङ्याब्० १.४.४५' → नागी। |

ઉપરોક્ત બંને સ્થળે આક્રોશ નથી. પરંતુ તત્ત્વાખ્યાન (સ્વરૂપ કથન) છે. આરોપપૂર્વકની જ્યાં નિંદા હોય ત્યાં આક્રોશ સંભવી શકે છે. દા.ત. કોઇ વ્યક્તિને 'ગધેડો' કહીએ ત્યાં વાસ્તવિકતાએ તે વ્યક્તિ ગધેડો નથી, પરંતુ તેનામાં ગર્દભત્વનો આરોપ કરીને તેને 'ગધેડા' તરીકે નિંદવામાં આવે છે. આવા સ્થળે આક્રોશ સંભવી શકે છે. પરંતુ જ્યાં સ્વરૂપ (વાસ્તવિકતા)નું કથન હોય ત્યાં આક્રોશ સંભવતો નથી. ઉપર સાચે જ પુત્રને

ખાનારી શિશુમારીને ઉદ્દેશીને पुत्रादिनी शिशुमारी પ્રયોગ અને પુત્રના પુત્રને ખાનારી નાગણને ઉદ્દેશીને पुत्रपुत्रादिनी नागी પ્રયોગ થયો હોવાથી ત્યાં સ્વરૂપનું કથન છે, આક્રોશ નહીં. માટે આ સૂત્રથી દ્વિત્વનો નિષેધ ન થયો ।।૩૮।।

## म्नां धुड्वर्गे(4)ऽन्त्योऽपदान्ते ।।१.३.३९।।

**बृ.वृ.–(1)अन्विति वर्तते, अपदान्ते वर्तमानानां मकार-नकाराणां धुट्संज्ञके वर्गे परे (2)प्रत्यासत्तेर्निमित्तवर्गस्यैवान्त्योऽनु भवति। (3)म्-गन्ता, गन्तुम्। न्-शङ्किता, शङ्कितुम्, अञ्चिता, अञ्चितुम्, कुण्ठिता, कुण्ठितुम्, नन्दिता, नन्दितुम्, कम्पिता, कम्पितुम्। (5)म्नामिति बहुवचनं वर्णान्तरबाधनार्थम्, तेन–'कुर्वन्ति, कृषन्ति, विस्रम्भः, संरम्भः' इत्यत्र नकारस्य णत्वं बाधित्वा अनेन वर्गान्त्य एव भवति; '(6)क्रान्त्वा, भ्रान्त्वा' इत्यत्रापि नकारे कृते णत्वबाधनार्थं पुनर्नकारः। (7)धुडिति किम्? आहन्महे, प्रहन्मः। (8)धुड्वर्ग-इति किम्? गम्यते, हन्यते। (9)अपदान्त इति किम्? भवान् करोति। (10)अन्वित्यधिकाराद् व्यङ्क्ता, व्यङ्क्तुमित्यत्राञ्जेर्गत्वे कत्वे च कृते पश्चात् कवर्गान्त्यः, अन्यथा चवर्गान्त्यः स्यात् ।।३९।।**

---

**सूत्रार्थ :-** પદને અંતે ન રહેલા म् અને न्‌નો વર્ગીય ધુટ્ વ્યંજન પરમાં વર્તતા તે ધુટ્ વ્યંજનના વર્ગનો જ અંત્ય અક્ષર બીજા સૂત્રોનું કાર્ય કર્યા બાદ થાય છે.

**सूत्रसमास :-** ◆ म् च न् च = म्न् (सं.द्व.), तेषां = म्नाम्। ◆ धुट् चासौ वर्गश्च = धुड्वर्गः (कर्म.), तस्मिन् = धुड्वर्गे। ◆ पदस्य अन्तः = पदान्तः (ष. तत्.), न पदान्तः = अपदान्तः (नञ् तत्.), तस्मिन् = अपदान्ते।

<u>વિવરણ :-</u> **(1)** 'र्हादर्हे० १.३.३१' સૂત્રથી શરૂ થયેલો अनु નો અધિકાર 'अञ्वर्गस्या० १.३.३२' સૂત્ર સુધી આવ્યો. પછી વચ્ચેના સૂત્રોમાં अनु નો અધિકાર ન ચાલ્યો. ફરી પાછો આ સૂત્રમાં अनु નો અધિકાર લીધો છે, તે ***'मण्डुकप्लुतिः'***[(A)] ન્યાયાનુસાર લીધો છે.

**(2) શંકા :-** આ સૂત્રથી म् અને न्‌નો જે અંત્ય આદેશ થાય છે, તે બીજા કોઈના અંત્ય અક્ષર રૂપે ન થતાં નિમિત્ત એવા વર્ગીય ધુટ્ વ્યંજનના વર્ગના જ અંત્ય અક્ષર રૂપે કેમ થાય છે ?

**સમાધાન :-** આ સૂત્રથી થતાં અંત્ય આદેશને સ્થાની म् અને न् તેમજ નિમિત્ત વર્ગીય ધુટ્ વ્યંજન જ પ્રત્યાસન્ન (= લાગતા વળગતા) છે. તેથી બીજા કોઈ લાગતા વળગતા ન હોવાથી બીજાના અંત્ય અક્ષર રૂપે તો म् અને न्‌નો આદેશ થવાનો સવાલ જ નથી રહેતો. હવે સ્થાની અને નિમિત્ત પૈકી સ્થાની म् અને न् પોતે જ

---

(A) દેડકો જેમ કૂદતી વખતે વચ્ચેની કેટલીક જમીનને સ્પર્શ્યા વિના આગળ વધે છે, તેમ જે અધિકાર વચ્ચેના કેટલાક સૂત્રોને છોડીને આગળના સૂત્રોમાં અનુવર્તે છે તે અધિકારને મણ્ડુકપ્લુતિ અધિકાર કહેવાય છે.

વર્ગીય અંત્ય અક્ષર છે, પરંતુ તેમની પરમાં કોઈ અક્ષર નથી કે જેને અંત્ય રૂપે ગણાવી म् અને न् નો તે અંત્ય અક્ષર રૂપે આદેશ કરી શકાય. વળી અંત્ય શબ્દ સાપેક્ષ છે. અર્થાત્ તે પોતાની પૂર્વમાં કોઈ અક્ષર હોવો જોઈએ એવી અપેક્ષા રાખે છે. તેથી વર્ગીય ધુટ્ વ્યંજનો જ એવા છે કે જેમને પોતાના વર્ગના અંત્યઅક્ષર રૂપે ङ्, ञ्, ण्, न् અને म् અક્ષરો પ્રાપ્ત થાય છે. માટે નિમિત્ત એવા વર્ગીય ધુટ્ વ્યંજનના વર્ગના જ અંત્યઅક્ષર રૂપે म् અને न् નો અંત્યાદેશ થાય છે.

(3) <u>દૃષ્ટાંત</u> -

| | (i) गन्ता | (ii) शङ्किता | (iii) अञ्चिता | (iv) कुण्ठिता |
|---|---|---|---|---|
| | गम् + तृच् | शक् + तृच् | अन्च् + तृच् | कुठ् + तृच् |
| * 'उदितः० ४.४.९८' → | ↓ | शन्क् + तृच् | ↓ | कुन्ठ् + तृच् |
| * 'स्ताद्यशितो०४.४.३२' → | ↓ | शन्क्+इट्+तृच् | अन्च्+इट्+तृच् | कुन्ठ्+इट्+तृच् |
| * 'म्नां धुड्० १.३.३९' → | गन्तृ + सि | शङ्कितृ + सि | अञ्चितृ + सि | कुण्ठितृ + सि |
| * 'ऋदुशनस्०१.४.८४' → | गन्तृ + डा | शङ्कितृ + डा | अञ्चितृ + डा | कुण्ठितृ + डा |
| * 'डित्यन्त्य०२.१.११४' → | गन्त् + डा | शङ्कित् + डा | अञ्चित् + डा | कुण्ठित् + डा |
| | = गन्ता। | = शङ्किता। | = अञ्चिता। | = कुण्ठिता। |

**(v) नन्दिता (नद् + तृच्) અને (vi) कम्पिता (कप् + तृच्) ની સાધનિકા દૃષ્ટાંત (ii) પ્રમાણે સમજવી.**

| | (vii) गन्तुम् | (viii) शङ्कितुम् | (ix) अञ्चितुम् | (x) कुण्ठितुम् |
|---|---|---|---|---|
| | गम् + तुम् | शक् + तुम् | अन्च् + तुम् | कुठ् + तुम् |
| * 'उदितः० ४.४.९८' → | | शन्क् + तुम् | | कुन्ठ् + तुम् |
| * 'स्ताद्यशितो० ४.४.३२' → | | शन्क्+इट्+तुम् | अन्च्+इट्+तुम् | कुन्ठ्+इट्+तुम् |
| * 'म्नां धुड्० १.३.३९' → | गन्तुम् + सि | शङ्कितुम्+सि | अञ्चितुम् + सि | कुण्ठितुम् + सि |
| * 'अव्ययस्य० ३.२.७' → | गन्तुम्। | शङ्कितुम्। | अञ्चितुम्। | कुण्ठितुम्। |

**(xi) नन्दितुम् અને (xii) कम्पितुम् ની સાધનિકા દૃષ્ટાંત (viii) પ્રમાણે સમજવી.**

(4) **શંકા :-** સૂત્રમાં वर्ग શબ્દ કેમ મૂક્યો છે ?

**સમાધાન :-** સૂત્રમાં वर्ग શબ્દ ન મૂકીએ તો સૂત્ર 'म्नां धुटि अन्त्योऽपदान्ते' આવું બને. તેથી સૂત્રનો અર્થ "પદને અંતે ન રહેલા म् અને न् નો ધુટ્ વ્યંજન પરમાં વર્તતા તે ધુટ્ વ્યંજનનો જ અંત્ય અક્ષર થાય છે."

આવો થાય. હવે गम् + तृच् અવસ્થામાં અપદાન્ત म् પછી ધુટ્ વ્યંજન त् છે અને त् ની અપેક્ષાએ थ् વ્યંજન પણ અંત્ય (પછીનો) છે. તેથી આ સૂત્રથી गम् ના म् નો ધુટ્ વ્યંજન त् પરમાં વર્તતા તે ધુટ્ વ્યંજન त् નો અંત્ય (પછીનો) थ् આદેશ થવાની આપત્તિ આવે છે. તેમ ન થાય માટે સૂત્રમાં वर्ग શબ્દ મૂક્યો છે. थ् શબ્દ त् નો અંત્ય છે, પણ તે त् ને લગતા વર્ગનો અંત્ય નથી.

(5) **શંકા :-** સૂત્રમાં म्नाम् આ પ્રમાણે બહુવચન કેમ કર્યું છે ?

**સમાધાન :-** '*वर्णग्रहणे जातिग्रहणम्*(A)' ન્યાયથી સૂત્રમાં म् અને न् વર્ણનું જાતિપક્ષ અનુસારે ગ્રહણ ન થતાં વ્યક્તિપક્ષ અનુસારે ગ્રહણ થાય તે માટે સૂત્રમાં બહુવચન કર્યું છે.

**શંકા :-** જાતિપક્ષને છોડીને વ્યક્તિપક્ષને ગ્રહણ કરવાનો આગ્રહ કેમ રાખો છો ?

**સમાધાન :-** (B)જાતિપક્ષ અનુસારે સૂત્રવર્તી 'म्नाम्' પદથી मत्व અને नत्व જાતિનું ગ્રહણ થાય અને मत्व તથા नत्व જાતિના આશ્રય તો ક્રમશઃ બધા જ म् અને न् બનતા હોવાથી આ સૂત્રમાં આદેશી તરીકે બધા म् અને न् પ્રાપ્ત થાય. જ્યારે (C)વ્યક્તિપક્ષ અનુસારે સૂત્રવર્તી म्नाम् પદથી કોઇ એકાદ म् અને न् વ્યક્તિ જ આદેશી રૂપે પ્રાપ્ત થઇ શકે અને તે એક જ म् અને न् માટે આ સૂત્ર અનામત થઇ જાય. તેથી જો દરેક म् અને न् નો આ સૂત્રથી આદેશ કરવો હોય તો આ સૂત્ર દરેક म् અને न् ને માટે (D)જુદું જુદું માનવું પડે. આમ દરેક म् અને न् ને લઇને અમારે આ સૂત્ર જુદું જુદું માનવું છે, માટે અમે સૂત્રમાં વ્યક્તિપક્ષને ગ્રહણ કરવાનો આગ્રહ રાખીએ છીએ.

**શંકા :-** પણ આ રીતે સૂત્રને જુદું જુદું માનીને તમારે ફળ શું મેળવવું છે ?

**સમાધાન :-** જો આ સૂત્ર દરેક म् અને न् ને લઇને જુદું જુદું મનાય તો कुर्वन्ति, कृषन्ति, विस्रम्भः અને संरम्भः સ્થળે 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી न् નો ण् આદેશ ન થઇ શકવા રૂપ ફળ મળે છે. આશય એ છે કે कुर्वन्ति સ્થળે अन्ति ના અપદાન્ત न् નો આ સૂત્રથી પુનઃ न् આદેશ પ્રાપ્ત છે અને 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી ण् આદેશ પણ પ્રાપ્ત છે. હવે જો ण् આદેશ કરીએ તો न् નો न् આદેશ કરવા (વ્યક્તિપક્ષ અનુસારે) જુદું મનાયેલ

---

(A) વર્ણના ગ્રહણથી એ વર્ણને સજાતીય અનેક વર્ણોનું ગ્રહણ થાય છે.

(B) જાતિપક્ષ પ્રમાણે કોઇપણ શબ્દથી 'જાતિ' વાચ્ય બને છે. પછી જાતિ વ્યક્તિને આશ્રયીને જ રહેતી હોવાથી તે જાતિના આશ્રય જેટલા વ્યક્તિઓ હોય તે પણ સાથે સાથે જણાઇ આવે છે. દા.ત. ઘટ શબ્દથી ઘટત્વ જાતિ વાચ્ય બને અને ઘટત્વ જાતિ દરેક ઘટમાં રહેતી હોવાથી ઘટ શબ્દથી બધા ઘડા પણ જણાય છે.

(C) વ્યક્તિપક્ષ પ્રમાણે કોઇપણ શબ્દથી 'વ્યક્તિ' વાચ્ય બને છે અને '*सकृदुच्चरितः शब्दः सकृदेवाऽर्थं गमयति*' નિયમાનુસારે સૂત્રમાં દર્શાવેલા શબ્દ દ્વારા કોઇપણ એક જ વ્યક્તિ પદાર્થ વાચ્ય બની શકે છે.

(D) **व्यक्तौ पदार्थे 'प्रतिलक्ष्यं लक्षणोपप्लवः' (यावन्ति लक्ष्याणि तावन्ति सूत्राणि कल्प्यन्ते)। (परि.शे. ४०)**

આ સૂત્ર બીજે ક્યાંય ચરિતાર્થ ન થતાં નિરર્થક થવાનો પ્રસંગ આવે છે. સૂત્રની રચના નિરર્થક તો હોય નહીં. તેથી આ સૂત્ર 'रषृवर्णान्०' સૂત્રથી થતાં ण् નો બાધ કરી પુનઃ न् આદેશ કરવા દ્વારા ચરિતાર્થ થાય છે. આમ कुर्वण्ति ના બદલે कुर्वन्ति આવો યોગ્ય પ્રયોગ સિદ્ધ થઈ શકે છે. कृषन्ति, विस्रम्भः અને संरम्भः સ્થળે પણ ઉપરોક્ત રીતે न् નો ण् આદેશ ન થતાં ક્રમશઃ न् , म् અને म् આદેશ થયો છે.

**(xiii) कुर्वन्ति**

| | | |
|---|---|---|
| | | कृ+उ+अन्ति |
| * 'नामिनो० ४.३.१' | → | कर्+उ+अन्ति |
| * 'अतः शित्युत् ४.२.८९' | → | कुर्+उ+अन्ति |
| * 'इवर्णादे० १.२.२१' | → | कुर्+व्+अन्ति |
| * 'म्नां धुड्वर्गे०१.३.३९' | → | कुर्वन्ति। |

**(xiv) विस्रम्भः (xv) संरम्भः**

| | | (xiv) विस्रम्भः | (xv) संरम्भः |
|---|---|---|---|
| | | वि+स्रन्भ् | सम् + रभ् |
| * 'भावाकर्त्रोः ५.३.१८' | → | वि+स्रन्भ्+घञ् | सम्+रभ्+घञ् |
| * 'रभोऽपरो०४.४.१०२' | → | ↓ | सम्+रन्भ्+घञ् |
| * 'तौ मुमो० १.३.१४' | → | ↓ | संरन्भ् + घञ् |
| * 'म्नां धुड्वर्गे०१.३.३९' | → | विस्रम्भ + सि | संरम्भ + सि |
| * 'सो रुः २.१.७२' | → | विस्रम्भर् | संरम्भर् |
| * 'रः पदान्ते०१.३.५३' | → | विस्रम्भः। | संरम्भः। |

**(xvi) कृषन्ति — * कृष् + श + अन्ति, * 'लुगस्या० २.१.११३' → कृष् + अन्ति, * 'म्नां धुड्वर्गे० १.३.३९' → कृषन्ति।**

**શંકા :-** शङ्किता સ્થળે 'अदीर्घाद्० १.३.३२' સૂત્રથી ङ् નું દ્વિત્વ કેમ નથી કરતા ?

**સમાધાન :-** હમણાં તો કીધું કે સૂત્રમાં બહુવચન દ્વારા વ્યક્તિપક્ષ સૂચવાયો છે. હવે વ્યક્તિપક્ષ મુજબ शङ्किता સ્થળે न् નો ङ् આદેશ કરવા જુદા મનાયેલા આ સૂત્રથી થયેલો ङ् આદેશ જો દ્વિત્વ પામે તો તે ङ् આદેશ નિરર્થક ઠરતા આ સૂત્ર અચરિતાર્થ થવાનો પ્રસંગ આવે છે. તેથી અચરિતાર્થ થતું આ સૂત્ર દ્વિત્વ આદેશનો બાધ કરે છે. માટે અમે शङ्किता સ્થળે ङ् નું દ્વિત્વ નથી કરતા.

**શંકા :-** 'अदीर्घात्० १.३.३२' સૂત્રથી ङ् નું દ્વિત્વ કરીએ તો પણ આ સૂત્રથી થયેલો न् નો ङ् આદેશ તો જળવાયેલો જ રહે છે. તેથી આ સૂત્ર અચરિતાર્થ શી રીતે બને ?

**સમાધાન :-** બરાબર છે. આ સૂત્ર એમ અચરિતાર્થ નથી બનતું, પરંતુ 'अञ्वर्गात्० १.२.४०' સૂત્રથી જેમ *મણ્ડુકપ્લુતિ* ન્યાયે 'तृतीयस्य पञ्चमे १.३.१' સૂત્રમાં [A]અસત્ નો અધિકાર આવે છે, તેમ 'अदीर्घात्० १.३.३२' સૂત્રમાં પણ તેનો આવશ્યકતાનુસાર અધિકાર આવે છે. તેથી शङ्किता સ્થળે ङ् નું દ્વિત્વ કરવાના અવસરે 'अदीर्घात्०' સૂત્ર અસત્ થવાથી તેનાથી ङ् નું દ્વિત્વ થઈ શકતું નથી.

(A) अञ्वर्गात्० १.२.४०' इत्यतोऽसदधिकारस्य प्रयोजनवशादिष्टत्वाद्..... (१.३.१ लघुन्यासः)

| (6) | | (xvii) क्रान्त्वा | (xviii) भ्रान्त्वा |
|---|---|---|---|
| | | क्रम् (३८५) | भ्रम् (९७०) |
| * 'प्राक्काले ५.४.४७' | → | क्रम् + त्वा | भ्रम् + त्वा |
| * 'क्रमः क्त्वि वा ४.१.१०६' | → | क्राम् + त्वा | ↓ |
| * 'अहन्पञ्चमस्य० ४.१.१०७' | → | ↓ | भ्राम् + त्वा |
| * 'म्नां धुड्वर्गे० १.३.३९' | → | क्रान् + त्वा + सि | भ्रान् + त्वा + सि |
| * 'म्नां धुड्वर्गे० १.३.३९' | → | क्रान्त्वा + सि | भ्रान्त्वा + सि |
| * 'अव्ययस्य ३.२.७' | → | क्रान्त्वा। | भ्रान्त्वा। |

ઉપરોક્ત બન્ને સ્થળે આ સૂત્રથી क्राम् અને भ्राम् અવસ્થામાં म् નો न् આદેશ થયા પછી ફરી વ્યક્તિપક્ષ અનુસારે જુદાં જુદાં મનાયેલા આ સૂત્ર દ્વારા न् નો न् આદેશ થયો છે.

**શંકા :-** આ રીતે न् નો એવોને એવો न् આદેશ કરી શું ફળ મેળવ્યું ? જ્યાં કોઇ ફળ ન મળતું હોય ત્યાં ***'यं विधिं प्रत्युपदेशोऽनर्थकः स विधिर्बाध्यते'***(A) ન્યાયથી તે વિધિ બાધિત થાય છે, અર્થાત્ न् નો न्આદેશ ન થઇ શકે.

**સમાધાન :-** આગળ कुर्वन्ति સ્થળે જેમ न् નો न् આદેશ 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી થતાં ण् આદેશનો બાધક બન્યો, તેમ અહીં (क्रन्त्वा, भ्रान्त्वा સ્થળે) પણ न् નો न् આદેશ થવાથી 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી પ્રાપ્ત न् ના ण् આદેશનો બાધ થવા રૂપ ફળ મળે છે. માટે न् નો પુનઃ न् આદેશ થઇ શકે છે. અહીં ण् આદેશના બાધની ઘટમાનતા આગળ कुर्वन्ति પ્રયોગની સાધનિકા પૂર્વે દર્શાવ્યા પ્રમાણે કરી લેવી.

(7) ધુટ્ વ્યંજન પરમાં હોય તો જ આ સૂત્ર લાગે એવું કેમ ?

**(a) आहन्महे — * आ + हन् + महे = आहन्महे।**

**(b) प्रहन्मः — * प्र + हन् + मस् = प्रहन्मस्, * 'सो रुः २.१.७२' → प्रहन्मर्, * 'रः पदान्ते० १.३.५३' → प्रहन्मः।**

ઉપરોક્ત બંને સ્થળે અપદાન્ત न् ની પરમાં રહેલો म् વર્ગીય વ્યંજન હોવા છતાં ધુટ્ વ્યંજન નથી. માટે આ સૂત્રથી न् નો અંત્ય આદેશ ન થયો.

(8) ધુટ્ સંજ્ઞક વર્ગીય વ્યંજન જ પરમાં હોય તો આ સૂત્ર લાગે એવું કેમ ?

**(a) गम्यते (b) हन्यते — * गम् + ते અને हन् + ते, * 'क्यः शिति ३.४.७०' → गम् + क्य + ते = गम्यते અને हन् + क्य + ते = हन्यते।**

(A) જ્યાં સૂત્રની પ્રવૃત્તિ થવા છતાં કાંઇ ફળ મળતું ન હોય ત્યાં તે સૂત્રની પ્રવૃત્તિ બાધિત થાય છે.

અહીં ક્રમશઃ અપદાન્ત म् અને न् ની પરમાં રહેલો य् ધુટ્સંજ્ઞક વર્ગીય વ્યંજન ન હોવાથી આ સૂત્રથી તેમનો અંત્ય આદેશ ન થયો. જો સૂત્રમાં 'धुड्वर्गे' પદનું ઉપાદાન ન કર્યું હોત તો म् અને न् નો य् ના અંત્ય (= પછીના र् વ્યંજન) રૂપે આદેશ થાત અને અનિષ્ટ રૂપ નિષ્પન્ન થાત.

(9) આ સૂત્રથી પદને અંતે ન વર્તતા એવા જ म् અને न् નો અંત્ય આદેશ થાય એવું કેમ ?

**(a) भवान् करोति** — ✻ અહીં भवान् નો न् પદને અંતે હોવાથી તેની પરમાં વર્ગીય ધુટ્ વ્યંજન क् હોવા છતાં પણ આ સૂત્રથી न् નો અંત્ય આદેશ ન થયો.

(10) આ સૂત્રમાં અનુ નો અધિકાર આવે છે. તેથી બીજા સૂત્રોનું કાર્ય કર્યા પછી આ સૂત્રની પ્રવૃત્તિ થશે.

| | | (a) व्यङ्क्ता | (b) व्यङ्क्तुम् |
|---|---|---|---|
| | | वि + अन्ज् (१४८८) | वि + अन्ज् (१४८८) |
| ✻ 'णकतृचौ ५.१.४८' | → | वि + अन्ज् + तृच् | ↓ |
| ✻ 'क्रियायां क्रियार्थायां० ५.३.१३' | → | ↓ | वि + अन्ज् + तुम् |
| ✻ 'चजः कगम् २.१.८६' | → | वि + अन्ग् + तृच् | वि + अन्ग् + तुम् |
| ✻ 'अघोषे प्रथमो० १.३.५०' | → | वि + अन्क् + तृच् | वि + अन्क् + तुम् |
| ✻ 'म्नां धुड्वर्गे० १.३.३९' | → | वि + अङ्क्तृ + सि | वि + अङ्क्तुम् + सि |
| ✻ 'इवर्णादे० १.२.२१' | → | व्यङ्क्तृ + सि | व्यङ्क्तुम् + सि |
| ✻ 'अव्ययस्य ३.२.८' | → | ↓ | व्यङ्क्तुम् |
| ✻ 'ऋदुशनस्० १.४.८४' | → | व्यङ्क्तृ + डा | ↓ |
| ✻ 'डित्यन्त्य० २.१.११४' | → | व्यङ्क्त् + डा | ↓ |
| | | = व्यङ्क्ता। | = व्यङ्क्तुम्। |

સૂત્રમાં અનુ નો અધિકાર લીધો તેથી ઉપરોક્ત સ્થળે अन्ज् ના ज् નો ग् વિગેરે કાર્યો પૂર્વે થયા અને પછી આ સૂત્રથી न् નો ङ् થયો. બાકી જો સૂત્રમાં અનુ નો અધિકાર ન લઈએ તો ઉપરોક્ત દષ્ટાંત સ્થળે वि + अन्ज् + तृच् અને वि + अन्ज् + तुम् અવસ્થામાં એકસાથે આ સૂત્ર અને 'चजः कगम् २.१.८६' સૂત્ર લાગવાની પ્રાપ્તિ આવે, પરંતુ આ સૂત્રથી થતું કાર્ય પૂર્વવ્યવસ્થિત હોવાથી અંતરંગ ગણાતા તે પૂર્વે થાય. તેથી वि + अञ्ज् + तृच् અને वि + अञ्ज् + तुम् અવસ્થા પ્રાપ્ત થતા પાછળથી 'चजः कगम् २.१.८६' સૂત્રથી ज् નો ग् અને 'अघोषे प्रथमो० १.३.५०' સૂત્રથી ग् નો क् આદેશ થાય તો પણ व्यञ्क्ता અને व्यञ्क्तुम् આવા અનિષ્ટ પ્રયોગો વારી શકાય નહીં ।।૩૯।।

## शिड्-हेऽनुस्वारः ।।१.३.४०।।

बृ.वृ.–अपदान्ते वर्तमानानां म्नां स्थाने शिटि हकारे च परे अनुस्वार आदेशोऽनु भवति। (1) म्-पुंसि, गंस्यते; न्-दंशः, सुदिंशि कुलानि, वपूंषि, धनूंषि, यशांसि, पयांसि, गुडलिंहि, स्वनड्वांहि कुलानि। (2) म्नामिति बहुवचनाद् बृंहणमित्यत्र णत्वं, दंश इत्यादौ अत्वं च बाधित्वाऽनेनाऽनुस्वार एव भवति; एवम्-सर्पींषि, सुदृंशि। (3) शिड्-ह इति किम्? गम्यते, हन्यते। (4) अपदान्त इत्येव? भवान् साधुः, श्रेयान् हेतुः। (5) अन्वित्येव? पिण्ढि, शिण्ढि, अत्र पिष्-शिषोर्हो तस्य धित्वे षस्य डत्वे च शिडभावाच्छ्ननकारस्यानुस्वारो न भवति ।।४०।।

**सूत्रार्थ :-** પદને અંતે ન રહેલા म् અને न् નો શિટ્ વ્યંજન કે ह् પરમાં વર્તતા અનુસ્વાર આદેશ બીજા કાર્યો કર્યા પછી થાય છે.

**सूत्रसमास :-** ◆ शिट् च हश्च = शिड्-हम् (स.द्व.), तस्मिन् = शिड्-हे।

<u>વિવરણ :-</u> (1) <u>દૃષ્ટાંત</u> - (i) पुंसि (ii) गंस्यते — ✻ पुम्स् + ङि અને गम् + स्यते ✻ 'शिड्-हे० १.३.४०' → पुंस् + ङि = पुंसि અને गं + स्यते = गंस्यते।

| (iii) दंशः | | (iv) सुदिंशि कुलानि | |
|---|---|---|---|
| | दन्श् (४९६) | | शोभना दिशो येषां तानि = |
| ✻ 'भावाकर्त्रोः ५.३.१८' → | दन्श् + घञ् | ✻ 'एकार्थं० ३.१.२२' → | सुदिश् + जस् |
| ✻ 'शिड्-हे० १.३.४०' → | दंश्+घञ्+सि | ✻ 'नपुंसकस्य० १.४.५५' → | सुदिश् + सि |
| ✻ 'सो रुः २.१.७२' → | दंशर् | ✻ 'धुटां प्राक् १.४.६६' → | सुदिन्श् + शि |
| ✻ 'रः पदान्ते० १.३.५३' → | दंशः। | ✻ 'शिड्-हे० १.३.४०' → | सुदिंश्+शि=सुदिंशि कुलानि। |

| | (v) वपूंषि | (vi) धनूंषि | (vii) यशांसि | (viii) पयांसि |
|---|---|---|---|---|
| | (A)वपुस्+जस् | धनुस्+जस् | यशस्+जस् | पयस्+जस् |
| ✻ 'नपुंसकस्य० १.४.५५' → | वपुस्+शि | धनुस्+शि | यशस्+शि | पयस्+शि |
| ✻ 'धुटां प्राक् १.४.६६' → | वपुन्स्+शि | धनुन्स्+शि | यशन्स्+शि | पयन्स्+शि |
| ✻ 'न्स्महतोः १.४.८६' → | वपून्स्+शि | धनून्स्+शि | यशान्स्+शि | पयान्स्+शि |
| ✻ 'नाम्यन्तस्था०२.३.१५' → | वपून्ष्+शि | धनून्ष्+शि | ↓ | ↓ |
| ✻ 'शिड्-हे० १.३.४०' → | वपूंष्+शि | धनूंष्+शि | यशांस्+शि | पयांस्+शि |
| | = वपूंषि। | = धनूंषि। | = यशांसि। | = पयांसि। |

(A) ✻ 'रुधर्ति जनि० (उणा०९९७)' → वप् + उस् = वपुस् અને धन् + उस् = धनुस्।

(ix) गुडलिंहि

गुडं लिहन्तीति क्विप्

* 'क्विप् ५.१.१४८' → गुड+लिह्+क्विप्(०)

* 'ङस्युक्तं०३.१.४९' → गुडलिह् + जस्

* 'नपुंसकस्य०१.४.५५' → गुडलिह् + शि

* 'धुटां प्राक् १.४.६६' → गुडलिन्ह् + शि

* 'शिड्-हे० १.३.४०' → गुडलिंह् + शि

= गुडलिंहि।

(x) स्वनड्वांहि कुलानि

अनो वहतीति

* 'अनसो वहेः(उणा०१००६)' → अनड्+वह्+क्विप्

* 'यजादि-वचेः०४.१.७९' → अनड्+उह्(+क्विप्)

* 'ङस्युक्तं०३.१.४९' → अनडुह्

* 'एकार्थं० ३.१.२२' → [A]सु + अनडुह् + जस्

* 'इवर्णादे० १.२.२१' → स्वनडुह् + जस्

* 'नपुंसकस्य०१.४.५५' → स्वनडुह् + शि

* 'वाः शेषे १.४.८२' → स्वनड्वाह् + शि

* 'धुटां प्राक् १.४.६६' → स्वनड्वान्ह् + शि

* 'शिड्-हे० १.३.४०' → स्वनड्वांह्+शि=स्वनड्वांहि।

(2) પૂર્વના 'म्नां धुड्वर्गे० १.३.३९' સૂત્રથી આ સૂત્રમાં બહુવચનાન્ત म्नाम् પદની અનુવૃત્તિ આવે છે. તે બહુવચનના ફળ રૂપે बृंहणम्, सर्पींषि અને सुदंषि સ્થળે 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી થતા ण् આદેશનો બાધ અને दंशः સ્થળે 'तवर्गस्य० १.३.६०' સૂત્રથી થતા ञ् આદેશનો બાધ થવા રૂપ ફળ મળે છે. दंश પ્રયોગની સાધનિકા આગળ આવી ગઈ છે.

(xi) बृंहणम्

बृह् (५६०)

* 'उदितः० ४.४.९८' → बृन्ह्

* 'अनट् ५.३.१२४' → बृन्ह्+अनट्=बृन्हन+सि

* 'रषृवर्णान्० २.३.६३' → बृन्हण + सि

* 'शिड्-हे० १.३.४०' → बृंहण + सि

* 'अतः स्यमो०१.४.५७' → बृंहण + अम्

* 'समानादमो० १.४.४६' → बृंहण + म् = बृंहणम्।

(xii) सर्पींषि

सर्पिस् + जस्

* 'नपुंसकस्य०१.४.५५' → सर्पिस् + शि

* 'धुटां प्राक् १.४.६६' → सर्पिन्स् + शि

* 'न्स्महतोः १.४.८६' → सर्पीन्स् + शि

* 'नाम्यन्तस्था०२.३.१५' → सर्पीन्ष् + शि

* 'शिड्-हे० १.३.४०' → सर्पींष्+शि=सर्पींषि।

(xiii) सुदंशि — * 'क्विप् ५.१.१४८' → शोभनं पश्यति इति क्विप् = सु + दृश् + क्विप्, * 'ङस्युक्तं० ३.१.४९' → सुदृश् + जस्, * 'नपुंसकस्य शिः १.४.५५' → सुदृश् + शि, * 'धुटां प्राक् १.४.६६' → सुदृन्श् + शि, * 'शिड्-हे० १.३.४०' → सुदृंश् + शि = सुदृंशि।

(A) शोभना अनड्वाहो येषु (कुलेषु) तानि।

આ સૂત્રમાં પણ આગળના સૂત્રમાં બતાવ્યું તે પ્રમાણે બહુવચનથી વ્યક્તિપક્ષનો આશ્રય કર્યો છે. વ્યક્તિ પક્ષ અનુસાર શિટ્ વ્યંજન કે ह् પરમાં હોય તેવા દરેક અપદાન્ત म् અને न् ને લઈને આ સૂત્ર જુદું જુદું ગણાય છે. (તેની રીત આગળના સૂત્રના વિવરણમાં સમજાવી દીધી છે.) હવે ઉપરોક્ત बृन्हण + सि, सर्पीन्ष् + शि અને सुदृन्श् + शि અવસ્થામાં એકસાથે પ્રસ્તુત સૂત્રથી અનુસ્વાર આદેશ અને 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી ण् આદેશ થવાની પ્રાપ્તિ છે. તેમજ दन्श् + घञ् અવસ્થામાં પ્રસ્તુત સૂત્રથી અનુસ્વાર આદેશ અને 'तवर्गस्य० १.३.६०' સૂત્રથી ञ् આદેશ થવાની પ્રાપ્તિ છે. હવે જો ण् અને ञ् આદેશ કરીએ તો આ ચારે સ્થળે અનુસ્વાર આદેશ કરવા જુદું જુદું મનાયેલ આ સૂત્ર બીજે ક્યાંય ચરિતાર્થ ન થતાં નિરર્થક થવાનો પ્રસંગ આવે છે. તેથી નિરર્થક થતું આ સૂત્ર ण् અને ञ् આદેશનો બાધ કરી અનુસ્વાર આદેશ પ્રવર્તાવવા દ્વારા ચરિતાર્થ (સફળ) થાય છે.

(3) શિટ્ વ્યંજન કે ह् પરમાં હોય તો જ આ સૂત્ર લાગે એવું કેમ ?

**(a) गम्यते (b) हन्यते — * गम् + ते અને हन् + ते * 'क्यः शिति ३.४.७०' → गम् + य + ते = गम्यते અને हन् + य + ते = हन्यते।**

ઉપરોક્ત બંને સ્થળે અપદાન્ત म् અને न् ની પરમાં શિટ્ વ્યંજન કે ह् નથી, પરંતુ य् પરમાં છે. માટે આ સૂત્રથી અનુસ્વાર આદેશ ન થયો.

(4) પદને અંતે ન હોય તેવા જ म् અને न् નો આ સૂત્રથી અનુસ્વાર આદેશ થાય એવું કેમ ?

**(a) भवान् साधुः (b) श्रेयान् हेतुः — * (भवान् ની સાધનિકા માટે સૂત્ર-१.३.३५ જુઓ.) * श्रेयस् + सि * 'ऋदुदितः १.४.७०' → श्रेयन्स् + सि, * 'न्समहतोः १.४.८६' → श्रेयान्स् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → श्रेयान्स्, * 'पदस्य २.१.८९' → श्रेयान्।**

આ બંને સ્થળે ક્રમશઃ શિટ્ स् અને ह् પરમાં છે પરંતુ न् પદને અંતે છે તેથી તેનો આ સૂત્રથી અનુસ્વાર આદેશ ન થયો.

(5) બીજા સૂત્ર સંબંધી કાર્ય કર્યા પછી જ આ સૂત્રથી અનુસ્વાર આદેશ થાય એવું કેમ ?

| | | (a) पिण्ढि | (b) शिण्ढि |
|---|---|---|---|
| | | पिष् + हि | शिष् + हि |
| * 'रुधां स्वराच्० ३.४.८२' | → | पिनष् + हि | शिनष् + हि |
| * 'श्नास्त्योर्लुक् ४.२.९०' | → | पिन्ष् + हि | शिन्ष् + हि |
| * 'हु धुटो० ४.२.८३' | → | पिन्ष् + धि | शिन्ष् + धि |

| | | | |
|---|---|---|---|
| * 'तृतीयस्तृतीय० १.३.४९' | → | पिन्ड् + धि | शिन्ड् + धि |
| * 'तवर्गस्य० १.३.६०' | → | पिन्ड् + ढि | शिन्ड् + ढि |
| * 'म्नां धुड्वर्गे० १.३.३९' | → | पिण्ड् + ढि | शिण्ड् + ढि |
| * 'धुटो धुटि० १.३.४८' | → | पिण् + ढि = पिण्ढि। | शिण् + ढि = शिण्ढि। |

જો સૂત્રમાં अनु નો અધિકાર ન હોત અર્થાત્ બીજા સૂત્રોનું કાર્ય કર્યા પછી જ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી એવું ન હોત તો पिन्ष् + हि અને शिन्ष् + हि અવસ્થામાં જ આ સૂત્રથી न् નો અનુસ્વાર આદેશ થઈ જતા पिंढि અને शिंढि આવા અનિષ્ટ પ્રયોગો સિદ્ધ થાત.

**શંકા :-** पिन्ष् + हि અને शिन्ष् + हि અવસ્થામાં 'श्नास्त्योर्लुक् ४.२.९०' સૂત્રથી લોપાયેલા श्न પ્રત્યયના अ નો 'स्वरस्य परे० ७.४.११०' સૂત્રથી સ્થાનિવદ્ભાવ મનાય છે. તેથી पिन्ष् અને शिन्ष् ના न् અને ष् ની વચ્ચે अ નું વ્યવધાન થવાથી આ સૂત્રમાં अनु પદનો અધિકાર ન લઈએ તો પણ તમે ઉપર બતાવ્યું તે પ્રમાણે અનુસ્વાર આદેશ થવાની આપત્તિ નથી આવતી. તો શા માટે સૂત્રમાં अनु નો અધિકાર લેવો પડે ?

**સમાધાન :-** પ્રસ્તુત સૂત્ર આ પાદમાં ચાલતાં વ્યંજનસંધિવિધિપ્રકરણ અંતર્ગત સૂત્ર છે. તેથી पिन्ष् + हि અને शिन्ष् + हि અવસ્થામાં આ સૂત્રથી न् નો અનુસ્વાર આદેશ કરવા રૂપ સંધિવિધિને અવસરે તમે જે 'स्वरस्य परे० ७.४.११०' સૂત્રથી अ ના સ્થાનિવદ્ભાવની પ્રાપ્તિ બતાવો છો તેનો 'न सन्धि-ङी० ७.४.१११' સૂત્રથી સંધિવિધિને લઈને નિષેધ થાય છે. તેથી न् અને ष् વચ્ચે अ નું વ્યવધાન ન નડતાં આ સૂત્રથી न् નો અનુસ્વાર આદેશ થવાની આપત્તિ ઊભી રહે છે. માટે તેને ટાળવા સૂત્રમાં अनु નો અધિકાર જરૂરી છે.

**શંકા :-** 'अं-अः ≍क)(प० १.१.१६' સૂત્રથી ह् ને જો શિટ્ સંજ્ઞા કરી હોય તો આ સૂત્રમાં જુદો ह् શબ્દ ન મૂકવો પડે અને 'शिट्यनुस्वारः' આટલું જ સૂત્ર બનાવવું પડે. તો તેમ કેમ નથી કરતા ?

**સમાધાન :-** બરાબર છે, પરંતુ જો ह् ને શિટ્ સંજ્ઞા કરીએ તો औजढद् પ્રયોગસ્થળે આપત્તિ આવે છે. પહેલા આપણે औजढद् પ્રયોગની સિદ્ધિ કરીએ. પછી આપત્તિને સમજીએ.

*** वह्, * 'क्त-क्तवतु ५.१.१७४' → वह् + त (क्त), * 'यजादिवचेः० ४.१.७९' → उह् + त, * 'हो धुट्० २.१.८२' → उढ् + त, * 'अधश्चतुर्थात्० २.१.७९' → उढ् + ध, * 'तवर्गस्य० १.३.६०' → उढ् + ढ, * 'ढस्तड्ढे १.३.४२' → ऊ + ढ = ऊढ, * 'णिज्बहुलं० ३.४.४२' → ऊढ + णिच्, * 'त्रन्त्यस्वरादेः ७.४.४३' → ऊढ् + णिच् = ऊढि + दि, * 'णिश्रिद्रुस्रु० ३.४.५८' → ऊढि + ङ + दि, * 'णेरनिटि ४.३.८३' → ऊढ् + ङ + दि**

હવે આ અવસ્થામાં પૂર્વે 'त्रन्त्यस्वरादेः ૭.૪.૪૩' સૂત્રથી જે ऊढ ના अ નો લોપ થયો હતો તેનો સ્થાનિવદ્ભાવ માની उढ ને અનેકસ્વરી ગણવા પૂર્વક 'स्वरादेर्द्वितीयः ૪.૧.૪' સૂત્રથી ढ ના દ્વિત્વની પ્રાપ્તિ છે, પરંતુ 'हो धुट्० ૨.૧.૮૨' સૂત્રમાં 'असत् परे' નો અધિકાર હોવાથી ઉપર સાધનિકા સ્થળે उढ् + त અવસ્થામાં 'हो धुट्०' સૂત્રથી જે ह् નો ढ् આદેશ થયો છે, તે અસત્ થવાથી પુનઃ તે ह् રૂપે મનાય છે. તેથી આગળ સાધનિકામાં ढ् ના નિમિત્તે જે त (क्त) નો ध् અને પછી ढ् આદેશ થયો, તેમજ 'ढस्तड्डे ૧.૩.૪૨' સૂત્રથી ऊढ् નો જે ढ् લોપાયો અને उ નો દીર્ઘ આદેશ થયો, આ બધું પણ અસત્ મનાતા उह्त + ङ + दि અવસ્થા મનાય છે. હવે આ અવસ્થામાં ऊढ् ને નીચે પ્રમાણે દ્વિત્વાદિ કાર્યો થાય છે.

*** 'स्वरादेर्द्वितीयः ૪.૧.૪' → (A)ऊह्तढ् + ङ + दि, * 'व्यञ्जनस्यानादे० ૪.૧.૪૪' → ऊहढ् + ङ + दि, * 'गहोर्ज ૪.૧.૪૦' → ऊजढ् + ङ + दि, * 'एत्यस्ते० ૪.૪.૩૦' → औजढ् + ङ + दि = औजढद्।** આ રીતે औजढद् પ્રયોગની સિદ્ધિ થાય છે.

હવે ह् ને જો શિટ્ સંજ્ઞા કરીએ તો 'स्वरादेर्द्वितीयः ૪.૧.૪' સૂત્રથી ઉપરોક્ત જે उह्तढ् + ङ + दि અવસ્થા પ્રાપ્ત થાય છે. તેમાં શિટ્ ह् ની પરમાં અઘોષ त् આવે છે, તેથી 'अघोषे शिटः ૪.૧.૪૫' સૂત્રથી ह् નો લોપ થતા ऊतढ् + ङ + दि અવસ્થા પ્રાપ્ત થાય. તેથી આગળ જતા औतढद् આવો અનિષ્ટ પ્રયોગ સિદ્ધ થવાની આપત્તિ આવે છે. માટે અમે ह् ને શિટ્ સંજ્ઞા નથી કરતા ।।૪૦।।

## रो रे लुग् दीर्घश्चादिदुतः ।।१.३.४१।।

**बृ.वृ.–(1)अपदान्त इति नानुवर्तते, (2)रेफस्य रेफे परे लुग् भवति, (3)अकारेकारोकाराणां चानन्तराणां दीर्घो भवति। (4)पुना रमते, प्राता रौति, अग्नी रथेन, नीरक्तम्, दूरक्तम्, पटू राजा, उच्चै रौति। (5)अन्वित्येव? अहोरूपम्, अत्र पूर्वमेव रोरुत्वे रेफाभावाल्लुग्-दीर्घाभावः सिद्धः ।।४१।।**

---

**સૂત્રાર્થ :-** र् નો र् પરમાં વર્તતા અન્ય કાર્ય કર્યા પછી લોપ થાય છે. તથા (લુપ્ત र् ની) પૂર્વના अ, इ અને उ દીર્ઘ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ अश्च इश्च उश्च = अदिदुत् (स.द्व.), तस्य = अदिदुतः।

<u>વિવરણ :-</u> (1) શંકા :- આ સૂત્રમાં પણ પૂર્વસૂત્રોથી ચાલી આવતી अपदान्त ની અનુવૃત્તિ આવશે. તેથી अजर्घाः, अपास्पा, अचोकूः, अचाखाः, अचाकाः, अपापाः વિગેરે સ્થળે જ કે જ્યાં અપદાન્ત र् પછી र् આવે છે

---

(A) અહીં उह्तउह्त આમ દ્વિત્વ ન થયું. કેમકે વાસ્તવિકતાએ તો ऊढ् અવસ્થા જ છે. उह्त અવસ્થા તો ह्त આવું દ્વિત્વ પ્રાપ્ત કરવા અસત્વિધિ કરી માનેલી છે.

ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે. માટે स्वाराज्यम् વિગેરે સ્થળો કે જ્યાં પદાન્ત र् પછી र् આવે છે, ત્યાં આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થવાની આપત્તિ આવશે. (अजर्घाः વિગેરે પ્રયોગોની સાધનિકા આગળ બતાવી છે.)

**સમાધાન :-** ના, આ આપત્તિ નહીં આવે. કેમકે આ સૂત્રમાં अपदान्त ની અનુવૃત્તિ નથી આવતી.

**શંકા :-** પણ, अपदान्त ની અનુવૃત્તિ અટકી શી રીતે ?

**સમાધાન :-** સૂત્રમાં વર્તતા 'अदिदुतः' સ્થળે 'इद्' ના ગ્રહણથી अपदान्त ની અનુવૃત્તિ અટકી છે. કેમકે इ થી પરમાં અપદાન્ત र् હોય અને તેના પછી र् આવતો હોય તેવો એક પણ દાખલો મળતો નથી. તેથી જો તેવો દાખલો ન મળતો હોય તો સૂત્રમાં અપદાન્ત र् થી પરમાં र् વર્તતા પૂર્વના र् નો લોપ અને લુપ્ત र् ની પૂર્વના इ નો દીર્ઘ આદેશ કરવા इद् અંશનું ગ્રહણ કરવું નિરર્થક ઠરે. તેથી નિરર્થક થતું તે જણાવે છે કે સૂત્રમાં अपदान्त ની અનુવૃત્તિ નથી આવતી અને તેમ થતાં इ થી પરમાં પદાન્ત र् હોય અને પછી र् આવે તેવા अग्नी रथेन વિગેરે સ્થળોને લઈને સૂત્રમાં इद् અંશનું ગ્રહણ સાર્થક થાય છે.

અથવા બીજી રીતે કહીએ તો પૂર્વસૂત્રમાં શિટ્ વર્ણો અને ह् નિમિત્ત રૂપે તેમજ म् અને न् સ્થાની = આદેશી રૂપે હતા. જ્યારે આ સૂત્રમાં र् નિમિત્ત રૂપે અને र् સ્થાની રૂપે છે. આમ સ્થાની અને નિમિત્ત બન્ને બદલાઈ જતા હોવાથી પણ પૂર્વસૂત્રથી આ સૂત્રમાં अपदान्त ની અનુવૃત્તિ નથી આવતી.

(अजर्घाः વિગેરે પ્રયોગોની સાધનિકા નીચે પ્રમાણે સમજવી -)

| | | (a) अजर्घाः | (b) अपास्पाः | (c) अचोकूः |
|---|---|---|---|---|
| | | गृध् (११८७) | स्पर्ध् (७४२) | कुर्द् (७३३) |
| * 'व्यञ्जनादेरे० ३.४.९' | → | गृध् + यङ् | स्पर्ध् + यङ् | कुर्द् + यङ् |
| * 'सन्यङश्च ४.१.३' | → | गृगृध् + यङ् | स्पस्पर्ध् + यङ् | कुकुर्द् + यङ् |
| * 'अघोषे शिटः ४.१.४५' | → | ↓ | पस्पर्ध् + यङ् | ↓ |
| * 'कङश्चञ् ४.१.४६' | → | ↓ | ↓ | चुकुर्द् + यङ् |
| * 'ऋतोऽत् ४.१.३८' | → | गगृध् + यङ् | ↓ | ↓ |
| * 'गहोर्ज ४.१.४०' | → | जगृध् + यङ् | ↓ | ↓ |
| * 'आगुणा० ४.१.४८' | → | ↓ | पास्पर्ध् + यङ् | चोकुर्द् + यङ् |
| * 'बहुलं लुप् ३.४.१४' | → | जगृध् | पास्पर्ध् + सिव् | चोकुर्द् + सिव् |
| * 'रिरौ च लुपि ४.१.५६' | → | जर्गृध् + सिव् | ↓ | ↓ |
| * 'लघोरुपान्त्यस्य ४.३.४' | → | जर्गर्ध् + सिव् | ↓ | ↓ |

| | | | | |
|---|---|---|---|---|
| ✻ 'गडदबादे० २.१.७७' | → | जर्घर्ध् + सिव् | ↓ | ↓ |
| ✻ 'अड्धातोरादि० ४.४.२९' | → | अट् + जर्घध् + सिव् | अट् + पास्पर्ध् + सिव् | अट् + चोकुर्द् + सिव् |
| ✻ 'से: स्द्धां० ४.३.७९' | → | अट् + जर्घर्र् | अट् + पास्पर्र् | अट् + चोकुर्र् |
| ✻ 'रो रे लुग्० १.३.४१' | → | अट् + जर्घार् | अट् + पास्पार् | अट् + चोकूर् |
| ✻ 'र: पदान्ते० १.३.५३' | → | अजर्घा:। | अपास्पा:। | अचोकू:। |

| | | (d) अचाखा: | (e) अचाका: | (f) अपापा: |
|---|---|---|---|---|
| | | खर्द् | कर्द् | पर्द् |
| ✻ 'व्यञ्जनादेरे० ३.४.९' | → | खर्द् + यङ् | कर्द् + यङ् | पर्द् + यङ् |
| ✻ 'सन्यङश्च ४.१.३' | → | खखर्द् + यङ् | ककर्द् + यङ् | पपर्द् + यङ् |
| ✻ 'द्वितीयतुर्ययो०४.१.४२' | → | कखर्द् + यङ् | ↓ | ↓ |
| ✻ 'कङश्चञ् ४.१.४६' | → | चखर्द् + यङ् | चकर्द् + यङ् | ↓ |
| ✻ 'आगुणा० ४.४.४८' | → | चाखर्द् + यङ् | चाकर्द् + यङ् | पापर्द् + यङ् |
| ✻ 'बहुलं लुप् ३.४.१४' | → | चाखर्द् + सिव् | चाकर्द् + सिव् | पापर्द् + सिव् |
| ✻ 'अड्धातोरादि०४.४.२९' | → | अट्+चाखर्द्+सिव् | अट्+चाकर्द्+सिव् | अट्+पापर्द्+सिव् |
| ✻ 'से: स्द्धां० ४.३.७९' | → | अट् + चाखर्र् | अट् + चाकर्र् | अट् + पापर्र् |
| ✻ 'रो रे लुग्० १.३.४१' | → | अट् + चाखार् | अट् + चाकार् | अट् + पापार् |
| ✻ 'र: पदान्ते० १.३.५३' | → | अचाखा:। | अचाका:। | अपापा:। |

**(g) स्वाराज्यम्** — ✻ 'क्विप् ५.१.१४८' → स्व: (स्वर्गे) राजतीति क्विप् = स्वर् राज् + क्विप् (०), ✻ 'ङस्युक्तं० ३.१.४९' → स्वर् + राज्, ✻ 'रो रे लुग्० १.३.४१' → स्वा + राज् = स्वाराज्, ✻ 'पतिराजान्त० ७.१.६०' → स्वाराज: भाव: = स्वाराज् + ट्यण् = स्वाराज्य + सि, ✻ 'अत: स्यमो० १.४.५७' → स्वाराज्य + अम्, ✻ 'समानादमो० १.४.४६' → स्वाराज्य + म् = स्वाराज्यम्।

**(2) શંકા :-** पुना रमते પ્રયોગસ્થળે વર્તતા पुनर् શબ્દનો र् નિરનુબંધ છે. જ્યારે अग्नी रथेन પ્રયોગસ્થળે अग्नि શબ્દને લાગેલા स् (सि) પ્રત્યયનો र् (रु) સાનુબંધ છે. તમે આ સૂત્રમાં સાનુબંધ र् ને કાર્યી (આદેશી) રૂપે લેવા માંગો છો કે નિરનુબંધ र् ને ? જો સાનુબંધ र् (रु) ને કાર્યી રૂપે લેશો તો पुना रमते પ્રયોગ સિદ્ધ નહીં થઇ શકે અને જો નિરનુબંધ र् ને કાર્યી રૂપે લેશો તો अग्नी रथेन પ્રયોગ સિદ્ધ નહીં થઇ શકે.

**સમાધાન :-** અમે સાનુબંધ-નિરનુબંધ બંને પ્રકારના र् ને સૂત્રમાં કાર્યી રૂપે લેવા માંગીએ છીએ.

**શંકા :-** પણ બંનેને કાર્યી રૂપે લેશો શી રીતે ? જો બંનેને કાર્યી રૂપે લેવા હોય તો સૂત્રમાં અમુક નિયામક દર્શાવવું જોઇએ.

**સમાધાન :-** નિયામક છે. સૂત્રમાં 'रो रे०' આ પ્રમાણે જે નિર્દેશ કર્યો છે ત્યાં 'रो' અંશ સાનુબંધ અને નિરનુબંધ બંને પ્રકારના र् ને કાર્યી રૂપે સૂચવે છે. તે આ રીતે - સાનુબંધ रू નું ષષ્ઠયન્ત રૂપ 'रोः' થાય છે અને 'रे' નો र् પરમાં રહેતા આ સૂત્રથી વિસર્ગનો (र् નો) લોપ થતાં 'रो' આવું રૂપ બને છે. તેથી रो નિર્દેશથી સાનુબંધ र् (रु) ને સૂત્રમાં કાર્યી રૂપે લઈ શકાય છે, તેમજ નિરનુબંધ र् નું ષષ્ઠયન્ત રૂપ रः આવું બને છે અને 'रे' નો र् પરમાં વર્તતા 'घोषवति १.३.२१' સૂત્રથી વિસર્ગનો (र् નો) उ આદેશ થતા र + उ = रो આ પ્રમાણે રૂપ બનતું હોવાથી रो અંશથી નિરનુબંધ र् ને પણ સૂત્રમાં કાર્યી રૂપે લઈ શકાય છે. આમ બંને પ્રકારના र् ને સૂત્રમાં કાર્યી રૂપે લઈ શકાતા હોવાથી पुना रमते અને अग्नी रथेन બંને પ્રકારના પ્રયોગો સિદ્ધ થઈ શકશે.

બીજી રીતે કહીએ તો સૂત્રમાં અમે નિરનુબંધ र् નું ગ્રહણ કરશું અને ***'निरनुबन्धग्रहणे सामान्यग्रहणम्'*** ન્યાય દ્વારા સામાન્યથી નિરનુબંધ અને સાનુબંધ બંને र् સૂત્રમાં કાર્યીરૂપે લઈશું.

(3) **શંકા :-** अग्नी रथेन પ્રયોગસ્થળે જેમ इ નો દીર્ઘ આદેશ કરો છો તેમ अ નો કેમ નથી કરતા ?

**સમાધાન :-** સૂત્રમાં વર્તતા रे સ્થળે ઉપશ્લેષ સપ્તમી છે. તેથી લોપ જેમ र् ની સાથે ઉપશ્લિષ્ટ (જોડાયેલા) र् નો થાય છે, તેમ र् ના લોપ પછી દીર્ઘ આદેશ પણ र् ની સાથે જોડાયેલા अ-इ-उ નો જ થાય છે, અન્યનો નહીં. अग्नी रथेन સ્થળે इ એ र् ની સાથે જોડાયેલો (અનંતરમાં) છે માટે તેનો અમે દીર્ઘ આદેશ કરીએ છીએ, પરંતુ अ જોડાયેલો નથી માટે તેનો દીર્ઘ આદેશ નથી કરતા.

(4) <u>દૃષ્ટાંત</u> -

**(i) पुना रमते (ii) प्राता रौति (iii) अग्नी रथेन (iv) पटू राजा (v) उच्चै रौति**

| | | | | | |
|---|---|---|---|---|---|
| | पुनर् रमते | प्रातर् रौति | अग्निस् रथेन | पटुस् राजा | उच्चैस् रौति |
| * 'सो रुः २.१.७२' → | ↓ | ↓ | अग्निर् रथेन | पटुर् राजा | उच्चैर् रौति |
| * 'रो रे लुग्०१.३.४१' → | पुना रमते। | प्राता रौति। | अग्नी रथेन। | पटू राजा। | उच्चै रौति। |

| | (vi) नीरक्तम् | (vii) दूरक्तम् |
|---|---|---|
| | निर्गतं रक्तं यस्मात् तद् = | दुर्गतं रक्तं यस्मात् तद् = |
| * 'उष्ट्रमुखादयः ३.१.२३' → | निर् + रक्त | दुर् + रक्त |
| * 'रो रे लुग्० १.३.४१' → | नीरक्त + सि | दूरक्त + सि |
| * 'अतः स्यमो० १.४.५७' → | नीरक्त + अम् | दूरक्त + अम् |
| * 'समानादमो० १.४.४६' → | नीरक्त + म् = नीरक्तम्। | दूरक्त + म् = दूरक्तम्। |

(5) બીજા સૂત્રોના કાર્ય કર્યા પછી જ આ સૂત્રથી र् નો લોપ થાય એવું કેમ ?

**(a) अहो रूपम् — * 'त्यादेश्च प्रशस्ते० ७.३.१०' → प्रशस्तं अहः = अहन् + रूपप्, * 'अह्नः २.१.७४' → अहर् + रूपप्, * 'घोषवति १.३.२१' → अहउ + रूपप्, * 'अवर्णस्येवर्णा० १.२.६' → अहो + रूपप् = अहोरूप + सि, * 'अतः स्यमो० १.४.५७' → अहोरूप + अम्, * 'समानादमो० १.४.४६' → अहोरूप + म् = अहोरूपम्।**

જો સૂત્રમાં अनु નો અધિકાર ન લીધો હોત અર્થાત્ બીજા સૂત્રોનું કાર્ય કર્યા પછી જ આ સૂત્રથી र् નો લોપ કરવો એવું ન હોત તો अहर् + रूपप् અવસ્થામાં જ 'घोषवति १.३.२१' સૂત્ર કરતા અલ્પનિમિત્તક હોવાથી અંતરંગ ગણાતું આ સૂત્ર પૂર્વે પ્રવર્તતા अहारूपम् આવો અનિષ્ટપ્રયોગ સિદ્ધ થાત. પરંતુ अनु નો અધિકાર લીધો હોવાથી પૂર્વે 'घोषवति १.३.२१' સૂત્ર પ્રવર્તતા अह उ + रूपप् અવસ્થામાં रूपप् ના र् ની પૂર્વે र् બચ્યો જ ન હોવાથી આ સૂત્રથી र् નો લોપ અને अ નો દીર્ઘ આદેશ નથી થઇ શકતો ।।૪૧।।

## ढस्तड्ढे ।।१.३.४२।।

**बृ.वृ.–(1)तन्निमितो ढस्तड्ढः, ढकारस्य तड्ढे परेऽनु लुग् भवति, अकारेकारोकाराणां च दीर्घो भवति। (2)महतेः क्तौ माढिः, लीढम्, मीढम्, गूढम्। (3)तड्ढ इति किम्? मधुलिड् ढौकते, नायं लुप्यमानढकारनिमित्तो ढः, एवम्–'चकृड्ढ्वे, लुलुविड्ढ्वे' इत्यादावपि ढकारस्य द्वित्वे सति ढकारयोर्निमित्तनिमित्तिभावो नास्तीति लुग् न भवति। (4)अदिदुत इत्येव? आतृढम्, आवृढम्। (5)अन्वित्येव? लेढा, मोढा, अत्र गुणे कृते पश्चाद् ढलोपः, अन्यथा हि पूर्वमेव ढलोपे दीर्घे च लीढा, मूढेत्यनिष्टं रूपं स्यात् ।।४२।।**

---

**सूत्रार्थ :-** ढ् નો તેના નિમિત્તે થયેલો ढ् પરમાં વર્તતા બીજા સૂત્રસંબંધી કાર્યો કર્યા પછી લોપ (लुक्) થાય છે અને પૂર્વના अ, इ અને उ દીર્ઘ થાય છે.

**सूत्रसमास :-** ◆ तन्निमित्तो ढः = तड्ढः, तस्मिन् = तड्ढे।

<u>વિવરણ :-</u> (1) तड्ढ એટલે 'ढ् છે નિમિત્ત જેનું એવો ढ्' અર્થાત્ 'આ સૂત્રથી લોપ પામનાર ढ् ના કાર્યરૂપે (આદેશ રૂપે) પ્રાપ્ત થયેલો ढ' આવો અર્થ થશે.

સૂત્રમાં ઢે સ્થળે अ કારાન્ત ढ વપરાયો છે, ત્યાં अ કાર માત્ર સુખપૂર્વક ઉચ્ચારણ થઇ શકે તે માટે છે. બાકી સૂત્રમાં નિમિત્તરૂપે તો માત્ર ढ् નું જ ગ્રહણ કરવાનું છે.

**શંકા :-** પરંતુ શા માટે સૂત્રમાં अ કારાન્ત ढ ને બદલે વ્યંજનાન્ત ढ् નું નિમિત્તરૂપે ગ્રહણ કર્યું છે ?

**સમાધાન :-** વ્યાપ્તિ માટે, અર્થાત્ અધિક સ્થળે સૂત્રની પ્રાપ્તિ થઈ શકે તે માટે વ્યંજનાન્ત ढ् નું નિમિત્તરૂપે ગ્રહણ કર્યું છે. આશય એ છે કે સૂત્રમાં વ્યંજનાન્ત ढ् ને નિમિત્તરૂપે ગ્રહણ કરવાથી लीढम् ની જેમ લીઢા કે જ્યાં लिढ् + ढा અવસ્થામાં आ કારાન્ત ढ् છે, તેવા સ્થળે પણ આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે. પરંતુ જો अ કારાન્ત ढ ને નિમિત્તરૂપે ગ્રહણ કરત તો लीढम् વિગેરે સ્થળે लिढ् + ढ અવસ્થામાં अ કારાન્ત ढ છે, ત્યાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થાત. તેવું ન થાય માટે સૂત્રમાં વ્યંજનાન્ત ढ् દર્શાવ્યો છે.

(2) <u>દૃષ્ટાંત</u> -

**(i) माढिः — ✻ मह् (५६५) ✻ 'स्त्रियां क्तिः ५.३.९१' → मह् + ति (क्ति), ✻ 'हो धुट्० २.१.८२' → मढ् + ति, ✻ 'अधश्चतुर्थात्० २.१.७९' → मढ् + धि, ✻ 'तवर्गस्य० १.३.६०' → मढ् + ढि, ✻ 'ढस्तड्डे १.३.४२' → मा + ढि = माढि + सि, ✻ 'सो रुः २.१.७२' → माढिर्, ✻ 'रः पदान्ते० १.३.५३' → माढिः।**

| | | (ii) लीढम् | (iii) मीढम् | (iv) गूढम् |
|---|---|---|---|---|
| | | लिह् (११२९) | मिह् (५५१) | गुह् (९३५) |
| ✻ 'क्लीबे क्तः ५.३.१२३' | → | लिह् + त(क्त) | मिह् + त(क्त) | गुह् + त(क्त) |
| ✻ 'हो धुट्० २.१.८२' | → | लिढ् + त | मिढ् + त | गुढ् + त |
| ✻ 'अधश्चतुर्थात्० २.१.७९' | → | लिढ् + ध | मिढ् + ध | गुढ् + ध |
| ✻ 'तवर्गस्य० १.३.६०' | → | लिढ् + ढ | मिढ् + ढ | गुढ् + ढ |
| ✻ 'ढस्तड्डे १.३.४२' | → | ली + ढ + सि | मी + ढ + सि | गू + ढ + सि |
| ✻ 'अतः स्यमो० १.४.५७' | → | लीढ + अम् | मीढ + अम् | गूढ + अम् |
| ✻ 'समानादमो० १.४.४६' | → | लीढ + म् | मीढ + म् | गूढ + म् |
| | | = लीढम्। | = मीढम्। | = गूढम्। |

(3) ढ ના નિમિત્તે જ થયેલો ढ् પરમાં હોય તો આ સૂત્રથી પૂર્વના ढ् નો લોપ થાય એવું કેમ ?

**(a) मधुलिड् ढौकते — ✻ 'क्विप् ५.१.१४८' → मधु लेढीति क्विप् = मधुलिह् + क्विप्(०) + सि, ✻ 'दीर्घङ्याब्० १.४.४५' → मधुलिह्, ✻ 'हो धुट्० २.१.८२' → मधुलिढ् ढौकते, ✻ 'धुटस्तृतीयः २.१.७६' → मधुलिड् ढौकते।**

**(b) चकृड्ढ्वे**

कृ + ध्वे

* 'द्विर्धातु० ४.१.१' → कृ कृ + ध्वे
* 'ऋतोऽत् ४.१.३८' → क कृ + ध्वे
* 'कङश्चञ् ४.१.४६' → च कृ + ध्वे
* 'नाम्यन्तात्० २.१.८०' → चकृ + ढ्वे
* 'अदीर्घाद्० १.३.३२' → चकृ + ढ्ढ्वे
* 'तृतीयस्तृ० १.३.४९' → चकृ + ड्ढ्वे

= चकृड्ढ्वे।

**(c) लुलुविड्ढ्वे**

लू + ध्वे

* 'द्विर्धातु० ४.१.१' → लू लू + ध्वे
* 'ह्रस्वः ४.१.३९' → लु लू + ध्वे
* 'स्क्रसृ ४.४.८१' → लुलू + इ(इट्) + ध्वे
* 'हान्तस्था० २.१.८१' → लुलू + इ + ढ्वे
* 'अदीर्घाद्० १.३.३२' → लुलू + इ + ढ्ढ्वे
* 'तृतीयस्तृ० १.३.४९' → लुलू + इ + ड्ढ्वे
* 'धातोरिवर्ण० २.१.५०' → लुलुव् + इ + ड्ढ्वे

= लुलुविड्ढ्वे।

ઉપરોક્ત मधुलिट् ढौकते સ્થળે ढौकते નો ढ् સ્વાભાવિક છે, તેમજ चकृड्ढ्वे અને लुलुविड्ढ्वे સ્થળે इट् નિમિત્તે દ્વિત્વ પામેલો ढ् છે, અર્થાત્ ત્રણે સ્થળે ढ् ના નિમિત્તે થયેલો ढ् ન હોવાથી આ સૂત્રથી ढ् નો લોપ ન થયો.

જો સૂત્રમાં તન્નિમિત્ત ढ् ને બદલે સ્વાભાવિક ढ् નું નિમિત્તરૂપે ગ્રહણ કર્યું હોત તો मधुलिढ् ढौकते અવસ્થામાં 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી ढ् નો ड् થઈ मधुलिड् ढौकते પ્રયોગ થાય છે, તેનો બાધ કરીને પ્રસ્તુત સૂત્ર દ્વારા ढ् નો લોપ અને इ નો દીર્ઘ થઈ मधुली ढौकते એવો અપપ્રયોગ થાત. કારણકે 'धुटस्तृतीयः' સૂત્ર સામાન્યથી દરેક ધુટ્વર્ણને કાર્યી તરીકે જણાવતો હોવાથી ઉત્સર્ગસૂત્ર છે, જ્યારે પ્રસ્તુત સૂત્ર વિશેષે કરીને ढ् વર્ણને જ કાર્યી તરીકે જણાવતો હોવાથી અપવાદસૂત્ર છે. *'उत्सर्गादपवादः'* ન્યાયબળે અપવાદસૂત્રની પ્રવૃત્તિ થતા ઉપરોક્ત અનિષ્ટપ્રયોગ થાત, તે ટાળવા સૂત્રમાં સ્વાભાવિક ढ् ને બદલે તન્નિમિત્ત ढ् નું ગ્રહણ કર્યું છે.

આ સૂત્ર પદાંતે જો ढ् હોય તો તેના 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી પ્રાપ્ત ड् આદેશનું બાધક છે અને જો ढ् પદને અંતે ન હોય તો તેના 'तृतीयस्तृतीय० १.३.४९' સૂત્રથી પ્રાપ્ત ड् આદેશનું બાધક છે. તેથી આ સૂત્રમાં अनु નો અધિકાર 'धुटस्तृतीयः' અને 'तृतीयस्तृतीय०' આ બે સૂત્રોને છોડીને જાણવો અર્થાત્ अनु ના વિષયમાં ઉપરોક્ત બન્ને સૂત્રોને બાકાત રાખવા. આથી જ બૃહદ્વૃત્તિમાં मधुलिड् ढौकते આ વિરુદ્ધ દૃષ્ટાંત દર્શાવી શકાયું છે. આશય એ છે કે मधुलिढ् ढौकते અવસ્થામાં બીજો ढ् પૂર્વના ढ् નિમિત્તે ન થયો હોવાથી આ સૂત્રમાં અપેક્ષિત એક અંગની વિકલતા થઈ ગણાય અને તે અંગની વિકલતાને લઈને જ मधुलिड् ढौकते ને વિરૂદ્ધ દૃષ્ટાંત રૂપે દર્શાવ્યું છે. હવે આ સૂત્રની પ્રવૃત્તિનો અવસર બતાવવા પૂર્વે જ જો 'धुटस्तृतीयः' સૂત્રથી मधुलिड् એમ ढ् નો ड् આદેશ કરવામાં આવે તો કાર્યી ढ् સ્વરૂપ બીજા નિમિત્તની પણ વિકલતા થવાના કારણે मधुलिड् ढौकते દૃષ્ટાંત દ્વયગવિકલ બનવાથી તેને વિરુદ્ધ દૃષ્ટાંત રૂપે ન દર્શાવી શકાય.

દૃષ્ટાંત હંમેશા કોઇ એક અંગની વિકલતાવાળું જ બતાવી શકાય કે જેથી કયા અંગની વિકલતાને લઇને તે વિરુદ્ધ દૃષ્ટાંત રૂપે વર્તે છે, તે યોગ્ય રીતે બતાવી શકાય. मधुलिढ् ढौकते અવસ્થામાં એક વખત તન્નિમિત્તક ढ् અંગની વિકલતાના કારણે આ સૂત્રની પ્રવૃત્તિ ન થઇ એમ દર્શાવ્યા પછી ભલે 'धुटस्तृतीयः' સૂત્રથી ढ् નો ड् આદેશ થઇ જાય. એ જ રીતે चकृड्ढ्वे સ્થળે પણ चकृ + ढ्ढ्वे અવસ્થામાં તન્નિમિત્તક ढ् સ્વરૂપ અંગની વિકલતા ના કારણે આ સૂત્ર નથી પ્રવર્ત્યું, તેમ દર્શાવી પછી 'तृतीयस्तृतीयः०' સૂત્રથી ढ् નો ड् આદેશ થશે.

(4) આ સૂત્રથી ढ् નો લોપ થતાં પૂર્વના अ, इ અને उ નો જ દીર્ઘ આદેશ થાય એવું કેમ ?

| | (a) आतृढम् | (b) आवृढम् |
|---|---|---|
| | आतृह्यते स्म = | आवृह्यते स्म = |
| ✻ 'क्त-क्तवतू ५.१.१७४' → | आ + तृह् + त(क्त) | आ + वृह् + त(क्त) |
| ✻ 'हो धुट्० २.१.८२' → | आतृढ् + त | आवृढ् + त |
| ✻ 'अधश्चतुर्थात्० २.१.७९' → | आतृढ् + ध | आवृढ् + ध |
| ✻ 'तवर्गस्य० १.३.६०' → | आतृढ् + ढ | आवृढ् + ढ |
| ✻ 'ढस्तड्डे १.३.४२' → | आतृ + ढ + सि | आवृ + ढ + सि |
| ✻ 'अतः स्यमो० १.४.५७' → | आतृढ + अम् | आवृढ + अम् |
| ✻ 'समानादमो० १.४.४६' → | आतृढ + म् | आवृढ + म् |
| | = आतृढम्। | = आवृढम्। |

અહીં બન્ને સ્થળે આ સૂત્રથી ढ् નો લોપ થતા તેની પૂર્વે ऋ હોવાથી તેનો દીર્ઘ આદેશ ન થયો.

(5) અન્ય સૂત્રો સંબંધી કાર્યો કર્યા પછી જ આ સૂત્રથી ढ् નો લોપ થાય; એવું કેમ ?

| | (a) लेढा | (b) मोढा |
|---|---|---|
| | लिह् + ता (શ્વસ્તની) | मुह् + ता (શ્વસ્તની) |
| ✻ 'हो धुट्० २.१.८२' → | लिढ् + ता | मुढ् + ता |
| ✻ 'अधश्चतुर्थात्० २.१.७९' → | लिढ् + धा | मुढ् + धा |
| ✻ 'तवर्गस्य० १.३.६०' → | लिढ् + ढा | मुढ् + ढा |
| ✻ 'लघोरुपान्त्यस्य ४.३.४' → | लेढ् + ढा | मोढ् + ढा |
| ✻ 'ढस्तड्डे १.३.४२' → | ले + ढा | मो + ढा |
| | = लेढा। | = मोढा। |

આ સૂત્રમાં अनु નો અધિકાર હોવાથી અહીં પૂર્વે लिढ् અને मुढ् નો ગુણ થયો અને પછી આ સૂત્રથી ढ् નો લોપ થયો છે. જો સૂત્રમાં अनु નો અધિકાર ન લીધો હોત તો ગુણ થતા પૂર્વે જ लिढ् + ढा અને मुढ् + ढा અવસ્થામાં આ સૂત્રથી ढ् નો લોપ અને પૂર્વના इ અને उ નો દીર્ઘ આદેશ થતા लीढा અને मूढा આવા અનિષ્ટ પ્રયોગ સિદ્ધ થાત.

**શંકા :-** આ સૂત્ર કરતા 'लघोरुपान्त्यस्य ૪.૩.૪' સૂત્ર પરસૂત્ર હોવાથી પહેલાં ગુણ જ થાય. તેથી अनु નો અધિકાર લેવો નિરર્થક છે.

**સમાધાન :-** સાચી વાત છે, પરંતુ 'लघोरुपान्त्यस्य' સૂત્રનું ગુણકાર્ય ધાતુસંબંધી લઘુનામીસ્વર, વળી તેનું ઉપાન્ત્યમાં હોવું, પાછું કિત્-ઙિત્ સિવાયના પ્રત્યય પરમાં હોવા; આમ અનેક નિમિત્તોની અપેક્ષા રાખતું હોવાથી તે બહિરંગ ગણાય. જ્યારે આ સૂત્રનું કાર્ય માત્ર તન્નિમિત્તક ढ् ની જ પરમાં અપેક્ષા રાખે છે, તેથી અલ્પનિમિત્તક તે અંતરંગકાર્ય ગણાય. તેથી ***'अन्तरङ्गं बहिरङ्गात्'*** ન્યાયાનુસાર અંતરંગકાર્ય બળવાન બનવાથી તે પૂર્વે પ્રાપ્ત થાય છે. તે ન થાય અને ગુણકાર્ય પહેલાં થાય તે માટે સૂત્રમાં अनु નો અધિકાર આવશ્યક છે.

**શંકા :-** પરંતુ लिढ् + ढा અવસ્થામાં આ સૂત્રથી ढ् નો લોપ કરવાના અવસરે તે અસત્ થશે અને તેમ થતા ढ् ના નિમિત્તે થયેલો ता નો धा અને ढा આદેશ પણ અસત્ થવાથી ફરી लिह् + ता અવસ્થા મનાય. તેથી સૂત્રમાં अनु નો અધિકાર ન હોય તો પણ પૂર્વે ગુણ થઈ જશે.

**સમાધાન :-** ढ् અસત્ થવાના કારણે ભલે लिह् + ता અવસ્થા મનાય, છતાં તે અવસ્થામાં ફરી 'हो धुट्० ૨.૧.૮૨' સૂત્રથી ह् નો ढ् આદેશ પ્રાપ્ત છે અને ह् નો ढ् આદેશ એ વાર્ણવિધિ (વર્ણસંબંધી વિધિ) ગણાય, કેમકે એ સૂત્રમાં 'हकारस्य धुटि प्रत्यये परे...' આમ વર્ણને ઉદ્દેશીને ढ् આદેશનું વિધાન કર્યું છે. જ્યારે 'लघोरुपान्त्यस्य ૪.૩.૪' સૂત્રથી लिह् સ્થળે ગુણ કરવો એ પ્રાકૃતવિધિ (પ્રકૃતિસંબંધી વિધિ) ગણાય. કેમકે તે સૂત્રમાં 'धातोरुपान्त्यस्य नामिनो लघोः...' આમ ધાતુરૂપ પ્રકૃતિને ઉદ્દેશીને ગુણ આદેશનું વિધાન કર્યું છે.

હવે ***'वार्णो विधिः (अन्तरङ्गम्)'*** ન્યાય પ્રમાણે ह् ના ढ् આદેશરૂપ વાર્ણવિધિ અંતરંગ ગણાય, જ્યારે ગુણરૂપ પ્રાકૃતવિધિ બહિરંગ ગણાય. તેથી ***'असिद्धं बहिरङ्गमन्तरङ्गे'*** ન્યાયાનુસાર બહિરંગ એવો ગુણ આદેશ અસિદ્ધ થઇ અંતરંગ એવો ह् નો ढ् આદેશ થવાથી પુનઃ लिढ् + ढा અવસ્થા પ્રાપ્ત થતા આ સૂત્રથી ढ् નો લોપ થઇ लीढा અને मूढा આવા અનિષ્ટપ્રયોગ સિદ્ધ થઇ જાય. તે ટાળીને પૂર્વે ગુણ થઇ શકે તે માટે સૂત્રમાં अनु નો અધિકાર જરૂરી છે.

હમણાં જે વાત કરી ગયા તે કાર્યઅસત્ત્વપક્ષે સમજવી, બાકી શાસ્ત્રઅસત્ત્વપક્ષ મુજબ પૂર્વે ગુણ જ થાય, ढ् આદેશ પછી થાય. આશય એ છે કે શાસ્ત્રઅસત્ત્વપક્ષે સૂત્ર (અર્થાત્ શાસ્ત્ર) અસત્ થતું હોય છે, સૂત્રથી

થતી વિધિ નહીં. તેથી આ પક્ષે જો 'हो धुट्०' સૂત્ર અંતરંગ બને તો બહિરંગ 'नामिनो गुणो० ४.३.१' સૂત્ર **'असिद्धं बहिरङ्गम्'** ન્યાય મુજબ અસિદ્ધ થઈ શકે. પરંતુ **'वार्णो विधिः'** ન્યાયથી ह् ના ढ् આદેશરૂપ વિધિ અંતરંગ ગણાય છે, નહીં કે 'हो धुट्०' સૂત્ર. તેથી 'हो धुट्०' સૂત્ર અંતરંગ બનતું જ નથી કે જેથી તેની અપેક્ષાએ 'नामिनो गुणो०' સૂત્ર બહિરંગ ગણાય અને તે અસિદ્ધ થતાં लीढा અને मूढा આ અનિષ્ટપ્રયોગોને વારવા સૂત્રમાં अनु પદ મૂકવું પડે. આમ આ પક્ષે ઉપરની શંકામાં બતાવ્યા પ્રમાણે लिढ् + ढा અવસ્થામાં ढ् અસત્ થવાથી પહેલાં ગુણ જ થશે અને તેથી लेढा અને मोढा આ ઈષ્ટપ્રયોગો સિદ્ધ થઈ જતા હોવાથી સૂત્રમાં अनु પદનું ગ્રહણ જરૂરી નથી ।।૪૨।।

## सहि-वहेरोच्चावर्णस्य ।।१.३.४३।।

**बृ.वृ.–'सहि वहि' इत्येतयोर्ढस्य तड्ढे परेऽनु लुग् भवति, अवर्णस्य चौकारो भवति। (1) सोढा, वोढा, उदवोढाम्। (2) अवर्णस्येति किम्? ऊढः ।।४३।।**

---

**સૂત્રાર્થ :-** सह् અને वह् ધાતુના ढ् નો તે ढ् ના નિમિત્તે થયેલો ढ् પરમાં વર્તતા બીજા સૂત્રને લગતાં કાર્યો કર્યા પછી લોપ (लुक्) થાય છે અને પૂર્વનાં अ વર્ણનો ओ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ सहिश्च वहिश्च = सहि-वहि (स.द्व.), तस्य = सहिवहेः। ◆ अकारेणोपलक्षितो वर्णः = अवर्णः (मयूरव्यंसकादि), तस्य = अवर्णस्य।

<u>વિવરણ :-</u> (1) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) सोढा | (ii) वोढा |
|---|---|---|---|
| | | षह् (९९०) | वह् (९९६) |
| ✽ 'षः सोष्ट्यै० २.३.९८' | → | सह् | ↓ |
| ✽ 'णक-तृचौ ५.१.४८' | → | सह् + तृच् + सि | वह् + तृच् + सि |
| ✽ 'ऋदुशनस्० १.४.८४' | → | सह् + तृच् + डा | वह् + तृच् + डा |
| ✽ 'डित्यन्त्य० २.१.११४' | → | सह् + त् + डा | वह् + त् + डा |
| ✽ 'हो धुट् पदान्ते २.१.८२' | → | सढ् + त् + डा | वढ् + त् + डा |
| ✽ 'अधश्चतुर्थात्०२.१.७९' | → | सढ् + ध् + डा | वढ् + ध् + डा |
| ✽ 'तवर्गस्य० १.३.६०' | → | सढ् + ढ् + डा | वढ् + ढ् + डा |
| ✽ 'सहि-वहे० १.३.४३' | → | सो + ढ् + डा | वो + ढ् + डा |
| | | = सोढा। | = वोढा। |

**(iii)** उदवोढाम् — ✱ उद् + वह् + ताम्, ✱ 'सिजद्यतन्याम् ३.४.५३' → उद् + वह् + सिच् + ताम्, ✱ 'व्यञ्जनानामनिटि ४.३.४५' → उद् + वाह् + सिच् + ताम्, ✱ 'धुड्ह्रस्वाल्० ४.३.७०' → उद् + वाह् + ताम्, ✱ 'हो धुट्० २.१.८२' → उद् + वाढ् + ताम्, ✱ 'अधश्चतुर्थात्० २.१.७९' → उद् + वाढ् + धाम्, ✱ 'तवर्गस्य० १.३.६०' → उद् + वाढ् + ढाम्, ✱ 'अड् धातो० ४.४.२९' → उद् + अट् + वाढ् + ढाम्, ✱ 'सहि-वहे० १.३.४३' → उद् + अट् + वो(A) + ढाम् = उदवोढाम्।

**(2)** આ સૂત્રથી सह् અને वह् ધાતુના ढ् નો તે ढ् ના નિમિત્તે થયેલો ढ् પરમાં વર્તતા લોપ, તેમજ પૂર્વના अ વર્ણનો જ ओ આદેશ થાય, એવું કેમ ?

**(a)** ऊढः — ✱ 'क्त-क्तवतू ५.१.१७४' → वह् + त(क्त), ✱ 'यजादिवचेः० ४.१.७९' → उह् + त, ✱ 'हो धुट्० २.१.८२' → उढ् + त, ✱ 'अधश्चतुर्थात्० २.१.७९' → उढ् + ध, ✱ 'तवर्गस्य० १.३.६०' → उढ् + ढ, ✱ 'ढस्तड्डे १.३.४२' → ऊ + ढ = ऊढ + सि, ✱ 'सो रुः २.१.७२' → ऊढर्, ✱ 'रः पदान्ते० १.३.५३' → ऊढः।

અહીં वह् નો य्वृत् થવાના કારણે उह् થઈ ગયો હોવાથી उढ् + ढ અવસ્થામાં वह् નો अ વિદ્યમાન ન હોવાથી આ સૂત્રથી ढ् નો લોપ તેમજ अ નો ओ આદેશ ન થઈ શક્યો ।।४३।।

## उदः स्था-स्तम्भः सः ।।१.३.४४।।

**बृ.वृ.**–उदः परयोः 'स्था स्तम्भ' इत्येतयोः सकारस्य लुग् भवति। (1) उत्थाता, उत्थातुम्, उत्तम्भिता, उत्तम्भितुम्। (2) उद इति किम्? संस्थाता, संस्तम्भिता। (3) स्था-स्तम्भ इति किम्? उत्स्तोता, उत्स्कन्त्रः। (4) स इति किम्? उत्तिष्ठति, उदस्थात्, उदस्तभत्, उत्तिस्तम्भिषति। (5) प्रत्यासत्तेः स्था-स्तम्भविशेषणस्यैवोदो ग्रहणादिह न भवति -ऊर्ध्वं स्थानमस्योत्स्थानः। (6) कथमुत्स्कन्दतीति उत्कन्दको रोग इति? पृषोदरादित्वाद् भविष्यति ।।४४।।

---

**सूत्रार्थ :-** उद् ઉપસર્ગથી પરમાં રહેલાં स्था અને स्तम्भ् ધાતુના स् નો લોપ (लुक्) થાય છે.

**सूत्रसमास :-** ◆ स्थाश्च स्तम्भ् च = स्था-स्तम्भ् (स.द्व.), तस्य = स्था-स्तम्भः।

<u>વિવરણ :-</u> **(1)** <u>દૃષ્ટાંત</u> -

| | | (i) उत्थाता | (ii) उत्तम्भिताः |
|---|---|---|---|
| | | उत्तिष्ठतीति | उत्तम्भतीति |
| ✱ 'णक-तृचौ ५.१.४८' | → | उद् स्था + तृच् | उद् स्तम्भ् + तृच् |
| ✱ 'स्ताद्यशितो० ४.४.३२' | → | ↓ | उद् + स्तम्भ् + इट् + तृच् |

---

**(A)** યદ્યપિ वो ના ओ ની लुक् થયેલાં सिच् ના નિમિત્તે વૃદ્ધિની પ્રાપ્તિ છે, પરંતુ 'व्यञ्जनानामनिटि ४.३.४५' સૂત્રથી सिच् ના નિમિત્તે સમાન સ્વરોની વૃદ્ધિની વાત હોવાથી ओ ની વૃદ્ધિ નહીં થાય.

| | | | |
|---|---|---|---|
| * 'उदः स्था० १.३.४४' | → | उद् था + तृच् | उद् तम्भ + इट् + तृच् |
| * 'अघोषे प्रथमो० १.३.५०' | → | उत्थातृ + सि | उत्तम्भितृ + सि |
| * 'ऋदुशनस्० १.४.८४' | → | उत्थातृ + डा | उत्तम्भितृ + डा |
| * 'डित्यन्त्य० २.१.११४' | → | उत्थात् + डा | उत्तम्भित् + डा |
| | | = उत्थाता। | = उत्तम्भिता। |

(iii) उत्थातुम्    (iv) उत्तम्भितुम्

| | | | |
|---|---|---|---|
| | | उत्थानाय = | उत्तम्भनाय = |
| * 'क्रियायां क्रियार्थायाम्० ५.३.१३' | → | उद् स्था + तुम् | उद् स्तम्भ् + तुम् |
| * 'स्ताद्यशितो० ४.४.३२' | → | ↓ | उद् स्तम्भ् + इट् + तुम् |
| * 'उदः स्था० १.३.४४' | → | उद् था + तुम् | उद् तम्भ् + इट् + तुम् |
| * 'अघोषे प्रथमो० १.३.५०' | → | उत्थातुम् + सि | उत्तम्भितुम् + सि |
| * 'अव्ययस्य० ३.२.७' | → | उत्थातुम्। | उत्तम्भितुम्। |

(2) उद् ઉપસર્ગથી જ પરમાં રહેલાં स्था અને स्तम्भ् ધાતુના स् નો આ સૂત્રથી લોપ થાય એવું કેમ ?

(a) संस्थाता    (b) संस्तम्भिता

| | | | |
|---|---|---|---|
| | | संतिष्ठतीति = | संस्तम्भतीति = |
| * 'णक-तृचौ ५.१.४८' | → | सम् स्था + तृच् + सि | सम् स्तम्भ् + तृच् |
| * 'स्ताद्यशितो० ४.४.३२' | → | ↓ | सम् स्तम्भ् + इट् + तृच् + सि |
| * 'शिड्-हेऽनुस्वारः १.३.४०' | → | संस्थातृ + सि | संस्तम्भितृ + सि |
| * 'ऋदुशनस्० १.४.८४' | → | संस्थातृ + डा | संस्तम्भितृ + डा |
| * 'डित्यन्त्य० २.१.११४' | → | संस्थात् + डा | संस्तम्भित् + डा |
| | | = संस्थाता। | = संस्तम्भिता। |

ઉપરોક્ત ઉભય સ્થળે उद् ઉપસર્ગ ન હોવાથી स्था અને स्तम्भ् ના स् નો લોપ ન થયો.

(3) આ સૂત્રથી स्था અને स्तम्भ् ના જ स् નો લોપ થાય એવું કેમ ?

**(a) उत्स्तोता**

उद् + ष्टु (११२४)

✽ 'षः सोष्ट्यै० २.३.९८' → उद् स्तु[A]+ता(श्वस्तनी)

✽ 'नामिनो गुणो० ४.३.१' → उद् स्तो + ता

✽ 'अघोषे प्रथमो० १.३.५०' → उत्स्तोता।

**(b) उत्स्कन्नः**

उत्स्कद्यते स्म

✽ 'क्त-क्तवतू ५.१.१७४' → उद् स्कन्द्+त(क्त)

✽ 'रदादमूर्च्छ० ४.२.६९' → उद् स्कन्न

✽ 'अघोषे प्रथमो० १.३.५०' → उत्स्कन्न + सि

✽ 'सो रुः २.१.७२' → उत्स्कन्नर्

✽ 'रः पदान्ते० १.३.५३' → उत्स्कन्नः।

આ બન્ને સ્થળે उद् ઉપસર્ગથી પરમાં स्था અને स्तम्भ् ધાતુ નથી, માટે ધાતુના स् નો લોપ ન થયો.

(4) આ સૂત્રથી उद् ઉપસર્ગથી પરમાં રહેલા स्था અને स्तम्भ् ધાતુના स् નો જ લોપ થાય એવું કેમ ?

**(a) उत्तिष्ठति**

उद् स्था + ति

✽ 'कर्तर्यनद्भ्यः०३.४.७१' → उद् स्था+शव्+ति

✽ 'श्रौति-कृवु०४.२.१०८' → उद् तिष्ठ+शव्+ति

✽ 'लुगस्यादेत्य०२.१.११३' → उद् तिष्ठ्+शव्+ति

✽ 'अघोषे प्रथमो० १.३.५०' → उत् तिष्ठ्+शव्+ति = उत्तिष्ठति।

**(b) उदस्थात्**

उद् स्था + द् (दि)

✽ 'सिजद्यतन्याम् ३.४.५३' → उद् स्था+सिच्+द्

✽ 'पिबैतिदा० ४.३.६६' → उद् स्था + द्

✽ 'अड् धातोरादि०४.४.२९' → उद् अट्+स्था+द्

✽ 'विरामे वा १.३.५१' → उदस्थात्।

**(c) उदस्तभत्**

उद् स्तम्भ्+द् (दि)

✽ 'ऋदिच्छ्वि०३.४.६५' → उद् स्तम्भ्+अङ्+द्

✽ 'नो व्यञ्जनस्या०४.२.४५' → उद् स्तभ्+अ+द्

✽ 'अड् धातो०४.४.२९' → उद् अड्+स्तभ्+अ+द्

✽ 'विरामे वा १.३.५१' → उदस्तभत्।

**(d) उत्तिस्तम्भिषति**

उत्तम्भितुमिच्छति =

✽ 'तुमर्हाद्० ३.४.२१' → उद् स्तम्भ् + सन्

✽ 'सन्यङश्च ४.१.३' → उद् स्तम्भ् स्तम्भ्+स

✽ 'व्यञ्जनस्या०४.१.४४' → उद् स्त स्तम्भ्+स

✽ 'अघोषे शिटः ४.१.४५' → उद् त स्तम्भ्+स

✽ 'सन्यस्य ४.१.५९' → उद् ति स्तम्भ्+स

✽ 'स्ताद्यशितो० ४.४.३२' → उद् ति स्तम्भ्+इट्+स+ति

---

(A) ष्टु સ્થળે ष् ના યોગમાં त् નો ट् આદેશ થયો હતો, પરંતુ 'षः सोष्ट्यै० २.३.९८' સૂત્રથી ष् નો स् આદેશ થતા *'निमित्ताभावे नैमित्तिकस्याऽप्यभावः'* ન્યાયાનુસાર પુનઃ ट् નો त् થઈ ગયો છે.

* 'अघोषे प्रथमो० १.३.५०' → उत्तिस्तम्भि + स + ति
* 'कर्तर्यनद्भ्य० ३.४.७१' → उत्तिस्तम्भि + स + शव् + ति
* 'लुगस्यादेत्य० २.१.११३' → उत्तिस्तम्भि + स् + शव् + ति
* 'नाम्यन्तस्था २.३.१५' → उत्तिस्तम्भि + ष् + शव् + ति
= उत्तिस्तम्भिषति।

ઉપરોક્ત સ્થળો પૈકીના उत्तिष्ठति સ્થળે स्था નો तिष्ठ આદેશ થયો હોવાથી स् ની વિદ્યમાનતા જ નથી, તેમ જ બાકીના ત્રણ સ્થળે स्था અને स्तम्भ् નો स् उद् ઉપસર્ગની અવ્યવહિત પરમાં નથી, માટે આ સૂત્રથી स् નો લોપ ન થયો.

**શંકા :-** उदस्थात् સ્થળે આ સૂત્રથી स् નો લોપ કેમ નથી થતો ?

**સમાધાન :-** उद् અને स्था ની વચ્ચે अट् આગમનું વ્યવધાન છે, માટે स् નો લોપ નથી થતો.

**શંકા :-** स्था ધાતુને થયેલ अट् આગમ તેનું અંગ ગણાય. તેથી ***'स्वाङ्गमव्यवधायि'*** ન્યાયાનુસાર તે વ્યવધાયક ન બનતા स् નો લોપ થવો જોઈએ.

**સમાધાન :-** તમારી વાત સાચી છે, પરંતુ स् નો લોપ ન થયો હોય તેવા उदस्थात् અને उदस्तभत् પ્રયોગ ની સિદ્ધિ માટે સૂત્રમાં उदः પદની આવૃત્તિ કરવામાં આવી છે. તેથી સૂત્રનો અર્થ આ પ્રમાણે પ્રાપ્ત થશે કે 'उद् ઉપસર્ગથી પરમાં રહેલાં स्था અને स्तम्भ् ધાતુના उद् થી પરમાં રહેલા स् નો લોપ થાય છે.' આવો અર્થ થવાથી હવે अट् આગમનું વ્યવધાન નહીં ચાલે, કેમકે તેના કારણે उद् થી પરમાં स् પ્રાપ્ત નથી થતો. માટે स् નો લોપ નહીં થાય.

**શંકા :-** પરંતુ अट् આગમ થતા પૂર્વે જ આ સૂત્રથી स् નો લોપ કરી દઈએ તો કેમ ?

**સમાધાન :-** તેમ ન થાય. કેમકે આ સૂત્રમાં अनु નો અધિકાર છે, તેથી अट् આગમાદિ અન્ય કાર્યો થયા પછી જ આ સૂત્રનું કાર્ય થઇ શકે અને अट् આગમ થયા પછી તો 'पञ्चम्या निर्दिष्टे० ७.४.१०४' પરિભાષા પ્રમાણે उद् ને અનંતર (અવ્યવહિત પરમાં) स् પ્રાપ્ત થતો ન હોવાથી स् નો લોપ ન થઇ શકે.

**(5) શંકા :-** उर्ध्वं स्थानं अस्य = उत्स्थानः સ્થળે તો उद् ઉપસર્ગથી અવ્યવહિત પરમાં स्था નો स् છે, તો આ સૂત્રથી તેનો લોપ કેમ નથી કરતા ?

**સમાધાન :-** સૂત્રમાં उद् ઉપસર્ગનો स्था અને स्तम्भ् ધાતુ સાથે સંબંધ દર્શાવ્યો છે, **તેથી જો उद् ઉપસર્ગ** स्था અને स्तम्भ् ધાતુનું વિશેષણ બનતો હોય તો જ આ સૂત્રથી स् નો લોપ થઇ શકે. **उत्स्थान પ્રયોગસ્થળે उद्** ઉપસર્ગ स्था ધાતુનું નહીં, પણ स्थान શબ્દનું વિશેષણ છે, માટે આ સૂત્રથી ત્યાં स् નો લોપ ન થઇ શકે.

**(6) શંકા :-** उद् ઉપસર્ગથી પરમાં રહેલાં स्था અને स्तम्भ् ધાતુના જ स् નો જો લોપ થતો હોય તો (A)उत्कन्दको रोगः સ્થળે स्कन्द् ધાતુના स् નો લોપ શી રીતે થઈ શકે ? જો કરવો હોય તો 'उदः स्कन्दे रोगे' આવું એક નવું સૂત્ર બનાવવું જોઈએ, જેથી રોગ અર્થમાં उद् ઉપસર્ગથી પરમાં રહેલાં स्कन्द् ના स् નો લોપ થઈ શકે.

**સમાધાન :-** નવું સૂત્ર રચવાની કોઈ જરૂર નથી. उत्कन्दक શબ્દ 'पृषोदरादयः ३.२.१५५' સૂત્રથી નિપાતન કરવામાં આવ્યો છે ।।૪૪।।

## तदः सेः स्वरे पादार्था ।।१.३.४५।।

**बृ.वृ.–तदः(1) परस्य सेः स्वरे परे लुग् भवति, सा चेत् पादार्था(2)-पादपूरणी(3) भवति। 'सैष(4) दाशरथी रामः, सैष राजा युधिष्ठिरः'। 'सौषधीरनुरुध्यते'। पादार्थेति(5) किम्? 'स एष भरतो राजा' ।।४५।।**

---

**સૂત્રાર્થ :-** तद् થી પરમાં રહેલાં सि પ્રત્યયનો સ્વર પર છતાં લુક્ થાય છે, જો તે લુક્ પાદપૂરણી માટે થતો હોય તો.

**સૂત્રસમાસ :-** ◆ पादाय इयं = पादार्था (३.१.७२ इत्यनेन च.तत्०)।

<u>વિવરણ :-</u> **(1)** બૃ. વૃત્તિમાં परस्य પદના અધ્યાહારના કારણે સૂત્રવર્તી तदः પદ પંચમ્યન્ત રૂપે જણાય છે, અન્યથા તે પંચમ્યન્ત છે કે ષષ્ઠચન્ત છે ? એ વાતનો સંદેહ રહેત.

વળી, આમ તો सर्वादि શબ્દો પૈકીના त्यदादि ગણ અંતર્વર્તી तद् શબ્દના द् નો 'आ द्वेरः २.१.४१' સૂત્રથી अ આદેશ અને ङसि પ્રત્યયનો स्मात् આદેશ થવાથી तद् શબ્દનો પંચમ્યન્ત પ્રયોગ तस्मात् થાય. છતાં સૂત્રમાં तदः પ્રયોગ કર્યો છે, કારણ અહીં त्यदादि ગણાન્તર્વર્તી तद् શબ્દ નહીં, પરંતુ તેના અનુકરણ રૂપ तद् શબ્દ વપરાયો છે.

**શંકા :-** *'प्रकृतिवदनुकरणम्'* ન્યાયથી અનુકરણ પામેલો तद् શબ્દ त्यदादि ગણાન્તર્વર્તી तद् પ્રકૃતિ (શબ્દ) જેવો જ મનાય. તેથી તેનો પણ तस्मात् પ્રયોગ જ થવો જોઈએ.

**સમાધાન :-** તેવું ન થાય. કેમકે અનુકર્તાની ઈચ્છાનુસાર અનુકરણ બે પ્રકારે થતું જોવા મળે છે; ક્યાંક શબ્દાર્થાનુકરણ અને ક્યાંક શબ્દાનુકરણ. અનુકાર્ય (= જે શબ્દનું અનુકરણ કરવામાં આવે તે) અને અનુકરણ વચ્ચે ભેદની વિવક્ષાને લઈને 'શબ્દાર્થાનુકરણ' પ્રવર્તે છે અને એ બન્ને વચ્ચેની અભેદની વિવક્ષાને લઈને 'શબ્દાનુકરણ' પ્રવર્તે છે. તેમાં જ્યારે શબ્દાર્થાનુકરણનો આશ્રય કરવામાં આવે ત્યારે જ *'प्रकृतिवदनुकरणम्'* ન્યાય લાગે, શબ્દાનુકરણ પક્ષે નહીં.

---

(A) ✻ 'णक-तृचौ ५.१.४८' → उत्स्कन्दतीति = उद् स्कन्द् + णक, ✻ 'पृषोदरादयः ३.२.१५५' → उत्कन्दक + सि, ✻ 'सो रुः २.१.७२' → उत्कन्दकर्, ✻ 'रः पदान्ते० १.३.५३' → उत्कन्दकः।

આશય એ છે કે શબ્દાર્થાનુકરણ સ્થળે અનુકાર્યમાં રહેલાં વિશેષ ધર્મોને આશ્રયીને અનુકરણ કરવામાં આવે છે, અર્થાત્ અનુકાર્યમાં નામત્વ, ધાતુત્વ વિગેરે જે ધર્મો રહેલાં છે, તે અનુકરણમાં ન હોવા છતાં પણ અતિદેશ કરાય છે. તેથી તે ધર્મનિમિત્તક કાર્યો અનુકરણ સ્થળે પણ થાય છે. જેમકે - 'परिव्यवात् क्रियः ૩.૩.૩૭' સૂત્રમાં क्री ધાતુના અનુકરણ રૂપ क्री શબ્દ ધાતુ ન હોવા છતાં (A)ધાતુ જેવો થશે, તેથી ત્યાં ધાતુસંબંધી કાર્ય થશે. માટે 'संयोगात् २.१.५२' સૂત્રથી ई નો इय् આદેશ થશે. આમ શબ્દાર્થાનુકરણ સ્થળે પ્રકૃતિને ઉદ્દેશીને કહેલાં કાર્યો અનુકરણમાં પણ થતા હોવાથી **'प्रकृतिवदनुकरणम्'** ન્યાય પ્રવર્તશે.

શબ્દાનુકરણ સ્થળે અનુકાર્યમાં રહેલ શબ્દત્વ રૂપ સામાન્યધર્મને લઇને અનુકરણ થતું હોવાથી ધાતુત્વ, નામત્વ વિગેરે વિશેષધર્મનિમિત્તક કાર્ય અનુકરણ સ્થળે નથી થતા, તેથી **'प्रकृतिवद०'** ન્યાય અહીં પ્રવર્તતો નથી. પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે શબ્દાનુકરણની વિવક્ષાનો આશ્રય કર્યો હોવાથી, तद् પ્રકૃતિમાં રહેલાં સર્વાદિત્વ અને ત્યદાદિત્વ રૂપ વિશેષધર્મનો અનુકરણરૂપ तद् માં અભાવ હોવાથી, તે નિમિત્તે થતા अ અને स्मात् કાર્યો નહીં થાય. તેથી तस्मात् પ્રયોગ ન થતા तदः પ્રયોગ જ થશે. બે પ્રકારના અનુકરણ અંગે વિશેષ જાણવા જિજ્ઞાસુઓએ ન્યાય-સમુચ્ચય અને તેની તરંગટીકામાં **'प्रकृतिवद०'** ન્યાય જોવો.

**(2)** સૂત્રવર્તી तदः શબ્દથી तद् ના આદેશ स નું ગ્રહણ કરવું અને આ સૂત્રથી તેની પરમાં રહેલાં सि પ્રત્યયનો લોપ સમજવો. કારણ વ્યંજનાન્ત तद् શબ્દથી પરમાં રહેલા सि પ્રત્યયનો લોપ તો 'दीर्घङ्याब्० १.४.४५' સૂત્રથી સિદ્ધ જ હોવાથી પ્રસ્તુત સૂત્ર નિરર્થક ઠરે.

ઉપરોક્ત तद् ના स આદેશના ગ્રહણની વાત સૂત્રવર્તી 'पादार्था' પદ ઉપરથી જણાય છે. કેમકે સૂત્રમાં पादार्था ત્યારે લખવાનું હોય જ્યારે શ્લોકના કોઈપણ (B)પાદમાં વર્તતા વધારે અક્ષરનો મેળ પાડવા લુક્ દ્વારા અક્ષર ઘટાડવાનું સૂચવવું હોય. હવે વ્યંજનાન્ત तद् શબ્દથી પરમાં રહેલાં सि પ્રત્યયનો 'दीर्घङ्याब्०' સૂત્રથી લોપ થતા વ્યંજનાન્ત तद् શબ્દની પરમાં રહેલો સ્વર तद् માં ભળી જતાં પાદપૂરણ આપમેળે જ થઇ જાય છે. તેથી पादार्था પદને સૂચવવા લાયક પાદપૂરણ રહેતું ન હોવાથી તે પદ વ્યર્થ બને. છતાં તે પદ લખ્યું છે તેથી જણાય છે કે અહીં तद् ના स આદેશનું ગ્રહણ કરવાનું છે.

---

**(A)** અહીં અનુકરણ રૂપ क्री શબ્દ 'ધાતુ જેવો' થાય, એમ કહેવાથી ई નો इय् આદેશ થયો. છતાં તે શબ્દ સર્વથા ધાતુસ્વરૂપ ન બનવાથી તેને ધાતુસંબંધી त्यादि પ્રત્યય ન થતાં નામ સંબંધી स्यादि પ્રત્યય થવાથી क्रियः પ્રયોગ સિદ્ધ થયો.

**(B)** ચોક્કસ સંખ્યામાં વર્તતા વર્ણ અને માત્રા રૂપ અવયવોના પિંડ (સમૂહ)ને 'પાદ' કહેવાય છે. જેમકે **અનુષ્ટુપ્** છંદમાં વર્તતા શ્લોકના દરેક પાદ આઠ-આઠ વર્ણોના સમૂહાત્મક હોય છે.

**(3)** सि પ્રત્યયનો લોપ થાય ત્યારે જ જો પાદપૂરણ કરવું શક્ય હોય તો જ આ સૂત્રથી सि નો લોપ કરવો. બાકી *'सोऽयमित्यभिसम्बन्धे प्रत्यभिज्ञोपजायते'* આવા સ્થળોએ કે જ્યાં सि નો લોપ કરીએ કે ન કરીએ, બન્ને રીતે પાદપૂરણ થવું શક્ય હોય ત્યાં આ સૂત્રથી सि પ્રત્યયનો લોપ ન કરવો. सोऽयम् સ્થળે स + सि अयम् અવસ્થામાં सि નો લોપ કરીએ તો પણ स + अयम् = सायम् સંધિ કરીને પાદપૂરણ કરવું શક્ય છે, તેમજ सि ના स् નો र् અને તેનો उ આદેશ કરી 'एदोतः पदान्ते० १.२.२७' સૂત્રથી अयम् ના अ નો લોપ કરીને सोऽयम् આ પ્રમાણે પણ પાદપૂરણ કરવું શક્ય છે, તો આવા સ્થળે આ સૂત્રથી सि નો લોપ ન થાય.

(ઉપરોક્ત વાતને લઘુન્યાસમાં જુદી રીતે દર્શાવી છે, તે આ પ્રમાણે -)

**શંકા :-** *'सोऽहं तथापि तव०' (भक्तामर० श्लो० ५)* શ્લોકના પાદમાં सोऽहम् સ્થળે स થી પરમાં રહેલાં सि નો अ પર છતાં આ સૂત્રથી લોપ કેમ ન થયો ?

**સમાધાન :-** ન્યાય છે કે **'सर्वत्र विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'**(A) જેમકે આ સૂત્ર અને 'रोर्यः १.३.२६' સૂત્રની પ્રવૃત્તિ સામસામી આવે ત્યારે બન્ને સૂત્રમાં પરવર્તી નિમિત્ત તરીકે સ્વર બતાવ્યા છે, પરંતુ પૂર્વનિમિત્ત તરીકે 'रोर्यः' સૂત્રમાં કોઈપણ શબ્દનો अ વર્ણ બતાવ્યો છે, માટે તે સૂત્રથી થતું કાર્ય સામાન્યવિધિ કહેવાય. જ્યારે આ સૂત્રમાં પૂર્વનિમિત્ત તરીકે तद् શબ્દનો स આદેશ જ હોવો જોઈએ, એમ કહ્યું હોવાથી આ સૂત્રનું કાર્ય વિશેષવિધિ કહેવાય. તેથી પ્રસ્તુત સૂત્રથી થતી વિશેષવિધિ 'रोर्यः' સૂત્રથી થતી સામાન્યવિધિના વિષયમાં 'सो रुः २.१.७२' સૂત્રથી પ્રાપ્ત स् ના र् આદેશનો બાધ કરે.

પરંતુ सोऽहम् સ્થળ કે જ્યાં આ સૂત્ર અને 'अतोऽति० १.३.२०' સૂત્ર સામસામા આવ્યા હોય, ત્યારે આ સૂત્રમાં પરવર્તી નિમિત્ત તરીકે કોઈપણ સ્વર બતાવ્યો હોવાથી આ સૂત્રથી થતું કાર્ય સામાન્યવિધિ કહેવાય, જ્યારે 'अतोऽति०' સૂત્રમાં પરનિમિત્ત તરીકે अ સ્વર જ બતાવ્યો હોવાથી તે સૂત્રથી થતું કાર્ય વિશેષવિધિ કહેવાય. આવા અવસરે 'अतोऽति०' સૂત્રથી પ્રાપ્ત વિશેષવિધિના વિષયમાં 'सो रुः' સૂત્રથી થતા स् ના र् નો આ સૂત્રથી થતી સામાન્યવિધિ બાધ ન કરી શકે. તેથી सोऽहम् સ્થળે આ સૂત્રથી सि પ્રત્યયનો લોપ નથી થયો, પરંતુ स् નો र् અને र् નો 'अतोऽति०' સૂત્રથી उ આદેશ થયો છે.

(4) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) सैष दाशरथी रामः | (ii) सौषधीरनुरुध्यते |
|---|---|---|---|
| | | तद् + सि | तद् + सि |
| * 'आ द्वेरः २.१.४१' | → | त अ + सि | त अ + सि |
| * 'लुगस्या० २.१.११३' | → | त् अ + सि | त् अ + सि |

(A) હંમેશા વિશેષવિધિ સામાન્યવિધિનો બાધ કરે, પરંતુ સામાન્યવિધિ વિશેષવિધિનો બાધ ન કરે.

| | | | |
|---|---|---|---|
| ✱ 'तः सौ सः २.१.४२' | → | स + सि एषः | स + सि |
| ✱ 'आत् २.४.१८' | → | ↓ | स + आप् = सा + सि ओषधीः |
| ✱ 'तदः सेः० १.३.४५' | → | स एषः | सा ओषधीः |
| ✱ 'ऐदौत्० १.२.१२' | → | सैष दाशरथी रामः। | सौषधीरनुरुध्यते। |

सैष राजा युधिष्ठिरः પ્રયોગની સાધનિકા सैष दाशरथी रामः પ્રમાણે સમજવી. આ બધા દષ્ટાંતસ્થળે तद् ના આદેશ स થી પરમાં રહેલાં सि (स्) પ્રત્યયનો 'सो रुः २.१.७२' સૂત્રથી र् આદેશ પ્રાપ્ત હોતે છતે આ સૂત્રથી લોપ થયો. અન્યથા सि ના स् નો र् આદેશ, 'रोर्य १.३.२६' સૂત્રથી તે र् નો य् આદેશ અને 'स्वरे वा १.३.२४' સૂત્રથી य् નો લોપ અને અસંધિ થતાં स एष दाशरथी रामः આમ નવ અક્ષર થવાથી અનુષ્ટુપ્ છંદની પાદપૂરણી ન થાત.

અહીં ધ્યાનમાં રાખવું કે આમ પણ આ બધા દષ્ટાંતસ્થળે 'रोर्यः' અને 'स्वरे वा' સૂત્રથી सि નો આદેશ થઈને તેનો લોપ થઈ જ જાય છે, પરંતુ જો તે રીતે सि નો લોપ થાય તો स एषः વચ્ચે સંધિ ન થઈ શકે, જ્યારે આ સૂત્રથી सि નો લોપ થાય તો सैषः એમ સંધિ થવા રૂપ ફળ મળે છે.

(5) પાદપૂરણી થતી હોય તો જ सि નો લોપ થાય એવું કેમ ?

**(a) स एष भरतो राजा — ✱ तद् + सि, ✱ 'आ द्वेरः २.१.४१' → त अ + सि, ✱ 'लुगस्या० २.१.११३' → त् अ + सि, ✱ 'तः सौ सः २.१.४२' → स + सि, ✱ 'सो रुः २.१.७२' → सर् एषः, ✱ 'रोर्यः १.३.२६' → सय् एषः, ✱ 'स्वरे वा १.३.२४' → स एष भरतो राजा।**

અહીં જો सि નો લોપ કરવામાં આવે તો 'सैष भरतो राजा' એ પ્રમાણે स एषः ની સંધિ થવાથી સાત અક્ષર જ થવાના કારણે અનુષ્ટુપ્ છંદની પાદપૂરણી ન થઈ શકે, માટે આ સૂત્રથી सि નો લોપ ન થયો.

● કેટલાક વ્યાકરણકારો આ સૂત્રને **ऋक्पाद** (ઋગ્વેદમાં આવતા શ્લોકોના પાદ કે પછી સ્તોત્રના પાદ) નો વિષય માને છે ।।૪૫।।

## एतदश्च व्यञ्जनेऽनग्-नञ्समासे ।।१.३.४६।।

**बृ.वृ.–एतदस्तदश्च(1) परस्य सेर्व्यञ्जने परे लुग् भवति, अकि नञ्समासे च सति न(2) भवति। एष(3) ददाति, स ददाति, परमैष करोति, परमस ददाति। एतदश्चेति(4) किम्? को दाता, यो धन्यः। सेरित्येव(5)? एतौ गच्छतः, तौ तिष्ठतः। अनुबन्धग्रहणादिह(6) न भवति—एतेषु चरति, तेषु याति। अनग्-नञ्समास(7) इति किम्? एषकः करोति, सको याति, ✱तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते✱ इति साकोऽपि प्राप्तिरिति प्रतिषेधः, अनेषो गच्छति, असो याति। व्यञ्जन इति किम्? एषोऽत्र, सोऽत्र ।।४६।।**

**સૂત્રાર્થ :-** एतद् અને तद् થી પરમાં રહેલા सि પ્રત્યયનો વ્યંજન પરમાં વર્તતા લુક્ (લોપ) થાય છે. પરંતુ अक् પ્રત્યય કે नञ् તત્પુરુષસમાસ થયે છતે લોપ થતો નથી.

**સૂત્રસમાસ :-** ◆ नञः समासः = नञ्समासः (ष. तत्०) [म.वृ. अवचूर्यां ढुंढिकायां च नञा समासः = नञ्समासः (तृ. तत्०) इति]; अक् च नञ्समासश्च = अग्नञ्समासम् (स.द्व.) [अवचूर्यां ढुंढिकायां च 'अग्नञ्समासः' प्रयोगो वर्तते, परं स न युक्तो भाति, यतः समाहारद्वन्द्वे प्रयोगो नपुंसकलिङ्गे क्रियते।]; न अग्नञ्समासम्=अनग्नञ्समासम् (नञ् तत्०) तस्मिन्= अनग्नञ्समासे।

<u>વિવરણ :-</u> (1) સમુચ્ચય અર્થમાં વપરાયેલો च શબ્દ આ સૂત્રમાં નિમિત્તરૂપે અપેક્ષિત एतद् શબ્દની પરમાં દર્શાવ્યો છે, તેથી '***चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति***' ન્યાય મુજબ તે બીજા કોઈ નિમિત્તના સાહચર્ય (सद्वितीयता) ને જણાવે છે. હવે બીજું કોઈ નિમિત્ત આ સૂત્રમાં બતાવ્યું નથી, તેથી च શબ્દ પૂર્વસૂત્રમાં વર્તતા तद् નિમિત્તનો આ સૂત્રમાં નિમિત્તરૂપે સમુચ્ચય કરશે.

(2) બૃ. વૃત્તિમાં 'नञ्समासे च सति न भवति' એમ न નો અન્વય भवति ક્રિયાપદ સાથે કરવા દ્વારા 'अनग्नञ्समासे' સ્થળે नञ् 'પ્રસજ્યપ્રતિષેધ'(A) અર્થમાં છે, 'પર્યુદાસ' અર્થમાં નહીં એમ દર્શાવે છે.

**શંકા :-** પર્યુદાસ અર્થમાં તે नञ् કરત તો શું વાંધો આવત ?

[અહીં પ્રસંગવશ પર્યુદાસ नञ् અને પ્રસજ્યપ્રતિષેધ नञ् અંગે જાણી લઈએ. પર્યુદાસ नञ् સ્થળે नञ् નો અન્વય નામ સાથે હોય છે અને તે જે નામ સાથે અન્વય પામે તેનાથી ભિન્ન, પરંતુ તેને સદૃશ પદાર્થનો ગ્રહણ કરાવનાર બને. જેમ કે अब्राह्मणमानय (બ્રાહ્મણ સિવાયનાને લાવ.) સ્થળે नञ् નો અન્વય ब्राह्मण નામ સાથે છે અને તે બ્રાહ્મણ સિવાયના લાકડી, ઢેફા વિગેરે ગમે તે પદાર્થનો ગ્રાહક નથી બનતો, પરંતુ બ્રાહ્મણ સદૃશ ક્ષત્રિયાદિ પદાર્થનો ગ્રાહક બને છે.

પ્રસજ્યપ્રતિષેધ नञ् સ્થળે नञ् નો અન્વય ક્રિયાપદ સાથે હોય છે અને તે માત્ર નિષેધ કરીને છૂટી જાય છે. જેમકે ब्राह्मणं नाऽऽनय (બ્રાહ્મણને ન લાવ) સ્થળે नञ् નો અન્વય आनय ક્રિયાપદ સાથે છે અને તે માત્ર બ્રાહ્મણના આનયનનો જ નિષેધ કરે છે, અર્થાત્ ક્ષત્રિયાદિને લાવવો કે નહીં ? આ વાતનો ખુલાસો તે કરતો નથી.]

**સમાધાન :-** પર્યુદાસ અર્થમાં नञ् કરત તો अन् (नञ्) નો અન્વય नञ्समास પદ સાથે થાત અને '***नञ्युक्तं तत्सदृशे***'(B) ન્યાય મુજબ नञ् તત્પુરુષસમાસ સિવાયના, પણ તેને સદૃશ ઉત્તરપદાર્થપ્રધાન સમાસોનું

(A) प्रसज्यप्रतिषेधस्तु क्रियापदेन यत्र नञ्।
(B) नञ् થી યુક્ત નામપદ, તેને સદૃશ પદાર્થનું ગ્રહણ કરાવે.

જ ગ્રહણ થાત. તેથી તે સમાસોમાં જ વર્તતા एतद् અને तद् થી પરમાં રહેલાં सि પ્રત્યયનો આ સૂત્રથી લોપ થાત, જેમકે परमैष ददाति, परमस ददाति, પરંતુ एष ददाति વિગેરે અસામાસિક સ્થળે सि નો લોપ ન થતા एषो ददाति આવા અનિષ્ટ પ્રયોગ થાત. જ્યારે પ્રસજ્યપ્રતિષેધ અર્થમાં नञ् નું ગ્રહણ કરીએ તો अन् (नञ्) નો અન્વય (A)भवति ક્રિયાપદ સાથે થવાથી તે 'अक् અને નञ्સમાસ થયો હોય તો एतद् અને तद् થી પરમાં सि નો લોપ થતો નથી' આ રીતે માત્ર નિષેધ કરી અટકી જાય છે. તેથી બીજા બધા સ્થળો મોકળા રહેતાં एष ददाति વિગેરે સમાસ વિનાના સ્થળે પણ આ સૂત્રથી सि પ્રત્યયનો લોપ થઈ શકે છે. માટે अनग्नञ्समासे સ્થળે नञ् ને પર્યુદાસ અર્થમાં ગ્રહણ ન કરી શકાય.

**શંકા :-** જો તમે नञ् ને પ્રસજ્યપ્રતિષેધ અર્થમાં લો તો તે भवति ક્રિયાપદ સાથે અન્વય પામતો હોવાથી તેને સાપેક્ષ કહેવાય. તેથી **'सापेक्षमसमर्थम्'**(B) ન્યાય મુજબ नञ् પદ अनग्नञ्समासे પદ સાથે સમાસ પામવા અસમર્થ ગણાય, છતાં સમાસ કરો તો તમને અસમર્થસમાસની કલ્પનાનો દોષ આવે.

વળી, તમને अनग्नञ्समासे આ સમાસમાંથી अन् (नञ्) ને ઉઠાવી भवति ક્રિયાપદ સાથે જોડવામાં વાક્યભેદ દોષનો પ્રસંગ આવે છે અને भवति ક્રિયાપદનો અધ્યાહાર કરવો પડે છે. તેથી नञ् ને પ્રસજ્યપ્રતિષેધ અર્થમાં ન બતાવવો જોઈએ.

**સમાધાન :-** સારૂં. તો પછી नञ् ને પર્યુદાસ અર્થમાં જ લેશું. જેથી પૂર્વે કહ્યા મુજબ परमैष ददाति વિગેરે સમાસસ્થળે તો સૂત્રકાર્ય થશે જ, સાથે સાથે अनग्नञ्समासे સ્થળે अन् (नञ्) નો અન્વય अक् ની સાથે પણ હોવાથી તે नञ् अक् પ્રત્યયાન્ત સિવાયના અને अक् પ્રત્યયાન્તને સદૃશ એવા અસામાસિક સ્થળોને પણ ગ્રહણ કરશે, જેથી एष ददाति, स ददाति વિગેરે સ્થળોએ પણ આ સૂત્રથી सि પ્રત્યયનો લોપ થશે. આમ પર્યુદાસ नञ् નું ગ્રહણ કરવાથી હવે ઉપરોક્ત ત્રણ દોષોમાંથી એકેય દોષ નહીં લાગે.

| (3) <u>દૃષ્ટાંત</u> - | | (i) एष ददाति | (ii) स ददाति |
|---|---|---|---|
| | | एतद् + सि | तद् + सि |
| * 'आ द्वेरः २.१.४१' | → | एत अ + सि | त अ + सि |
| * 'लुगस्या० २.१.११३' | → | एत + सि | त + सि |
| * 'तः सौ सः २.१.४२' | → | एस + सि | स + सि ददाति |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | एष + सि ददाति | ↓ |
| * 'एतदश्च० १.३.४६' | → | एष ददाति। | स ददाति। |

(A) *'यत्राऽन्यत् क्रियापदं न श्रूयते तत्रास्तिर्भवन्तीपरः प्रयुज्यते'* ન્યાયથી અહીં भवति ક્રિયાપદનો અધ્યાહાર કર્યો છે.

(B) અમુક પદની સાથે અપેક્ષા (અન્વય) વાળું પદ બીજા કોઈપણ પદ સાથે સમાસ આદિ પદવિધિ પામવા માટે અસમર્થ (ઐકાર્થ્ય કે વ્યપેક્ષા સામર્થ્ય વિનાનું) બની જાય છે.

परमैष करोति અને परमस ददाति પ્રયોગની સાધનિકા ઉપર પ્રમાણે સમજવી. એટલું વિશેષ કે આ બન્ને પ્રયોગસ્થળે परमश्चासौ एष च = परमैषः અને परमश्चासौ स च = परमसः આ પ્રમાણે કર્મધારય સમાસ થયો છે.

**(4)** આ સૂત્રથી एतद् અને तद् થી જ પરમાં રહેલા सि નો લોપ થાય એવું કેમ ?

**(a) को दाता — * किम् + सि, * 'किमः कस्० २.१.४०' → क + सि दाता, * 'सो रुः २.१.७२' → कर् दाता, * 'घोषवति १.३.२१' → क उ दाता, * 'अवर्णस्येवर्ण० १.२.६' → को दाता।**

**(b) यो धन्यः — * यद् + सि, * 'आ द्वेरः २.१.४१' → य अ + सि, * 'लुगस्या० २.१.११३' → य + सि, * 'धन-गणाल्० ७.१.९' → धनं लब्धा = धन + य, * 'अवर्णेवर्णस्य ७.४.६८' → धन् + य = धन्यः, * 'सो रुः २.१.७२' → यर् धन्यः, * 'घोषवति १.३.२१' → य उ धन्यः, * 'अवर्णस्येवर्ण० १.२.६'→यो धन्यः।**

અહીં વ્યંજન પરમાં હોવા છતાં सि પ્રત્યય किम् અને यद् ની પરમાં હોવાથી આ સૂત્રથી તેનો લોપ નથી થયો.

**(5)** આ સૂત્રથી एतद् અને तद् થી પરમાં રહેલા सि પ્રત્યયનો જ લોપ થાય એવું કેમ ?

| | | **(a) एतौ गच्छतः** | **(b) तौ तिष्ठतः** |
|---|---|---|---|
| | | एतद् + औ | तद् + औ |
| * 'आ द्वेरः २.१.४१' | → | एत अ + औ | त अ + औ |
| * 'लुगस्या० २.१.११३' | → | एत + औ गच्छतः | त + औ तिष्ठतः |
| * 'ऐदौत्० १.२.१२' | → | एतौ गच्छतः। | तौ तिष्ठतः। |

અહીં एतद् અને तद् થી પરમાં औ પ્રત્યય હોવાથી તેનો લોપ ન થયો.

**(6)** સૂત્રમાં सेः આ પ્રમાણે અનુબંધ સહિત सि પ્રત્યયનું ગ્રહણ કર્યું હોવાથી આ સૂત્રથી एतेषु चरति અને तेषु याति સ્થળે सुप् પ્રત્યયના स् નો લોપ નહીં થાય.

| | | **(a) एतेषु चरति** | **(b) तेषु याति** |
|---|---|---|---|
| | | एतद् + सुप् | तद् + सुप् |
| * 'आ द्वेरः २.१.४१' | → | एत अ + सु | त अ + सु |
| * 'लुगस्या० २.१.११३' | → | एत + सु | त + सु |
| * 'एद् बहुस्० १.४.४' | → | एते + सु | ते + सु |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | एतेषु चरति। | तेषु याति। |

**શંકા :-** આ બન્ને પ્રયોગસ્થળે सुप् ના स् થી પરમાં વ્યંજન ક્યાં છે ? उ નું વ્યવધાન હોવાથી આમેય આ સૂત્રથી स् ના લોપની પ્રાપ્તિ નથી.

**સમાધાન :-** સૂત્રમાં व्यञ्जने પદને જે સપ્તમી વિભક્તિ લાગી છે, તેને વિષયસપ્તમી અર્થમાં ગ્રહણ કરવામાં આવે તો स् ની અવ્યવહિત પરમાં જ વ્યંજન આવવો જોઇએ એવું જરૂરી ન રહે. તેથી જો સૂત્રમાં इ અનુબંધ સહિતનો स् (सि) ન લેવામાં આવે તો सुप् ના स् ના લોપની પણ પ્રાપ્તિ આવે. તેથી અનુબંધ સહિતના सि નું ગ્રહણ સાર્થક છે.

**શંકા :-** एत + सु અને त + सु અવસ્થામાં આ સૂત્ર કરતાં 'एद् बहुस्० १.४.४' અને 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રો પર હોવાથી તેમનું કાર્ય પૂર્વે થાય. તેથી एतेषु चरति અને तेषु याति અવસ્થામાં ष् આદેશ થવાના કારણે स् બચ્યો જ ન હોવાથી આ સૂત્રથી તેનો લોપ શી રીતે થઇ શકે ?

**સમાધાન :-** 'एद् बहुस्०' અને 'नाम्यन्तस्था०' આ બન્ને સૂત્રોમાં કોઇ પ્રકૃતિ વિશેષને લઇને કાર્ય કરવાનું વિધાન નથી કર્યું, તેથી તે સામાન્યવિધિ ગણાય. જ્યારે આ સૂત્રમાં एतद् અને तद् એ પ્રકૃતિવિશેષને લઇને કાર્યનું વિધાન હોવાથી આ સૂત્રની વિધિ વિશેષવિધિ ગણાય. માટે ***'सर्वत्र विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः'*** ન્યાય મુજબ આ સૂત્રની વિધિ બળવાન બનવાથી स् નો ष् આદેશ થતા પૂર્વે જ તે પ્રવર્તી જાય. તેથી सुप् ના स् ના લોપનો પ્રસંગ આવે છે. માટે સૂત્રમાં સાનુબંધ सि નું ઉપાદાન સાર્થક છે.

વળી सुप् વાળા પ્રયોગો સિવાય एतत् स्कुभ्नाति પ્રયોગસ્થળે પણ एतद् થી પરમાં રહેલાં स् ના લોપની આપત્તિ આવે. તે ટાળવા સાનુબંધ सि નું ગ્રહણ જરૂરી છે.

(7) एतद् અને तद् ને अक् પ્રત્યય ન લાગ્યો હોય કે પછી તેમનો નઞ્તત્પુરુષસમાસ ન થયો હોય તો જ આ સૂત્રથી सि પ્રત્યયનો લોપ થાય એવું કેમ ?

| | | **(a) एषकः करोति** | **(b) सको याति** |
|---|---|---|---|
| | | **कुत्सित एषः** | **कुत्सितः सः** |
| ✱ **'त्यादि-सर्वादेः० ७.३.२९'** | → | **एतकद् + सि** | **तकद् + सि** |
| ✱ **'आ द्वेरः २.१.४१'** | → | **एतक अ + सि** | **तक अ + सि** |
| ✱ **'लुगस्या० २.१.११३'** | → | **एतक + सि** | **तक + सि** |
| ✱ **'तः सौ सः २.१.४२'** | → | **एसक + सि** | **सक + सि याति** |
| ✱ **'नाम्यन्तस्था० २.३.१५'** | → | **एषक + सि करोति** | ↓ |
| ✱ **'सो रुः २.१.७२'** | → | **एषकर् करोति** | **सकर् याति** |

* 'रः पदान्ते० १.३.५३' → एषकः करोति। ↓
* 'घोषवति १.३.२१' → – सक उ याति
* 'अवर्णस्येवर्णे० १.२.६' → – सको याति।

આ બન્ને સ્થળે अक् પ્રત્યય લાગ્યો છે માટે सि નો લોપ ન થયો.

**શંકા :-** આ સૂત્રમાં एतद् અને तद् થી પરમાં રહેલાં सि ના લોપની વાત છે, પરંતુ अक् પ્રત્યય લાગેલાં एतकद् અને तकद् શબ્દોનું સ્વરૂપ બદલાઇ જતું હોવાથી, તેઓ શબ્દાંતર ગણાવાથી તેમની પરમાં રહેલાં सि પ્રત્યયના લોપની વાત નથી, તો શા માટે ત્યાં सि પ્રત્યયના લોપનો પ્રતિષેધ કર્યો છે ?

**સમાધાન :-** વાત સાચી છે, છતાં પ્રતિષેધ કર્યો છે તે ***'तन्मध्ये पतितस्तद्ग्रहणेन गृह्यते'***ન્યાયનું જ્ઞાપન કરે છે. આશય એ છે કે અહીં अक् પ્રત્યય एतद् અને तद् ના અંત્ય સ્વરની પૂર્વે થયો હોવાથી તેમની વચ્ચે આવી પડ્યો ગણાય, છેડે નહીં. તો જે કાર્ય एतद् અને तद् ને આશ્રયીને પ્રાપ્ત હોય તે કાર્યમાં ઉપરોક્ત ન્યાયથી अक् સહિત एतद् અને तद् (અર્થાત् एतकद् અને तकद्) નું પણ ગ્રહણ થાય. તેથી એ બન્નેની પરમાં રહેલાં सि પ્રત્યયના લોપની પણ પ્રાપ્તિ વર્તે છે. માટે સૂત્રમાં તેનો પ્રતિષેધ કર્યો છે.

બૃ.ન્યાસમાં દર્શાવેલી 'कृतस्तु ज्ञापयति...' વિગેરે પંક્તિઓનો અર્થ આ પ્રમાણે છે – ''છતાં સૂત્રમાં अक् સહિતનાં एतद् અને तद् નો પ્રતિષેધ કર્યો છે, તે જ્ઞાપન કરે છે કે ***'तन्मध्ये पतित०'***આવો ન્યાય છે. જ્ઞાપિત થયેલાં આ ન્યાયને કારણે अक् પ્રત્યય एतद् અને तद् શબ્દના શ્રુતિ (અર્થાત્ શબ્દ) ભેદમાં હેતુ બનતો નથી. મતલબ કે આ બન્ને શબ્દોને अक् પ્રત્યય લાગ્યો, તેનાથી તેઓ एतद् અને तद् શબ્દોથી જુદા ગણાતા નથી. આ બાબતમાં **ભર્તૃહરિ** પણ કહે છે કે (एतद् અને तद् ને લાગેલાં) अक् આ પ્રમાણેના લિંગથી (અર્થાત્ જ્ઞાપકથી) જ્ઞાપિત ***'तन्मध्यपतित०'*** ન્યાય પ્રમાણે एतद् આદિ શબ્દોની મધ્યમાં આવી પડેલો अक् શબ્દભેદમાં કારણ નથી બનતો. આમ ***'तन्मध्यपतित०'*** ન્યાયના કારણે સર્વાદિ નામોને તેમજ स्वर् આદિ અવ્યયોને લઇને જે કાર્ય કહેવાયું હોય તે 'त्यादि-सर्वादेः० ७.३.२९' અને 'अव्ययस्य० ७.३.३१' સૂત્રથી લાગેલાં अक् પ્રત્યય સહિતના તેમને લઇને પણ થાય છે. તેમજ रुध् આદિ ધાતુઓને વચ્ચે 'रुधां स्वराच्० ३.४.८२' સૂત્રથી श्न વિકરણ પ્રત્યય લાગ્યો હોય તો પણ તેઓની ધાતુસંજ્ઞા ટકી રહે છે. આ પ્રમાણે अक् પ્રત્યયવાળા નામોની અને श्न વિકરણવાળા ધાતુઓની સર્વનામ અને અવ્યયને લગતી વિધિમાં, તેમજ रुध् વિગેરે ધાતુઓને લગતી વિધિઓમાં ગણના (ઉપસંખ્યાન) થાય છે.

| | | (c) अनेषो गच्छति | (d) असो याति |
|---|---|---|---|
| | | न एषः = | न सः = |
| ✻ 'नञ् ३.१.५१' | → | न + एषः | न + सः |
| ✻ 'अन् स्वरे ३.२.१२९' | → | अनेषः गच्छति | ↓ |
| ✻ 'नञत् ३.२.१२५' | → | ↓ | असः याति |
| ✻ 'घोषवति १.३.२१' | → | अनेष उ गच्छति | अस उ याति |
| ✻ 'अवर्णस्येवर्णा० १.२.६' | → | अनेषो गच्छति। | असो याति। |

આ બન્ને સ્થળે एतद् અને तद् નો નञ्સમાસ થયો છે, તેથી તેમની પરમાં રહેલાં सि નો આ સૂત્રથી લોપ ન થયો. જો न एषः આમ વિગ્રહ હોય તો सि નો લોપ થઈ શકે છે ।।४६।।

## व्यञ्जनात् पञ्चमा(1)ऽऽन्तस्थायाः सरूपे वा ।।१.३.४७।।

**बृ.वृ.--व्यञ्जनात् परस्य पञ्चमस्यान्तस्थायाश्च सरूपे वर्णे परे लुग् वा भवति। क्रुञ्चो(2) ङ्ङौ क्रुङ्ङौ क्रुङ्ङ्ङौ; अदितेरयमादित्यः, स देवता अस्य आदित्यः स्थालीपाकः, आदित्य्य इति वा। व्यञ्जनादिति(3) किम्? अन्नम्, भिन्नम्। सरूप(4) इति किम्? वर्ण्यते, पित्र्यम्। केचित्(5) तु पञ्चमाऽन्तस्थायाः पञ्चमाऽन्तस्थामात्रे लोपमिच्छन्ति, न तु सरूप एव, तन्मते-'वभ्यते, वभ्र्यते, मभ्यते, मभ्र्यते' इत्यादावपि भवति। अपरे(6) तु अभ्र-वभ्र-मभ्राणां त्रयाणां धातूनां धुटि रेफलोपं नित्यमिच्छन्ति-अभ्रतेः "तिक्कृतौ नाम्नि" (५.१.७१) इति तिकि अब्धिः, वभ्र-मभ्रोर्यङ्लुपि वावब्धि, मामब्धि, सिद्धान्ते तु अभ्रिः, वावभ्रि, मामभ्रि ।।४७।।**

---

**सूत्रार्थ :-** વ્યંજનથી પરમાં રહેલાં વર્ગના પાંચમાં વ્યંજનનો અને અંતસ્થાનો સરૂપ (અર્થાત્ એવો જ) વર્ણ પરમાં વર્તતા વિકલ્પે લુક્ થાય છે.

**सूत्रसमास :-** ◆ पञ्चमाश्च अन्तस्थाश्च = पञ्चमान्तस्था (स.द्व.), तस्याः = पञ्चमान्तस्थायाः। ◆ समानं रूपं यस्य स=सरूपः (बहु.) (ढुण्ढिकायां तु '३.२.१४९' सूत्रेण 'मान' अंशस्य लोपः), तस्मिन् = सरूपे।

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રમાં पञ्चमाऽऽन्तस्थायाः પદસ્થળે સમાહારદ્વન્દ્વ સમાસ થયો છે, તેથી 'क्लीबे २.४.९७' સૂત્રથી पञ्चमान्तस्थ આમ હ્રસ્વ આદેશ થવો જોઈએ, પરંતુ સૌત્રનિર્દેશ હોવાથી पञ्चमान्तस्था કર્યું છે.

(2) દૃષ્ટાંત -

(i) क्रुङ्ङौ

क्रुञ्चतीति क्विप्(०)

| | |
|---|---|
| * 'क्विप् ५.१.१४८' | → क्रुञ्च् + क्विप् |
| * 'चार्थे द्वन्द्वः० ३.१.११७' | → ङश्च ङश्च = ङ्ङौ |
| * 'षष्ठ्ययत्नात्०३.१.७६' | → क्रुञ्चो ङ्ङौ=क्रुञ्च्+ङ्ङौ |
| * 'पदस्य २.१.८९' | → क्रुन् + ङ्ङौ |
| * 'युजञ्च० २.१.७१' | → क्रुङ्ङ्ङौ |
| * 'व्यञ्जनात्० १.३.४७' | → क्रुङ्ङौ। |
| * 'વિકલ્પ પક્ષે' | → क्रुङ्ङ्ङौ। |

(ii) आदित्यः स्थालीपाकः

अदितेरयम् =

| | |
|---|---|
| * 'अनिदम्य०६.१.१५' | → अदिति+य(ञ्य) |
| * 'वृद्धिः स्वरे०७.४.१' | → आदिति + य |
| * 'अवर्णेवर्णस्य ७.४.६८' | → आदित्य |
| * 'अनिदम्य० ६.१.१५' | → आदित्य+य(ञ्य) |
| * 'अवर्णेवर्णस्य ७.४.६८' | → आदित्य्य + सि |
| * 'सो रुः २.१.७२' | → आदित्य्यर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → आदित्य्यः |
| * 'व्यञ्जनात्० १.३.४७' | → आदित्यः। |
| * 'વિકલ્પ પક્ષે' | → आदित्य्यः। |

અહીં પ્રથમ દૃષ્ટાંતમાં વર્ગના પાંચમાં વ્યંજન ङ् નો તેમજ બીજા દૃષ્ટાંતમાં અંતસ્થા य् નો એનો એ જ વર્ણ પરમાં વર્તતા આ સૂત્રથી વિકલ્પે લોપ થયો છે. તેમજ ઉપર आदित्य + य (ञ्य) અવસ્થામાં જ્યારે 'अवर्णेवर्णस्य' સૂત્રથી अ નો લોપ (લુક્) કરી आदित्य्य અવસ્થા પ્રાપ્ત થઇ ત્યારે આ સૂત્રથી य् નો લોપ કરવાના અવસરે આમ તો લુક્ થયેલાં अ નો સ્થાનિવદ્ભાવ થવો જોઇએ. તેથી પ્રથમ य् થી પરમાં સરૂપ વર્ણ ન ગણાતા આ સૂત્રથી य् નો લોપ ન થવો જોઇએ. છતાં પ્રસ્તુત પાદ (૧.૩) સંધિવિધિને લગતો હોવાથી 'न सन्धि-ङी० ७.४.१११' પરિભાષાથી अ ના સ્થાનિવદ્ભાવનો નિષેધ થવાથી આ સૂત્રથી य् નો વિકલ્પે લોપ કરવામાં આવ્યો છે.

(3) વ્યંજનથી જ પરમાં રહેલાં વર્ગના પાંચમાં વ્યંજન અને અંતસ્થાનો આ સૂત્રથી લોપ થાય એવું કેમ ?

| | | (a) अन्नम् | (b) भिन्नम् |
|---|---|---|---|
| | | अत्ति स्म = | भिनत्ति स्म = |
| * 'क्लीबे क्तः ५.३.१२३' | → | (A)अद् + त (क्त) | भिद् + त (क्त) |
| * 'रदादमूर्च्छ० ४.२.६९' | → | अन्न + सि | भिन्न + सि |
| * 'अतः स्यमो० १.४.५७' | → | अन्न + अम् | भिन्न + अम् |
| * 'समानादमो० १.४.४६' | → | अन्न + म् | भिन्न + म् |
| | | = अन्नम्। | = भिन्नम्। |

(A) * अन् (१०८९), * 'प्या-धा-पन्यनि० (उणा० २५८)' → अनति = जीवति प्राणी अनेन = अन् + न = अन्न આ રીતે પણ अन्न શબ્દ બને છે.

આ બન્ને સ્થળે પ્રથમ न् વ્યંજનથી પરમાં નથી, તેથી તેની પરમાં સરૂપવર્ણ હોવા છતાં તેનો લોપ ન થયો.

(4) વર્ગના પાંચમાં અક્ષર અને અંતસ્થાથી પરમાં સરૂપ (એનો એ) જ વર્ણ હોય તો લોપ થાય એવું કેમ ?

| (a) वर्ण्यते | | (b) पित्र्यम् | |
|---|---|---|---|
| | वर्ण् (१८७०) | | पितरि साधुः = |
| * 'चुरादिभ्यो० ३.४.१७' → | वर्ण्+णिच्+ते | * 'तत्र साधौ ७.१.१५' → | पितृ + य |
| * 'क्यः शिति ३.४.७०' → | वर्णि+य(क्य)+ते | * 'ऋतो रस्० १.२.२६' → | पित्र् + य + सि |
| * 'णेरनिटि ४.३.८३' → | वर्ण्+य+ते | * 'अतः स्यमो० १.४.५७' → | पित्र्य + अम् |
| → | = वर्ण्यते। | * 'समानादमो० १.४.४६' → | = पित्र्यम्। |

અહીં બન્ને સ્થળે ક્રમશઃ વર્ગના પાંચમાં અક્ષર ण् અને र् ની પરમાં य् અંતસ્થા છે, પરંતુ તે સરૂપ વર્ણ ન હોવાથી આ સૂત્રથી ण् અને र् નો લોપ ન થયો.

(5) **ચાંદ્ર** વિગેરે કેટલાક વ્યાકરણકારો વર્ગના પાંચમાં અક્ષર અને અંતસ્થાથી પરમાં વર્ગનો કોઈપણ પાંચમો અક્ષર અને અંતસ્થા આવે તો લોપને ઇચ્છે છે. તેમના મતે સરૂપ વર્ણ જ પરમાં હોવો જોઇએ એવું જરૂરી નથી. તેથી તેમના મતે बभ्यते, बभ्र्यते તેમ જ मभ्यते, मभ्र्यते આવા પ્રયોગો પણ થશે.

| | | (a) बभ्यते | (b) मभ्यते |
|---|---|---|---|
| | | बभ्र् (४०८) + ते | मभ्र् (४०९) + ते |
| * 'क्यः शिति ३.४.७०' | → | बभ्र् + य (क्य) + ते | मभ्र् + य (क्य) + ते |
| * 'व्यञ्जनात्० १.३.४७' | → | बभ्यते। | मभ्यते। |
| * 'વિકલ્પ પક્ષે' | → | बभ्र्यते। | मभ्र्यते। |

**ચાંદ્ર** વિગેરેના મતે આ બન્ને સ્થળે र् થી પરમાં અસરૂપ य् અંતસ્થા હોવા છતાં र् નો વિકલ્પે લોપ થયો.

(6) **શાકટાયન** વિગેરે વ્યાકરણકારો अभ्र्, बभ्र् અને मभ्र्; આ ત્રણે ધાતુઓના र् નો ધુટ્ વ્યંજન પરમાં વર્તતા નિત્ય લોપને ઇચ્છે છે. તેથી તેમના મતે अब्धिः, वावब्धि અને मामब्धि આવા પ્રયોગો થશે.

(a) अब्धिः — * अभ्र् (४०७) * 'तिक्कृतौ० ५.१.७१' → अभ्र् + तिक्, * 'व्यञ्जनात्० १.३.४७' → अभ् + ति, * 'अधश्चतुर्थात्० २.१.७९' → अभ् + धि, * 'तृतीयस्तृतीय० १.३.४९' → अब् + धि + सि, * 'सो रुः २.१.७२' → अब्धिर्, * 'रः पदान्ते० १.३.५३' → अब्धिः।

| | | (b) वावब्धि | (c) मामब्धि |
|---|---|---|---|
| | | कुटिलं वभ्रति | कुटिलं मभ्रति |
| * 'गत्यर्थात्० ३.४.११' | → | वभ्र् + यङ् | मभ्र् + यङ् |
| * 'बहुलं लुप् ३.४.१४' | → | वभ्र् | मभ्र् |
| * 'सन्यङश्च ४.१.३' | → | वभ्र् वभ्र् | मभ्र् मभ्र् |
| * 'व्यञ्जनस्या० ४.१.४४' | → | ववभ्र् | ममभ्र् |
| * 'आ गुणा० ४.१.४८' | → | वावभ्र् + ति | मामभ्र् + ति |
| * 'व्यञ्जनात्० १.३.४७' | → | वावभ् + ति | मामभ् + ति |
| * 'अधश्चतुर्थात्० २.१.७९' | → | वावभ् + धि | मामभ् + धि |
| * 'तृतीयस्तृतीय० १.३.४९' | → | वावब् + धि | मामब् + धि |
| | | = वावब्धि। | = मामब्धि। |

આ ત્રણે સ્થળે र् થી પરમાં ધુટ્ વ્યંજન त् આવે છે, તેથી **શાકટાયનાદિના** મતે र् નો લોપ થાય છે. સિદ્ધાન્ત પ્રમાણે અર્થાત્ ગ્રન્થકારે સ્વીકારેલા શુદ્ધપક્ષે આ રીતે अभ्र् વિગેરે ધાતુઓનાં र् નો ધુટ્ વ્યંજન પરમાં વર્તતા લોપ ન થઈ શકે. તેથી તેમના મતે अभ्र् + ति = अभ्रित, वावभ्र् + ति = वावभ्रित અને मामभ्र् + ति = मामभ्रित આવા પ્રયોગો જ થશે ।।૪૭।।

## धुटो धुटि स्वे वा ।।१.३.४८।।

**बृ.वृ.–(1)व्यञ्जनात् परस्य धुटो धुटि स्वे परे लुग् वा भवति। (2)प्रत्तम्, प्रत्त्तम्; अवत्तम्, अवत्त्तम्; अत्र त्रयस्तकारा, मध्यमस्य वा लोपः; शिण्ढि, शिण्ड्ढि; पिण्ढि पिण्ड्ढि; भिन्थः, भिन्त्थः। (3)धुट इति किम्? शाङ्र्गम्, भाङ्र्गम्। (4)धुटीति किम्? सक्थ्ना, सक्थ्ने। (5)स्व इति किम्? तर्प्ता, दर्प्ता। (6)व्यञ्जनादित्येव? बोद्धा, योद्धा ।।४८।।**

---

**सूत्रार्थ :-** વ્યંજનથી પરમાં રહેલાં ધુટ્ વ્યંજનનો સ્વધુટ્વ્યંજન પરમાં વર્તતા વિકલ્પે લોપ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** આ સૂત્રમાં ધુટ્ વ્યંજનને લોપ પામનાર તરીકે અને સ્વધુટ્વ્યંજનને નિમિત્તરૂપે દર્શાવ્યા છે, તેથી પૂર્વસૂત્રના લોપ પામનાર વર્ગીય પંચમ વ્યંજન અને અંતસ્થા તેમજ નિમિત્તભૂત સરૂપ વર્ણની અનુવૃત્તિ આ સૂત્રમાં નહીં આવે. માત્ર व्यञ्जनात् પદની અનુવૃત્તિ આવશે.

(2) <u>દષ્ટાંત</u> -

| | | (i) प्रत्तम् | (ii) अवत्तम् |
|---|---|---|---|
| | | प्रदीयंते स्म | अवदीयते स्म |
| * 'आरम्भे ५.१.१०' | → | प्रदा + त (क्त) | अवदा + त (क्त) |
| * 'प्राद्दाग० ४.४.७' | → | प्रत्त् + त + सि | ↓ |
| * 'नि-वि-स्व० ४.४.८' | → | ↓ | अवत्त् + त + सि |
| * 'धुटो धुटि० १.३.४८' | → | प्रत् + त + सि | अवत् + त + सि |
| * 'अतः स्यमो० १.४.५७' | → | प्रत्त + अम् | अवत्त + अम् |
| * 'समानादमो० १.४.४६' | → | प्रत्तम्। | अवत्तम्। |
| * 'વિકલ્પ પક્ષે' | → | प्रत्त्तम्। | अवत्त्तम्। |

અહીં ત્રણ त् છે, તે પૈકીના પ્રથમ त् વ્યંજનથી પરમાં રહેલા દ્વિતીય त् નો સ્વધુટ્ ગણાતો તૃતીય त् પરમાં વર્તતા આ સૂત્રથી વિકલ્પે લોપ થયો છે.

| | | (iii) शिण्ढि | (iv) पिण्ढि |
|---|---|---|---|
| | | शिष् (१४९२) + हि | पिष् (१४९३) + हि |
| * 'रुधां स्वरात्० ३.४.८२' | → | शिनष् + हि | पिनष् + हि |
| * 'श्नास्त्योर्लुक् ४.२.९०' | → | शिन्ष् + हि | पिन्ष् + हि |
| * 'हु-धुटो० ४.२.८२' | → | शिन्ष् + धि | पिन्ष् + धि |
| * 'तृतीयस्तृतीय० १.३.४९' | → | शिन्ड् + धि | पिन्ड् + धि |
| * 'तवर्गस्य० १.३.६०' | → | शिन्ड् + ढि | पिन्ड् + ढि |
| * 'म्नां धुड्वर्गे० १.३.३९' | → | शिण्ड् + ढि | पिण्ड् + ढि |
| * 'धुटो धुटि० १.३.४८' | → | शिण्ढि। | पिण्ढि। |
| * 'વિકલ્પ પક્ષે' | → | शिण्ड्ढि। | पिण्ड्ढि। |

(v) भिन्थः — * भिद् (१४७७) + थस्, * 'रुधां स्वरात्० ३.४.८२' → भिनद् + थस्, * 'श्नास्त्योर्लुक् ४.२.९०' → भिन्द् + थस्, * 'अघोषे प्रथमो० १.३.५०' → भिन्त् + थस्, * 'धुटो धुटि० १.३.४८' → भिन्थस्, * 'सो रुः २.१.७२' → भिन्थर्, * 'रः पदान्ते० १.३.५३' → भिन्थः।, * 'વિકલ્પ પક્ષે' → भिन्त्थः।

અહીં शिण्ढि-पिण्ढि સ્થળે તેમજ भिन्थः સ્થળે આ સૂત્રથી ક્રમશઃ ड् અને त् નો વિકલ્પે લોપ થયો.

(3) આ સૂત્રથી ધુટ્ વ્યંજનનો જ લોપ થાય એવું કેમ ?

| | | (a) शार्ङ्गम् | (b) भार्ङ्गम् |
|---|---|---|---|
| | | शृङ्गस्येदम् = | भृङ्गस्येदम् = |
| * 'तस्येदम् ६.३.१६०' | → | शृङ्ग + अण् | भृङ्ग + अण् |
| * 'वृद्धिः स्वरेष्वा० ७.४.१' | → | शाङ्ग + अण् | भाङ्ग + अण् |
| * 'अवर्णेवर्णस्य ७.४.६८' | → | शाङ्ग् + अण् + सि | भाङ्ग् + अण् + सि |
| * 'अतः स्यमो० १.४.५७' | → | (A)शाङ्ग + अम् | भाङ्ग + अम् |
| * 'समानादमो० १.४.४६' | → | शाङ्गम्। | भाङ्गम्। |

આ બન્ને સ્થળે र् વ્યંજનથી પરમાં રહેલો ङ् ધુટ્ નથી, તેથી સ્વધુટ્ વર્ણ ग् પરમાં હોવા છતાં આ સૂત્રથી ङ् નો લોપ ન થયો.

(4) ધુટ્ વ્યંજન જ પરમાં હોવો જોઇએ એવું કેમ ?

| | | (a) सक्थ्ना | (b) सक्थ्ने |
|---|---|---|---|
| | | सक्थि + टा | सक्थि + ङे |
| * 'दध्यस्थि० १.४.६३' | → | सक्थन् + टा | सक्थन् + ङे |
| * 'अनोऽस्य २.१.१०८' | → | सक्थ्न् + टा | सक्थ्न् + ङे |
| | | = सक्थ्ना। | = सक्थ्ने। |

આ બન્ને સ્થળે क् વ્યંજનથી પરમાં રહેલાં ધુટ્ थ् નો તેની પરમાં સ્વવ્યંજન न् હોવા છતાં તે ધુટ્ ન હોવાથી આ સૂત્રથી थ् નો લોપ ન થયો.

(5) ધુટ્થી પરમાં રહેલો ધુટ્ વ્યંજન પૂર્વધુટ્નો સ્વ જ હોવો જોઇએ એવું કેમ ?

| | | (a) तर्प्ता | (b) दर्प्ता |
|---|---|---|---|
| | | तृप् (११८९) + ता | दृप् (११९०) + ता |
| * 'लघोरुपान्त्यस्य ४.३.४' | → | तर्प् + ता | दर्प् + ता |
| | → | = तर्प्ता।(B) | = दर्प्ता। |

(A) 'शृङ्ग-शार्ङ्गादयः (उणा० १६)' સૂત્રથી પણ નિપાતનને લઇને शार्ङ्ग શબ્દ બને છે.

(B) तृप् અને दृप् ધાતુને શ્વસ્તનીના ता પ્રત્યયને બદલે तृच् પ્રત્યય લગાડીને પણ तर्प्ता અને दर्प्ता પ્રયોગ સાધી શકાય છે.

અહીં र् વ્યંજનથી પરમાં રહેલાં ધુટ્ प् પછી વર્તતો त् ધુટ્ હોવા છતાં તે ઓષ્ઠય प्નો સ્વ ન હોવાથી આ સૂત્રથી प् નો લોપ ન થયો.

**શંકા :-** આ સૂત્રમાં સ્થાની એવા પૂર્વ ધુટ્ વ્યંજનો અને નિમિત્ત એવા પર ધુટ્ વ્યંજનોની સંખ્યા સમાન છે. સાથે તેમનું વાચક એવું ધુટઃ પદ અને ધુટિ પદ એકવચનમાં હોવાથી વચન પણ સમાન છે, તેથી ***'यथासङ्ख्यमनुदेशः समानाम्***[(A)] ***'*** ન્યાય મુજબ યથાસંખ્ય અન્વય પ્રાપ્ત થતાં प् નો प् ધુટ્ પરમાં હોય તો જ આ સૂત્રથી લોપ થઈ શકે. આથી સ્વ સિવાયના વર્ણો પરમાં હોય તો આ સૂત્રથી લોપની પ્રાપ્તિ જ નથી, તો શા માટે સૂત્રમાં स्वे પદ મૂક્યું હશે ?

**સમાધાન :-** યથાસંખ્ય અન્વય ઈષ્ટ નથી માટે જ આ સૂત્રમાં स्वे પદ મૂક્યું છે. આશય એ છે કે શંકામાં કહ્યું તે પ્રમાણે જો અહીં યથાસંખ્ય અન્વય થાય તો વ્યંજનથી પરમાં રહેલાં प् નો प् પરમાં હોય તો જ, ड् નો ड् પરમાં હોય તો જ, क् નો क् પરમાં હોય તો જ... આ સૂત્રથી લોપ થઈ શકે. તેથી આગળ સાધનિકામાં બતાવેલાં शिण्ढि વિગેરે પ્રયોગસ્થળે शिण्ड् + ढि અવસ્થામાં ढ् પરમાં હોવા છતાં ड् નો લોપ નહીં થાય, જે ઈષ્ટ નથી. તેથી યથાસંખ્ય અન્વયને વારી દરેક સ્વધુટ્વર્ણ પરમાં આવતા પૂર્વના ધુટ્નો આ સૂત્રથી લોપ થઈ શકે તે માટે સૂત્રમાં स्वे પદ મૂક્યું છે.

**(6)** કાર્યી ધુટ્ વર્ણ વ્યંજનથી પરમાં જ હોવો જોઈએ એવું કેમ ?

| | | **(a) बोद्धा** | **(b) योद्धा** |
|---|---|---|---|
| | | **बुध् (१२६२) + ता** | **युध् (१२६०) + ता** |
| * **'लघोरुपान्त्यस्य ४.३.४'** | → | **बोध् + ता** | **योध् + ता** |
| * **'अधश्चतुर्थात्० २.१.७९'** | → | **बोध् + धा** | **योध् + धा** |
| * **'तृतीयस्तृतीय० १.३.४९'** | → | **बोद् + धा** | **योद् + धा** |
| | | **= बोद्धा**[(B)]**।** | **= योद्धा।** |

અહીં ધુટ્ द् સ્વરથી પરમાં છે, માટે તેનો સ્વધુટ્ વર્ણ ध् પરમાં હોવા છતાં આ સૂત્રથી લોપ ન થઈ શક્યો ।।૪૮।।

**(A)** સંખ્યા અને વચનને લઈને સમાન હોય તેમનો યથાસંખ્ય અન્વય થાય છે.
**(B)** આ બન્ને પ્રયોગો तृ પ્રત્યય લાગેલાં बोद्धृ અને योद्धृ શબ્દો પરથી પણ બની શકે છે.

## तृतीयस्तृतीय-चतुर्थे ।।१.३.४९।।

**बृ.वृ.–(1)धुटः स्थाने तृतीये चतुर्थे च परे स्थानिप्रत्यासन्नस्तृतीयो भवति। (2)मज्जति, भृज्जति, दोग्धा, दोग्धुम्, पिण्ड्ढि, शिण्ड्ढि, योद्धा, योद्धुम्, लब्धा, लब्धुम्। (3)तृतीय-चतुर्थे इति किम्? लिख्यते। (4)धुट इत्येव? वल्भते। (5)पदान्ते "धुटस्तृतीयः" (२.१.७६) इति, अपदान्तार्थं वचनम् ।।४९।।**

---

**सूत्रार्थ :-** વર્ગનો ત્રીજો અને ચોથો વ્યંજન પરમાં આવતા પૂર્વના ધુટ્ વ્યંજનને સ્થાને તેના સ્થાનને આશ્રયીને આસન્ન એવો ત્રીજો વ્યંજન થાય છે.

**सूत्रसमास :-** ◆ तृतीयश्च चतुर्थश्च = तृतीयचतुर्थम् (स.द्व.), तस्मिन् = तृतीयचतुर्थे।

<u>**વિવરણ :-**</u> (1) આ સૂત્રમાં પૂર્વસૂત્રથી સ્થાની એવા ધુટ્ની અનુવૃત્તિ લીધી છે, પરંતુ આદેશ તરીકે ત્રીજો વ્યંજન અને નિમિત્ત તરીકે વર્ગનો ત્રીજો-ચોથો વ્યંજન નવો બતાવ્યો હોવાથી પૂર્વસૂત્રના લોપ આદેશની તથા વ્યંજન અને સ્વધુટ્વર્ણરૂપ પૂર્વ-પર નિમિત્તની આ સૂત્રમાં અનુવૃત્તિ નહીં આવે.

**શંકા :-** નવા નિમિત્તો મૂક્યાં એટલે પૂર્વસૂત્રના નિમિત્તોની અહીં અનુવૃત્તિ ન આવે એવું કેમ ?

**સમાધાન :-** અનુવૃત્તિ ન આવવામાં અનેક કારણો છે. (a) આ સૂત્રમાં દર્શાવેલા નવા નિમિત્તો પ્રધાન ગણાય. તેથી પ્રધાન એવા તેઓ પૂર્વસૂત્રના નિમિત્તોનો આ સૂત્રમાં બાધ કરી દે. (b) પૂર્વસૂત્રથી જો સ્વધુટ્વર્ણરૂપ પરનિમિત્તની આ સૂત્રમાં અનુવૃત્તિ લઈએ તો આ સૂત્રનું નવું નિમિત્ત 'દરેક વર્ગનો ત્રીજો-ચોથો વ્યંજન' પણ ધુટ્ વર્ણમાં સમાઈ જતું હોવાથી નકામું બને છે. કારણ આ સૂત્રનું કાર્ય તો સ્વધુટ્વર્ણરૂપ પૂર્વ સૂત્રના નિમિત્તથી જ સાધી શકાય છે. તેથી 'ત્રીજા-ચોથા વ્યંજન' રૂપ આ સૂત્રનું નિમિત્ત ક્યાંય ચરિતાર્થ ન બનવાથી નિરવકાશ થતા ***'निरवकाशं सावकाशात्'*** ન્યાય મુજબ તે બળવાન ગણાવાથી પૂર્વસૂત્રના નિમિત્તનો બાધ કરી દે. (c) સૂત્રકારશ્રીની એક શૈલી છે કે તેઓ જો સૂત્રમાં નવું નિમિત્ત દર્શાવે તો પૂર્વસૂત્રના નિમિત્તને આ સૂત્રમાં ખેંચી લાવવા તેઓ સૂત્રમાં च કાર મૂકી તેનું અનુકર્ષણ કરે છે, જેમ કે - 'मो नो म्वोश्च २.१.६७' સૂત્રમાં म् અને व् સ્વરૂપ નવા નિમિત્ત બતાવ્યા હોવાથી પૂર્વ સૂત્રથી પદાન્તની અનુવૃત્તિ च દ્વારા ખેંચી સમુચ્ચય કર્યો છે. આ સૂત્રમાં એવો કોઈ च કાર મૂક્યો ન હોવાથી પૂર્વસૂત્રના નિમિત્તો આ સૂત્રમાં અનુવર્તતા નથી.

(2) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) मज्जति | (ii) भृज्जति |
|---|---|---|---|
| | | मस्ज् (१३५२) + ति | भ्रस्ज् (१३१६) + ति |
| * 'तुदादेः शः ३.४.८१' | → | मस्ज् + श + ति | भ्रस्ज् + श + ति |
| * 'सस्य श-षौ १.३.६१' | → | मश्ज् + श + ति | भ्रश्ज् + श + ति |

| | | | |
|---|---|---|---|
| * 'तृतीयस्तृतीय० १.३.४९' | → | मज्ज् + श + ति | भ्रज्ज् + श + ति |
| * 'ग्रह-व्रश्च० ४.१.८४' | → | ↓ | भृज्ज् + श + ति |
| | | = मज्जति। | = भृज्जति। |

| | | (iii) दोग्धा | (iv) दोग्धुम् | (v) योद्धुम् |
|---|---|---|---|---|
| | | दोग्धि = | दोहनाय = | योधनाय = |
| * 'णक-तृचौ ५.१.४८' | → | दुह् + तृच् | ↓ | ↓ |
| * 'क्रियायां क्रिया० ५.३.१३' | → | ↓ | दुह् + तुम् | युध् + तुम् |
| * 'लघोरुपान्त्यस्य ४.३.४' | → | दोह् + तृच् | दोह् + तुम् | योध् + तुम् |
| * 'भ्वादेर्दादेर्घः २.१.८३' | → | दोघ् + तृच् | दोघ् + तुम् | ↓ |
| * 'अधश्चतुर्थात्० २.१.७९' | → | दोघ् + धृ | दोघ् + धुम् | योघ् + धुम् |
| * 'तृतीयस्तृतीय० १.३.४९' | → | दोग् + धृ + सि | दोग् + धुम् | योद् + धुम् |
| * 'ऋदुशनस्० १.४.८४' | → | दोग्धृ + डा | ↓ | ↓ |
| * 'डित्यन्त्य० २.१.११४' | → | दोग्ध् + डा | ↓ | ↓ |
| | | = दोग्धा। | = दोग्धुम्। | = योद्धुम्। |

पिण्ड्ढ અને शिण्ड्ढ પ્રયોગોની સાધનિકા '૧.૩.૪૮' સૂત્રના વિવરણમાં જોઈ લેવી.

| | | (vi) लब्धा | (vii) लब्धुम् |
|---|---|---|---|
| | | लभते = | लभनाय = |
| * 'णक-तृचौ ५.१.४८' | → | लभ् + तृच् | ↓ |
| * 'क्रियायां क्रिया० ५.३.१३' | → | ↓ | लभ् + तुम् |
| * 'अधश्चतुर्थात्० २.१.७९' | → | लभ् + धृ | लभ् + धुम् |
| * 'तृतीयस्तृतीय० १.३.४९' | → | लब् + धृ + सि | लब् + धुम् |
| * 'ऋदुशनस्० १.४.८४' | → | लब्धृ + डा | ↓ |
| * 'डित्यन्त्य० २.१.११४' | → | लब्ध् + डा | ↓ |
| | → | = लब्धा। | = लब्धुम्। |

(3) વર્ગનો ત્રીજો-ચોથો વ્યંજન પરમાં હોય તો જ આ સૂત્રથી પૂર્વના ધુટ્વ્યંજનને સ્થાને તૃતીય વ્યંજન થાય એવું કેમ ?

**(a) लिख्यते — ✻ लिख् + ते, ✻ 'क्यः शिति ३.४.७०' → लिख् + य (क्य) + ते = लिख्यते।**

અહીં ख् धुट् વ્યંજન હોવા છતાં તેની પરમાં રહેલો य् વર્ગના ત્રીજા-ચોથા વ્યંજન રૂપ ન હોવાથી આ સૂત્રથી ख् નો ग् આદેશ ન થયો.

(4) અહીં धुट् વ્યંજનના સ્થાને જ તૃતીય વ્યંજન થાય એવું કેમ ?

**(a) वल्भते — ✻ वल्भ् + ते, ✻ 'कर्तर्यनद्भ्यः० ३.४.७१' → वल्भ् + अ (शव्) + ते = वल्भते।**

અહીં ल् એ धुट्વ્યંજન ન હોવાથી તેની પરમાં વર્ગનો ચોથો વ્યંજન भ् હોવા છતાં પણ આ સૂત્રથી દન્ત્ય ल् નો તેને આસન્ન એવો द् આદેશ ન થયો.

(5) **શંકા :-** વર્ગનો ત્રીજો-ચોથો વ્યંજન પરમાં હોય ત્યારે પૂર્વના धुट्વ્યંજનનો ત્રીજા વ્યંજન રૂપ આદેશ તો 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રથી જ સિદ્ધ છે, તો શા માટે આ સૂત્રની રચના કરી છે ?

**સમાધાન :-** 'धुटस्तृतीयः २.१.७६' સૂત્રમાં [(A)]'पदान्ते २.१.६४' સૂત્રથી पदान्त ની અનુવૃત્તિ આવે છે. તેથી તે સૂત્ર પદને અંતે વર્તતો હોય તેવા જ धुट्વ્યંજનનો તૃતીયવ્યંજન રૂપ આદેશ કરે છે, જ્યારે અહીં તો અપદાન્ત धुट् વ્યંજનનો તૃતીય વ્યંજન રૂપ આદેશ કરવો છે, માટે આ સૂત્ર જરૂરી છે ।।૪૯।।

## अघोषे प्रथमोऽशिटः ।।१.३.५०।।

**बृ.वृ.–(1)शिड्वर्जितस्य धुटः स्थानेऽघोषे परे प्रथमो भवति। (2)वाक्पूता, देवच्छत्रम्, षट् कुर्वन्ति, दृषत्कल्पः, ककुप्सु, भेत्ता, लप्स्यते। (3)अघोष इति किम्? भज्यते, भिद्यते। (4)धुट इत्येव? भवान् खनति, कण्ठः, कन्था। (5)अशिट इति किम्? श्च्योतति, कष्टीकते, पयस्सु ।।५०।।**

**सूत्रार्थ :-** અઘોષ વ્યંજન પરમાં વર્તતા शिट् સિવાયના धुट् વ્યંજનને ઠેકાણે (તેના વર્ગનો) પ્રથમ વ્યંજન થાય છે.

**सूत्रसमास :-** ◆ अविद्यमानो घोषो यस्य = अघोषः (बहु०), तस्मिन् = अघोषे। ◆ न शिट् = अशिट् (नञ् तत्०), तस्य = अशिटः।

(A) પૂ. લાવણ્ય સૂ. સંપાદિત બૃહન્ન્યાસમાં આ સૂત્રના બદલે 'हो धुट् पदान्ते २.१.८२' સૂત્ર દર્શાવ્યું છે, પરંતુ તે મુદ્રણ દોષ જણાય છે, કારણ કે 'हो धुट् पदान्ते०' સૂત્રથી पदान्त ની અનુવૃત્તિ 'धुटस्तृतीयः' આ પૂર્વસૂત્રમાં જવી શક્ય નથી.

<u>વિવરણ :-</u> (1) સૂત્રમાં રહેલ अशिटः પદ પૂર્વસૂત્રોથી અનુવૃત્ત धुटः પદનું વિશેષણ છે. તેથી બૃહદ્વૃત્તિમાં अशिटः પદનો અર્થ પર્યુદાસ नञ् નો આશ્રય કરી शिड्वर्जितस्य આવો કર્યો છે.

(2) <u>દૃષ્ટાંત</u> -

**(i) वाक्पूता**

[A]वाचा पूता =

* 'कारकं कृता ३.१.६८' → वाच् + पूता
* 'च-जः क-गम् २.१.८६' → वाक् + पूता
* 'धुटस्तृतीयः २.१.७६' → वाग् + पूता
* 'अघोषे प्रथमो० १.३.५०' → वाक् + पूता

= वाक्पूता।

**(ii) देवच्छत्रम्**

देवस्य छत्रम् =

* 'षष्ठ्ययत्नाच्छेषे ३.१.७६' → देव + छत्रम्
* 'स्वरेभ्यः १.३.३०' → देव + छ्छत्रम्
* 'अघोषे प्रथमो० १.३.५०' → देव + च्छत्रम्

= देवच्छत्रम्।

**(iii) षट् कुर्वन्ति**

षड् कुर्वन्ति,

* 'अतमबादेरीषद० ७.३.११' → ↓
* 'अघोषे प्रथमो० १.३.५०' → षट् कुर्वन्ति।

**(iv) दृषत्कल्प**

इषदपरिसमाप्तो दृषद् =

दृषद् + कल्प (कल्पप्)

दृषत्कल्प।

**(v) ककुप्सु**

ककुभ् + सुप्

↓

ककुप्सु।

**(vi) भेत्ता**

भिनत्ति इति

* 'णक-तृचौ ५.१.४८' → भिद् + तृच्
* 'लघोरुपान्त्यस्य ४.१.४' → भेद् + तृच्
* 'अघोषे प्रथमो० १.३.५०' → भेत्+तृच्=भेतृ+सि
* 'ऋदुशनस्० १.४.८४' → भेतृ + डा
* 'डित्यन्त्य० २.१.११४' → भेत् + डा

= भेत्ता।

**(vii) लप्स्यते**

लभ् + स्यते

* 'अघोषे प्रथमो० १.३.५०' → लप् + स्यते

= लप्स्यते।

---

(A) અહીં 'तस्य वाक् पूता वर्तते' આવા વાક્યને નજરમાં રાખી તૃતીયા તત્પુરુષસમાસ ન કરીએ તો પણ वाक्पूता પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

**(3)** અઘોષ વ્યંજન પરમાં હોય તો જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય, એવું કેમ ?

| | (a) भज्यते | (b) भिद्यते |
|---|---|---|
| | भज् + ते | भिद् + ते |
| ✲ 'क्यः शिति ३.४.७०' → | भज् + य(क्य) + ते | भिद् + य(क्य) + ते |
| | = भज्यते। | = भिद्यते। |

અહીં भज् અને भिद् ધાતુથી પરમાં રહેલો य (क्य) અઘોષ વ્યંજન ન હોવાથી આ સૂત્રથી भज् અને भिद् ના ज् અને द् નો વર્ગના પ્રથમ વ્યંજન રૂપ આદેશ ન થયો.

**(4)** ધુટ્ વ્યંજનનો જ વર્ગના પ્રથમ વ્યંજન રૂપ આદેશ થાય, એવું કેમ ?

**(a) कण्ठः — ✲ 'वनि-कणि० (उणा०१६२)' → (A)कण् + ठ = कण्ठ + सि, ✲ 'सो रुः २.१.७२' → कण्ठर्, ✲ 'रः पदान्ते० १.३.५३' → कण्ठः।**

**(b) कन्था — ✲ 'कमि-प्रु-गा० (उणा० २२५)' → कम् + थ, ✲ 'आत् २.४.१८' → कम् + थ + आप्, ✲ 'म्नां धुड्वर्गे० १.३.३९' → कन् + थ + आप् = कन्था + सि, ✲ 'दीर्घङ्याब्० १.४.४५' → कन्था।**

ઉપરોક્ત બન્ને સ્થળે તેમજ भवान् खनति સ્થળે અઘોષ વ્યંજન પરમાં હોવા છતાં પણ कण् અને कम् ધાતુ તથા भवान् પદના ક્રમશઃ ण्, म् અને न् ધુટ્ વ્યંજનો ન હોવાથી આ સૂત્રથી તેમનો વર્ગનાં પ્રથમ વ્યંજન રૂપે આદેશ ન થયો.

**(5)** આ સૂત્રથી શિટ્ સિવાયના જ ધુટ્ વ્યંજનનો આદેશ થાય એવું કેમ ?

**(a) श्च्योतति — ✲ स्च्युत् + ति, ✲ 'सस्य श-षौ १.३.६१' → श्च्युत् + ति, ✲ 'कर्तर्यनद्भ्यः० ३.४.७१' → श्च्युत् + अ + ति, ✲ 'लघोरुपान्त्यस्य ४.३.४' → श्च्योत् + अ + ति = श्च्योतति।**

**(b) कष्टीकते — ✲ कः टीकते ✲ 'च-ट-ते सद्वितीये १.३.७' → कष्टीकते।**

**(c) पयस्सु — ✲ पयस् + सुप्, ✲ 'नाम सिदय्० १.१.२१' → पयस् પદ બન્યું, ✲ 'सो रुः २.१.७२' → पयर् + सु, ✲ 'श-ष-से श-ष-सं वा १.३.६' → पयस्सु।**

ઉપરોક્ત ત્રણે સ્થળે અઘોષ વ્યંજન પરમાં હોવા છતાં ક્રમશઃ श्, ष् અને स् શિટ્ સિવાયના ધુટ્ વ્યંજન ન હોવાથી તેમનો વર્ગનાં પ્રથમ વ્યંજન રૂપ આદેશ ન થયો. જો આ સૂત્રમાં શિટ્ વ્યંજનનો આદેશી રૂપે નિષેધ ન કર્યો હોત તો श्, ष् અને स् ને ઠેકાણે આ સૂત્રથી ક્રમશઃ च्, ट् અને त् આદેશ થાત.

---

(A) સિદ્ધહેમ ઢુંઢિકા ટીકામાં कम् (कमुङ् कान्तौ ७८९) ધાતુ વાપરી कण्ठः પ્રયોગની સિદ્ધિ કરી છે.

**શંકા :-** 'शा-ष-से श-ष-सं वा १.३.६' સૂત્રમાં श्, ष् અને स् પરમાં હોતે છતે પદાન્તે વર્તતા र् ના ક્રમશઃ श्, ष् અને स् આદેશનું વિધાન કર્યું છે. તેથી તે વિધાનના સામર્થ્યથી જ पयस्सु સ્થળે આ સૂત્રની પ્રવૃત્તિ અટકાવી શકાય છે. તેથી पयस्सु પ્રયોગની સિદ્ધિ માટે આ સૂત્રમાં अशिटः પદનું ઉપાદાન નિરર્થક છે.

**સમાધાન :-** સાચી વાત છે, પરંતુ સૂત્રમાં अशिटः પદનું ઉપાદાન श्च्योतति વિગેરે પ્રયોગ સ્થળે અનિષ્ટ એવી વર્ગીય પ્રથમ વ્યંજન રૂપ આદેશની આપત્તિને વારવા માટે કરવામાં આવ્યું છે. તેમજ वृक्षः पुरुषः સ્થળે वृक्षः ના છેડે રહેલો વિસર્ગ 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રમાં રહેલ कादिः પદના [A]कस्य आदिः વિગ્રહ મુજબ વ્યંજન સમુદાયમાં અંતર્ભાવ પામે. તેથી તે પણ 'अपञ्चमान्तस्थो० १.१.११' સૂત્રથી ધુટ્ ગણાવાથી पुरुषः નો અઘોષ प् પરમાં વર્તતે છતે આ સૂત્રથી કંઠ્ય ગણાતા તે વિસર્ગનો તેના સ્થાનના વર્ગનો પ્રથમ અક્ષર क् આદેશ થવાથી वृक्षक् पुरुषः આવો વિચિત્ર પ્રયોગ થવાની આપત્તિ આવે. તેથી સૂત્રમાં अशिटः પદ મૂકવાથી शिट् એવા વિસર્ગનો क् આદેશ ન થવાથી वृक्षः पुरुषः આવો ઇષ્ટપ્રયોગ સિદ્ધ થશે ।।૫૦।।

## विरामे[1] वा ।।१.३.५१।।

**बृ.वृ.–विरामे वर्तमानस्याशिटो धुटः स्थाने प्रथमो वा भवति। वाक्[2], वाग्; षट्, षड्; तत्, तद्; ककुप्, ककुब्। विराम[3] इति किम्? वागत्र। धुट[4] इत्येव? क्रुङ्, सुगण्, भवान्, त्वम् ।।५१।।**

---

**સૂત્રાર્થ :-** વિરામના વિષયમાં વર્તતા શિટ્ સિવાયના ધુટ્ વ્યંજનને ઠેકાણે (તેના વર્ગનો) પ્રથમ વ્યંજન વિકલ્પે થાય છે.

<u>**વિવરણ :-**</u> **(1)** અહીં विरामे પદસ્થળે સપ્તમી વિભક્તિ [B]વૈષયિક અધિકરણને જણાવે છે, તેથી विरामे પદનો અર્થ 'વિરામના વિષયમાં' આવો થશે.

**શંકા :-** સપ્તમી વિભક્તિ ઔપશ્લેષિક અધિકરણને જણાવે છે એવું માનીએ તો ? કેમકે તેથી '**विरामे**' પદનો અર્થ 'વિરામ પરમાં વર્તતા' આવો પ્રાપ્ત થશે.

**સમાધાન :-** ઉપશ્લેષ એટલે વસ્તુના એકદેશ (ભાગ) ની સાથે સંયોગ. જેમકે **कटे आस्ते** સ્થળે વ્યક્તિનો આખી ચટાઇ સાથે નહિં, પરંતુ ચટાઇના એક દેશ સાથે સંયોગ (ઉપશ્લેષ) જણાય છે. માટે આ

---

**(A)** 'कादिर्व्यञ्जनम् १.१.१०' સૂત્રની પૂર્વે 'अं-अः अनुस्वार-विसर्गौ १.१.९' સૂત્ર છે. તેથી कादिः = कस्य आदिः। **એનો** અર્થ 'क ની આદિમાં (પૂર્વસૂત્રમાં) રહેલ અનુસ્વાર અને વિસર્ગ' આવો થવાથી તે બન્નેને પણ **વ્યંજન સંજ્ઞા** પ્રાપ્ત થશે.

**(B)** 'क्रियाऽऽश्रयस्या० २.२.३०' સૂત્રની બૃહદ્વૃત્તિમાં વૈષયિક, ઔપશ્લેષિક, અભિવ્યાપક, સામીપ્યક, **નૈમિત્તિક** અને ઔપચારિક; એમ ૬ પ્રકારના અધિકરણ બતાવ્યા છે. વિશેષ ત્યાંથી જાણી લેવું.

સ્થળે સપ્તમી ઔપશ્લેષિક અધિકરણને જણાવે છે. ઉપશ્લેષ ત્યાં જ સંભવી શકે, જ્યાં ઓછામાં ઓછી બે વસ્તુઓ હોય. विरामे સ્થળે બે વસ્તુઓ પ્રાપ્ત ન થતી હોવાથી સપ્તમીથી ઔપશ્લેષિક અધિકરણ ન ગ્રહી શકાય.

**શંકા :-** ધુટ્ વ્યંજન અને વિરામ; એમ બે વસ્તુઓ તો મળે છે.

**સમાધાન :-** ના, નથી મળતી. કેમકે વિરામનો અર્થ અવસાન થતો હોવાથી ધુટ્ વ્યંજન અને વિરામ વચ્ચે પૌર્વાપર્ય સંભવતું નથી કે જેથી તેમનો ઉપશ્લેષ થઇ શકે.

**શંકા :-** પૂર્વમાં ધુટ્ વ્યંજન અને પરમાં વિરામ; એમ પૌર્વાપર્ય તો છે, પછી ઉપશ્લેષ કેમ ન થાય ?

**સમાધાન :-** વિરામ (અવસાન) શબ્દની ***'येन वर्णेन विरम्यते स विरामः'*** અને ***'विरतिर्वा विरामः'*** એમ બે વ્યુત્પત્તિને લઇને બે અર્થ થઇ શકે છે. (a) જે વર્ણને લઇને અટકવામાં આવે તે વર્ણને અવસાન રૂપે ગણવો, અથવા (b) અટકવું એટલે કે વર્ણોના ઉચ્ચારણનો અભાવ, તેને અવસાન રૂપે ગણવો. હવે પહેલાં અર્થ મુજબ ધુટ્ વ્યંજનને લઇને અટકવામાં આવતું હોવાથી તે પોતે જ અવસાન રૂપ થવાથી ધુટ્ વ્યંજન અને વિરામ એમ બે વસ્તુઓ ન થતા પૌર્વાપર્ય સંભવતું નથી કે જેથી તેમનો ઉપશ્લેષ બતાવી विरामे સ્થળે ઔપશ્લેષિક અધિકરણ બતાવી શકાય. આમ ઔપશ્લેષિક અધિકરણ અર્થમાં विरामे પદનો પ્રયોગ નિરર્થક બનતો હોવાથી તેનો પ્રયોગ નહીં થાય.

બીજા અર્થ મુજબ વિરામને વર્ણોચ્ચારણના અભાવ સ્વરૂપ ગણ્યો હોવાથી અવસાન અહીં અભાવરૂપ છે અને અભાવ એ વસ્તુ નથી, પણ વસ્તુમાં રહેનારો (A)ધર્મ છે. જેમ કે घटे जलाभावः સ્થળે जलाभाव એ કોઇ વસ્તુ નથી, પરંતુ ઘટ વસ્તુનો ધર્મ છે. હવે નિયમ છે કે પૌર્વાપર્ય ક્યારેય વસ્તુ અને વસ્તુધર્મ વચ્ચે ન સંભવે, પરંતુ બે વસ્તુઓ વચ્ચે જ સંભવે. પ્રસ્તુતમાં ધુટ્વ્યંજન એ વસ્તુ હોવા છતાં વર્ણોચ્ચારણના અભાવ સ્વરૂપ અવસાન એ વસ્તુધર્મ(B) હોવાથી તેઓ વચ્ચે પૌર્વાપર્ય નથી, તો ઉપશ્લેષ શી રીતે બતાડવો ? તેથી विरामे પદ સ્થળે ઔપશ્લેષિક અધિકરણ બતાવવું શક્ય જ ન હોવાથી વૈષયિક અધિકરણ ગ્રહણ કરવા विरामे वर्तमानस्य એમ બૃહદ્વૃત્તિમાં જણાવ્યું છે. વૈષયિક અધિકરણમાં વિરામના ઉપરોક્ત બન્ને અર્થ સંગત થાય છે, કેમકે ધુટ્ વ્યંજન પોતે વિરામ રૂપ હોય કે વર્ણોચ્ચારણના અભાવરૂપ વિરામ હોય, બન્ને સ્થળે ધુટ્વ્યંજન વિરામના વિષયમાં વર્તતો કહેવાય છે. તેથી विरामे સ્થળે વિષય સપ્તમી ગ્રહણ કરવી ઉચિત છે.

---

(A) વિવક્ષિત વસ્તુમાં કોક વસ્તુની ગેરહાજરી, તે અભાવ છે. તેથી અભાવ એ વિવક્ષિત વસ્તુનો ધર્મ છે.

(B) જ્યારે અભાવ બુદ્ધિમાં ઉલ્લિખિત આકાર રૂપે અર્થાત્ સાકાર રૂપે ગ્રહણ કરાય ત્યારે તે (અભાવ) વસ્તુસ્વરૂપને પામતો હોવાથી પૂર્વાપરીભાવ અને તેથી ઉપશ્લેષ સંભવી શકે. (જુઓ- ૧.૩.૫૩ નો બૃ.ન્યાસ.) પ્રસ્તુત ચર્ચામાં અવસાનરૂપ અભાવ નિરાકાર રૂપે વિવક્ષિત હોવાથી એ વસ્તુરૂપ નથી, વસ્તુધર્મ રૂપ છે.

(2) દૃષ્ટાંત -

(i) वाक्, वाग्

वाच् + सि

* 'दीर्घङ्याब्० १.४.४५' → वाच्

* 'च-जः क-गम् २.१.८६' → वाक्

* 'धुटस्तृतीयः २.१.७६' → वाग्

* 'विरामे वा १.३.५१' → वाक्।

* 'વિકલ્પ પક્ષે' → वाग्।

(ii) षट्, षड्

षष् + जस्/शस्

* 'डतिष्णः० १.४.५४' → षष्

* 'धुटस्तृतीयः २.१.७६' → षड्

* 'विरामे वा १.३.५१' → षट्।

* 'વિકલ્પ પક્ષે' → षड्।

(iii) तत्, तद्

तद् + सि/अम्

* 'अनतो लुप् १.४.५९' → तद्

* 'विरामे वा १.३.५१' → तत्।

* 'વિકલ્પ પક્ષે' → तद्।

(iv) ककुप्, ककुब्

ककुभ् + सि

* 'दीर्घङ्याब्० १.४.४५' → ककुभ्

* 'धुटस्तृतीयः २.१.७६' → ककुब्

* 'विरामे वा १.३.५१' → ककुप्।

* 'વિકલ્પ પક્ષે' → ककुब्।

(3) વિરામના વિષયમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

(a) वागत्र — * वाच् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → वाच्, * 'च-जः क-गम् २.१.८६' → वाक्, * 'धुटस्तृतीयः २.१.७६' → वाग् अत्र = वागत्र।

અહીં वाग् નો ધુટ્ ग् વિરામે (અવસાને) ન હોવાથી અર્થાત્ પરમાં अत्र નો अ હોવાથી આ સૂત્રથી તેનો क् આદેશ ન થયો.

(4) વિરામના વિષયમાં વર્તતા ધુટ્ વ્યંજનનો જ વર્ગીય પ્રથમ અક્ષર રૂપ આદેશ થાય એવું કેમ ?

(a) क्रुङ् — * क्रुञ्च् (कौटिल्याल्पीयभावयोः १०२), * 'क्विप् ५.१.१४८' → क्रुञ्चतीति क्विप् = क्रुञ्च् + क्विप् (०) + सि, * 'अप्रयोगीत् १.१.३७' → क्रुञ्च् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → क्रुञ्च्, * 'पदस्य २.१.८९' → क्रुन्, * 'युजञ्च-क्रुञ्चौ० २.१.७१' → क्रुङ्।

(b) सुगण् — * गण (गणण् संख्याने १८७४) * 'चुरादिभ्यो० ३.४.१७' → गण + णिच् * 'अतः ४.३.८२' → गण् + णिच् * 'क्विप् ५.१.१४८' → सुष्ठु गणयतीति क्विप्=सुगण् + णिच् + क्विप्(०) + सि,

* 'णेरनिटि ४.३.८३' → सुगण् + क्विप् + सि, * 'अप्रयोगीत् १.१.३७' → सुगण् + सि, * 'दीर्घङ्याब्० १.४.४५' → सुगण्।

(c) भवान् — * भवत् + सि, * 'ऋदुदितः १.४.७०' → भवन्त् + सि * 'दीर्घङ्याब्० १.४.४५' → भवन्त्, * 'पदस्य २.१.८९' → भवन्, * 'अभ्वादेरत्वसः० १.४.९०' → भवान्।

(d) त्वम् — * युष्मद् + सि, * 'त्वमहं सिना० २.१.१२' → त्वम्।

ઉપરોક્ત ચારેય સ્થળે વિરામનો વિષય છે, પરંતુ દરેક દૃષ્ટાંતને છેડે વર્તતા ક્રમશઃ ङ्, ण्, न् અને म् ધુટ્ વ્યંજનો ન હોવાથી આ સૂત્રથી તેમનો વર્ગીય પ્રથમ અક્ષરરૂપ આદેશ ન થયો. સૂત્રમાં આદેશી તરીકે ધુટ્ વ્યંજનો જ હોવા જોઈએ તેવો આગ્રહ ન રાખ્યો હોત તો ङ्, ण्, न् અને म् નો ક્રમશઃ તેમના સ્થાનને આસન્ન એવો વર્ગીય પ્રથમ અક્ષર क्, ट्, त् અને प् રૂપે આદેશ થાત ।।૫૧।।

## न सन्धिः ।।१.३.५२।।

**बृ.वृ.–(1)उक्तो वक्ष्यमाणश्च विरामे सन्धिर्न भवति। (2)दधि अत्र, ते आहुः, तत् लुनाति, भवान् लुनाति, कुर्वन् शेते, वृक्षस्य छाया, ब्राह्मणस्य छत्रम्, भवान् छादयति, नॄन् पाहि, कुण्डम् हसति, वृक्षव् याति, कुर्वन् आस्ते। (3)विरामादन्यत्र तु संहितायां सन्धिरेव, सा च—**

**"संहितैकपदे नित्या नित्या धातूपसर्गयोः। नित्या समासे वाक्ये तु सा विवक्षामपेक्षते" ।।५२।।**

---

**सूत्रार्थ :-** પૂર્વસૂત્રોમાં કહેવાયેલ સંધિઓ અને હવે પછીના સૂત્રોમાં કહેવાનાર સંધિઓ વિરામના વિષયમાં નહીં થાય.

<u>વિવરણ :-</u> (1) આ સૂત્રમાં સંધિરૂપ કાર્યનો નિષેધ કર્યો છે અને હંમેશા નિષેધ પ્રાપ્તિપૂર્વકનો હોય છે, અર્થાત્ કોઈ સૂત્રથી સંધિનું કાર્ય પ્રાપ્ત હોય તો જ તેનો નિષેધ કરવાનો રહે. સંધિની પ્રાપ્તિ પૂર્વના સૂત્રોથી અને હવે પછીના સૂત્રોથી છે, પરંતુ પ્રસ્તુત સૂત્રમાં સંધિનો વિશેષરૂપે નિષેધ ન કરતા સામાન્યથી નિષેધ કર્યો હોવાથી પૂર્વની અને પછીની બન્ને સંધિઓનો વિરામના વિષયમાં નિષેધ થશે.

(2) <u>દૃષ્ટાંત</u> -

**(i) दधि अत्र — * અહીં વક્તા दधि અને अत्र વચ્ચે અટકતો હોવાથી વિરામ છે, તેથી 'इवर्णादे० १.२.२१' સૂત્રથી दधि ના इ નો य् આદેશ ન થયો.**

(ii) ते आहुः — ✻ અહીં વિરામના કારણે 'एदैतो० १.२.२३' સૂત્રથી ते ના ए નો अय् આદેશ ન થયો.

(iii) तत् लुनाति , (iv) भवान् लुनाति , — ✻ અહીં 'लि लौ १.३.६५' સૂત્રથી तत् અને भवान् ના અંત્ય त् અને न् નો ક્રમશઃ ल् અને लँ् આદેશ ન થયો.

(v) कुर्वन् शेते — ✻ અહીં 'नः शि ञ्च् १.३.१९' સૂત્રથી कुर्वन् ના न् નો ञ्च् આદેશ ન થયો.

(vi) वृक्षस्य छाया , (vii) ब्राह्मणस्य छत्रम् , — ✻ આ બન્ને સ્થળે 'स्वरेभ्यः १.३.३०' સૂત્રથી छ् નું દ્વિત્વ ન થયું.

(viii) भवान् छादयति — ✻ અહીં 'नोऽप्रशानो० १.३.८' સૂત્રથી भवान् ના न् નો श् આદેશ તથા પૂર્વનો સ્વર અનુનાસિક કે તેના ઉપર અનુસ્વાર ન મૂકાયો.

(ix) नृन् पाहि — ✻ અહીં 'नृनः पेषु वा १.३.१०' સૂત્રથી न् નો र् આદેશ તથા પૂર્વના અક્ષર ઉપર અનુસ્વાર કે તેનો અનુનાસિક ન થયો.

(x) कुण्डम् हसति — ✻ અહીં 'तौ मु-मो० १.३.१४' સૂત્રથી म् નો અનુસ્વાર ન થયો.

(xi) वृक्षव् याति — ✻ અહીં 'व्योः १.३.२३' સૂત્રથી व् નો લોપ ન થયો.

(xii) कुर्वन् आस्ते — ✻ અહીં 'ह्स्वान् ङ-ण-नो द्वे १.३.२७' સૂત્રથી न् નું દ્વિત્વ ન થયું.

(3) વિરામ સિવાયના સ્થળે સંહિતાના વિષયમાં અવશ્ય સંધિ થાય છે. વર્ણોના પરસ્પર સંનિકર્ષ (જોડાણ) ને સંહિતા કહેવાય છે અને તે એકપદનો વિષય હોય ત્યાં, તેમજ ધાતુ-ઉપસર્ગ વચ્ચે અને સમાસ સ્થળે અવશ્ય હોય છે. જ્યારે વાક્યસ્થળે સંહિતા વકતાની વિવક્ષાને આધીન છે. વાક્યોચ્ચાર વખતે વકતા વચ્ચે વિરામ લે તો પદો વચ્ચે સંહિતા ન હોય અને જો વિરામ ન લે તો સંહિતા હોય. જેમ કે -

(a) भवन्ति સ્થળે भू + अन्ति > भू + अ + अन्ति > भो + अ + अन्ति > भो + अन्ति અવસ્થામાં भो + अन्ति એ એકપદ હોવાથી ત્યાં અવશ્ય સંહિતા રહેશે અને સંધિકાર્ય થશે, તેથી 'ओदौतो० १.२.२४' સૂત્ર થી ओ નો अव् આદેશ થતા भव् + अन्ति = भवन्ति પ્રયોગ સિદ્ધ થશે.

(b) प्रेलयति સ્થળે प्र ઉપસર્ગ અને इल् ધાતુ છે. ધાતુ અને ઉપસર્ગ નિત્ય સમુદિત (જોડાયેલાં) હોવાથી વિરામનો અભાવ હોય છે. તેથી ત્યાં નિત્ય સંહિતા હોવાથી 'अवर्णस्ये० १.२.६' સૂત્રથી સંધિ થતા प्रेलयति પ્રયોગ થશે.

(c) राजपुरुषः વિગેરે સમાસ સ્થળે પણ राजन् અને पुरुष વિગેરે શબ્દો વચ્ચે નિત્ય સંહિતા હોય છે, કેમકે સમાસમાં અનેક પદો વચ્ચે નૈરંતર્ય હોય છે.

તાત્પર્ય એ છે કે એક પદ, ધાતુ-ઉપસર્ગ તથા સમાસ; આ ત્રણ સ્થળે નિયમા એક પ્રયત્ને ઉચ્ચાર કરાતો હોવાથી વિરામનો અભાવ હોય છે, માટે નિત્ય સંહિતા હોય છે. જ્યારે વાક્યમાં સર્વત્ર એક પ્રયત્ને ઉચ્ચાર કરવાનો નિયમ ન હોવાથી ત્યાં વિરામ લેવાય ત્યારે સંહિતા નથી હોતી ।।૫૨।।

## रः पदान्ते विसर्गस्तयोः ।।१.३.५३।।

**बृ.वृ.–(1)पदान्ते वर्तमानस्य रेफस्य स्थाने (2)विसर्ग आदेशो भवति, (3)तयोर्विरामेऽघोषे च। (4)वृक्षः, प्लक्षः, प्रातः, पुनः, अग्निः अत्र, पटुः इह; (5)अघोषे–कः करोति, कः खनति, पुनः पचति, पुनः फलति, कः शेते, कः षण्डे, कः साधुः। (6)कश्चरति, कष्टीकते, कस्तरतीत्यादिषु तु शादय एवापवादत्वाद् भवन्ति। (7)पदान्त इति किम्? इर्त्ते, अर्कः, शूर्पः, सर्पः। (8)कथं नृपतेरपत्यं नार्पत्यः, नृकुट्यां भवो नार्कुटः, तवर्कारः, प्रार्च्छतीत्यादि? * असिद्धं बहिरङ्गमन्तरङ्गे * इति वृद्ध्यरारादेशाश्रयस्य रेफस्यासिद्धत्वाद् विसर्गो न भवति, एवम्– ⨯क-)(पावपि। (9)अन्वित्यधिकाराद् 'गीः, धूः, सजूःषु, आशीःषु' इत्यादिषु दीर्घत्वे कृते पश्चाद् विसर्गः, अन्यथा हि पूर्वं विसर्गे कृते इरुरोरभवाद् दीर्घो न स्यात् ।।५३।।**

---

**સૂત્રાર્થ :-** વિરામના વિષયમાં કે અઘોષ વ્યંજન પર છતાં પદને અંતે રહેલાં र् ને ઠેકાણે વિસર્ગ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ पदस्य अन्तः = पदान्तः (ष० तत्०), तस्मिन् = पदान्ते।

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રમાં વર્તતું पदान्त પદ પોતાની નજીકમાં રહેલ र પદનું વ્યધિકરણ વિશેષણ હોવાથી બૃ.વૃત્તિમાં 'पदान्ते वर्त्तमानस्य रेफस्य..' એમ पदान्त પદનો र् સાથે મેળ બતાવ્યો છે.

**(2)** તાળવું અને બન્ને હોઠ દ્વારા સંગ્રહ કરાયેલાં વાયુનું વિસર્જન કરવાથી વિસર્ગનું ઉચ્ચારણ થતું હોય છે અને તે લોકરૂઢિથી શબ્દની બાજુમાં (:) બે બિંદુરૂપે આલેખાય છે.

**(3)** સૂત્રવર્તી तयोः પદ तत् શબ્દ ઉપરથી બન્યું છે અને तत् શબ્દ પૂર્વે કહેવાયેલી વાતનો પરામર્શક (બોધ કરાવનાર) હોવાથી तयोः પદ અનંતર પૂર્વના સૂત્રમાં કહેવાયેલા વિરામ અને અઘોષ વ્યંજન રૂપ નિમિત્તોનો બોધ કરાવે છે, તેથી બૃ.વૃત્તિમાં तयोः = विरामेऽघोषे च દર્શાવ્યું છે.

**શંકા :-** પણ બૃ.વૃત્તિમાં तयोः દ્વારા विरामाघोषयोः ન જણાવતાં विरामेऽघोषे च એમ ભેદ પાડીને કેમ લખ્યું ?

**સમાધાન :-** तयोः સ્થળે એક જ સપ્તમી હોવા છતાં પણ [A]અર્થના સામર્થ્યથી તે સપ્તમી બે ભાગમાં વહેંચાઈને વિરામ સ્થળે વૈષયિક અધિકરણને તથા અઘોષ વ્યંજન સ્થળે ઔપશ્લેષિક અધિકરણને જણાવે છે, એવું સૂચવવા[B] વૃત્તિકારે विरामेऽघोषे च એમ ભેદ પાડીને લખ્યું છે. વિરામસ્થલીય સપ્તમી ઔપશ્લેષિક અર્થમાં કેમ વર્તતી નથી, તે વિસ્તારથી '१.३.५१' સૂત્રના વિવરણમાં જણાવ્યું છે.

હવે '૧.૩.૫૧' સૂત્રના બૃ.ન્યાસમાં વિરામનો એક અર્થ વર્ણના ઉચ્ચારણના અભાવ રૂપ કહ્યો છે. અભાવ એ વસ્તુસ્વરૂપ નથી તથા નિરાકારરૂપે બુદ્ધિમાં પ્રતિબિંબિત થાય છે. છતાં કોઈ વ્યક્તિ નિરાકાર એવા પણ અભાવનો પોતાની બુદ્ધિમાં અમુક આકાર કલ્પી, તેને વસ્તુ સ્વરૂપે જુએ ત્યારે પ્રસ્તુત સૂત્રમાં આદેશી રૂપે દર્શાવેલ પૂર્વવર્તી પદાન્ત ર્ વસ્તુની અપેક્ષાએ વિરામ પરવર્તી વસ્તુરૂપે પ્રાપ્ત થતા ર્ ની સાથે તેનો ઉપશ્લેષ સંભવી શકે છે અને વિરામ સ્થળે પણ ઔપશ્લેષિક અધિકરણ ગ્રહણ કરવું શક્ય બનતા ત્યાં 'વિરામ પરમાં વર્તતા' આવો અર્થ કરવો શક્ય બને છે.

**(4) <u>વિરામ વિષયક દૃષ્ટાંત</u> -**

| | | (i) वृक्षः | (ii) प्लक्षः | (iii) प्रातः | (iv) पुनः |
|---|---|---|---|---|---|
| | | वृक्ष + सि | प्लक्ष + सि | प्रातस् | पुनर् |
| * 'सो रुः २.१.७२' | → | वृक्षर् | प्लक्षर् | प्रातर् | ↓ |
| * 'रः पदान्ते० १.३.५३' | → | वृक्षः। | प्लक्षः। | प्रातः। | पुनः। |

**(v) अग्निः अत्र , (vi) पटुः इह , —** આ બન્ને દૃષ્ટાંત સ્થળે પણ अग्नि અને पटु શબ્દને લાગેલ सि પ્રત્યયના स् નો र् અને र् નો વિસર્ગ આદેશ થયો છે. આમ તો इ અને उ થી પરમાં રહેલા र् નો પરવર્તી अ અને इ સાથે મળીને अग्निरत्र અને पटुरिह પ્રયોગ થાત. પરંતુ વક્તાએ વચ્ચે વિરામ લીધો હોવાથી વિસર્ગ આદેશ થયો છે.

**(5) <u>અઘોષ વિષયક દૃષ્ટાંત</u> - (vii) [C]कः करोति , (viii) कः खनति , (ix) पुनः पचति , (x) पुनः फलति , (xi) कः शेते , (xii) कः षण्डे , (xiii) कः साधुः , —** અહીં સર્વત્ર પરવર્તી અઘોષ વ્યંજનના

---

**(A)** અર્થ સામર્થ્યથી એટલે ઔપશ્લેષિક સપ્તમીનો અન્વય ન થઈ શકે એવા વિરામ રૂપ પદાર્થના સામર્થ્યથી અને ઔપશ્લેષિક સપ્તમીનો અન્વય થઈ શકે એવા અઘોષ વ્યંજનરૂપ પદાર્થના સામર્થ્યથી.

**(B)** વૈષયિક અધિકરણના કારણે 'વિરામના વિષયમાં' આવો અર્થ પ્રાપ્ત થાય છે, જ્યારે ઔપશ્લેષિક અધિકરણના કારણે 'અઘોષ વ્યંજન પર છતાં' આવો અર્થ પ્રાપ્ત થાય છે. ઔપશ્લેષિક અધિકરણ સ્થળે ઉપશ્લેષ (જોડાણ) પામનાર પૂર્વાપર બે વસ્તુઓ હોવાથી ત્યાં 'અમુક વસ્તુ પરમાં વર્તતા' આમ કહેવું શક્ય બને છે, પરંતુ જ્યારે જોડાનાર બે વસ્તુઓ ઉપલબ્ધ ન હોય ત્યારે 'અમુક વસ્તુ પર છતાં...' આમ કહેવું શક્ય ન બનતા વૈષયિક અધિકરણને આશ્રયી કાર્ય કરવામાં આવે છે.

**(C)** અહીં सि પ્રત્યયના યોગમાં 'किमः कस्तसादौ च २.१.७०' સૂત્રથી किम् નો क આદેશ થયો છે.

યોગમાં र्નો વિસર્ગ આદેશ થયો છે. એટલું વિશેષ કે पुनः पचति અને पुनः फलति સ્થળે र्નો વિસર્ગ આદેશ થયો છે, જ્યારે અન્યત્ર सि પ્રત્યયના स्નો र् અને र्નો વિસર્ગ આદેશ થયો છે. તેમ જ कः शेते, कः षण्डे અને कः साधुः સ્થળે જ્યારે 'श-ष-से श-ष-सं वा १.३.६' સૂત્રથી र्નો ક્રમશઃ श्, ष् અને स् આદેશ ન થાય ત્યારે વિકલ્પ પક્ષે આ સૂત્રથી र्નો વિસર્ગ આદેશ થયો છે.

(6) **શંકા :-** અઘોષ વ્યંજનમાં च्-छ्, ट्-ठ् અને त्-थ् પણ આવે છે, તો બૃ.વૃત્તિમાં તેઓ પરમાં હોય તેવા દષ્ટાંતો કેમ નથી બતાવ્યા ?

**સમાધાન :-** પદાન્ત र्ની પરમાં च्-छ्, ट्-ठ् અને त्-थ् હોય ત્યારે र्નો પ્રસ્તુત સૂત્રથી વિસર્ગ આદેશ પ્રાપ્ત છે, જ્યારે 'च-ट-ते सद्वितीये १.३.७' સૂત્રથી ક્રમશઃ श्, ष् અને स् આદેશ પ્રાપ્ત છે. ચાલુ સૂત્રમાં च्-छ् વિગેરે સામાન્યથી અઘોષ વ્યંજન રૂપે નિમિત્ત બને છે, તેથી આ સૂત્ર ઉત્સર્ગ વિધિ ગણાય, જ્યારે 'च-ट-ते०' સૂત્રમાં च्-छ् વિગેરે વિશેષથી નિમિત્તરૂપે વિહિત હોવાથી તે સૂત્ર અપવાદવિધિ કહેવાય. હવે ***'उत्सर्गादपवादः'*** ન્યાયથી 'च-ट-ते०' સૂત્ર બળવાન બનતા તે સૂત્રનું કાર્ય થશે, પ્રસ્તુત સૂત્રનું નહીં. જેમકે कश्चरति, कष्टीकते, कस्तरति વિગેરે. માટે તેના દષ્ટાંતો નથી બતાવ્યા.

(7) પદાન્તે જ વર્તતા र्નો વિસર્ગ આદેશ થાય એવું કેમ ?

**(a) ईर्त्ते — * ईर् (ईरिक् गति-कम्पनयोः ११९५) + ते * 'र्हादर्ह० १.३.३१' → ईर् + ते = ईर्त्ते।** આ સ્થળે તેમજ अर्कः, शूर्पः અને सर्पः સ્થળે બધે र्ની પરમાં અઘોષ વ્યંજન છે, પરંતુ र् પદાંતે ન હોવાથી વિસર્ગ આદેશ ન થયો.

(8) **શંકા :-** નિમ્નોક્ત સ્થળે પદને અંતે र् છે અને અઘોષ વ્યંજન પણ પરમાં છે, તો આ સૂત્રથી વિસર્ગ આદેશ કેમ નથી થતો ?

| | | **(a) नार्पत्यः** | **(b) नार्कुटः** |
|---|---|---|---|
| | | नृपतेः अपत्यम् | नृकुट्याम् भवः |
| *** 'अनिदम्यण० ६.१.१५'** | → | **नृपति + य (ञ्य)** | ↓ |
| *** 'भवे ६.३.१२३'** | → | ↓ | **नृकुटी + अ(अण्)** |
| *** 'वृद्धिः स्वरेष्वा० ७.४.१'** | → | **नार् पति + य** | **नार् कुटी + अ** |
| *** 'अवर्णेवर्णस्य ७.४.६८'** | → | **नार्पत् + य + सि** | **नार्कुट् + अ + सि** |
| *** 'सो रुः २.१.७२'** | → | **नार्पत्यर्** | **नार्कुटर्** |
| *** 'रः पदान्ते० १.३.५३'** | → | **नार्पत्यः।** | **नार्कुटः।** |

| (c) तवर्कारः | (d) प्रार्च्छति |
|---|---|
| तव ऋकारः | प्र ऋच्छति |
| * 'अवर्णस्येवर्णा० १.२.६' → तवर् कारः | * 'ऋत्यारुपसर्गस्य १.२.९' → प्रार् च्छति |
| = तवर्कारः। | = प्रार्च्छति। |

આ ચાર પૈકી नार्पत्यः અને नार्कुटः સ્થળે વર્તતાં नृपति અને नृकुटी શબ્દો ક્રમશઃ नृणां पतिः = नृपति અને नृणां कुटी = नृकुटी એમ સામાસિક શબ્દ છે. તેથી ત્યાં વર્તતો नृ શબ્દ અંતર્વર્તી વિભક્તિની અપેક્ષાએ પદ ગણાય. તેથી 'वृद्धिः स्वरे० ७.४.१' સૂત્રથી नृ ની વૃદ્ધિ नार् થતાં હવે પદને અંતે र् આવ્યો અને તેની પરમાં ક્રમશઃ प् અને क् અઘોષ વ્યંજન છે, તો પ્રસ્તુત સૂત્રથી र् નો વિસર્ગ આદેશ કેમ નથી થતો ? તેમ જ तवर्कारः અને प्रार्च्छति સ્થળે तव તો સ્પષ્ટપણે પદ છે જ અને प्र અવ્યય પણ તેને વિભક્તિનો પ્રત્યય લાગીને 'अव्ययस्य ३.२.७' સૂત્રથી લોપાઈ ગયો હોવાથી પદ છે. તેથી ઉપરોક્ત સાધનિકામાં દર્શાવ્યા પ્રમાણે तव ના પદાન્ત अ નો ऋ સાથે મળીને अर् તેમજ प्र ના પદાન્ત अ નો ऋ સાથે મળીને आर् આદેશ થતા तवर् અને प्रार् અવસ્થામાં अ અને ऋ ઉભયના સ્થાને થયેલો अर् અને आर् આદેશ *'उभयस्थाननिष्पन्नोऽन्यतरव्यपदेशभाक्'* ન્યાયાનુસારે अ નો આદેશ કહેવાશે. તેથી જેમ अ પદાન્તે હતો, તેમ તેનો अर् અને आर् આદેશ પણ પદાન્તે કહેવાશે. તેથી तवर् અને प्रार् ના પદાન્ત र् પછી ક્રમશઃ कारः નો क् અને च्छति નો च् અઘોષ વ્યંજન આવતા આ સૂત્રથી र् નો વિસર્ગ આદેશ કેમ નથી થતો ?

**સમાધાન :-** नार् पति + ञ्य, नार् कुटी + अण्, तवर् कारः અને प्रार् च्छति આ ચારે અવસ્થામાં આમ તો આ સૂત્રથી र् નો વિસર્ગ આદેશ પ્રાપ્ત છે, પરંતુ પ્રથમ બે સ્થળે नार् પ્રકૃતિના र् નો વિસર્ગ આદેશ કરવો એ પ્રકૃતિ(A) આશ્રિત કાર્ય હોવાથી અંતરંગ કાર્ય કહેવાય અને 'वृद्धिः स्वरेष्वा० ७.४.१' સૂત્રથી ञ्य અને अण् તદ્ધિત પ્રત્યય નિમિત્તક नृ નો नार् આદેશ પ્રત્યયાશ્રિત કાર્ય હોવાથી બહિરંગ કાર્ય કહેવાય. તેમ જ तवर् कारः અને प्रार् च्छति સ્થળે र् નો વિસર્ગ આદેશ એ એક વર્ણને આશ્રયીને થતું કાર્ય હોવાથી તે અંતરંગ કાર્ય કહેવાય અને 'अवर्णस्ये० १.२.६' અને 'ऋत्यारुप० १.२.९' સૂત્રથી થયેલું अर् અને आर् આદેશ રૂપ કાર્ય अ અને ऋ એમ બે વર્ણને આશ્રયીને થતું હોવાથી બહિરંગ કાર્ય કહેવાય. હવે *'असिद्धं बहिरङ्गमन्तरङ्गे'* ન્યાયાનુસાર આ સૂત્રથી અંતરંગ र् નો વિસર્ગ આદેશ કરવાના અવસરે પૂર્વે થયેલું नृ ના ऋ ની आर् વૃદ્ધિ રૂપ બહિરંગ કાર્ય અને अर् તથા आर् આદેશ રૂપ બહિરંગ કાર્ય અસિદ્ધ એટલે કે અસત્ થતું હોવાથી હવે ઉપરોક્ત ચારે સ્થળે પદાન્તે र् નહીં મનાય. માટે આ સૂત્રથી र् નો વિસર્ગ આદેશ ન થતા नार्पत्यः, नार्कुटः, तवर्कारः અને प्रार्च्छति પ્રયોગ થાય છે.

(A) प्रकृतेराश्रितं यत्स्याद्, यद्वा पूर्वं व्यवस्थितम्। यस्य चाल्पनिमित्तानि, अन्तरङ्गं तदुच्यते।।
प्रत्ययस्याश्रितं यत्स्याद्, बहिर्वा यद् व्यवस्थितम्। बहूनि वा निमित्तानि, यस्य तद् बहिरङ्गकम्।।

આ જ રીતે नार् पति + ञ्य, नार् कुटी + अण् અને तवर् कारः સ્થળે 'रः कख-पफयोः० १.३.५' સૂત્રથી र् નો ⨯क અને )( प આદેશ પણ પ્રાપ્ત છે, પરંતુ '*असिद्धं बहिरङ्गमन्तरङ्गे*' ન્યાયથી ⨯क અને )(प આદેશ રૂપ અંતરંગકાર્ય કરવાના અવસરે नृ ના ऋ ની आर् વૃદ્ધિરૂપ બહિરંગકાર્ય અને तवर् સ્થળે अर् આદેશ રૂપ બહિરંગકાર્ય અસિદ્ધ થતા પદને અંતે र् ન મનાવાથી ⨯ क - )( प આદેશ પણ થઈ શકતા નથી.

**(9) શંકા :-** गीः, धूः, सजूःषु અને आशीःषु સ્થળે નામીનો દીર્ઘ કરતા પૂર્વે અર્થાત્ गिर्, धुर्, सजुर् + षु અને आशिर् + षु અવસ્થામાં જ વિરામ કે અઘોષ વ્યંજન રૂપ નિમિત્તને આશ્રયીને આ સૂત્રથી र् નો વિસર્ગ થતાં 'पदान्ते २.१.६४' સૂત્રથી इ અને उ નામિનો દીર્ઘ શી રીતે થશે ? કારણ તે સૂત્રની પ્રવૃત્તિ માટે આવશ્યક પદાન્ત र् તો હવે વિદ્યમાન જ નથી.

**સમાધાન :-** આ સૂત્રમાં પૂર્વસૂત્રોથી अनु નો અધિકાર ચાલતો હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ બીજા બધા સૂત્રોથી પ્રાપ્ત કાર્ય થયા પછી જ થતી હોવાથી 'पदान्ते २.१.६४' સૂત્રથી इ અને उ દીર્ઘ થશે અને गीः, धूः, सजूःषु અને आशीःषु વિગેરે પ્રયોગ સિદ્ધ થશે.

| | | (a) गीः | (b) धूः |
|---|---|---|---|
| | | (A)गिरतीति क्विप्(०) | (B)धुर्वतीति क्विप्(०) |
| * 'गृ-पृ-दुर्वि०(उणा० ९४३)' | → | गृ + क्विप्(C) | धुर्व् + क्विप् |
| * 'ऋतां क्ङितीर् ४.४.११६' | → | गिर् + क्विप् + सि | ↓ |
| * 'राल्लुक् ४.१.११०' | → | ↓ | धुर् + क्विप् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | गिर् | धुर् |
| * 'पदान्ते २.१.६४' | → | गीर् | धूर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | गीः। | धूः। |

| | | (c) सजूःषु | (d) आशीःषु |
|---|---|---|---|
| | | सजुष् + सुप् | आशिस् + सुप् |
| * 'नामसिदय्० १.१.२१' | → | सजुष् પદ બન્યું | आशिस् પદ બન્યું |
| * 'सजुषः २.१.७३' | → | सजुर् + सु | |
| * 'सो रुः २.१.७२' | → | ↓ | आशिर् + सु |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | सजुर् + षु | आशिर् + षु |
| * 'पदान्ते २.१.६४' | → | सजूर् + षु | आशीर् + षु |
| * 'रः पदान्ते० १.३.५३' | → | सजूःषु। | आशीःषु। ॥५३॥ |

(A) गृ (गृत् निगरणे १३३५) (B) धुर्व् (धुर्वै हिंसायाम् ४७४)

(C) મધ્યમવૃત્તિ અવચૂરીમાં गृ અને धुर्व् ને 'क्विप् ५.१.१४८' સૂત્રથી क्विप् પ્રત્યય લગાડયાં છે, જ્યારે ઢુંઢિકા ટીકામાં गृ ને 'क्रुत्सम्पदादिभ्यः क्विप् ५.३.११४' સૂત્રથી क्विप् પ્રત્યય લગાડયો છે.

## ख्यागि ।।१.३.५४।।

**बृ.वृ.–पदान्ते वर्तमानस्य रेफस्य ख्यागि परे विसर्ग एव भवति।** (1) **कः ख्यातः, नमः ख्यात्रे।** (2) **पूर्वेणैव सिद्धे नियमार्थमिदम्, तेन जिह्वामूलीयो न भवति ।।५४।।**

**सूत्रार्थ :-** પદને અંતે વર્તતા र् નો ख्या (ख्याग्) ધાતુ પરમાં વર્તતાં વિસર્ગ આદેશ જ થાય છે.

<u>વિવરણ :-</u> (1) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) कः ख्यातः | (ii) नमः ख्यात्रे |
|---|---|---|---|
| | | किम् + सि | नमस् + सि |
| * 'किमः कस्० २.१.४०' | → | क + सि | ↓ |
| * 'अव्ययस्य ३.२.७' | → | ↓ | नमस् |
| * 'सो रुः २.१.७२' | → | कर् ख्यातः (A) | नमर् ख्यात्रे |
| * 'ख्यागि १.३.५४' | → | कः ख्यातः। | नमः ख्यात्रे। |

(2) **શંકા :-** ख्या ધાતુનો અઘોષ વ્યંજન ख પરમાં હોય ત્યારે પદાન્ત र् નો 'रः पदान्ते० १.३.५३' સૂત્રથી વિસર્ગ આદેશ પ્રાપ્ત જ છે, તો આ સૂત્રની શું જરૂર છે ?

**સમાધાન :-** સાચી વાત છે, પરંતુ ***'सिद्धे सत्यारम्भो नियमार्थः'*** ન્યાયથી સૂત્રકારશ્રીને નિયમ કરવો છે, માટે આ સૂત્ર રચ્યું છે. આશય એ છે કે 'रः पदान्ते०' સૂત્રની પ્રવૃત્તિ ત્યારે થઈ શકે છે, જ્યારે 'रः कख-पफयोः १.३.५' સૂત્ર અને 'श-ष-से श-ष-सं वा १.३.६' સૂત્રની વિકલ્પ પક્ષે પ્રવૃત્તિ ન થતી હોય. હવે ख्या ધાતુનો ख પરમાં હોય ત્યારે પદાન્ત र् નો જેમ 'रः पदान्ते०' સૂત્રથી વિસર્ગ આદેશ પ્રાપ્ત છે, તેમ 'रः कख-पफयोः०' સૂત્રથી જિહ્વામૂલીય આદેશ પણ પ્રાપ્ત છે. ત્યાં સૂત્રકારશ્રીને આ સૂત્ર રચવા દ્વારા નિયમ કરવો છે કે ख्या (ख्यांग्) ધાતુ પરમાં હોય ત્યારે પદાન્ત र् નો વિસર્ગ આદેશ જ થાય, જિહ્વામૂલીય નહીં. નિયમના ફળ રૂપે હવે 'रः कख-पफयोः०' સૂત્રથી क≍ख्यातः અને नमः≍ख्यात्रे આવા અનિષ્ટ પ્રયોગ નહીં થાય.

---

(A) ख्यातः અને ख्यात्रे પ્રયોગસ્થળે 'चक्षो वाचि० ४.४.४' સૂત્રથી चक्ष् ધાતુનો ख्या (ख्यांग्) આદેશ થયો છે અને તેને ક્રમશઃ 'क्त-क्तवतू ५.१.१७४' સૂત્રથી त (क्त) પ્રત્યય અને 'णक-तृचौ ५.१.४८' સૂત્રથી तृ (तृच्) પ્રત્યય લાગી ख्यात અને ख्यातृ શબ્દ બન્યા છે. હવે તેમને सि પ્રત્યય અને ङे પ્રત્યય લાગતાં ક્રમશઃ ख्यातः અને ख्यात्रे પ્રયોગ થાય છે. ઢુંઢિકા ટીકામાં આ બન્ને પ્રયોગો ख्या (ख्यांक् प्रकथने १०७१) ધાતુ ઉપરથી બન્યા છે, તેવું જણાવ્યું છે.

અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે સૂત્રમાં चक्ष् ધાતુના આદેશભૂત ख्या (ख्यांग्) ધાતુનું ગ્રહણ કરેલ હોવાથી ख्या (ख्यांक् प्रकथने १०७१) ધાતુ આ સૂત્રનો વિષય નહીં બને. તેથી તેનો ख પરમાં હોય ત્યારે 'रः कखपफयो:०' સૂત્રથી પદાન્ત र् નો જિહ્વામૂલીય આદેશ થઈ શકશે ।।૫૪।।

## शिट्यघोषात् ।।१.३.५५।।

**बृ.वृ.–[1]अघोषात् परे शिटि परतः पदान्ते वर्तमानस्य रेफस्य विसर्ग एव भवति। [2]पुरुषः त्सरुकः, सर्पिः प्साति, सर्पिः प्सातम्, वासः क्षौमम्, अद्भिः प्सातम्। [3]इदमपि नियमार्थम्, तेन सत्व-षत्व- ≍ क-)(पा न भवन्ति।।५५।।**

---

**સૂત્રાર્થ :-** પદને અંતે વર્તતા र् નો તેની પરમાં અઘોષ વ્યંજન હોય અને તેના પછી शिट् વર્ણ હોય તો વિસર્ગ આદેશ થાય છે.

<u>વિવરણ :-</u> **(1)** સૂત્રમાં સામાન્યથી अघोषात् એમ પંચમ્યન્ત પદ બતાવ્યું છે, તેથી તેનો અર્થ 'અઘોષ વ્યંજનથી પરમાં વર્તતો પદાન્ત र्' આવો પણ કરી શકાત. પરંતુ અઘોષ વ્યંજનની પરમાં પદાન્ત र् આવે એવું સંભવતું ન હોવાથી બૃ. વૃત્તિમાં 'અઘોષ વ્યંજનથી પરમાં વર્તતો शिट् વર્ણ' એમ અર્થ કર્યો છે. અર્થાત્ अघोषात् પદને शिटि પદનું વ્યધિકરણ વિશેષણ બનાવી તેની સાથે અન્વય બતાવ્યો છે.

**(2)** <u>દૃષ્ટાંત</u> -

| | | **(i)** पुरुषः त्सरुकः | | | **(ii)** अद्भिः प्सातम् |
|---|---|---|---|---|---|
| | | पुरुष + सि | | | अप् + भिस् |
| * 'सो रुः २.१.७२' | → | पुरुषर् त्सरुकः | * 'अपोऽद्भे २.१.४' | → | अद् + भिस् |
| * 'शिट्यघोषात् १.३.५५' | → | पुरुषः त्सरुकः। | * 'सो रुः २.१.७२' | → | अद्भिर् प्सातम् |
| | | | * 'शिट्यघोषात् १.३.५५' | → | अद्भिः प्सातम्। |

| | | **(iii)** सर्पिः प्साति | **(iv)** सर्पिः प्सातम् | **(v)** वासः क्षौमम् |
|---|---|---|---|---|
| | | सर्पिस् + अम् | सर्पिस् + अम् | वासस् + सि |
| * 'अनतो लुप् १.४.५९' | → | सर्पिस् प्साति | सर्पिस् प्सातम् | वासस् क्षौमम् |
| * 'सो रुः २.१.७२' | → | सर्पिर् प्साति | सर्पिर् प्सातम् | वासर् क्षौमम् |
| * 'शिट्यघोषात् १.३.५५' | → | सर्पिः प्साति। | सर्पिः प्सातम्। | वासः क्षौमम्। |

(3) આ સૂત્ર પણ નિયમ માટે રચવામાં આવ્યું છે. આશય એ છે કે અઘોષ વ્યંજન પરમાં હોય ત્યારે પદાન્ત ર્ ને 'रः पदान्ते० १.३.५३' સૂત્રથી વિસર્ગ આદેશ પ્રાપ્ત હતો જ, પરંતુ જો આ સૂત્ર ન રચ્યું હોત તો पुरुषर् त्सरुकः સ્થળે 'च-ट-ते सद्वितीये १.३.७' સૂત્રથી ર્ નો નિત્ય સ્ આદેશ થઇ જાત, તેમ જ અન્ય દૃષ્ટાંતસ્થળે 'रः पदान्ते०' સૂત્રથી જેમ ર્ નો વિસર્ગ આદેશ થાત, તેમ 'रः कख-पफयो० १.३.५' સૂત્રથી ≍ क અને )( प આદેશ પણ થાત. પરંતુ સૂત્રકારશ્રીને આ સર્વસ્થળે માત્ર વિસર્ગ આદેશ જ ઇષ્ટ છે. તેથી તેમણે 'પદાન્ત ર્ નો તેની પરમાં અઘોષ વ્યંજન આવે અને તેના પછી શિટ્ વર્ણ આવે તેવા સ્થળે વિસર્ગ આદેશ જ કરવો' આવો નિયમ કરવા આ સૂત્ર રચ્યું છે ।।૫૫।।

## व्यत्यये लुग् वा ।।१.३.५६।।

**बृ.वृ.–शिटः परोऽघोष इति व्यत्ययः,[1] तस्मिन् सति पदान्ते वर्तमानस्य रेफस्य लुग् वा भवति। चक्षु[2] श्चोतति, पक्षे-चक्षुश्श्चोतति, चक्षुः श्चोतति; क ष्ठीवति, कष्ष्ठीवति, कः ष्ठीवति; चेत स्खलति, चेतस्स्खलति, चेतः स्खलति; चक्षु स्पन्दते, चक्षुस्स्पन्दते, चक्षुः स्पन्दते; पुन स्पन्दते, पुनस्स्पन्दते, पुनः स्पन्दते ।।५६।।**

---

**सूत्रार्थ :-** નિમિત્તની બાબતમાં પૂર્વસૂત્ર કરતા ઉલટું કરવું તેને અહીં વ્યત્યય સમજવો. અર્થાત્ પદાન્ત ર્ નો જો તેના પરમાં શિટ્ વર્ણ હોય અને પછી અઘોષ વ્યંજન આવે તો વિકલ્પે લોપ (લુગ્) થાય છે.

<u>વિવરણ :-</u> (1) પૂર્વસૂત્રમાં નિમિત્તરૂપે પહેલાં અઘોષ વ્યંજન અને પછી શિટ્ વર્ણ હોવો જોઇએ તેમ કહેલ. આ સૂત્રમાં તે નિમિત્તોને ઉલટાવી પૂર્વે શિટ્ વર્ણ અને પછી અઘોષ વ્યંજનને નિમિત્તરૂપે બતાવવા રૂપ વ્યત્યય કર્યો છે.

(2) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) चक्षु श्चोतति | (ii) क ष्ठीवति | (iii) चेत स्खलति |
|---|---|---|---|---|
| | | चक्षुस् + सि | किम् + सि | चेतस् + सि |
| * 'अनतो लुप् १.४.५९' | → | चक्षुस् | ↓ | चेतस् |
| * 'किमः कस्० २.१.४०' | → | ↓ | क + सि | ↓ |
| * 'सो रुः २.१.७२' | → | चक्षुर् श्चोतति | कर् ष्ठीवति | चेतर् स्खलति |
| * 'व्यत्यये लुग् वा १.३.५६' | → | चक्षु श्चोतति। | क ष्ठीवति। | चेत स्खलति। |
| * 'વિકલ્પ પક્ષે' | | | | |
| * 'रः पदान्ते० १.३.५३' | → | चक्षुः श्चोतति | कः ष्ठीवति | चेतः स्खलति |
| * 'श-ष-से० १.३.६' | → | चक्षुश्श्चोतति। | कष्ष्ठीवति। | चेतस्स्खलति। |

| (iv) चक्षु स्पन्दते | | (v) पुन स्पन्दते | |
|---|---|---|---|
| | चक्षुस् + सि | | पुनर् + सि |
| * 'अनतो लुप् १.४.५९' → | चक्षुस् | * 'अव्ययस्य ३.२.७' → | पुनर् स्पन्दते |
| * 'सो रुः २.१.७२' → | चक्षुर् स्पन्दते | * 'व्यत्यये लुग् वा १.३.५६' → | पुन स्पन्दते। |
| * 'व्यत्यये लुग् वा १.३.५६' → | चक्षु स्पन्दते। | * 'વિકલ્પ પક્ષે' | |
| * 'વિકલ્પ પક્ષે' | | * 'रः पदान्ते० १.३.५३' → | पुनः स्पन्दते |
| * 'रः पदान्ते० १.३.५३' → | चक्षुः स्पन्दते | * 'श-ष-से० १.३.६' → | पुनस्स्पन्दते। |
| * 'श-ष-से० १.३.६' → | चक्षुस्स्पन्दते। | | |

ઉપરોક્ત પાંચેય સ્થળે આમ તો 'रः पदान्ते० १.३.५३' સૂત્રથી વિસર્ગ આદેશ અને 'श-ष-से० १.३.६' સૂત્રથી र् નો श्, ष् અને स् આદેશ પ્રાપ્ત છે. હવે વધુમાં આ સૂત્રથી લોપ આદેશ પણ કરવામાં આવે છે. તેથી જ્યારે લોપ આદેશ ન થાય ત્યારે વિકલ્પે श्, ष् અને स् આદેશ અને વિસર્ગ આદેશ પણ થશે ।।૫૬।।

## (1)अरोः सुपि रः ।।१.३.५७।।

**बृ.वृ.–(2)रुवर्जितस्य रेफस्य स्थाने सुपि परे रेफ एव भवति, (3)कार्यान्तरबाधनार्थः। (4)गीर्षु, धूर्षु, वार्षु, द्वार्षु। विसर्ग-सकारौ न भवतः। (5)अरोरिति किम्? पयःसु, पयस्सु; अहःसु, अहस्सु। (6)सुपीति किम्? गीः, धूः। (7)र इत्येव? महत्सु ।।५७।।**

---

**सूत्रार्थ :-** रु સિવાયના र् નો सुप् (સપ્તમી બહુવચન) પ્રત્યય પરમાં વર્તતા र् જ થાય છે.

**सूत्रसमास :-** ◆ न रुः = अरुः (नञ्० तत्०), तस्य = अरोः।

<u>વિવરણ :-</u> (1) **શંકા :-** આ સૂત્રમાં अरु પદ મૂકી रु નો નિષેધ કેમ કર્યો ? કેમકે ***'लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्'***(A) ન્યાયથી કે પછી ***'निरनुबन्धग्रहणे न साऽनुबन्धकस्य'*** ન્યાયથી रु તો સ્વયં જ નિષિદ્ધ છે.

**સમાધાન :-** વાત સાચી છે, પરંતુ ન્યાયોની પ્રવૃત્તિ સાર્વત્રિક નથી હોતી, ક્વચિત્ તેઓ અનિત્ય પણ બનતા હોય છે. તેથી સૂત્રમાં સ્વયં નિષિદ્ધ એવા रु નો નિષેધ કરવા દ્વારા ***'लक्षण-प्रतिपदो०'*** અને ***'निरनुबन्धग्रहणे०'***

---

(A) रु સ્થળે उ અનુબંધ રૂપ ચિહ્નથી = લક્ષણથી જણાય છે કે આ र् 'सो रुः २.१.७२' કે 'सजुषः २.१.७३' વિગેરે સૂત્રોથી અમુક વર્ણોના આદેશ રૂપે બનેલો લાક્ષણિક છે. જ્યારે रु સિવાયના र् માટે એવું કોઇ ચિહ્ન નથી, માટે તે પ્રતિપદોક્ત કહેવાય. હવે ***'लक्षण-प्रतिपदोक्तयोः०'*** ન્યાયથી સૂત્રમાં લાક્ષણિક रु નું ગ્રહણ થવાનું જ નથી. એ જ રીતે रु નો र् उ અનુબંધવાળો હોવાથી સાનુબંધ છે, તેથી ***'निरनुबन्धग्रहणे०'*** ન્યાયથી સાનુબંધ रु નું આ સૂત્રમાં ગ્રહણ કરવું શક્ય જ નથી. આમ रु અહીં સ્વયં નિષિદ્ધ જ છે.

ન્યાયની અનિત્યતાનું જ્ઞાપન કર્યું છે. આ અનિત્યતાના જ્ઞાપન દ્વારા ફળ એ મળે છે કે 'र: कख० १.३.५' સૂત્રમાં દર્શાવેલાં क≍करोति, क: करोति વિગેરે પ્રયોગસ્થળે ઉપરોક્ત બન્ને ન્યાય અનિત્ય બનવાથી क થી પરમાં આવેલાં લાક્ષણિક કે પછી સાનુબંધ ગણાતા रु નો તે સૂત્રથી ≍क આદેશ અને 'र: पदान्ते० १.३.५३' સૂત્રથી વિસર્ગ આદેશ થઈ શકે છે.

**(2)** સૂત્રવર્તી अरो: પદ અન્ય કોઇ વિશેષ્ય સંભવતું ન હોવાથી કાર્યી એવા र् વિશેષ્યનું વિશેષણ છે, આથી બૃ. વૃત્તિમાં 'रुवर्जितस्य रेफस्य' એમ જણાવ્યું છે.

**(3)** **શંકા :-** કોઈપણ સૂત્રથી થતી વિધિ અપ્રાપ્ત કાર્યની પ્રાપ્તિ માટે હોય છે, અર્થાત્ નવું કોઇ કાર્ય કરવા માટે હોય છે. તો આ સૂત્રથી र् નો ફરી र् આદેશ કરી ક્યું નવું કાર્ય સાધ્યું ?

**સમાધાન :-** સૂત્રકારશ્રી આ સૂત્રથી र् નો ફરી र् આદેશ કરી નિયમ કરવા દ્વારા र् ને જે બીજા આદેશો પ્રાપ્ત છે, તેનો બાધ કરવા માંગે છે. કયાં આદેશોનો કઈ રીતે બાધ થાય છે તે નિમ્નોક્ત દૃષ્ટાંતોની સાધનિકા બાદ વિચારીએ.

**(4)** **દૃષ્ટાંત -**

| | | **(i) गीर्षु** | **(ii) धूर्षु** |
|---|---|---|---|
| | | **गृणातीति क्विप् (०)** | **धूर्वतीति क्विप् (०)** |
| * 'गृ-पॄ-दुर्वि० (उणा०९४३)' | → | गॄ + क्विप् | धुर्व् + क्विप् |
| * 'ऋतां क्ङितीर् ४.४.११६' | → | गिर् + सुप् | ↓ |
| * 'राल्लुक् ४.१.११०' | → | ↓ | धुर् + सुप् |
| * 'नामसिदय्० १.१.२१' | → | गिर् પદ બન્યું | धुर् પદ બન્યું |
| * 'पदान्ते २.१.६४' | → | गीर् + सु | धूर् + सु |
| * 'अरो: सुपि० १.३.५७' | → | गीर् + सु | धूर् + सु |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | गीर्षु। | धूर्षु। |

| | | **(iii) वार्षु** | **(iv) द्वार्षु** |
|---|---|---|---|
| | | **वृणोतीति क्विप् (०)=** | **वृणोतीति क्विप् =** |
| * 'वार्द्वारौ (उणा० ९४४)' | → | वार् + क्विप् + सुप् | (A)द्वार् + क्विप् + सुप् |
| * 'अरो: सुपि० १.३.५७' | → | वार् + सु | द्वार् + सु |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | वार्षु। | द्वार्षु। |

---

(A) द्वार्षु સ્થળે वृ ધાતુને क्विप् પ્રત્યય લાગતાં નિપાતનથી વૃદ્ધિ થશે અને व् થવા પૂર્વે જ द् નો આગમ થતા द्वार् અવસ્થા પ્રાપ્ત થશે.

અહીં गीर् + सु, धूर् + सु, वार् + सु અને द्वार् + सु અવસ્થામાં 'नामसिदय्० १.१.२१' સૂત્રથી गीर् વિગેરે પદ છે. તેથી પદાન્ત र् નો 'श-ष-से० १.३.६' સૂત્રથી स् આદેશ અને 'रः पदान्ते० १.३.५३' સૂત્રથી વિસર્ગ આદેશ પ્રાપ્ત છે. સૂત્રકારશ્રીને र् માં કોઈ ફેરફાર ઈષ્ટ નથી, તેથી स् અને વિસર્ગ આદેશનો બાધ કરવા र् નો પુનઃ આ સૂત્રથી र् આદેશ કરી નિયમ કરે છે કે 'सुप् પ્રત્યય પરમાં હોય ત્યારે रु સિવાયના र् નો र् જ કરવો, અર્થાત્ स् કે વિસર્ગ આદેશ ન કરવો.'

(A)**શંકા :-** गीर् सु, धूर् सु વિ. અવસ્થામાં 'श-ष-से० १.३.६' સૂત્રથી જેમ र् નો स् પ્રાપ્ત છે, તેમ 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રથી र् થી પરમાં રહેલાં स् નો ष् પણ પ્રાપ્ત છે. વળી 'नाम्यन्तस्था०' સૂત્ર 'श-ष-से०' સૂત્ર કરતાં 'પર' હોવાથી બળવાન છે, માટે તેનું કાર્ય પ્રથમ કરતા गीर् षु, धूर् षु એવી અવસ્થા પ્રાપ્ત થશે. હવે 'श-ष-से०' સૂત્રથી र् નો ष् પ્રાપ્ત છે, પરંતુ પ્રસ્તુત સૂત્રથી र् નો र् કરવા દ્વારા र् નો ष् થવા રૂપ કાર્ય બાધિત થાય છે. આમ 'श-ष-से०' સૂત્રથી થતું र् નું ष् કાર્ય બાધિત થતું બતાવવું જોઈએ, તેને બદલે स् કાર્ય બાધિત થતું કેમ બતાવ્યું ?

**સમાધાન :-** 'श-ष-से०' સૂત્રથી થતું र् નો स् કરવા રૂપ કાર્ય પૂર્વવ્યવસ્થિત છે, જ્યારે 'नाम्यन्तस्था०' સૂત્રથી થતું स् નો ष् કરવા રૂપ કાર્ય પરવ્યવસ્થિત છે. અર્થાત્ गीर् सु વિગેરે સ્થળે કાર્યી र् એ કાર્યી स् કરતા પૂર્વમાં રહેલો છે. હવે જે કાર્ય પૂર્વવ્યવસ્થિત હોય તે અંતરંગકાર્ય કહેવાય અને પરવ્યવસ્થિત હોય તે બહિરંગકાર્ય કહેવાય. આમ 'नाम्यन्तस्था०' સૂત્ર 'પર' હોવા છતાં 'श-ष-से०' સૂત્રથી પ્રાપ્ત કાર્ય 'અંતરંગ' હોવાથી બળવાન બને, કારણ ***'परादन्तरङ्गम्'*** એવો ન્યાય છે. તેથી 'श-ष-से०' સૂત્રનું કાર્ય પ્રથમ થાય અને તે સૂત્રથી र् નો स् પ્રાપ્ત હોવાથી પ્રસ્તુત સૂત્રથી स् કાર્ય બાધિત થતું બતાવ્યું છે, ष् કાર્ય નહીં.

(5) આ સૂત્રથી रु સિવાયના જ र् નો र् આદેશ થાય, એવું કેમ ?

| | (a) पयःसु | | (b) पयस्सु |
|---|---|---|---|
| | पयस् + सुप् | | पयस् + सुप् |
| * 'सो रुः २.१.७२' | → पयर् + सु | * 'सो रुः २.१.७२' | → पयर् + सु |
| * 'रः पदान्ते० १.३.५३' | → पयःसु। | * 'श-ष-से० १.३.६' | → पयस्सु। |
| | (c) अहःसु | | (d) अहस्सु |
| | अहन् + सुप् | | अहन् + सुप् |
| * 'अह्नः २.१.७४' | → अहर् (रु) + सु | * 'अह्नः २.१.७४' | → अहर् (रु) + सु |
| * 'रः पदान्ते० १.३.५३' | → अहःसु। | * 'श-ष-से० १.३.६' | → अहस्सु। |

(A) લઘુન્યાસમાં "अन्तरङ्गत्वात् 'श-ष-से० (१.३.६)' इति षत्वं प्राप्नोति, अतः सकार इत्युक्तम्" આવી પંક્તિ છે, ત્યાં 'षत्वं प्राप्नोति' ને બદલે 'सत्वं प्राप्नोति' હોવું કલ્પીને ઉપરોક્ત શંકા-સમાધાન લખેલ છે.

ઉપરોક્ત પ્રથમ બે સ્થળે स् નો रु આદેશ અને છેલ્લા બે સ્થળે न् નો रु આદેશ થયો છે, માટે આ સૂત્રથી તેનો ફરી र् આદેશ ન થતાં વિસર્ગ અને स् આદેશ થયો.

**શંકા :-** पयःसु વિગેરે સ્થળે पयर् + सु અને अहर् + सु અવસ્થામાં 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રથી અંતસ્થા र् થી પરમાં રહેલાં स् નો ष् આદેશ કેમ નથી થતો ?

**સમાધાન :-** पयर् + सु અને अहर् + सु અવસ્થામાં એક સાથે બે કાર્યોની પ્રાપ્તિ છે. એક सु ના स् નો ष् આદેશ અને બીજું र् નો વિસર્ગ કે स् આદેશ. હવે આ બન્ને કાર્યો પૈકી વિસર્ગ કે स् આદેશરૂપ કાર્યની પ્રાપ્તિ, स् ના ष् આદેશરૂપ કાર્ય કરતા પૂર્વે પણ છે અને કર્યા પછી પણ છે. તેથી તે કાર્ય કૃતાકૃતપ્રસંગી હોવાથી 'નિત્યકાર્ય' ગણાય અને નિત્યકાર્ય બળવાન હોવાથી પૂર્વે તે થાય. તેથી पयः + सु, पयस् + सु, अहः + सु અને अहस् + सु અવસ્થા પ્રાપ્ત થશે. આ અવસ્થામાં અન્તસ્થા એવો र् ન રહેવાથી स् નો ष् આદેશ નહીં થાય.

(6) सुप् પ્રત્યય પરમાં હોય તો જ આ સૂત્રનું કાર્ય થાય એવું કેમ ?

| | | (a) गीः | (b) धूः |
|---|---|---|---|
| | | गृणातीति क्विप् (०) | धूर्वतीति क्विप् (०) |
| * 'गृ-पॄ-दुर्वि० (उणा०९४३)' | → | गॄ + क्विप् | धुर्व् + क्विप् |
| * 'ॠतां क्ङितीर् ४.४.११६' | → | गिर् + सि | ↓ |
| * 'राल्लुक् ४.१.११०' | → | ↓ | धुर् + सि |
| * 'पदान्ते २.१.६४' | → | गीर् + सि | धूर् + सि |
| * 'दीर्घङ्याब्० १.४.४५' | → | गीर् | धूर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | गीः। | धूः। |

આ બન્ને સ્થળે सुप् પ્રત્યય પરમાં નથી, તેથી रु સિવાયના र् નો આ સૂત્રથી र् આદેશ ન થતા વિસર્ગ આદેશ થઇ ગયો.

(7) આ સૂત્રથી र् નો જ र् આદેશ થાય એવું કેમ ?

**(a) महत्सु — * महत् + सुप् = महत्सु।**

અહીં सुप् પ્રત્યય પરમાં છે, પરંતુ પૂર્વમાં र् ને બદલે त् હોવાથી તેનો र् આદેશ ન થયો ।।૫૭।।

## वाऽहर्पत्यादयः ।।१.३.५८।।

**बृ.वृ.–अहर्पत्यादयः शब्दा (1) यथायोगमकृतविसर्गाः कृतोत्वाभावाश्च वा (2) निपात्यन्ते। (3) अहर्पतिः, अहःपतिः, अह )(पतिः; गीर्पतिः, गीःपतिः, गी)(पतिः; धूर्पतिः, धूःपतिः, धू)(पतिः, एषु पक्षे विसर्गाभावो निपात्यते; हे प्रचेता राजन्!, हे प्रचेतो राजन्! अत्र पक्षे उत्वाभावो निपात्यते। (4) बहुवचनमाकृतिगणार्थम् ।।५८।।**

---

**सूत्रार्थ :-** अर्हपति વિગેરે કેટલાક શબ્દો યથાયોગ્ય રીતે ક્યાંક र् નો વિસર્ગ આદેશ નહીં કરાયેલાં અને ક્યાંક र् નો उ આદેશ નહીં કરાયેલાં વિકલ્પે નિપાતન કરાય છે.

**सूत्रसमास :-** ◆ अहर्पतिः आदिर्येषां ते = अहर्पत्यादयः (बहु०)।

<u>વિવરણ :-</u> (1) अहर् વિગેરેથી અને पति વિગેરેથી કયા શબ્દો લેવા, તે અભ્યાસુઓએ શિષ્ટલોક પાસેથી જાણવું. આ अहर्पति વિગેરે શબ્દોમાં ક્યાંક र् નો વિસર્ગ આદેશ પ્રાપ્ત છે, તો ક્યાંક र् નો उ આદેશ પ્રાપ્ત છે. પરંતુ નિપાતનથી વિકલ્પે તે વિસર્ગ અને उ આદેશ નહીં થાય, આથી બૃ. વૃત્તિમાં यथायोगम् શબ્દ વાપર્યો છે.

(2) આ સૂત્રનો અર્થ 'પદને અંતે વર્તતા अहर् આદિના र् નો पति વિગેરે શબ્દો પર છતાં યથાયોગ્ય વિસર્ગ કે उ આદેશ વિકલ્પે નથી થતો' એવો પૂર્વસૂત્રથી ચાલી આવતી पदान्त શબ્દની અનુવૃત્તિવાળો ન બતાવતા 'अहर्पति વિગેરે શબ્દો યથાયોગ્ય र् નો વિસર્ગ કે उ આદેશ નહીં કરાયેલાં વિકલ્પે નિપાતન કરાય છે' એવો બતાવ્યો છે, તેથી આ સૂત્રથી હવે पदान्त નો અધિકાર અટકે છે. તેથી હવે પછીના 'शिट्याद्यस्य० १.३.५९' સૂત્રથી થતાં ख्षीरम् પ્રયોગ સ્થળે શિટ્ વર્ણની પૂર્વમાં રહેલાં અપદાન્ત વર્ગીય આદ્ય વ્યંજન क् નો ख् આદેશ થઇ શક્યો છે.

(3) <u>દૃષ્ટાંત</u> -

| | | (i) अहर्पतिः | (ii) गीर्पतिः | (iii) धूर्पतिः |
|---|---|---|---|---|
| | | अह्नां पतिः = | गिरां पतिः = | धुरां पतिः = |
| * 'षष्ठ्ययत्नात्० ३.१.७६' | → | अहन् + पति + सि | गिर् + पति + सि | धुर् + पति + सि |
| * 'अह्नः २.१.७४' | → | अहर् + पति + सि | ↓ | ↓ |
| * 'पदान्ते २.१.६४' | → | ↓ | गीर् + पति + सि | धूर् + पति + सि |
| * 'वाहर्पत्यादयः १.३.५८' | → | विकल्पे विसर्गाभावः | विकल्पे विसर्गाभावः | विकल्पे विसर्गाभावः |
| * 'सो रुः २.१.७२' | → | अहर्पतिर् | गीर्पतिर् | धूर्पतिर् |
| * 'रः पदान्ते० १.३.५३' | → | अहर्पतिः। | गीर्पतिः। | धूर्पतिः। |

* 'વિકલ્પ પક્ષે'

* 'र: कख० १.३.५' → अह )( पति: गी )( पति: धू )( पति:

* 'र: पदान्ते० १.३.५३' → अह:पति:। गी:पति:। धू:पति:।

गीर्पति શબ્દ भ्रातुष्पुत्रादि ગણનો હોવાથી ક્ષીરતરંગિણીકાર **'क्षीरस्वामी'** તેના र् નો 'भ्रातुष्पुत्रकस्कादय: २.३.१४' સૂત્રથી ष् આદેશ ઇચ્છે છે, તેથી તેમના મતે गीष्पति: પ્રયોગ થશે.

**(iv) हे प्रचेता राजन्!**

प्रकृष्टं चेतो यस्य =

* 'एकार्थं चानेकं च ३.१.२२' → प्रचेतस् + सि (संबो०)
* 'दीर्घङ्याब्० १.४.४५' → प्रचेतस् राजन्
* 'सो रु: २.१.७२' → प्रचेतर् राजन्
* 'वाहर्पत्यादय: १.३.५८' → विकल्पे उत्वाभाव:
* 'रो रे लुग्० १.३.४१' → हे प्रचेता राजन्!
* 'વિકલ્પ પક્ષે'
* 'घोषवति १.३.२१' → प्रचेतउ राजन्
* 'अवर्णस्येवर्ण० १.२.६' → हे प्रचेतो राजन् !

प्रचेतस् શબ્દસ્થળે વિગ્રહાવસ્થા હોય ત્યારે સંબોધનમાં જ પ્રસ્તુત સૂત્રથી થયેલ નિપાતનું વિશેષ ફળ બતાવી શકાય છે, અન્યત્ર નહીં. તેથી ઉપર સંબોધનનું દૃષ્ટાંત બતાવેલ છે. સંબોધન સિવાયના દૃષ્ટાંત લેવા હોય તો સમાસાવસ્થા જ લેવી પડે, વિગ્રહાવસ્થા નહીં.

આશય એ છે કે વિગ્રહ અવસ્થામાં प्रचेतस् શબ્દને જો પ્રથમા વિભક્તિનો सि પ્રત્યય લગાવીએ તો 'अभ्वादे० १.४.९०' સૂત્રથી प्रचेतस् ના स् ની પૂર્વનાં अ નો आ (દીર્ઘ) આદેશ થઇ જાય છે. તેથી આગળ प्रचेतार् राजा અવસ્થામાં 'घोषवति १.३.२१' સૂત્રથી र् ના उ આદેશની પ્રાપ્તિ જ ન હોવાથી આ સૂત્રથી उ આદેશ ન થવા રૂપ નિપાતનનું ફળ મળી શકતું નથી, તેથી પ્રથમા सि વિભક્તિનું દૃષ્ટાંત નથી બતાવ્યું. તથા બાકીના વિભક્તિના પ્રત્યયો લાગેલું દૃષ્ટાંત લઇએ તો તે પ્રત્યયો વ્યવધાયક બનવાના કારણે प्रचेतस् શબ્દની પરમાં राजन् શબ્દ આવે એવી અવસ્થા જ પ્રાપ્ત થતી નથી કે જેથી આ સૂત્રથી નિપાતનનો પ્રશ્ન ઊભો થાય. તેથી વિગ્રહસ્થળે માત્ર સંબોધન એકવચનનું દૃષ્ટાંત આપ્યું છે.

**'ઉત્પલ'** નામના વૈયાકરણ તથા શાકટાયન વ્યાકરણકાર **'શકટ'** પણ કહે છે કે प्रचेतस् શબ્દનો राजन् નામની સાથે સમાસ કરીએ તો પણ આ સૂત્રથી નિપાતનનું ફળ મળી શકે છે. જેમકે **'ઉત્પલ'**ના મત પ્રમાણે प्रचेताश्चासौ राजा च નો કર્મધારય સમાસ કરતા प्रचेताराजः (આ સૂત્રથી નિપાતનના ફળ રૂપે) અને प्रचेतोराजः (વિકલ્પ પક્ષે) આ બે પ્રયોગ થશે. (राजन् નો राज 'राजन्सखेः ૭.૩.૧૦૬' સૂત્રથી अट् સમાસાન્ત થવાના કારણે થયો છે.) **'શકટ'**ના મત પ્રમાણે प्रचेतसो राजा નો ષષ્ઠીતત્પુરુષ સમાસ કરતા प्रचेताराजः અને प्रचेतोराजः આ બે પ્રયોગ થશે. તથા प्रचेता राजा अस्य વિગ્રહને આશ્રયીને બહુવ્રીહિ સમાસ જો કરીએ તો प्रचेताराजा અને प्रचेतोराजा આવા બે પ્રયોગ થશે.

**(4) શંકા :-** अहर्पत्यादयः માં રહેલ 'આદિ' શબ્દથી બૃ. વૃત્તિમાં બતાવેલાં गीर्पतिः વિગેરે જ લેવાના કે બીજા પણ લેવાના ? બીજા પણ લેવાના હોય તો તેવું શાના આધારે કહી શકાય ?

**સમાધાન :-** સૂત્રમાં आदयः એમ બહુવચન પ્રયોગ કર્યો છે, તેના દ્વારા સૂત્રકાર સૂચવે છે કે બૃ. વૃત્તિમાં ન બતાવેલાં બીજા પણ દૃષ્ટાંતો લેવાના છે, અન્યથા 'अहर्पत्यादिः' એમ એકવચન કરત. આશય એ છે કે આ સૂત્રમાં બહુવચન આકૃતિ ગણાર્થે છે અને જ્યાં આકૃતિગણ લેવાનો હોય ત્યાં બૃ. વૃત્તિમાં દર્શાવેલા દૃષ્ટાંતોને સદૃશ આકૃતિવાળા અન્ય દૃષ્ટાંતો પણ લઈ શકાય છે. જેમકે वारि चरति = वार् + चर् + ड(A) > वार् + च् + ड > वार् + च આ અવસ્થામાં 'चटते० १.३.७' સૂત્રથી र् નો श् આદેશ પ્રાપ્ત છે. તેમજ उषसि बुध्यते = उषस् + बुध + अ(क)(B) > उषर् + बुध અવસ્થામાં 'घोषवति १.३.२१' સૂત્રથી र् નો उ આદેશ પ્રાપ્ત છે. પરંતુ આ સૂત્રથી નિપાતનના બળે તે બન્ને આદેશોનો નિષેધ થતા वार्चो हंसः અને उषर्बुधः પ્રયોગ સિદ્ધ થાય છે. જો કે જ્યારે આ સૂત્રની વિકલ્પે પ્રવૃત્તિ ન થાય ત્યારે આ બન્ને સ્થળના र् નો ક્રમશઃ श् અને उ આદેશ થવો જોઈએ. પરંતુ આ સૂત્રમાં દર્શાવેલો वा શબ્દ વ્યવસ્થિત વિભાષા(C) અર્થક હોવાથી અર્થાત્ અમુક ચોક્કસ પ્રયોગની મર્યાદામાં રહીને જ વિકલ્પ સાધતો હોવાથી અહીં તે વિકલ્પ નહીં સાધે. તેથી वार्चो हंसः અને उषर्बुधः એમ એક-એક પ્રયોગ જ સિદ્ધ થશે ।।૫૮।।

## शिट्याद्यस्य द्वितीयो वा ।।१.३.५९।।

**बृ.वृ.–(1)आद्यस्य प्रथमस्य स्थाने शिटि परे द्वितीयो वा भवति। (2)ख्षीरम्, क्षीरम्; तछ् शोभनम्, तच् शोभनम्; सम्राठ्सु, सम्राट्सु; भवथ्सु, भवत्सु; अफ्सु, अप्सु; अफ्सराः, अप्सराः। (3)आद्यस्येति किम्? भवान् साधुः। (4)शिटीति किम्? वाक् करोति, सत्यम् ।।५९।।**

---

(A) 'क्वचित् ५.१.१७१' સૂત્રથી ड પ્રત્યય લાગ્યો છે.

(B) 'नाम्युपान्त्य० ५.१.५४' સૂત્રથી अ (क) પ્રત્યય લાગ્યો છે.

(C) **व्यवस्थितं (= मर्यादाऽनतिक्रान्तं) प्रयोगजातं विशेषेण भाषते इति व्यवस्थितविभाषा।**

**સૂત્રાર્થ :-** શિટ્ વર્ણ પરમાં વર્તતાં વર્ગના પ્રથમ વ્યંજનને ઠેકાણે દ્વિતીય વ્યંજન વિકલ્પે થાય છે.

**વિવરણ :- (1)** અહીં સૂત્રમાં લખેલાં आद्य શબ્દથી 'पञ्चको वर्गः १.१.१२' સૂત્રમાં દર્શાવેલ દરેક વર્ગનો આદ્ય અક્ષર ગ્રહણ કરવાનો છે અને દ્વિતીય અક્ષરરૂપ આદેશ પણ તે તે વર્ગના દ્વિતીય અક્ષરરૂપે જ કરવાનો છે. તેથી સ્પષ્ટ શબ્દોમાં આ અર્થ પ્રાપ્ત થશે કે 'શિટ્ વર્ણ પરમાં વર્તતા क्, च्, ट्, त् અને प् નો ક્રમશઃ ख्, छ्, ठ्, थ् અને फ् આદેશ થશે.'

**(2) દૃષ્ટાંત -**

**(i) ख्षीरम्**

क्षीर + सि
* 'अतः स्यमो० १.४.५७' → क्षीर + अम्
* 'समानादमो० १.४.४६' → क्षीरम्
* 'शिट्याद्य० १.३.५९' → ख्षीरम्।
* 'વિકલ્પ પક્ષે' → क्षीरम्।

**(ii) तछ् शोभनम्**

तत् + सि
* 'अनतो लुप् १.४.५९' → तत्
* 'धुटस्तृतीयः २.१.७६' → तद् शोभनम्
* 'तवर्गस्य० १.३.६०' → तज् शोभनम्
* 'अघोषे प्रथमो० १.३.५०' → तच् शोभनम्
* 'शिट्याद्य० १.३.५९' → तछ् शोभनम्।
* 'વિકલ્પ પક્ષે' → तच् शोभनम्।

**(iii) सम्राठ्सु**

सम्राज् + सुप्
* 'यज-सृज० २.१.८७' → सम्राष् + सु
* 'धुटस्तृतीयः २.१.७६' → सम्राड् + सु
* 'अघोषे प्रथमो० १.३.५०' → सम्राट् + सु
* 'शिट्याद्य० १.३.५९' → सम्राठ्सु।
* 'વિકલ્પ પક્ષે' → सम्राट्सु।

**(iv) अफ्सराः**

अप्सरस् + सि
* 'अभ्वादेर० १.४.९०' → अप्सरास् + सि
* 'दीर्घङ्याब्० १.४.४५' → अप्सरास्
* 'सो रुः २.१.७२' → अप्सरार्
* 'रः पदान्ते० १.३.५३' → अप्सराः
* 'शिट्याद्य० १.३.५९' → अफ्सराः।
* 'વિકલ્પ પક્ષે' → अप्सराः।

**(v) भवथ्सु**

भवत् + सुप्
* 'शिट्याद्यस्य० १.३.५९' → भवथ्सु।
* 'વિકલ્પ પક્ષે' → भवत्सु।

**(vi) अफ्सु**

अप् + सुप्
अफ्सु।
अप्सु।

**(3)** આ સૂત્રથી વર્ગના પ્રથમ જ વ્યંજનનો આદેશ થાય એવું કેમ ?

**(a)** भवान् साधुः — ✻ भवत् + सि, ✻ 'ऋदुदितः १.४.७०' → भवन्त् + सि, ✻ 'दीर्घङ्याब्० १.४.४५' → भवन्त्, ✻ 'पदस्य २.१.८९' → भवन्, ✻ 'अभ्वादेरत्वसः० १.४.९०' → भवान् साधुः।

અહીં પરમાં શિટ્વર્ણ स् છે, છતાં પૂર્વવર્તી न् એ વર્ગનો પ્રથમ વ્યંજન ન હોવાથી તેનો વિકલ્પે દ્વિતીય વ્યંજનરૂપ આદેશ ન થયો.

**(4)** શિટ્ વર્ણ પરમાં હોય તો જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય એવું કેમ ?

| | **(a)** वाक् करोति | | **(b)** सत्यम् |
|---|---|---|---|
| | वाच् + सि | | सतो भावः |
| ✻ 'दीर्घङ्याब्० १.४.४५' → | वाच् | ✻ 'दिगादिदेहांशाद्० ६.३.१२४' → | सत् + य + सि |
| ✻ 'च-जः क-गम् २.१.८६' → | वाक् | ✻ 'अतः स्यमो० १.४.५७' → | सत्य + अम् |
| ✻ 'धुटस्तृतीयः २.१.७६' → | वाग् करोति | ✻ 'समानादमो० १.४.४६' → | सत्य + म् |
| ✻ 'अघोषे प्रथमो० १.३.५०' → | वाक् करोति। | | = सत्यम्। |

આ બન્ને સ્થળે વર્ગના પ્રથમ વ્યંજન क् અને त् થી પરમાં શિટ્ વર્ણ નથી, માટે આ સૂત્રથી क् અને त् નો ख् અને थ् આદેશ ન થયો ।।૫૯।।

## तवर्गस्य(1) श्चवर्ग-ष्टवर्गाभ्यां योगे च-टवर्गौ ।।१.३.६०।।

**बृ.वृ.–तवर्गस्य स्थाने शकार-चवर्गाभ्यां षकार-टवर्गाभ्यां च योगे यथासंख्यं चवर्ग-टवर्गावादेशौ भवतः, स्थान्यासन्नौ। (2)समुदायद्वयापेक्षया यथासंख्यार्थं तृतीयाद्विवचनम्। (3)योगग्रहणं स्थानित्वाशङ्कानिरासार्थं पूर्वापरभावानियमार्थं च। (4)शकारेण योगे–तच् शेते, तच् श्च्योतति, भवाञ् शेते, (5)चवर्गेण योगे–तच् चरति, तच् छादयति, तज् जयति, तज् झाषयति, तञ् ञकारेण, अत्र दकारस्य जकारे "तृतीयस्य पञ्चमे" (१.३.१) इति ञकारः, प्रशाञ् चरति, प्रशाञ् छिनत्ति, प्रशाञ् छादयति, भवाञ् जयति, भवाञ् झाषयति, भवाञ् ञकारेण, (6)पूर्वेण चवर्गेण–याच्ञा, यज्ञः, राज्ञः। (7)पूर्वेण शकारेण परेण च षकारेण प्रतिषेधो वक्ष्यते। (8)पूर्वेण तु षकारेण-पेष्टा, पेष्टुम्। 'पूष्णः, वृष्णः, पूष्णा, दोष्णा' इत्यादि णत्वेनापि सिध्यति। (9)टवर्गेण-तट् टीकते, तट् ठकारेण, तड् डीनम्, तड् ढौकते, तण् णकारेण, अद्ड-अड्डुति, अद्टि–अट्टते, भवाण् डीनः, भवाण् ढौकते, भवाण् णकारेण; (10)पूर्वेण टवर्गेण–ईट्टे। (11)तवर्गस्य चवर्गे कृते "च-जः क-गम्" (२.१.८६) इति न भवति, ✻ असिद्धं बहिरङ्गमन्तरङ्गे ✻ इति, तत्र च प्रत्ययाधिकाराद् 'मज्जति' इत्यादावपि न भवति, एवमुत्तरत्रापि शकारस्य षत्वमपि न भवति ।।६०।।**

**સૂત્રાર્થ :-** त વર્ગનાં સ્થાને श् કે च વર્ગના યોગમાં च વર્ગ રૂપ આદેશ થાય છે અને ष् કે ट વર્ગના યોગમાં ट વર્ગ રૂપ આદેશ થાય છે. આ આદેશ સ્થાનીને આસન્ન થાય છે અર્થાત્ त વર્ગનો જેટલામો વ્યંજન સ્થાની = આદેશી બને, च કે ट વર્ગના તેટલામાં વ્યંજનરૂપે આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ तकारेणोपलक्षितो वर्गः = तवर्गः (मयूरव्यंसकादिः), तस्य = तवर्गस्य। एवं चवर्ग-टवर्गशब्दयोरपि समासो ज्ञेयः। ◆ शश्च चवर्गश्च = श्चवर्गम् (समा. द्वन्द्व); षश्च टवर्गश्च = ष्टवर्गम् (समा. द्वन्द्व); श्चवर्गं च ष्टवर्गं च = श्चवर्ग-ष्टवर्गे (इ. द्वन्द्व), ताभ्याम् = श्चवर्ग-ष्टवर्गाभ्याम्।
◆ चश्च टश्च = चटौ (इ.द्वन्द्व); च-टयोर्वर्गौ = च-टवर्गौ (ष. तत्)।

<u>વિવરણ :-</u> (1) ષષ્ઠી વિભક્તિ સ્વ-સ્વામિભાવ, જન્ય-જનક, અવયવ-અવયવિ, પ્રકૃતિ-વિકાર વિગેરે અનેક પ્રકારના સંબંધ અર્થમાં થતી હોય છે. અહીં तवर्गस्य સ્થળે રહેલ ષષ્ઠી વિભક્તિ 'સ્થાન સંબંધ' અર્થમાં થઈ છે, તેથી બૃ. વૃત્તિમાં 'तवर्गस्य स्थाने' એવું લખ્યું છે.

(2) આ સૂત્રથી श् અને च વર્ગ સાથે યોગવાળા त વર્ગનો, તેમજ ष् અને ट વર્ગ સાથે યોગવાળા त વર્ગનો યથાસંખ્ય (ક્રમશઃ) च વર્ગ અને ट વર્ગ રૂપે આદેશ કરવો છે. યથાસંખ્ય અન્વય કરવો હોય તો સૂત્રમાં આદેશી અંશના વાચક પદનું અને આદેશ અંશના વાચક પદનું વચન સામ્ય જરૂરી છે. તેથી યથાસંખ્ય અન્વય કરવા માટે સૂત્રમાં च-टवर्गौ એમ દ્વિવચન હોવાથી श्चवर्ग-ष्टवर्गाभ्याम् સ્થળે પણ દ્વિવચન કર્યું છે.

(3) **શંકા :-** સૂત્રમાં योगे પદની શું આવશ્યકતા છે ?

**સમાધાન :-** योगे પદના અભાવમાં સૂત્રવર્તી श्चवर्ग-ष्टवर्गाभ्याम् પદ સહાર્થ તૃતીયા અર્થમાં ગ્રહણ થાય, તેથી 'अवर्णस्येवर्णादिना० १.२.६' સૂત્રની જેમ આ સૂત્રનો અર્થ 'त વર્ગનો श् કે च વર્ગ અને ष् કે ट વર્ગ સાથે મળીને ક્રમશઃ च વર્ગ અને ट વર્ગ રૂપે આદેશ થાય છે' એવો થાય. અર્થાત્ त વર્ગની ભેગા श् કે च વર્ગ અને ष् કે ट વર્ગનો પણ આદેશ થવાનો પ્રસંગ આવે. જ્યારે સૂત્રકારશ્રીને માત્ર त વર્ગનો જ આદેશ કરવો ઇષ્ટ છે, તેથી योगे પદ મૂક્યું છે. તે પદ મૂકવાથી હવે त વર્ગનું श् કે च વર્ગ અને ष् કે ट વર્ગ સાથે જોડાણ (યોગ) જ અપેક્ષિત છે, એવું સૂચિત થાય છે.

**શંકા :-** योगे પદ ન મૂકીએ અને श्चवर्ग-ष्टवर्गाभ्याम् પદને પંચમ્યન્ત સ્વરુપે લઇએ તો ઉપરોક્ત આપત્તિ નહીં આવે ને ? કારણ પંચમી વિભક્તિ 'સહ' અર્થમાં નથી થતી.

**સમાધાન :-** તો બીજી આપત્તિ આવશે. કારણ श्च વર્ગ અને ष्ट વર્ગ એ त વર્ગની પૂર્વમાં હોય કે પછી હોય, બન્ને અવસ્થામાં સૂત્રકારને त વર્ગનો આદેશ કરવો ઇષ્ટ છે. હવે જો श्चवर्ग-ष्टवर्गाभ्याम्(A) પદને પંચમ્યન્ત રૂપે ગ્રહણ કરવામાં આવે તો 'पञ्चम्या निर्दिष्टे परस्य ૭.૪.૧૦૪' પરિભાષા મુજબ श्च વર્ગ અને ष्ट વર્ગથી પરમાં જ રહેલાં त વર્ગનો આ સૂત્રથી આદેશ થઇ શકે, પૂર્વમાં રહેલાનો નહીં. અર્થાત્ પૂર્વાપરભાવ અનિયમિત હતો તે નિયમિત થઇ જાય. તેવું ન થાય અને પૂર્વાપર બન્ને અવસ્થામાં त વર્ગનો આદેશ થઇ શકે તે માટે સૂત્રમાં योगे પદ જરૂરી છે. योग એટલે જોડાણ. श्च વર્ગ અને ष्ट વર્ગ त વર્ગની પૂર્વમાં હોય કે પછી હોય, त વર્ગનું તેઓ સાથે જોડાણ સંભવે છે.

(4) श ના યોગમાં દૃષ્ટાંત -

| | (i) तच् शेते | (ii) तच् श्च्योतति | | (iii) भवाञ् शेते |
|---|---|---|---|---|
| | तद् + सि | तद् + सि | | भवान् शेते |
| * 'अनतो० १.४.५९' → | तद् शेते | तद् श्च्योतति | * 'तवर्गस्य० १.३.६०' → | भवाञ् शेते। |
| * 'अघोषे० १.३.५०' → | तत् शेते | तत् श्च्योतति | | |
| * 'तवर्गस्य० १.३.६०' → | तच् शेते। | तच् श्च्योतति। | | |

**શંકા :-** આ સૂત્રમાં કાર્યી (આદેશી) રૂપે त વર્ગ બતાવ્યો છે અને તે તો પાંચ વર્ણના સમુદાય રૂપ છે. તો પછી तच् शेते વિગેરે સ્થળે એક-એક વર્ણમાં 'त વર્ગ' શબ્દની પ્રવૃત્તિ થતી ન હોવાથી તે તે વર્ણ શી રીતે કાર્યી બને ? અર્થાત્ પાંચે વર્ણોનો ભેગો આદેશ ન કરતાં તે સમુદાય પૈકીના કેવળ એક વર્ણનો જ આદેશ શી રીતે કરી શકાય ?

**સમાધાન :-** સમુદાયનો એક ભાગ પણ સમુદાય રૂપે ગણાતો હોવાથી તેને સમુદાય કહી શકાય. જેમ કે - देवदत्तो ग्रामे वसति કે गृहे वसति, અહીં 'ગામ' એ અનેક મકાનો, દુકાનો, માર્ગો વિગેરેના સમૂહરૂપ છે અને 'ગૃહ' એ રસોડું, આંગણું, ઓરડા વિગેરેના સમૂહરૂપ છે. હવે દેવદત્ત કાંઇ આખા ગામ કે ઘરને વ્યાપીને નથી વસતો, ગામ કે ઘરના એક ભાગમાં વસે છે. છતાં તે ભાગ માટે ग्राम કે गृह શબ્દ વપરાય છે. કેમકે સમુદાયનો

(A) અહીં 'प्रभृत्यन्यार्थदिक्शब्द० २.२.७५' સૂત્રથી દિક્શબ્દના યોગમાં પંચમી વિભક્તિ થાય, કેમકે 'पञ्चम्या निर्दिष्टे परस्य ७.४.१०४' પરિભાષા મુજબ જ્યારે 'श्च વર્ગ અને ष्ट વર્ગથી પરમાં' આવો અર્થ કરવો ઇષ્ટ હોય ત્યારે જ વ્યક્તિ पर દિક્શબ્દના યોગમાં આ રીતે પંચમી કરવાનું વિચારે. અહીં पर શબ્દ ભલે 'દિશા' અર્થને ન જણાવતા 'પરવર્તિત્વ' અર્થને જણાવતો હોય, છતાં કોઇક સ્થળે દિશાના વાચક રૂપે જોવામાં આવતો હોવાથી તે દિક્શબ્દ કહેવાય છે.

એક ભાગ પણ સમુદાયરૂપે ગણાય છે. તે રીતે પ્રસ્તુતમાં પણ तच् शेते વિગેરે પ્રયોગસ્થળે त વર્ગના એક અંશભૂત त् વિગેરે પણ त વર્ગ રૂપે ગણાવાથી તેમનો આ સૂત્રથી આદેશ થઇ શકે છે.

(5) પાછળ च વર્ગના યોગવાળા દૃષ્ટાંત -

| | | (i) तच् चरति | (ii) तज् जयति | (iii) तञ् ञकारेण |
|---|---|---|---|---|
| | | तद् + सि | तद् + सि | तद् + सि |
| ✲ 'अनतो० १.४.५९' | → | तद् चरति | तद् जयति | तद् ञकारेण |
| ✲ 'अघोषे० १.३.५०' | → | तत् चरति | ↓ | ↓ |
| ✲ 'तवर्गस्य० १.३.६०' | → | तच् चरति। | तज् जयति। | तज् ञकारेण |
| ✲ 'तृतीयस्य० १.३.१' | → | – | – | तञ् ञकारेण। |

तच् छादयति ની સાધનિકા तच् चरति પ્રમાણે અને तञ् झाषयति(A) ની સાધનિકા तज् जयति પ્રમાણે સમજવી. (B)प्रशाञ् चरति, प्रशाञ् छिनत्ति, प्रशाञ् छादयति, (C)भवाञ् जयति, भवाञ् झाषयति, भवाञ् ञकारेण આ સર્વસ્થળે આ સૂત્રથી प्रशान् અને भवान् ના न् નો च વર્ગના યોગમાં ञ् આદેશ થયો છે.

(6) પૂર્વમાં च વર્ગના યોગવાળા દૃષ્ટાંત -

| | | (i) याच्ञा |
|---|---|---|
| | | याच् (८९१) |
| ✲ 'मृगयेच्छा० ५.३.१०१' | → | याच् + न |
| ✲ 'आत् २.४.१८' | → | याच् + न + आप् |
| ✲ 'तवर्गस्य० १.३.६०' | → | याच्+ञा=याच्ञा+सि |
| ✲ 'दीर्घङ्याब्० १.४.४५' | → | याच्ञा। |

| | | (ii) यज्ञः |
|---|---|---|
| | | यज् (९९१) |
| ✲ 'यजि-स्वपि० ५.३.८५' | → | यज् + न |
| ✲ 'तवर्गस्य० १.३.६०' | → | यज्+ञ=यज्ञ+सि |
| ✲ 'सो रुः २.१.७२' | → | यज्ञर् |
| ✲ 'रः पदान्ते० १.३.५३' | → | यज्ञः। |

(A) ✲ झष् (झष हिंसायाम् ५१०), ✲ '३.४.२०' → झाष् + णिग्, ✲ '४.३.५०' → झाष् + णिग् + ति, ✲ '३.४.७१' → झाष् + णिग् + शव् + ति, ✲ '४.३.१' → झाषे + शव् + ति, ✲ '१.२.२३' → झाषय् + शव् + ति = झाषयति।

(B) ✲ प्र + शम् + क्विप् (०) + सि, ✲ '४.१.१०७' → प्रशाम् + सि, ✲ '१.४.४५' → प्रशाम्, ✲ '२.१.६७' → प्रशान्, ✲ '१.३.६०' → प्रशाञ्।

(C) ✲ भवत् + सि, ✲ '१.४.७०' → भवन्त् + सि, ✲ '१.४.४५' → भवन्त्, ✲ '२.१.८९' → भवन्, ✲ '१.४.९०' → भवान्, ✲ '१.३.६०' → भवाञ्।

| | | (iii) राज्ञः | (iv) मज्ज्ञः |
|---|---|---|---|
| | | राजन् + ङस् | मस्ज् (१३५२) |
| ✻ 'उक्षि-तक्षि०(उणा०९००)' | → | ↓ | मस्ज् + अन् = मज्जन् + ङस् |
| ✻ 'अनोऽस्य २.१.१०८' | → | राज्न् + ङस् | मज्ज्न् + ङस् |
| ✻ 'तवर्गस्य० १.३.६०' | → | राज्ञ् + ङस् = राज्ञस् | मज्ज्ञस् |
| ✻ 'सो रुः २.१.७२' | → | राज्ञर् | मज्ज्ञर् |
| ✻ 'रः पदान्ते० १.३.५३' | → | राज्ञः। | मज्ज्ञः। |

(7) 'न शात् १.३.६२' સૂત્રથી પૂર્વવર્તી श् ના યોગમાં त વર્ગનો च વર્ગ રૂપે આદેશ નિષિદ્ધ છે. તેમજ 'षि तवर्गस्य १.३.६४' સૂત્રથી પરવર્તી ष् ના યોગમાં त વર્ગનો ट વર્ગરૂપે આદેશ નિષિદ્ધ છે, માટે તેના દૃષ્ટાંતો નથી મળતા.

(8) <u>પૂર્વમાં ष् ના યોગવાળા દૃષ્ટાંત</u> -

| | | (i) पेष्टा |
|---|---|---|
| | | पिष् (१४९३) |
| ✻ 'णकतृचौ ५.१.४८' | → | पिष् + तृच् |
| ✻ 'लघोरुपान्त्यस्य ४.३.४' | → | पेष् + तृ |
| ✻ 'तवर्गस्य० १.३.६०' | → | पेष्टृ + सि |
| ✻ 'ऋदुशनस्० १.४.८४' | → | पेष्टृ + डा |
| ✻ 'डित्यन्त्य० २.१.११४' | → | पेष्ट् + डा = पेष्टा। |

| | | (ii) पेष्टुम् |
|---|---|---|
| | | पिष् (१४९३) |
| ✻ 'क्रियायां क्रिया०५.३.१३' | → | पिष् + तुम् |
| ✻ 'लघोरुपान्त्यस्य ४.३.४' | → | पेष् + तुम् |
| ✻ 'तवर्गस्य० १.३.६०' | → | पेष्टुम् + सि |
| ✻ 'अव्ययस्य ३.२.७' | → | पेष्टुम्। |

| | | (iii) पूष्णः(A) | (iv) वृष्णः(B) | (v) पूष्णा | (vi) दोष्णा(C) |
|---|---|---|---|---|---|
| | | पूषन् + ङस् | वृषन् + ङस् | पूषन् + टा | दोषन् + टा |
| ✻ 'अनोऽस्य २.१.१०८' | → | पूष्न् + ङस् | वृष्न् + ङस् | पूष्न् + टा | दोष्न् + टा |
| ✻ 'तवर्गस्य० १.३.६०' | → | पूष्णस् | वृष्णस् | पूष्णा। | दोष्णा। |
| ✻ 'सो रुः २.१.७२' | → | पूष्णर् | वृष्णर् | – | – |
| ✻ 'रः पदान्ते० १.३.५३' | → | पूष्णः। | वृष्णः। | – | – |

(A) ✻ 'उक्षि-तक्षि० (उणा०९००)' → पूष् + अन् = पूषन्। (B) ✻ 'लू-पू-यु०(उणा०८०१)' → वृष् + अन् = वृषन्।

(C) ✻ 'यमि-दमिभ्यां डोस् (उणा०१००५)' → दम् + डोस्, ✻ 'डित्यन्त्य० २.१.११४' → द् + डोस् = दोस् + टा, ✻ 'दन्त-पाद० २.१.१०१' → दोषन् + टा।

ઉપરોક્ત पूष्णः, वृष्णः, पूष्णा અને दोष्णा આ ચાર દૃષ્ટાંત સ્થળે આ સૂત્રથી न् નો ण् આદેશ ન થયો હોત તો પણ 'रषृवर्णान्० २.३.६३' સૂત્રથી તે સિદ્ધ થઇ શકત.

(9) પાછળ ट વર્ગના યોગવાળા દૃષ્ટાંત -

| | (i) तट् टीकते | (ii) तड् डीनम् | (iii) तण् णकारेण |
|---|---|---|---|
| | तद् + सि | तद् + सि | तद् + सि |
| * 'अनतो लुप् १.४.५९' → | तद् टीकते | तद् डीनम् | तद् णकारेण |
| * 'अघोषे० १.३.५०' → | तत् टीकते | ↓ | ↓ |
| * 'तवर्गस्य० १.३.६०' → | तट् टीकते। | तड् डीनम्। | तड् णकारेण |
| * 'तृतीयस्य० १.३.१' → | – | – | तण् णकारेण। |

तट् ठकारेण પ્રયોગની સાધનિકા तट् टीकते પ્રમાણે અને तड् ढौकते ની तड् डीनम् પ્રમાણે સમજવી.

डीन શબ્દ આ પ્રમાણે બન્યો છે. * 'गत्यर्थाऽकर्मक० ५.१.११' → डी + क्त, * 'डीयश्व्यैदित० ४.४.६१' → इट् નો અભાવ, * 'सूयत्याद्योदितः ४.२.७०' → डी + न = डीन. 'ઉત્પલ' નામના વ્યાકરણકારના મતે डीन શબ્દ भ्वादि અને दिवादि ગણના डी ધાતુને લઇને બન્યો છે, તેથી * (भ्वादि પ્રમાણે) डयते स्म અને (दिवादि પ્રમાણે) डीयते स्म = डी ધાતુને 'ओदितश्च' સૂત્રથી નિષ્ઠામાં त (क्त) પ્રત્યય લાગે. * 'सूयत्या०' → डी + न = डीन આ રીતે શબ્દ સિદ્ધ થાય છે.

डी ધાતુનો ओ ઇત્‌વાળા ધાતુઓમાં પાઠ હોવાથી તેને ઉપરોક્ત સૂત્રોથી त (क्त) પ્રત્યય અને તે त નો न આદેશ થઇ શકે છે. જો કે અહીં શંકા થાય કે 'भ्वादि ગણનો डी ધાતુ ओ ઇત્‌વાળો ક્યાં છે ?' પરંતુ વાસ્તવિકતાએ डी ધાતુ એકનો એક જ છે. આ તો તેને भ्वादि અને दिवादि બન્ને ગણના વિકરણ પ્રત્યય લાગી શકે તે માટે જ તેને બન્ને ગણમાં દર્શાવ્યો છે. તેથી જો दिवादि ગણનો डी ધાતુ ओ ઇત્‌વાળો છે, તો भ्वादि ગણનો डी ધાતુ પણ એનો એ જ હોવાથી ओ ઇત્‌વાળો ગણાય. डी ધાતુને ओ ઇત્‌વાળા ધાતુઓમાં એટલા માટે દર્શાવ્યો છે, જેથી તેને નિષ્ઠામાં क्त-क्तवतु પ્રત્યય લાગે ત્યારે તે અનિટ્ છે તેનું જ્ઞાપન થાય અને તેને અનિટ્ એટલા માટે ગણાવવો છે, જેથી તેની પરમાં રહેલાં त નો न આદેશ થઇ શકે અને નિષ્ઠામાં ધાતુથી અનંતર જો त (क्त) હોય તો જ તેનો न આદેશ થાય છે. આમ डी ધાતુને જ્યારે નિષ્ઠામાં क्त-क्तवतु પ્રત્યય લાગે ત્યારે તે અનિટ્ છે અને તે સિવાયના પ્રત્યયો લાગે ત્યારે તે દીર્ઘ ઈ કારાન્ત હોવાથી સેટ્ પણ છે.

| | (iv) अड्डति | (v) अट्टते |
|---|---|---|
| | अद्ड् (२५७) + ति | अद्ट् (६७४) + ति |
| * 'कर्तर्यनद्भ्यः ३.४.७१' → | अद्ड् + शव + ति | अद्ट् + शव + ते |
| * 'तवर्गस्य० १.३.६०' → | अड्ड् + शव् + ति | अड्ट् + शव् + ते |
| * 'अघोषे० १.३.५०' → | ↓ | अट्ट् + शव् + ते |
| | = अड्डति। | = अट्टते। |

આ સૂત્રમાં अनु નો અધિકાર છે; તેથી પૂર્વે દ્વિત્વનું કાર્ય અને પછી આ સૂત્રનું કાર્ય થવાથી अड्डिडिषति અને अट्टिटिषते પ્રયોગ સિદ્ધ થાય છે. સાધનિકા નીચે પ્રમાણે -

| | (a) अड्डिडिषति | (b) अट्टिटिषते |
|---|---|---|
| | अद्ड् (२५७) | अद्ट् (६७४) |
| * 'तुमर्हादिच्छायाम्० ३.४.२१' → | अद्डि + सन् | अद्ट् + सन् |
| * 'स्ताद्यशितो० ४.४.३२' → | अद्डि + सन् | अद्टि + सन् |
| * 'न बदनम्० ४.१.५' → | अद्डिडि + सन् + ति | अद्टिटि + सन् + ते |
| * 'कर्तर्यनद्भ्य० ३.४.७१' → | अद्डिडिस + शव् + ति | अद्टिटिस + शव + ते |
| * 'लुगस्यादे० २.१.११३' → | अद्डिडिस् + शव् + ति | अद्टिटिस् + शव + ते |
| * 'नाम्यन्तस्था० २.३.१५' → | अद्डिडिषति | अद्टिटिषते |
| * 'तवर्गस्य० १.३.६०' → | अड्डिडिषति। | अड्टिटिषते। |
| * 'अघोषे प्रथमो० १.३.५०' → | — | अट्टिटिषते। |

જો આ સૂત્રમાં अनु નો અધિકાર ન હોત અને આ સૂત્ર પ્રથમ પ્રવર્તત તો अद्डि + सन् અને अद्टि + सन् અવસ્થામાં જ * 'तवर्गस्य० १.३.६०' → अड्डि + सन् અને अड्टि + सन् > अट्टि + सन् અવસ્થા પ્રાપ્ત થતા 'न बदनम् ४.१.५' સૂત્ર ન પ્રવર્તી શકવાથી * 'स्वरादेर्द्वितीयः ४.१.४' → अड्डिड्डि + सन् અને अट्टिट्टि + सन्, * 'व्यञ्जनस्यानादे० ४.१.४४' → अडिड्डि + सन् અને अटिट्टि + सन् અવસ્થામાં શેષ સાધનિકા ઉપર મુજબ કરતા अडिड्डिषति અને अटिट्टिषते આવા અનિષ્ટ પ્રયોગ સિદ્ધ થાત.

भवाण् डीनः, भवाण् ढौकते અને भवाण् णकारेण પ્રયોગ સ્થળે આ સૂત્રથી भवान् ના न् નો ण् આદેશ થયો છે. भवान् પ્રયોગની સિદ્ધિ આગળ ટિપ્પણમાં જોઈ લેવી.

**(10)** पूर्वमां ट वर्गना योगवाळुं दृष्टांत - (i) ईट्टे — * ईड् (१११४) + ते, * 'तवर्गस्य० १.३.६०' → ईड् + टे, * 'अघोषे प्रथमो० १.३.५०' → ईट् + टे = ईट्टे।

**(11)** शंका :- આગળ तच् शेते વિગેરે જે દૃષ્ટાંતો બતાવ્યા, ત્યાં પદને અંતે વર્તતા च् નો 'च-जः क-गम् २.१.८६' સૂત્રથી क् આદેશ કેમ નથી કરાતો ?

**સમાધાન :-** तच् शेते વિગેરે સ્થળે આ સૂત્રથી तत् ના त् નો જે च् આદેશ થયો છે, તે કાર્ય આદેશી રૂપે त વર્ગની અને નિમિત્ત તરીકે श्च વર્ગની અપેક્ષા રાખતું હોવાથી ઉભયાશ્રિત તે કાર્ય બહિરંગ ગણાય. જ્યારે 'च-जः क-गम् २.१.८६' સૂત્રથી થતું च् નો क् આદેશ રૂપ કાર્ય માત્ર પદાન્ત च् ની અપેક્ષા રાખતું હોવાથી તે અંતરંગ કાર્ય કહેવાય. હવે ***'असिद्धं बहिरङ्गमन्तरङ्गे'*** ન્યાયથી અંતરંગ કાર્ય કરવાના અવસરે પૂર્વે થયેલું બહિરંગ કાર્ય અસિદ્ધ (અસત્) થતું હોવાથી च् નો क् આદેશ કરવાના અવસરે બહિરંગ च् આદેશ અસત્ થવાથી क् આદેશ નથી કરાતો.

**શંકા :-** એ બરાબર. પરંતુ 'सस्य श-षौ १.३.६१' સૂત્રથી જે मज्जति વિગેરે પ્રયોગો સિદ્ધ થાય છે, ત્યાં 'च-जः क-गम्' સૂત્રથી પૂર્વસ્થ ज् નો ग् આદેશ કરવા માટે આદેશી તરીકે ज् અને નિમિત્ત તરીકે ધુટ્ વ્યંજન રૂપ દ્વિતીય ज् ની અપેક્ષા હોવાથી તે પણ ઉભયાશ્રિત કાર્ય ગણાવાથી તેને અંતરંગ કાર્ય નહીં ગણાવી શકાય. માટે ज् નો ग् આદેશ કરવાના અવસરે તે ज् ઉપરોક્ત રીતે અસત્ ન થઇ શકવાથી मज्जति વિગેરે સ્થળે તો ज् નો ग् થવો જોઇએ ને ?

**સમાધાન :-** ન થઇ શકે. કારણ 'च-जः क-गम् २.१.८६' સૂત્રમાં નિમિત્ત તરીકે માત્ર ધુટ્ વ્યંજન નહિ, પરંતુ ધુટ્ વ્યંજનાદિ પ્રત્યય બતાવ્યો છે. मज्जति વિગેરે સ્થળે દ્વિતીય ज् ધુટ્વ્યંજન હોવા છતાં ધુટ્વ્યંજનાદિ પ્રત્યય ન હોવાથી ત્યાં પૂર્વના ज् ને ग् આદેશની પ્રાપ્તિ જ નથી.

આ જ રીતે वृश्चति વિગેરે પ્રયોગ સ્થળે 'सस्य श-षौ १.३.६१' સૂત્રથી वृस्च् ના स् નો श् આદેશ કર્યા બાદ તે श् નો 'यज-सृज-मृज० २.१.८७' સૂત્રથી ष् આદેશ નહીં થાય. કેમકે श् ની પરમાં રહેલો च् ધુટ્વ્યંજન છે, ધુટ્વ્યંજનાદિ પ્રત્યય નથી. જ્યારે 'यज-सृज-मृज०' સૂત્ર નિમિત્ત તરીકે ધુટ્વ્યંજનાદિ પ્રત્યયની અપેક્ષા રાખે છે ।।६०।।

## सस्य श-षौ ।।१.३.६१।।

**बृ.वृ.–(1)सकारस्य स्थाने श्चवर्ग-ष्टवर्गाभ्यां योगे यथासंख्यं शकार-षकारावादेशौ भवतः। (2)चवर्गेण-श्च्योतति, वृश्चति, मज्जति, लज्जते, भृज्जति, सज्जति; (3)षकारेण-सर्पिष्षु, धनुष्षु, दोष्षु, अत्र सो रुत्वं तस्य सत्वं, सुपः षत्वं, ततोऽनेन पूर्वसस्य षत्वम्; (4)टवर्गेण-पापट्षि, बंभण्षि ।।६१।।**

**સૂત્રાર્થ :-** સ્ના સ્થાને શ્કે ચ વર્ગના યોગમાં તેમજ ષ્કે ટ વર્ગના યોગમાં ક્રમશઃ શ્ અને ષ્ આદેશ થાય છે.

**સૂત્રસમાસ :-** ◆ शश्च षश्च = श-षौ (इ.द्व.)।

<u>વિવરણ :-</u> (1) આ સૂત્રમાં સ્ ને સ્થાનીરૂપે બતાવ્યો હોવાથી પૂર્વસૂત્રના સ્થાની त વર્ગની આ સૂત્રમાં અનુવૃત્તિ નહીં આવે. તેમજ આદેશરૂપે શ્ અને ષ્ બતાવ્યા હોવાથી પૂર્વસૂત્રના च વર્ગ અને ટ વર્ગ રૂપ આદેશો પણ નહીં અનુવર્તે. બાકીનો 'श्चवर्ग-ष्टवर्गाभ्यां योगे' આટલો અંશ અનુવર્તશે. સાથે એ સમજવું કે પૂર્વસૂત્રમાં च વર્ગ અને ટ વર્ગ રૂપ આદેશ જેમ યથાસંખ્ય થતા હતા, તેમ અહીં શ્ અને ષ્ આદેશ પણ યથાસંખ્ય થશે.

(2) च <u>વર્ગ સાથે યોગવાળા દૃષ્ટાંત</u> -

**(i) श्च्योतति**

स्च्युत् (२८३)

* 'सस्य श-षौ १.३.६१' → श्च्युत् + ति
* 'कर्त्तर्यनद्भ्यः० ३.४.७१' → श्च्युत्+शव्+ति
* 'लघोरुपान्त्यस्य ४.३.४' → श्च्योत्+शव्+ति

= श्च्योतति।

**(ii) वृश्चति**

व्रस्च् (१३४१)

* 'सस्य श-षौ १.३.६१' → व्रश्च् + ति
* 'तुदादेः शः ३.४.८१' → व्रश्च्+अ(श)+ति
* 'ग्रह-व्रश्च० ४.१.८४' → वृश्च्+अ+ति

= वृश्चति।

**શંકા :-** वृश्चति પ્રયોગસ્થળે 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રથી શ્ નો ષ્ આદેશ થવો જોઈએ, કેમકે ***'दन्त्यापदिष्टं कार्यं तालव्ये[A]ऽपि भवति'*** ન્યાયાનુસાર દન્ત્ય સ્ ને પ્રાપ્ત ષ્ આદેશરૂપ કાર્ય તાલવ્ય શ્ નું પણ થવું જોઈએ.

**સમાધાન :-** ન થાય. કેમકે 'नाम्यन्तस्था०' સૂત્ર કૃત સ્ની અપેક્ષા રાખે છે, જ્યારે वृश्चति સ્થળે व्रस्च् ધાતુનો સ્ મૂળથી સ્ રૂપે છે, ધાતુપાઠમાં જુદો હોય ને પાઠકાળે (પ્રયોગકાળે) કોઈપણ નિયમથી તે કરાયો હોય એવો નથી. આમ સ્ નો ષ્ આદેશ પ્રાપ્ત જ નથી. તેથી ***'दन्त्यापदिष्टं०'*** ન્યાયથી શ્ નો પણ ષ્ આદેશ નહીં થાય.

| | | (iii) मज्जति | (iv) लज्जते |
|---|---|---|---|
| | | मस्ज् + ति | लस्ज् + ते |
| * 'कर्तर्यनद्भ्यः० ३.४.७१' | → | मस्ज् + शव् + ति | लस्ज् + शव् + ते |
| * 'सस्य श-षौ १.३.६१' | → | मश्ज् + शव् + ति | लश्ज् + शव् + ते |
| * 'तृतीयस्तृतीय० १.३.४९' | → | मज्ज् + शव् + ति | लज्ज् + शव् + ते |
| | | = मज्जति। | = लज्जते। |

(A) અહીં 'દન્ત્યસ્થાન નિષ્પન્ન' એવો તાલવ્ય સમજવો, જેથી भवान् शेते વિગેરે પ્રયોગ સ્થળે 'ङ्नः सः त्सोऽश्च १.३.१८' સૂત્રથી श નો त्स આદેશ નહીં થાય.

(v) भृज्ज्ति

| | | |
|---|---|---|
| | | भ्रस्ज् + ति |
| * 'तुदादेः शः ३.४.८१' | → | भ्रस्ज् + श + ति |
| * 'ग्रह-व्रश्च० ४.१.८४' | → | भृस्ज् + श + ति |
| * 'सस्य श-षौ १.३.६१' | → | भृश्ज् + श + ति |
| * 'तृतीयस्तृतीय० १.३.४९' | → | भृज्ज् + श + ति |
| | | = भृज्ज्ति। |

(vi) सज्ज्ति

| | | |
|---|---|---|
| | | षस्ज् (१३८) |
| * 'षः सोऽष्ट्यै० २.३.९८' | → | सस्ज् + ति |
| * 'कर्तर्यनद्भ्य० ३.४.७१' | → | सस्ज् + शव् + ति |
| * 'सस्य श-षौ १.३.६१' | → | सश्ज् + शव् + ति |
| * 'तृतीयस्तृतीय० १.३.४९' | → | सज्ज् + शव् + ति |
| | | = सज्ज्ति। |

## (3) ष् ની સાથે યોગવાળા દૃષ્ટાંત -

| | | (i) सर्पिष्षु | (ii) धनुष्षु | (iii) दोष्षु |
|---|---|---|---|---|
| | | सर्पिस् + सुप् | धनुस् + सुप् | दोस् + सुप् |
| * 'सो रुः २.१.७२' | → | सर्पिर् + सु | धनुर् + सु | दोर् + सु |
| * 'श-ष-से० १.३.६' | → | सर्पिस् + सु | धनुस् + सु | दोस् + सु |
| * 'नाम्यन्तस्था० २.३.१५' | → | सर्पिस् + षु | धनुस् + षु | दोस् + षु |
| * 'सस्य श-षौ १.३.६१' | → | सर्पिष् + षु | धनुष् + षु | दोष् + षु |
| | | = सर्पिष्षु। | = धनुष्षु। | = दोष्षु। |

सर्पिस्, धनुस् અને दोस् નો स् અનુક્રમે र् અંતસ્થા અને નામી સ્વરથી પરમાં હોવા છતાં તે પદાન્તે હોવાથી 'नाम्यन्तस्था० २.३.१५' સૂત્રથી તેનો ष् આદેશ નહીં થાય, કારણ તે સૂત્ર પદની અંદર વર્તતા स् ની અપેક્ષા રાખે છે. सुप् પ્રત્યય પરમાં વર્તતા सर्पिस् વિગેરે 'नामसिदय्० १.१.२१' સૂત્રથી પદ બને છે, તેથી તેમનો स् પદાન્તે છે.

## (4) ट વર્ગ સાથે યોગવાળા દૃષ્ટાંત -

| | | (i) पापट्षि | (ii) बंभण्षि |
|---|---|---|---|
| | | कुटिलं पटसि | भृशं भणसि |
| * 'गत्यर्थात्० ३.४.११' | → | पट् + यङ् | ↓ |
| * 'व्यञ्जनादे० ३.४.९' | → | ↓ | भण् + यङ् |
| * 'सन्यङश्च ४.१.३' | → | पट् पट् + यङ् | भण् भण् + यङ् |
| * 'व्यञ्जनस्या० ४.१.४४' | → | पपट् + यङ् | भभण् + यङ् |

| | | | |
|---|---|---|---|
| * 'आ-गुणा० ४.१.४८' | → | पापट् + यङ् | ↓ |
| * 'द्वितीयतुर्ययोः ४.१.४२' | → | ↓ | बभण् + यङ् |
